# પ્રાવચનિક પ્રશ્નોત્તર


દ્વિતીય પડાવ



પ્રવચનકાર

તપાગચ્છાધિપતિ , વ્યાખ્યાન વાચસ્પતિ
પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા

# પ્રવચન અને પ્રશ્ન



આજે ઘણા ઉપદેશકો શ્રોતાઓને પ્રશ્ન કરતાં અટકાવે છે. પણ એ બરાબર નથી.

*શ્રોતા જો જિજ્ઞાસુ ભાવે પૂછતો હોય તો એનું સમાધાન કરવું જ જોઈએ. નહીં તો શંકાશીલ* રહીને એ શ્રોતા કદાચ મરી જાય, તો ધર્મમાં એટલી શંકા રહી ગયા બદલ ઉપદેશક ગુનેગાર ગણાય !

ભગવાનની વાણી સર્વથા સંશયો છેદનારી હતી. છતાં ભગવાન બધાને પ્રશ્ન કરવા દેતા હતા. તો પછી સાધુ તો પ્રશ્નકારને પ્રશ્ન કરતાં કેમ રોકી શકે ? એની વાણીમાં ક્યાં સર્વનાં સંશયોને છેદનારી લબ્ધિ છે ?

હૈયામાં કોઈ વાત ઝીલી લે અને પછી પ્રશ્ન કરે, એ જ સાચો પ્રશ્નકાર ગણાય. એ ભરસભામાં પણ 'ભગવંત' કહીને અને હાથ જોડીને એવા વિનયથી પ્રશ્ન રજૂ કરે કે, સાધુને જવાબ આપવો જ પડે.

વિજય રામચંદ્રસૂરિ.

|| સકલવાંછિતપ્રદાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ||
|| પરમારાધ્યપાદ શ્રીમદાત્મ-કમલ-વીર-દાન-પ્રેમ-રામચન્દ્ર-મહોદય-મિત્રાનંદ-મહાબલસૂરીશ્વરેભ્યો નમઃ ||

# પ્રાસંગિક પ્રશ્નોત્તર

## જૈન પ્રવચન

દ્વિતીય પડાવ

**પ્રવચનકાર**

જૈન શાસન શિરતાજ તપાગચ્છાધિરાજ
પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા

**સંકલક-સંપાદક**

વાત્સલ્યવારિધિ ગુરુદેવ
પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય **મહાબલસૂરીશ્વરજી** મહારાજાના
પટ્ટધરરત્ન વિહરમાન ગચ્છાધિપતિ
પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય **પુણ્યપાલસૂરીશ્વરજી** મહારાજા

પ્રકાશક
**પાર્શ્વાભ્યુદય પ્રકાશન**
અમદાવાદ

# ગ્રંથ પરિચય

ગ્રંથનું નામ : પ્રાવચનિક પ્રશ્નોત્તર (દ્વિતીય પડાવ)

વિષય : પ્રશ્નોત્તરી (જૈન પ્રવચનાદિમાંથી ચૂંટેલા સભાના પ્રશ્નો)

ઉત્તરદાતા : વ્યાખ્યાન વાચસ્પતિ
પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

સંપાદક : ગચ્છાધિપતિ પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય પુણ્યપાલસૂરીશ્વરજી મહારાજા

પ્રકાશક : પાર્શ્વાભ્યુદય પ્રકાશન

પ્રથમ આવૃત્તિ : નકલ (પ્રતિકૃતિ) ૧૦૦૦

વિમોચન પર્વ : દ્વિતીય અષાઢ વદ ૧૪/વિ.સં.૨૦૭૧/ગુરૂવાર/૧૩-૮-૨૦૧૫

પુણ્ય નિમિત્ત : પૂ. વ્યાખ્યાન વાચસ્પતિ પૂજ્યશ્રીના સ્વર્ગતિથિ રજત વર્ષ શુભારંભ દિન.

મૂલ્ય : ૧૫૦/-

**ISBN** : 978-93-83984-06-0

---

સંપ્રાપ્તિ સ્થાન

**પાર્શ્વાભ્યુદય પ્રકાશન**

રમેશભાઈ એમ. જૈન


બી/૩૧-૩૨, ઘનશ્યામ એવન્યુ, ચોથે માળે, ઈન્કમ ટેક્સ, અમદાવાદ - ૩૮૦૦૧૪,
ફોન. : ૦૭૯-૨૭૫૪૨૮૮૩/૨૭૫૪૨૮૧૯. મો. ૯૮૨૫૦ ૧૮૨૬૪
E-mail : mail2pby@gmail.com

---

**ખાસ વિનંતી :** આ ગ્રંથની આશાતના ન થાય તેની પૂરી તકેદારી રાખવી તથા આ ગ્રંથના સ્વાધ્યાય બાદ આપને જરૂર ન હોય તો પ્રાપ્તિસ્થાનના સરનામે પુનઃ પાઠવવા વિનંતી. જેથી અન્યના ઉપયોગમાં આવી શકે.


---

મુદ્રક : લીપી, દાંડિયાબજાર, વડોદરા. ફોન : ૦૨૬૫-૨૪૩૪૩૧૦ www.lippipress.com





પૂછ્યું પ્રભુને 'તત્ત્વ શું છે ?' ત્રણ પદો પ્રભુએ કહ્યાં.

ન્યાયાંભોનિધિ પૂ.આ. શ્રી વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજ



સદ્ધર્મસંરક્ષક પૂ.આ.શ્રી વિજય કમલસૂરીશ્વરજી મહારાજ



વચનસિદ્ધ પૂ.મહોપાધ્યાય શ્રી વીરવિજયજી મહારાજ





સિદ્ધાંતમહોદધિ પૂ.આ.
શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા



સકલાગમ રહસ્યવેદી પૂ.આ.
શ્રી વિજય દાનસૂરીશ્વરજી મહારાજા



દીક્ષાદાતા પૂ.મુનિપ્રવર
શ્રી મંગલવિજયજી મહારાજા



મુનિ શ્રી રામવિજયજીમાંથી
વ્યાખ્યાન વાચસ્પતિ પૂ.આ.ભ. શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

બોલ્યા તમે એ વાતને વરસો થઈ ગયા;
દિલમાં હજીપણ રાતદિન પડઘાય છે અવાજ.
નહિતર અંધકારમાં રસ્તો જડે નહિ;
થઈને પ્રકાશ આપનો ફેલાય છે અવાજ.



પ્રથમ પ્રવચનથી પાવન થયેલી ઐતિહાસિક પ્રવચન પીઠ - સિનોર.

# પૂજ્ય પરમતારકશ્રીજીની તેજસ્વી તારીખ

| | |
|---|---|
| જન્મ | : વિ.સં. ૧૯૫૨, ફાગણ વદ-૪, મંગળવાર<br>૩-૩-૧૮૯૬, દહેવાણ |
| દીક્ષા | : વિ.સં. ૧૯૬૯, પોષ સુદ-૧૩, સોમવાર,<br>૨૦-૧-૧૯૧૩, શ્રી ગંધાર તીર્થ |
| વડીદીક્ષા | : વિ.સં. ૧૯૬૯, ફાગણ સુદ-૨, સોમવાર,<br>૧૦-૩-૧૯૧૩, વડોદરા-જાનીશેરી |
| વ્યાખ્યાન વાચસ્પતિ | : વિ.સં. ૧૯૮૭, કાર્તિક વદ-૩, |
| ગણિ-પંન્યાસ પદ | : રવિવાર, ૯-૧૧-૧૯૩૦, ભાયખલા |
| ઉપાધ્યાય પદ | : વિ.સં. ૧૯૯૧, ચૈત્ર સુદ-૧૪, બુધવાર,<br>૧૭-૪-૧૯૩૫, રાધનપુર |
| આચાર્યપદ | : વિ.સં. ૧૯૯૨, વૈશાખ સુદ-૬, રવિવાર,<br>૨૬-૪-૧૯૩૬, લાલબાગ (મુંબઈ) |
| સ્વર્ગારોહણ | : વિ.સં. ૨૦૪૭, અષાઢ વદ-૧૪, શુક્રવાર,<br>૯-૮-૧૯૯૧, દર્શન બંગલો, અમદાવાદ |
| અગ્નિ સંસ્કાર | : વિ.સં. ૨૦૪૭, અષાઢ વદ૦))+શ્રાવણ<br>સુદ-૧, શનિવાર, ૧૦-૮-૧૯૯૧<br>સાબરમતી, અમદાવાદ |

| | |
|---|---|
| સંસારી નામ | : શ્રી ત્રિભુવનકુમાર |
| પિતાનું નામ | : શ્રી છોટાલાલ રાયચંદ |
| માતાનું નામ | : શ્રી સમરથબેન |
| નિવાસ સ્થળ | : પાદરા |
| જીવન ઘડતર | : પિતાના દાદી રતનબા |
| દીક્ષિત નામ | : પૂ.મુનિરાજ શ્રી રામવિજયજી મ. |
| દીક્ષા દાતા | : પૂ.મુનિરાજ શ્રી મંગલવિજયજી મ. |
| ગુરુનું નામ | : પૂ.આચાર્યદેવ શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ. |
| દીક્ષા જીવન ઘડતર | : પૂ.આચાર્યદેવ શ્રી વિજય દાનસૂરીશ્વરજી મ. |
| દીક્ષાની ઉંમર | : ૧૭ વર્ષ |
| દીક્ષા પર્યાય | : ૭૯ વર્ષ |
| આચાર્યપદ પર્યાય | : ૫૬ વર્ષ |
| સંપૂર્ણ આયુષ્ય | : ૯૬ વર્ષ |
| સ્વશિષ્ય સંપદા | : ૧૨૧ |
| આજ્ઞાવર્તી સાધુ સંખ્યા | : 300 લગભગ (તે સમયે) |
| આજ્ઞાવર્તી સાધ્વી સંખ્યા | : ૪૫૦ લગભગ (તે સમયે) |

વર્તમાન-સામ્રાજયવર્તી સાધુ સંખ્યા : ૪૨૨

વર્તમાન-સામ્રાજયવર્તી સાધ્વી સંખ્યા : ૧૧૩૧

# પ્રસ્તુત પ્રકાશન પ્રસંગે

અમારી પ્રકાશન-સંસ્થા દ્વારા આયોજાયેલી

**'પૃચ્છના સ્વાધ્યાય'** તીર્થની પ્રકાશન યાત્રા

**'પ્રાવચનિક પ્રશ્નોત્તર'** નામના સપ્તમ-અષ્ટમ પડાવને અસ્ખલિત ગતિએ

સ્પર્શી રહી છે. તેનો અમને અપરંપાર આનંદ છે...

અમારી પ્રકાશન યાત્રાની પ્રગતિ જે પુણ્યપુરૂષની પુણ્યકૃપાનું પરિણામ છે.

તે પરમોપકારી, પરમહિતસ્વી, પરમગુરુદેવ

જૈન શાસન શિરતાજ, તપાગચ્છાધિપતિ, વ્યાખ્યાનવાચસ્પતિ

પૂ.આ.ભ.શ્રીમદ્ **વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના**

જૈનપ્રવચનાદિ પ્રવચન સાહિત્યમાંથી ચૂંટેલા સભાના પ્રશ્નોત્તરોને

**'પ્રાવચનિકપ્રશ્નોત્તર'** ના નવા નામ સાથે પ્રકાશિત કરવાની તક સાંપડી

એ અમારું પરમતમ સૌભાગ્ય છે...

જે સન્માર્ગદર્શક ગુરુવર્યોનું સંપાદકીય સાન્નિધ્ય અમારી પ્રકાશનયાત્રાનો પ્રાણવાયુ છે

તે પરમોપકારી પૂજ્યોના ચરણે વંદના-પુષ્પ અર્પવા સાથે

અમારી પ્રકાશનયાત્રાને વેગવંતી બનાવનારા લાભાર્થી પરિવારોની

શ્રુતભક્તિ અને ગુરુભક્તિની અનુમોદના કરી

ધન્યતા અનુભવીએ છીએ...

**શ્રી પાર્શ્વાભ્યુદય પ્રકાશન**-અમદાવાદ.

# પૃચ્છના સ્વાધ્યાય મહિમાષ્ટક

## *વિવેક : અમૃતનો અભિષેક*

જ્યારે જિનેશ્વરદેવ કેવલજ્ઞાન પામ્યા તે પળે ,
દેવો પધાર્યા સમવસરણમ્ સ્થાપના થઈ શુભસ્થળે;
થઈ દેશના કંઈ કેટલા ઉત્તમ મનુષ્યો મુનિ થયા,
પૂછ્યું પ્રભુને **'તત્ત્વ શું છે ?'** ત્રણ પદો પ્રભુએ કહ્યાં. ।।૧।।

**'ઉપ્પન્નેઈ વા વિગમેઈ વા ધુવેઈ વા'** ત્રિપદી મળી,
ને ગણધરોએ દ્વાદશાંગી શાસ્ત્રની રચના કરી;
વિશ્વાતિશાયી સર્વવિષયક જ્ઞાન અહીં ઝળકી રહ્યું,
જો પ્રશ્ન પૂછ્યા ગણધરે, મહાજ્ઞાન આ ત્યારે મળ્યું. ।।૨।।

આ જગત કેવું ? કોણ હું ? ભગવાન છે ? તે ક્યાં વસે ?
સુખ એટલે શું ? ક્યાં મળે ? અજ્ઞાન શી રીતે ખસે ?
આ તત્ત્વજિજ્ઞાસા જરા જાગે હૃદયમાં જ્યારથી,
જ્ઞાનાવરણ-મિથ્યાત્ત્વકર્મ ક્ષય પળેપળ ત્યારથી. ।।૩।।

શ્રી ગૌતમસ્વામી પૂછે પ્રભુવીર ઉત્તર દે અને,
સદ્બોધ રત્નનિધાન જેવું ભગવતી આગમ બને;
પ્રશ્નોત્તરો અહીં છે હજારો જ્ઞાનજ્યોતિ ઝળહળે,
અહીં પરમપદનો પરમપથ સહેજે સરળતાથી મળે. ।।૪।।

શ્રી પુણ્યપાલ નરેશ પૂછે સ્વપ્નના ઉત્તર અને,
પ્રભુવીર ભાખે ભરતનું ભાવિ પરમહિતકર બને;
શ્રી હીરપ્રશ્ન શ્રી સેનપ્રશ્ન શ્રી વિવિધ પ્રશ્નોત્તર મળે ,
જ્યાં દેશ-કાળ વિચારવશ પ્રગટેલ સૌ શંકા ટળે. ।।૫।।

છે પ્રશ્ન વ્યાકરણમ્ વગેરે શાસ્ત્ર પ્રશ્નોત્તર ભર્યા,
પ્રશ્નોત્તરોથી જીવ બહુ અજ્ઞાન મહાસાગર તર્યા;
શું વિધિ-અવિધિ શું હિત-અહિત, શું પુણ્યપાપ વિવેક આ,
પ્રશ્નોત્તરોથી તરત પ્રગટે, **અમૃતનો અભિષેક** આ. ।।૬।।

''લબ્ધાર્થ ને ગૃહીતાર્થ પૃચ્છિતાર્થ હોય સુશ્રાવકો
ગીતાર્થને શાસ્ત્રાર્થ પૂછે સતત શ્રમણોપાસકો;''
શાસ્ત્રો કહે, ''જે આમ સત્યાસત્યનો નિશ્ચય કરે,
જે પ્રશ્ન પૂછતા જાય તે મતિમંત બહુશ્રુતતા વરે''. ।।।૭।।

પ્રશ્નોત્તરોને વાંચવા તે **વાચના** સ્વાધ્યાય છે,
ગીતાર્થને જે પૂછવું તે **પૃચ્છના** સ્વાધ્યાય છે ;
જે પ્રશ્ન-ઉત્તર દે મુનિ, સ્વાધ્યાય ધર્મકથા કહ્યો ,
આનંદ-કર્મક્ષય અહીં ક્રમસર અધિક શ્રુતમાં કહ્યો. ।।૮।।

**-:રચના:-**
**કવિ હૃદય**
**પૂ.પં.શ્રી મોક્ષરતિવિજયજી ગણિ.**

# જેની સભા મૂંગી, તે વક્તા અધૂરો

વ્યાખ્યાન વાચસ્પતિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત **શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા !**

સેંકડો વિશેષણો આ નામની આગળ શોભે છે, અને હજારો ભક્તો આ નામની પાછળ દોડે છે....

આ નામ પાછળ એક સ્વર્ણિમ ઈતિહાસ છે, રોજ સવારે આ નામ હજારો હોઠે અનાયાસ આવી વસે છે... અને, ભવિષ્ય તો જ્ઞાની સિવાય કોણ કહી શકે, છતાં આ નામનો ઈતિહાસ અને વર્તમાનકાળ જોતાં એમ લાગે છે કે આ નામને સ્થળ-કાળનાં કોઈ બંધન ક્યારેય નડવાનાં નથી !

હવાઓમાં રેલાતું આ નામ, હજારો હૈયે રણકતું હતું અને હજારો હોઠે રમતું રહેશે.

**"વિજય રામચન્દ્ર સૂરિ"** નવાક્ષરી આ નામમાં મંત્રત્વ પ્રકટ કરનારા આ મહાપુરુષ જે જે ગુણોથી મહાપુરૂષ થયા, તે બધા જ ગુણો તો અહીં વર્ણવી શકાય નહીં. વિષયને અનુરૂપ મુખ્ય બે ગુણો નજર સામે આવે છે : **પ્રાવચનિકપણું** અને **ધર્મકથા**...

સમ્યગ્દર્શનના ૬૭ બોલમાં ૮ શાસન પ્રભાવકો આવે છે. તેમાં સૌથી પહેલાં બે મહાપુરૂષ એટલે (૧) પ્રાવચનિક અને (૨) ધર્મકથી ! "પ્રાવચનિક" અર્થાત્ સંવિગ્ન ગીતાર્થ મુનિવર અને 'ધર્મકથી' અર્થાત્ સફળ ધર્મોપદેશક ! સંવિગ્ન એટલે મોક્ષાભિલાષી અને ગીતાર્થ એટલે તે તે કાળે ઉપલબ્ધ ધર્મશાસ્ત્રોના પારગામી.

પૂજ્યપાદ ગુરુદેવનાં અન્ય પુસ્તકોની જેમ આ પુસ્તકમાં પણ પ્રાવચનિકતા અને

ધર્મોપદેશલબ્ધિ પાને પાને ઝળકતી જોવા મળે છે !

પૂજ્ય ગુરુદેવને જેમણે પણ પ્રવચન ફરમાવતાં જોયા છે, તેમને ખબર છે કે તેઓની પ્રવચનસભામાં પ્રશ્નોત્તરોની કેવી રમઝટ મચતી.... ગમે ત્યારે, ગમે ત્યાંથી, ગમે તેવો પ્રશ્ન આવે... સાચો સૌને સમજાય એવો ઉત્તર તરત જ મળે ! ક્યારેક તો હજુ પ્રશ્ન પૂરો થાય, તે પૂર્વે જ તેઓ તરફથી ઉત્તર વહેતો થઈ જાય ! એમની પ્રવચનસભામાં એટલી હળવાશ રહેતી કે, પ્રશ્નો પૂછી શકાય, સમાધાન ન થાય ત્યાં સુધી ફરીફરીને પ્રશ્નો પૂછી શકાય...

જે પ્રવચન કરે છે, તેને જ આ સિદ્ધિનું મહત્ત્વ સમજાય ! પ્રવચન કરતી વખતે વિચારોનો ધસમસતો પ્રવાહ એકધારો વહી જતો હોય અને અચાનક કોઈ પ્રશ્ન આડો આવે ત્યારે મગજમાં કેવી ઊથલપાથલ સર્જાય એ તો અનુભવે જ સમજાય એવું છે. વિચારો, શબ્દો, વાક્યોના ચિક્કાર ટ્રાફિકજામ વચ્ચેથી એક સાચા અને સરળ જવાબની ડિલિવરી તત્કાળ કરવા માટે ઘણીઘણી સજ્જતા જોઈએ. વર્ષોનું શાસ્ત્રચિંતન, લોક વ્યવહાર-ઈતિહાસ-તત્કાલીન પરિસ્થિતિઓની જાણકારી, સભાસદોની કક્ષાની પરખ, લોકમાનસનો અભ્યાસ, નિર્ભયતા અને સૌથી વધારે તો દિમાગની શાંતિ !

પ્રશ્નપેટી કે પત્રપેટીમાંથી નીકળેલા પ્રશ્નોનો તો નિરાંતે વાંચીને, ખૂબ વિચારીને, કોઈ સાથે વિમર્શ કરીને ઉત્તર લખી શકાય... પણ આ તો સમરાંગણ જેવી પ્રવચન સભા ! અહીં તો પ્રશ્નબાણની સામે ઉત્તર-તીર તરત રવાના કરવું પડે... પણ અનલિમિટેડ સ્ટોરેજ કેપેસિટિ અને ફાસ્ટેસ્ટ સ્પીડ જોઈએ દિમાગના કમ્પ્યૂટરમાં!

મહાઆશ્ચર્ય એ વાતનું કે અવાંતર પ્રશ્નોત્તરોની અપાર રંગછાયાઓને પેલે પાર એક વિષય પોતાનો રંગ પકડીને સ્થિર ઊભો હોય.... વિષયાંતર ન થાય !

શાસ્ત્રીય પરિભાષામાં કહીએ તો તેઓશ્રી કોષ્ઠબુદ્ધિના સ્વામી હતા. કોલ્ડ સ્ટોરેજમાં રાખેલી ખાદ્યવસ્તુ વર્ષો પછી કાઢો તો પણ ફ્રેશ લાગે.

પૂ. વડીલો પાસેથી સાંભળેલો પ્રસંગ છે. પૂજ્ય ગુરુદેવ શ્રી તે સમયે પોતાના પૂજ્ય ગુરુદેવની નિશ્રામાં કેટલાંક વર્ષો પછી ઉપસ્થિત થયેલા... તે દિવસોમાં ત્યાં બિરાજમાન કેટલાક પૂ. સાધુ ભગવંતો **"કમ્મપયડી" "પંચસંગ્રહ"** જેવા કઠિન કર્મગ્રંથોનું ગહન અધ્યયન કરી રહ્યા હતા.... કુતૂહલથી કે ન જાણે ક્યા ભાવથી પ્રેરાઈને તેમણે ચાલુ પ્રવચને કર્મશાસ્ત્ર વિષયક મર્મસ્પર્શી પ્રશ્નો પૂછવા માંડ્યા... એક પછી એક અઘરામાં અઘરા સવાલો આવતા ગયા અને પૂજ્ય ગુરુદેવશ્રી સાવ સહજતાથી તેના સચોટ ઉત્તરો આપતા ગયા ! ગવાક્ષમાં બેઠેલા પૂ.આ.ભ. શ્રી વિજય **પ્રેમ સૂરીશ્વરજી મહારાજા** આશ્ચર્યચકિત અને આનંદવિભોર થઈ ગયા !

પ્રવચન પછી જ્યારે પૂજ્ય ગુરુદેવશ્રી પોતાના પૂજ્ય ગુરુદેવશ્રીનાં ચરણોમાં, હમેશાંની જેમ, મસ્તક ઢાળવા પધાર્યા ત્યારે પૂ. આ. ભ. શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ. સાહેબે ઉત્સુકતા અને ઉમંગવશ પૂછી લીધું "આ બધું તું ક્યારે ભણ્યો?"

પૂજ્ય ગુરુદેવશ્રી કહે, "ચાલીશ વરસ પહેલાં, આપની પાસે જ ભણ્યો છું..."

પૂ.આ.ભ.શ્રી વિજય પ્રેમસૂ.મ.સા. કહે "સમુદાયની, સંઘની, શાસનની આટલી બધી જવાબદારી વચ્ચે, વર્ષો પછી પણ આ બધું તને યાદ છે ?"

" આપની કૃપા !"

આમ પણ કહેવાય છે કે, **"જેની સભા મૂંગી, તે વક્તા અધૂરો.** વક્તવ્ય તો લોકો ટીવી કે કમ્પ્યૂટર પર પણ સાંભળી લે, પરંતુ સાંભળતાં સાંભળતાં જે સવાલો

જાગે, તેને ક્યાં જઈને પૂછે ? પૂછવા જાય ત્યાં સુધીમાં તો જિજ્ઞાસાનો દીવો ઓલવાઈ ગયો હોય ! સાક્ષાત્ પ્રવચનશ્રવણનો આ એક જબરજસ્ત લાભ છે કે તરત પૂછી શકાય છે.''

બીજો લાભ એ પણ, કે **પૂછે એક જણ, પામે બધા** ! સંસ્કૃત સાહિત્યમાં આવે છે **एकेन ध्यानम्, द्वाभ्यां विद्या, त्रिभिः सख्यम्, चतुर्भिः प्रवास** : અર્થાત્ ધ્યાન એકલા બેસીને કરવું જોઈએ, જ્યારે વિદ્યાભ્યાસ ઓછામાં ઓછા બે જણે સાથે મળીને કરવો જોઈએ.... એકને અલગ સવાલ થાય, બીજાને અલગ સવાલ થાય.... વિષય વધુ સ્પષ્ટ થતો જાય.... અધ્યાપક પણ ખીલતા જાય !

પૂજ્ય ગુરુદેવશ્રી તો શ્રોતાઓને પ્રશ્નો પૂછવા માટે પ્રેરિત કરતા.... શ્રોતાઓના હૃદય સુધી પહોંચવાનો આ શ્રેષ્ઠ ઉપાય છે, એમ તેઓ માનતા ! તેમણે પ્રવચન શૈલી જ એવી વિકસાવેલી કે શ્રોતા પૂછવા માંડે.... પૂછતો પૂછતો તાત્પર્ય સુધી પહોંચી જાય અને છેલ્લે, પૂજ્ય ગુરુદેવશ્રી જે નિષ્કર્ષ પોતે કહેવા માંગતા હોય તે શ્રોતાના જ મોંઢામાંથી નીકળે !

**અન્ય પ્રશ્નોત્તર ગ્રન્થો કરતાં આ પ્રશ્નોત્તર ગ્રન્થ એ રીતે અલગ પડે છે કે, આમાં વિસ્તાર છે ! પ્રશ્નની પૂર્વે એક વિસ્તૃત ભૂમિકા છે અને ઉત્તરની પછી એક વિસ્તૃત સ્પષ્ટતા છે. કારણ કે આ પ્રશ્નોત્તરો લખાયેલા નથી, સભામાંથી પૂછાયેલા અને સભાસમક્ષ જણાવાયેલા છે.**

પ્રશ્નોત્તરોની ભાષા સરળ છે, શબ્દો પ્રસિદ્ધ છે અને પ્રસ્તુતીકરણ સહજ છે. ક્યાંય શાબ્દિક આડંબર નથી, ભાષાકીય ફટાટોપ નથી... ન કોઈ પ્રાસ-અનુપ્રાસ છે, ન ગોઠવી કાઢેલા શબ્દો છે... ન કોઈ સાહિત્યસભર વક્તૃત્વ છે, ન કોઈ છટાદાર શૈલી

છે... એમને તો બસ, પોતાનો સંદેશ પહોંચાડવો છે. નાનામાં નાનો માણસ, અભણ કે ગામડિયો માણસ પણ સમજી શકે એવી સીધીસાદી બોલી પાછળ એમનું આ જ ગણિત હશે... કોઈને આંજી દેવા નથી, બધાયને ભગવાનના બનાવવા છે. ભગવાનનું શાસન સૌના હૈયે સુસ્થિર કરી દેવું છે.

બાકી, સંસ્કૃત-પ્રાકૃત ભાષાના તેઓ પ્રખર વિદ્વાન્ હતા. એમણે આપેલાં પ્રવચનોમાં ભગવાનના ઉપદેશનાં રહસ્યો, જિનાગમોના મર્મો, આચારવિચારની સ્પષ્ટતા, હેય-ઉપાદેયનો સુરેખ વિવેક, તર્કો, યુક્તિઓ, ઉદાહરણોમાંથી પ્રગટતી પ્રેરણાઓ-સંવેદનાઓ વગેરે જે કંઈ રંજક, બોધક, પ્રેરક જોવા મળે છે તે બધું જ મૌલિક છે. શાસ્ત્રો અને આગમોમાંથી એમણે સ્વયં શોધી કાઢેલું, ચિંતવેલું, તારવેલું છે. તેમના પુરોગામી કે સમકાલીન ધર્મોપદેશકોનાં પ્રવચનો પ્રાયઃ છપાતાં નહોતાં અને જે કંઈ છપાયેલાં હતાં, તેમાંથી પ્રેરણા લેવાનું પૂજ્ય ગુરુદેવશ્રીને કોઈ પ્રયોજન પણ નહોતું. પૂજ્ય ગુરુદેવશ્રી પોતે જ અધિક સમર્થ હતા !

પ્રશ્નોત્તરોના અન્ય ગ્રંથો કરતાં આ ગ્રન્થ એ રીતે પણ અલગ પડે છે, કે અહીં વિધિવિધાન સંબંધી પ્રશ્નો લગભગ નથી, જે છે તે ઉચ્ચ કક્ષાના છે. મોટાભાગના પ્રશ્નોત્તરો ભાવોને સ્પર્શતા, તત્ત્વજ્ઞાનને લગતા છે... તે તે કાળે ઊભી થયેલી વિવિધ વિચારણાઓ અને વિષમ પરિસ્થિતિઓમાંથી સમુચિત માર્ગ શોધવા માટેના છે,

છેક દીક્ષા પૂર્વે, ગૃહસ્થ હતા ત્યારથી જિજ્ઞાસા, ગંભીરતા, ઔચિત્ય, ક્રિયારુચિ ધર્મનિષ્ઠા, તત્ત્વબોધ જેવા સદ્‌ગુણોને આત્મસાત્ કરી ચૂકેલા પૂજ્ય ગુરુદેવે લગભગ એક સદી જેટલા સમય સુધી શાસનને, સંઘને, સમાજને ખૂબ નજદીકથી નિહાળ્યાં છે... એટલે જ, સમય પરિવર્તનની સાથે સાથે શ્રી જિનાજ્ઞાનું પ્રવર્તન કઈ રીતે કરાવવું

તે તેઓશ્રીના પ્રવચનોના અભ્યાસથી બહુ સારી રીતે શીખી શકાય એવું છે.

હવે પ્રસ્તુત છે, કેટલાક સેમ્પલ પિસીસ...

**પ્રશ્ન નંબર :** ૨૪, ૩૧, ૩૩, ૩૭, ૬૪, ૬૭, ૯૫, ૧૧૭, ૨૨૮, ૨૬૯, ૨૭૫...

**પ્રશ્નો :** ૧૪૧ જુઓ - પૂજ્ય ગુરુદેવની સભામાં કેવા પ્રબુદ્ધ શ્રોતાઓ હતા, તેનો અંદાજ આવશે.

**પ્રશ્ન :** ૨૫૧ જુઓ તો લાગે કે પ્રશ્નકારના હૃદયને પૂજ્ય ગુરુદેવ કેટલી ઝડપથી સમજી લે છે !

**પ્રશ્ન :** ૨૭૨ - પુરૂષ વધુ સ્ત્રી રાખી શકે તો સ્ત્રી વધુ પુરૂષ કેમ ન રાખી શકે ?

સમકિત અને ક્ષપક શ્રેણિ જેવા ટાઈટલવાળા પ્રશ્નોત્તરો વાચીએ ત્યારે વ્યાખ્યાન નહીં, વાચના ચાલતી હોય એવું લાગે ! એ જ પ્રમાણે,

**પ્રશ્ન :** ૨૭૪-૨૮૦ ક્ષપકશ્રેણી વિશેના પ્રશ્નો છે.

દીક્ષા શીર્ષક નીચેનું આખું પ્રકરણ વાંચવાની વાચકોને ખાસ ભલામણ છે. દીક્ષામાર્ગની રક્ષા કાજે પૂજ્ય ગુરુદેવશ્રીએ કેવી સજ્જતા કેળવેલી... આનો અણસાર આ પ્રકરણ વાંચતા મળે છે. અણસાર જ મળે, બાકી, દીક્ષાયુગપ્રવર્તનનો ઈતિહાસ જાણવા તો ઘણું ઘણું સાહિત્ય ફંફોળવું પડે એમ છે.

દીક્ષાધર્મનો ઉપદેશ પૂજ્ય ગુરૂદેવશ્રી કેવો ધારદાર અને ધારબદ્ધ આપતા હશે કે ''બધા સાધુ થઈ જશે તો શું થશે'' એવો પ્રશ્ન ચારેક વાર રિપિટ થયો છે.

**''અધ્યાત્મસાર''** માં ગીતાર્થ મહાપુરુષનાં લક્ષણો જોવા મળે છે. તેમાં એક લક્ષણ છે : આગમિક પદાર્થોનો ઉપદેશ આપતી વખતે ગીતાર્થ ઉપદેશક આજ્ઞાને

કેન્દ્રમાં રાખીને વાત કરે, તર્કો ન આપે. અને તર્કસંગત પદાર્થોનો ઉપદેશ આપતી વખતે ગીતાર્થ ઉપદેશક યુક્તિઓને કેન્દ્રમાં રાખીને રજૂઆત કરે... કેટલીક શાસ્ત્રીય વાતો એવી હોય છે કે જ્યાં તર્કો કામ નથી લાગતા. ભગવાને કહ્યું છે માટે સ્વીકારી લેવાનું હોય છે. આવા પ્રશ્નો આવે ત્યારે ઉપદેશકની કસોટી થતી હોય છે : પૂજ્ય ગુરુદેવશ્રી આવી કસોટીમાંથી કેટલી સરસ રીતે ઉત્તીર્ણ થઈ ગયા છે, તે માટે જુઓ **પ્રશ્ન ૬૧...**

જ્યાં જ્યાં જરૂર જણાઈ ત્યાં ત્યાં પૂજ્ય ગુરુદેવે દરેક શાસ્ત્રીય વાત યુક્તિઓ દ્વારા સમજાવી છે. આમ પણ, તર્કબદ્ધ રજુઆત માટે તો પૂજ્ય ગુરુદેવ ખાસ જાણીતા હતા.

એકંદરે, આ **'પ્રાવચનિક પ્રશ્નોત્તર'**ના બંને પડાવ પર પૂજ્ય ગુરૂદેવના પ્રશંસકો અને તટસ્થ જિજ્ઞાસુઓ, સૌને મુકામ કરવો ગમશે !

અંતે,

જગતના જીવોને આ અનંતદુ:ખમય સંસારમાં રખડાવનારાં કર્મોમાં મુખ્ય છે, મોહનીય કર્મ ! આ મોહનીય કર્મ સૌથી ખરાબ, સૌથી ખતરનાક છે !

દર્શનમોહનીય કર્મ મંદ પડે એટલે તત્ત્વજિજ્ઞાસા જાગે..... ''હું કોણ છું ? આ જગત કેવું છે ? સાચું સુખ ક્યાં મળે, કેવી રીતે મળે ?'' આવી તત્ત્વજિજ્ઞાસા જાગે ત્યારથી મોહનીય કર્મની નિર્જરા થયા કરે.

તત્ત્વજિજ્ઞાસાને સંતોષવા જ્યારે વ્યક્તિ તત્ત્વજ્ઞાનીની શોધમાં નીકળી પડે, ત્યારે તેના કરતાં અસંખ્યગુણી મોહનીયકર્મની નિર્જરા થયા કરે...

તત્ત્વજ્ઞાનીનું શરણું મળે અને જ્યારે એ પ્રશ્ન પૂછે ત્યારે તેના કરતાંય અસંખ્યગુણી મોહનીય કર્મની નિર્જરા થયા કરે...

**પૃચ્છના સ્વાધ્યાયનો** મહિમા આવો છે !

પ્રશ્નોત્તરોને વાંચવા એ વાચના સ્વાધ્યાય ગણાય. પ્રશ્નો પૂછવા તે પૃચ્છના સ્વાધ્યાય ગણાય.

**પ્રશ્નોત્તરોથી હેય-ઉપાદેયની ભેદરેખા સ્પષ્ટ થતી જાય છે... પ્રશ્નોત્તરોથી બહુશ્રુતતા સરળતાથી મળે છે... પ્રશ્નોત્તરોના અધ્યયનથી સમસ્યાઓને સુલઝાવવાની શક્તિ (Problem Solving Power) વધે છે.... પ્રશ્નોત્તરોના અભ્યાસથી મોહઘાતક મુખ્ય શસ્ત્ર, વિવેકની ધાર નીકળતી જાય છે... પ્રશ્નોત્તરોથી જ્ઞાન વધે છે, તૃપ્તિ મળે છે, શ્રદ્ધા નિખરે છે !**

પ્રશ્નોત્તર ગ્રંથોની શ્રેણી દ્વારા વિહરમાન ગચ્છાધિપતિ પ્રવચન પ્રદીપ પરમશાસન પ્રભાવક પૂજ્યપાદ આ.ભ. **શ્રી વિજય પુણ્યપાલસૂરીશ્વરજી મહારાજા** આપણને સૌને સ્વાધ્યાયનું ઊંચું આલંબન પૂરું પાડી રહ્યા છે.

સ્વાધ્યાય દ્વારા મોહનીય આદિ કર્મોનો ક્ષય કરીને સૌ વહેલામાં વહેલા પરમપદ અને શાશ્વતસુખને પામીએ એવી અભિલાષા સાથે પ્રવચનકાર પૂજ્યપાદ પરમ ગુરુદેવશ્રી તથા સંપાદક પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીનાં પાવન ચરણોમાં સવિનય કોટિશઃ વંદનાવલિ કરી વિદાય ચાહું છું.

**મોક્ષરતિ વિજય**

**વિ.સં. ૨૦૭૦ ભા.સુ.૫. વલસાડ**

# જગમાં અજોડ દીસે વાણી સૂરિ રામની

વચનસિદ્ધ મહાપુરુષ, પ્રદાદાગુરુદેવ પૂ. ઉપાધ્યાય **શ્રી વીરવિજયજી** મહારાજાની અમોઘ આજ્ઞા-આશિષને ઝીલીને મુનિ **શ્રી રામવિજયજી** મહારાજે દીક્ષાના પ્રથમ વર્ષે જ સિનોર મુકામે પ્રવચનદાનનું સર્વપ્રથમ મંગલાચરણ કર્યું.

અંતરંગ ગુરુકૃપાના પ્રભાવે જિનશાસન અને જિનવચનના મર્મજ્ઞ બનેલા મુનિ **શ્રી રામવિજયજી** મહારાજની ભવતાપ-સંતાપને હરનારી વાણી દીક્ષાના પાંચમાં વર્ષથી ગંગા પ્રવાહની જેમ અસ્ખલિત વહેતી થઈ. ભારતવર્ષને પાવન કરનારી તે વાણી ગંગાનું વિ.સં. ૧૯૮૫ ની સાલે મોહમયી મુંબઈમહાનગરીમાં આગમન થયું. અગણિત ભવ્યાત્માઓના પાપમળને પખાળવામાં અને ભવતાપ-સંતાપને હરવામાં સફળ નીવડેલી આ વાણી ગંગા ઘરઘરમાં અને ઘટઘટમાં વહેતી થાય તો ખૂબ લાભ થાય. એવી સદ્ભાવના પરમગુરુદેવ પૂ.આ.ભ.શ્રીમદ્ **વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના હૈયે પ્રગટી સુશ્રાવક **ભગવાનદાસભાઈ** હાલાભાઈએ (પછીથી પૂ.પં.શ્રી ભદ્રંકર વિ.ગ.) તે ભાવનાને સાકાર કરવાના સંકલ્પ સાથે પ્રશસ્ય પુરુષાર્થ આદર્યો તે પુરુષાર્થનું પુણ્ય પરિણામ એટલે જ "**જૈન પ્રવચન**" સાપ્તાહિકનો પુણ્ય પ્રારંભ.......!

શ્લોક અને શ્લોકના અર્થનું નિરુપણ કરનારા વ્યાખ્યાનકારોનો એ સમય હતો તે પ્રકારના વ્યાખ્યાનને સમજી શકે તેવો શ્રોતાવર્ગ પણ ત્યારે વિદ્યમાન હતો પરંતુ એક જ શ્લોક પર આખું વ્યાખ્યાન આપી શકે અથવા તો એક જ શ્લોક પર દિવસોના દિવસો સુધી વ્યાખ્યાન આપી શકે તેવા વ્યાખ્યાનકાર તરીકે મુનિ **શ્રી રામવિજયજી** મહારાજ

નોખા તરી આવતા હતા.

મુનિશ્રીના વ્યાખ્યાનની ઘણી બધી વિશેષતાઓ પૈકીની ઉડીને આંખે વળગે તેવી બે વિશેષતાઓ હતી. ૧) પ્રસ્તુતિની સરળતા.... સામાન્યમાં સામાન્ય શ્રોતા પણ સરળતાથી વિષયને સમજી શકે ભાષાનું તેવું સરલીકરણ.. અને ૨) પ્રશ્નોત્તર પદ્ધતિ. વ્યાખ્યાન હોય કે વાચના હોય પૂજ્યશ્રીની એક આગવી શૈલી હતી કે કોઈ પણ વાત શ્રોતાના મગજમાં જડબેસલાક બેસાડી દેવા માટે તેઓ સભાને હંમેશા બોલતી રાખતાં ક્યારેક તેઓશ્રી સ્વયં પ્રશ્ન ઉઠાવે અને સભામાંથી જવાબ મેળવે તો ક્યારેક સભામાંથી પ્રશ્ન ઉઠે અને તેનું સચોટ સમાધાન આપી સૌને મંત્રમુગ્ધ કરી દે. પૂજ્યશ્રી હાજરજવાબી કહેવાતા, હજી પ્રશ્ન પૂરો થાય તે પૂર્વે જ પૂજ્યશ્રીના મુખમાંથી જવાબ વહેતો થઈ જાય. પ્રશ્નોત્તરીની આવી જુગલબંદીને સાંભળવાની ઉત્સુકતા શ્રોતાજનો સતત અનુભવતા માટે જ પ્રશ્નોત્તરી એ પૂજ્યશ્રીના પ્રવચનનું મુખ્ય આકર્ષણ બની જતી. આવી પ્રશ્નોત્તરાત્મક પ્રવચનશૈલીના પ્રભાવે કદાગ્રહી, સુધારાવાદી અને ઉત્સૂત્રભાષી આત્માઓએ ફેલાવેલા જૂઠનું અનાયાસે નિવારણ થઈ જતું અને સહુને સત્યનો નવપ્રકાશ લાધતો.

પૂજ્યશ્રીએ શાસ્ત્રગ્રંથોને એવા અભ્યસ્ત કર્યા હતા કે પદાર્થની છણાવટ શાસ્ત્રપાઠ સાથે જ થાય. જ્યારે જે વિષયની રજૂઆત થતી હોય ત્યારે તેના આધારગ્રંથનું નામ અને સ્થાન પણ સાથે સાંભળવા મળે. સ્થાનકવાસી સંપ્રદાયમાં પ્રખર પ્રવચનકારિકા તરીકે પ્રખ્યાત **મૃગાવતીબાઈ** મહાસતી તથા **લીલાવતીબાઈ** મહાસતી જેવા પણ પૂજ્યપાદશ્રીજીના પ્રવચન-વાચનાદિમાં આવીને સીધા શ્રી ભગવતીજી વિગેરે આગમગ્રંથોને લગતાં પ્રશ્નો પૂછતાં અને પૂજ્યપાદશ્રીજી તુરંત જ શાસ્ત્રપાઠ સાથે તેના

સચોટ જવાબો આપતા તે સાંભળીને અને મહારાજજીની આ ઉંમરે પણ આવી પ્રજ્ઞા-પ્રતિભાને જોઈને તે મહાસતીઓ આશ્ચર્ય અને અહોભાવથી નમ્ર બની જતા.

પૂજ્યપાદશ્રી જવાબ આપવા સાથે સન્માર્ગની વાતો પણ એવી કહી દેતાં કે અવસરે સુયોગ્ય આત્મા માર્ગસ્થ બન્યા વિના ન રહે,

મારૂં ચાતુર્માસ સુરેન્દ્રનગરમાં હતું. ત્યારે લીલાવતીબાઈ મહાસતીજી મને મળવા આવ્યા હતા. ત્યારે પણ તે મહાસતીજીએ મને પૂછ્યુ હતું કે મોટા મહારાજજી અત્યારે ક્યાં બિરાજમાન છે? અમારે અમૂક પ્રશ્નો પૂછાવી તેઓશ્રીજી પાસેથી શાસ્ત્રીય સમાધાન મેળવવું છે. અન્ય સંપ્રદાયવાળાના હૈયે પણ પૂજ્યશ્રીની શાસ્ત્રનિષ્ઠા કેવી વસી ગઈ હતી તેનું આ પ્રત્યક્ષ ઉદાહરણ છે. **'હોઠ સાજા તો ઉત્તર ઝાઝા'** આ સુક્તિનો સાક્ષાત્કાર પૂજયશ્રીના પ્રવચનમાં પગલે પગલે જોવા મળતો. એક સાંભળેલો પ્રસંગ આ અવસરે સ્મૃતિપથમાં અવતરે છે. એકવાર એક ભાગ્યશાળીએ પૂજ્યશ્રીને પૂછ્યું કે - સાહેબ ! એવું ક્યારે બન્યું છે કે -કોઈએ આપને એવો પ્રશ્ન પૂછ્યો હોય કે જેનો જવાબ આપતા પૂર્વે આપને માથુ ખંજવાળવું પડ્યું હોય અથવા તો એમ કહેવું પડ્યું હોય કે આ પ્રશ્નના જવાબ માટે મારે શાસ્ત્રો જોવા પડશે ! ત્યારે પૂજ્યશ્રીએ જણાવ્યું હતું કે **હું એવા જ શ્રોતાની શોધમાં છું પણ હજી સુધી એવા શ્રોતાના મને દર્શન થયા નથી.**

પૂજ્યશ્રીનું અને પૂજ્યશ્રીના પ્રવચનોનું આત્મિક આકર્ષણ મને બાલ્યકાળથી જ રહ્યું છે. તેમાં પણ તેઓશ્રીના પરમગુરુદેવશ્રી સિદ્ધાંત મહોદધિ પૂ.આ.ભ. શ્રીમદ્ **વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના સ્વમુખે તેઓશ્રી અને તેઓશ્રીના પ્રવચનો વિશે જે ત્રણ વિશેષ વાતો સાંભળવા મળી ત્યારથી પૂજ્યશ્રી પ્રત્યેના આકર્ષણમાં જે અભિવૃદ્ધિ

થઈ છે તે અવર્ણનીય છે. જ્યારે પણ પૂજ્યશ્રીના ગુણગાન કરવાનો અવસર આવે છે ત્યારે આ ત્રણ વિશેષ વાતોનો ઉલ્લેખ કર્યા વિના હું રહી શકતો નથી. તે ત્રણ વાતો પરમગુરુદેવશ્રીએ આ પ્રમાણે ફરમાવી હતી. ''૧) પુણ્યપાલ ! રામવિજયજી ક્યારેય મારી સામે ઉંચા અવાજે બોલ્યા નથી. ૨) તેમના જૈન પ્રવચનમાં કોઈ પણ વાત સિદ્ધાંતથી વિરુદ્ધ લખાઈ કે બોલાઈ નથી. ૩) હું ઈચ્છું છું કે તેમના બધાય પ્રવચનો સંસ્કૃતમાં લખાવી જ્ઞાનભંડારોમાં મૂકાઈ જાય જેથી ભવિષ્યમાં તે આગમની ગરજ સારનારા બનશે.'' ગુરુદેવશ્રીના હૈયે પોતાના પટ્ટશિષ્યનું કેવું ઉચ્ચ સ્થાન હતું તે જાણવા- જણાવવા માટે આ ત્રણ વાતો જ પર્યાપ્ત છે.

આ એ પ્રવચનો છે કે જે પ્રવચનોનાં સંપાદન દ્વારા અનેક તંત્રીઓ સાધુપદના ચાહક ને ગ્રાહક બની ગયા. તેમજ આ પ્રવચનોના શ્રવણ ને વાંચન દ્વારા પૂ.આ.ભ. **શ્રી ભદ્રંકરસૂરિ** મ.સા., પૂ.આ.ભ. **શ્રી ભુવનભાનુસૂરિ** મ.સા., પૂ.આ.ભ. **શ્રી કલાપૂર્ણસૂરિ** મ.સા. તથા અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ. **શ્રી ગુણસાગરસૂરિ** મ.સા. જેવા અનેક પુણ્યાત્માઓ સંયમધર્મને પ્રાપ્ત કરનારા બન્યા.

વિ.સં.૨૦૨૩ની સાલથી લઈને વિ.સં.૨૦૪૭ની સાલ સુધીમાં અગણિતવાર તે પૂજ્યશ્રીના પ્રવચનોની પ્રત્યક્ષધારામાં ભીંજાવાનું સૌભાગ્ય મને સાંપડ્યું ત્યારના આનંદની અને ધન્યતાના અનુભવની તો શું વાત કરું ? પરંતુ આજે પણ જ્યારે જ્યારે તે પરમારાધ્યપાદ પૂજ્યશ્રીના પ્રવચનો વાંચવા મળે છે ત્યારે કોઈ અદ્ભુત-અનોખી દુનિયામાં વિહરતો હોઉ એવો અનુભવ થયા વિના રહેતો નથી.

'પ્રાવચનિક પ્રશ્નોત્તર'ના યથાર્થ નામે પ્રગટ થઈ રહેલા પ્રસ્તુત પ્રકાશનમાં **અનેકાંત પ્રકાશન** દ્વારા પ્રકાશિત જૈન પ્રવચન ભાગ ૧ થી ૧૩ના પ્રવચનોમાંથી અને

**સન્માર્ગ પ્રકાશન** દ્વારા પ્રકાશિત પૂજ્યશ્રીના પ્રવચનોની ૧૦૮ લઘુપુસ્તિકામાંથી ચૂંટીને ઉદ્ધરેલા પ્રશ્નોત્તરોનો સુસંગ્રહ કરવામાં આવ્યો છે. તે તે પ્રશ્નોત્તરોની નીચે સ્થાન નિર્દેશ પણ કરવામાં આવ્યો છે. જેથી વિશેષ જિજ્ઞાસુઓ પોતાની જિજ્ઞાસાને સહજતાથી સંતોષી શકે.

પં. **શ્રી મોક્ષરતિ વિજયજી** ગણિએ પ્રસ્તાવનામાં પૂજ્યશ્રીની પ્રશ્નોત્તરાત્મક પ્રવચનશૈલીનો સુંદર પરિચય આપી હૃદયમાં વસેલી ગુરુભક્તિ પ્રદર્શિત કરી છે. તે હાર્દિક ગુરુભક્તિની હાર્દિક અનુમોદના.

આ પ્રશ્નોત્તરીના વાંચન દ્વાર સુજ્ઞ વાચકવર્ગ પૂજ્યશ્રીના પ્રવચન પ્રતિ આકર્ષાય અને તે પ્રવચન સાહિત્યને ચિંતન-મનન પૂર્વક વાંચી તેમાં આપેલા જિનાજ્ઞામય ઉપદેશોને હૃદયમાં અને જીવનમાં ઉતારી આત્મહિતના પંથે દ્રુતગતિએ પ્રગતિ સાધે એવો શુભભાવ આ સંપાદનની ક્ષણોમાં મારા હૃદયમાં સતત ધબકતો રહ્યો છે. મારા તે શુભભાવને સુજ્ઞ વાચકવર્ગ અવશ્ય સાર્થક કરશે એવા આશાભર્યા હૈયે વિરમું છું.

**વિજય પુણ્યપાલસૂરિ**
**વિ.સં.૨૦૭૧ ફા.વ.૪**
**ભાવિક આરાધના ભવન**
**નાસિક**

# સુકૃતાનુમોદનમ્

## મુખ્ય લાભાર્થી

તપાગચ્છાધિપતિ, વ્યાખ્યાન વાચસ્પતિ દીક્ષાયુગ પ્રવર્તક,

**પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના**

અનંત ઉપકારોની સ્મૃત્યર્થે

**સંઘવી શ્રી માણેકલાલ મોહોલાલ ઝવેરી**

**હસ્તે :-**

પ્રમિલાબેન હેમેન્દ્રભાઈ સંઘવી -ઝવેરી પરિવાર

મુંબઈ - વાલકેશ્વર

મંડાર નિવાસી મિલાપચંદજી ઉત્તમચંદજી બોકડીયા પરિવાર

હાલ-પુના (મહારાષ્ટ્ર)

**શાશ્વત પરિવાર - મુંબઈ**

# સુકૃતાનુમોદનમ્

## સહ લાભાર્થી

શ્રીમતી સુલભાબેન રમેશભાઈ મણિલાલ ભોગીલાલ શાહ - નાશીક

શાસનપ્રભાવક જૈન રીલીજીયસ ટ્રસ્ટ - માલેગામ

શ્રીમતી કાંતાબેન રતીલાલ શાહ-બંધુ પરિવાર - માલેગામ
**હસ્તે** – ડૉ શૈલેશભાઈ/અશોકભાઈ/આશીષભાઈ

સ્વ. સપનાબેન ચન્દ્રકાન્ત શાહ, ઘાટકોપર હ. કેતન/બીનોતી/નીલ

સૌ. શૈલાબેન વિલાસ મોતીલાલ શાહ - માલેગામ

શ્રી વિશસ્થાનક તપની પૂર્ણાહૂતિ નિમિત્તે
અ.સૌ. વીણાબેન નરેન્દ્રકુમાર ચોવટીયા - મંડારવાળા

ચમેલીબેન બાબુલાલ મેહતાના આત્મશ્રેયાર્થે
અ.સૌ. જયશ્રી ચંદ્રકાન્ત મેહતા- માલેગામ

છોટાલાલ નગીનદાસ શાહ પરિવાર - માલેગામ

નવીનચન્દ્ર રતનચંદ શાહ પરિવાર - માલેગામ

# ❊ સંક્ષિપ્ત વિષયાનુક્રમ પ્રથમ પડાવ ❊


| ક્રમ | વિષય | કુલ પ્રશ્નો | પૃ.નં. |
|---|---|---|---|
| ૧. | અભવ્ય | ૧ | ૧ |
| ૨. | અષ્ટપ્રકારી પૂજા | ૧ | ૨ |
| ૩. | અન્યલિંગસિદ્ધ | ૧ | ૩ |
| ૪. | ઈતિહાસ | ૨૦ | ૪ થી ૩૪ |
| ૫. | ઈષ્ટફળસિદ્ધિ | ૯ | ૩૫ થી ૪૭ |
| ૬. | કર્તવ્ય | ૭ | ૪૮ થી ૫૬ |
| ૭. | કર્મ | ૧ | ૫૭ |
| ૮. | કારણ | ૩ | ૫૮ થી ૬૩ |
| ૯. | ક્રિયા | ૩ | ૬૪ થી ૬૫ |
| ૧૦. | કેવળી | ૨ | ૬૬ |
| ૧૧. | ગુરૂ | ૪ | ૬૭/૬૮ |
| ૧૨. | ગુણસ્થાનક | ૪ | ૬૯ થી ૭૨ |
| ૧૩. | ચારિત્ર | ૭ | ૭૩ થી ૭૮ |
| ૧૪. | ચાર પુરૂષાર્થ | ૨ | ૭૯ થી ૮૪ |
| ૧૫. | જિનેશ્વર | ૧૫ | ૮૫ થી ૯૭ |
| ૧૬. | જ્ઞાન | ૧ | ૯૮ |
| ૧૭. | દાન | ૧૪ | ૯૯ થી ૧૦૯ |
| ૧૮. | દીક્ષા | ૨૮ | ૧૧૦ થી ૧૩૩ |
| ૧૯. | દિગંબર | ૭ | ૧૩૪ થી ૧૩૯ |
| ૨૦. | ધર્મ | ૯ | ૧૪૦ થી ૧૪૭ |
| ૨૧. | નિર્જરા | ૧ | ૧૪૮ |
| ૨૨. | નિહ્નવ | ૧ | ૧૪૯ થી ૧૫૦ |
| | કુલ પ્રશ્નો | ૧૪૧ | |

# ❊ સંક્ષિપ્ત વિષયાનુક્રમ દ્વિતીય પડાવ ❊



| ક્રમ | વિષય | કુલ પ્રશ્નો | પૃ.નં. |
|---|---|---|---|
| ૨૩. | પચ્ચક્ખાણ | ૩ | ૧૫૧-૧૫૪ |
| ૨૪. | પરિષહ | ૪ | ૧૫૫ થી ૧૫૮ |
| ૨૫. | પાપ | ૩ | ૧૫૯ થી ૧૬૫ |
| ૨૬. | પુનર્લગ્ન | ૧ | ૧૬૬/૧૬૭ |
| ૨૭. | પુણ્ય | ૧ | ૧૬૮ |
| ૨૮. | પૂર્વ | ૧ | ૧૬૯ |
| ૨૯. | પૈસા | ૭ | ૧૭૦ થી ૧૭૬ |
| ૩૦. | પ્રકીર્ણક | ૧૮ | ૧૭૭ થી ૨૦૧ |
| ૩૧. | પ્રતિક્રમણ | ૧ | ૨૦૨-૨૦૩ |
| ૩૨. | ભૂગોલ | ૬ | ૨૦૪ થી ૨૦૮ |
| ૩૩. | મરણ | ૩ | ૨૦૯ થી ૨૧૩ |
| ૩૪. | મનુષ્યજન્મ | ૭ | ૨૧૪ થી ૨૨૨ |
| ૩૫. | મોક્ષ | ૫ | ૨૨૩ થી ૨૨૫ |
| ૩૬. | વક્તા | ૧ | ૨૨૬ |
| ૩૭. | વ્રત-નિયમ-તપ | ૩ | ૨૨૭થી ૨૩૦ |
| ૩૮. | શાસ્ત્ર | ૫ | ૨૩૧ થી ૨૩૩ |
| ૩૯. | સમકિત | ૨૮ | ૨૩૪ થી ૨૪૭ |
| ૪૦. | સમિતિ | ૧ | ૨૪૮ |
| ૪૧. | સાધ્વાચાર | ૯ | ૨૪૯ થી ૨૬૦ |
| ૪૨. | સામાન્ય તત્ત્વજ્ઞાન | ૧૭ | ૨૬૧ થી ૨૭૩ |
| ૪૩. | સારણા | ૨ | ૨૭૪ થી ૨૭૬ |
| ૪૪. | સિદ્ધાન્ત | ૧ | ૨૭૭/૨૭૮ |
| ૪૫. | સૂત્ર | ૧ | ૨૭૯ |
| ૪૬. | સંઘ | ૨ | ૨૮૦ થી ૨૮૨ |
| ૪૭. | સ્ત્રી | ૨ | ૨૮૩ થી ૨૮૫ |
| ૪૮. | ક્ષપકશ્રેણિ | ૭ | ૨૮૬ થી ૨૮૮ |
| | કુલ પ્રશ્ન | ૧૩૯ | |

# ❊ પ્રશ્નાનુક્રમ દ્વિતીય પડાવ ❊


| પ્રશ્ન | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | **નિર્જરા** | |
| ૧૪૦ | અકામનિર્જરાથી મુક્તિ ન થાય ? | ૧૪૮ |
| | **નિહ્નવ** | |
| ૧૪૧ | ગોષ્ઠામાહિલમાં પહેલા સમ્યક્ત્વ ખરું ? | ૧૪૯ |
| | **પચ્ચક્ખાણ** | |
| ૧૪૨ | "મુનિ કોઈને દેશવિરતિનું પચ્ચક્ખાણ આપે, તો બાકીની અવિરતિના એ ભાગીદાર ખરા કે નહિ?" | ૧૫૧ |
| ૧૪૩ | જો ધર્મપ્રભાવના માટે પૈસા પેદા કરવા એ ધર્મ હોય, તો સાધુ બનશે માટે છોકરા પેદા કરવાં એ ધર્મ ખરો ? | ૧૫૩ |
| ૧૪૪ | લક્ષ્મી ન હોય તો મૂર્ચ્છાનો ત્યાગ થઈ શકે ? | ૧૫૪ |
| | **પરિષહ** | |
| ૧૪૫ | ભિક્ષા મળ્યા પછી અનુતાપ શો ? | ૧૫૫ |
| ૧૪૬ | એ કઈ જાતિનો ? | ૧૫૬ |
| ૧૪૭ | હર્ષ પણ અનુતાપ ? | ૧૫૬ |
| ૧૪૮ | કેવી સુંદર વસ્તુ ? અનુકૂળ ભિક્ષા મળવા છતાં પણ આત્મકલ્યાણના અર્થી મુનિવરોએ સાવધ રહેવું જ પડે ? | ૧૫૬ |
| | **પાપ** | |

| | | |
|---|---|---|
| ૧૪૯ | જાણીને પાપ કરે એને વધારે પાપ કે અજાણને ? | ૧૫૯ |
| ૧૫૦ | શેર તો વ્યાજ ઉપજાવવાને માટે રાખીએ છીએ; તેમાં કારખાનાનું પાપ કેમ લાગે ? | ૧૬૧ |
| ૧૫૧ | પણ વીજળીના દીવામાં ખર્ચ ઓછો આવે ને ? ઘી ૧૩૫ રૂપિયે મણ થઈ ગયું ! | ૧૬૪ |
| | **પુનર્લગ્ન** | |
| ૧૫૨ | જૈનશાસ્ત્રોમાં પુનર્લગ્ન છે ? | ૧૬૬ |
| | **પુણ્ય** | |
| ૧૫૩ | પુણ્ય પણ આશ્રવ છે ? | ૧૬૮ |
| | **પૂર્વ** | |
| ૧૫૪ | નવપૂર્વીને પણ અજ્ઞાની શાથી કહેવાય છે ? | ૧૬૯ |
| | **પૈસા** | |
| ૧૫૫ | સાધુને નમીએ તો પૈસા મળે જ, એવી માન્યતા છે. | ૧૭૦ |
| ૧૫૬ | લક્ષ્મીવાળા પણ મુક્તિ ક્યાં નથી ગયા ? | ૧૭૦ |
| ૧૫૭ | અતિરેક ન કરીએ અને પરિમિત રહીએ તો ? | ૧૭૧ |
| ૧૫૮ | જાણે બોલે અને કરે નહિ ? | ૧૭૧ |
| ૧૫૯ | સંસારમાં પૈસાનું તેજ કેમ દેખાય છે ? | ૧૭૪ |
| ૧૬૦ | લક્ષ્મી તે દેવી છે કે ડાકણ ? | ૧૭૬ |
| ૧૬૧ | પુણીયાનો તો એક જ દાખલો છે ને ? | ૧૭૬ |

## પ્રકીર્ણક


| | | |
|---|---|---|
| ૧૬૨ | કેટલાં પૂર્વ લખાયાં ? | ૧૭૭ |
| ૧૬૩ | મુટ્ઠીસહીયં હોય ને વધુ વખત ખાય તો દોષ લાગે ? | ૧૭૭ |
| ૧૬૪ | હોટેલોમાં જે ચીજો થાય છે, તે ક્યાં અમારે માટે થાય છે ? | ૧૭૮ |
| ૧૬૫ | કોઈ સાધુ ઉપકાર માટે રેલમાં બેસે તો શી હરકત ? | ૧૭૮ |
| ૧૬૬ | ઉપાશ્રય થાય છે તે ? | ૧૭૯ |
| ૧૬૭ | પ્રપંચ વિના બીજો રસ્તો નહિ ? | ૧૮૪ |
| ૧૬૮ | આચારાંગના પ્રથમ અધ્યયનનું 'શસ્ત્રપરિજ્ઞા' એવું નામ શાથી ? | ૧૮૫ |
| ૧૬૯ | બળ તો કસરતથી મળે કે બ્રહ્મચર્યથી ? | ૧૮૬ |
| ૧૭૦ | સોળ વર્ષની અંદર બાળક હિતાહિત ન સમજે, માટે મા-બાપને તેમ કરવુ પડે છે. | ૧૮૬ |
| ૧૭૧ | કાયદાનું બંધન છે. | ૧૮૯ |
| ૧૭૨ | જેઓ **'આગમમાં રસ નથી આવતો'** એમ કહે છે તેઓનું શું ? | ૧૯૦ |
| ૧૭૩ | ભાવધૂનન સમજ્યા વિના દ્રવ્યધૂનન ફાયદો કરે કે નહિ ? | ૧૯૧ |
| ૧૭૪ | સંતતિને કુલદીપક બનાવવી છે ? | ૧૯૩ |
| ૧૭૫ | અતિપરિણત દોષ કોને કહેવાય ? | ૧૯૮ |
| ૧૭૬ | યુરોપ વગેરે દેશોમાં તો ઘણું સુખ દેખાય છે, તેનું કારણ શું ? | ૧૯૮ |
| ૧૭૭ | અલ્પારંભ અને અલ્પપરિગ્રહમાં આવે કેટલું ? પુણિયા શ્રાવક જેવું જોઈએ ? | ૧૯૯ |

૧૭૮ જૈનશાસ્ત્રોમાં હિંસાની વ્યાખ્યા શું કહી છે ? ૨૦૦

૧૭૯ વિરતિ લેનારની યોગ્યતા જોવી જોઈએ ને ! ૨૦૦

**પ્રતિક્રમણ**

૧૮૦ વાર્ષિક પ્રતિક્રમણમાં કાયોત્સર્ગનું પરિમાણ કેટલું છે ? ૨૦૨

**ભૂગોલ**

૧૮૧ મેરુ જો લોકની મધ્યમાં અને સુવર્ણમય છે, તો દેખાતો કેમ નથી ? ૨૦૪

૧૮૨ ભીંત પાછળની વસ્તુ તો વચ્ચે ભીંત આવી માટે ન દેખાય ! ૨૦૪

૧૮૩ મેરુ પર્વત કેટલા યોજન દૂર છે ? ૨૦૫

૧૮૪ એ લોકોને સોનું જોઈએ છે, માટે ત્યાં જાય તો? ૨૦૫

૧૮૫ એ લોકો જ્ઞાની હવે થવાના માને છે ? ૨૦૭

૧૮૬ એ લોકો તો કહે છે કે–મહાવીર ભગવાને પણ ક્રાંતિ કરી હતી. ૨૦૭

**મરણ**

૧૮૭ મરણ વખતે આટલી પીડા કહી છે, તો એ પીડાથી છોડવા એને વહેલો મરાય ? ૨૦૯

૧૮૮ છેલ્લે નવકારથી વેદના ઓછી થાય ? ૨૧૦

૧૮૯ અતિચારમાં આવે છે કે 'સુખ આવ્યે જીવિત વાંછ્યું, દુઃખ આવ્યે મરણ વાંછ્યું.' તો શું મરણની માગણી થઈ શકે ? ૨૧૧

**મનુષ્યજન્મ**

૧૯૦ માનવ-જન્મ જ મહાન કેમ ? ૨૧૪

૧૯૧ આત્માની સાથે કર્મ લાગેલાં છે તેથી જ જીવને જન્મવું પડે છે. ૨૧૪

૧૯૨ આ રીતિએ આ જન્મ દુઃખનું નિમિત્ત હોવા છતાં પણ, જ્ઞાનીઓએ મનુષ્યજન્મને વખાણ્યો કેમ ? ૨૧૫

૧૯૩ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનમાં સમ્યગ્દર્શનની પહેલાં સમ્યગ્જ્ઞાનને કેમ મૂક્યું નહિ ? ૨૧૭

૧૯૪ સમયગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન આવ્યું હોય, પણ સમ્યક્ ચારિત્ર ન આવ્યું હોય તો પછી થાય શું ? ૨૧૮

૧૯૫ તિર્યંચને સુખ શાનું ? ૨૧૯

૧૯૬ મોક્ષમાર્ગની પ્રાપ્તિની દૃષ્ટિએ સરખામણી કરે તો દેવજન્મ પણ પસંદ આવે નહિ. ૨૨૧


### મોક્ષ


૧૯૭ મોક્ષમાં ગયેલા આત્માઓ એક થઈ જાય છે કે જુદા જુદા રહે છે ? ૨૨૩

૧૯૮ સિદ્ધ આત્માના ગુણોમાં ફેરફાર થાય કે નહિ ? ૨૨૩

૧૯૯ શું ગૃહસ્થાશ્રમમાં રહેલાને મુક્તિ ન જ મળે ? ૨૨૩

૨૦૦ બધા સાધુ થઈ જાય તો થાય શું ? બધા પોષાય શી રીતે ? ૨૨૪

૨૦૧ કેટલાક કહે છે કે અહીંથી કોઈ પણ આત્મા મુક્તિએ જઈ શકતો નથી, માટે મુક્તિની ઈચ્છાથી ધર્મ કરવો નકામો છે' તેનું શું ? ૨૨૫

**વક્તા**

૨૦૨ પહેલાં આઘો કે પહેલાં ચરવળો ? ૨૨૬

**વ્રત-નિયમ-તપ**

૨૦૩ સાધુઓને માટે મહાવ્રતો અને ગૃહસ્થને માટે અણુવ્રતો એમ જ કહ્યું છે ને? ૨૨૭

૨૦૪ તો પછી સમાન શીલ-કુલ-વય-સંસ્કાર વગેરે વાતો કઈ અપેક્ષાએ કહી શકાય ? ૨૨૯

૨૦૫ સમ્યક્તપ એટલે શું ? ૨૩૦

**શાસ્ત્ર**

૨૦૬ મેરુ વિગેરેને પણ આજના શ્રદ્ધારહિત આત્માઓ કલ્પિત માને છે ! ૨૩૧

૨૦૭ શાસ્ત્ર ભગવાને લખ્યાં ? ૨૩૨

૨૦૮ પઉમચરિયં શું છે ? ૨૩૨

૨૦૯ પઉમચરિયંના કર્તા કોણ ? ૨૩૩

૨૧૦ પરંપરાનો વ્યવહાર પણ શાસ્ત્રને અનુસરનારો જ હોવો જોઈએ? ૨૩૩

**સમકિત**

૨૧૧ સમ્યગ્દર્શન એટલે શું ? ૨૩૪

૨૧૨ જેટલા આત્માઓ દુર્ગતિમાં ગયા તે બધા જ વિવેક વિનાના હોવાથી ગયા ? ૨૩૪

| | | |
|---|---|---|
| ૨૧૩ | શ્રી તીર્થંકરદેવોના આત્માઓ નરકે ગયા તે વિવેકશૂન્ય દશામાં? | ૨૩૪ |
| ૨૧૪ | ક્ષાયિકસમ્યક્ત્વને પામેલા આત્માઓને વધુમાં વધુ એક જ વાર નરકે જવું પડે એમ જ ને ? | ૨૩૫ |
| ૨૧૫ | ક્ષાયિકસમ્યક્ત્વ પામ્યા પછીથી આત્મા મોક્ષે ક્યારે જાય ? | ૨૩૫ |
| ૨૧૬ | ક્ષપકશ્રેણિ મિથ્યાદષ્ટિ આત્મા માંડી શકે ને ? | ૨૩૬ |
| ૨૧૭ | આપે હમણાં જ કહ્યું કે ક્ષપકશ્રેણિ માંડ્યા વિના ક્ષાયિક સમ્યક્દર્શનની પ્રાપ્તિ થાય જ નહિ. | ૨૩૬ |
| ૨૧૮ | પૂર્વે આયુષ્યકર્મને બાંધી ચૂકેલા અને તે પછી સમ્યક્ત્વ પામેલા એવા ન મનાય ? | ૨૩૭ |
| ૨૧૯ | સમ્યક્ત્વ એકલા ક્ષાયિક પ્રકારનું જ છે એમ માનવામાં આવે તો ! | ૨૩૮ |
| ૨૨૦ | એટલે કે ક્ષાયિકસમ્યગ્દર્શન તે જ આત્મા પામી શકે, કે જેનામાં ઔપશમિક સમ્યગ્દર્શન હોય અથવા તો ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન હોય, પણ ઔપશમિક અગર ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન જેનામાં ન વર્તતું હોય, તે તો ક્ષાયિકસમ્યગ્દર્શન પામી શકે જ નહિ, એમ ને ? | ૨૩૮ |
| ૨૨૧ | આપે કહ્યું ને કે ક્ષાયિક સમ્યગ્દર્શન મિથ્યાદૃષ્ટિ પામી શકે નહિ? | ૨૩૮ |
| ૨૨૨ | સૌથી પહેલી વાર એમ કેમ ? | ૨૩૯ |
| ૨૨૩ | આત્મા ક્ષપકશ્રેણિ વધુમાં વધુ કેટલી વાર માંડતો હશે ? | ૨૩૯ |

૨૨૪ ક્ષપકશ્રેણિ માંડેલો જીવ દર્શનસપ્તકનો ક્ષય કરીને જો અટકી જાય, તો તેના અટકી જવાનું કારણ એક જ ને ? ૨૪૦
૨૨૫ ક્ષપકશ્રેણિ માંડી અગિયારમાં ગુણસ્થાનકે જઈને કેટલાક આત્માઓ પાછા પણ પડે ને ? ૨૪૧
૨૨૬ કેવલજ્ઞાની તેરમા ગુણસ્થાનકે જ હોય ? ૨૪૧
૨૨૭ તો પછી અગિયારમા ગુણસ્થાનકે ક્યા આત્માઓ આવે અને પડે ? ૨૪૨
૨૨૮ આપે તો ફરમાવ્યું ને કે દશમા ગુણસ્થાનકે આત્મા રાગદ્વેષથી સર્વથા રહિત થઈ જાય છે ? જ્યારે દશમા ગુણસ્થાનકે આત્મા સર્વથા રાગદ્વેષરહિત થઈ જાય છે, તો પછી દશમા ગુણસ્થાનકેથી આગળ વધી અગિયારમા ગુણસ્થાનકે જઈ પાછા કેમ પડાય ? એક વાર રાગદ્વેષનો સર્વથા અભાવ થઈ જાય અને પછી પાછા રાગદ્વેષથી ભરેલા બની જવાય એમ બને ખરું ? ૨૪૨
૨૨૯ બરાબર છે, ત્યારે ઉપશમશ્રેણિવાળા આત્માઓ દશમાના અંતે રાગદ્વેષથી સર્વથા રહિત નથી બનતા, એમ જ ને ? ૨૪૩
૨૩૦ ક્ષપકશ્રેણિ માંડે નહિ તો કેવળજ્ઞાન મળે જ નહિ એમ ને ? ૨૪૪
૨૩૧ અને મિથ્યાદૃષ્ટિ ક્ષપકશ્રેણિ માંડી શકે નહિ એટલે તે પહેલાં સમ્યગ્દર્શન પામવું જ જોઈએ ને ? ૨૪૪
૨૩૨ ક્ષપકશ્રેણિ માંડનારો આત્મા ક્ષપકશ્રેણિ માંડતી વખતે ઔપશમિક અગર ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં વર્તતો જ હોય ? ૨૪૪

૨૩૩ ત્યારે ક્ષાયિકસમ્યક્ત્વ પણ તે જ પામે કે જે પહેલાં ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામ્યો હોય ? ૨૪૫
૨૩૪ એ વિષયમાં સૈદ્ધાંતિક અને કાર્મગ્રંથિક વચ્ચે મતભેદ છે ને ? ૨૪૫
૨૩૫ સમ્યક્ત્વની ઉત્પત્તિ સંબંધમાં મતભેદ નથી ? ૨૪૫
૨૩૬ ક્ષાયોપશમિક સમ્યક્ત્વની હયાતીમાં જ ક્ષપકશ્રેણિ મંડાય, ક્ષપકશ્રેણિ માંડનાર જ ક્ષાયિક સમ્યક્ત્વ પામી શકે અને તે જ આગળ વધે તો કેવલજ્ઞાન ઉપાર્જી મોક્ષે જઈ શકે, તો પછી અન્યલિંગે પણ સિદ્ધ થાય, એમ જે કહ્યું છે તેનું શું ? ૨૪૬
૨૩૭ શ્રી તીર્થંકરદેવના આત્માઓમાં પણ અમુક આત્માઓ તીર્થંકરનામકર્મ નિકાચ્યા પછીથી પણ નરકે ગયા છે, તે કેમ ? ૨૪૭
૨૩૮ તેવો આયુષ્યકર્મનો બંધ થયો ત્યારે તેમનામાં પણ સમ્યક્ત્વ નહિ જને? ૨૪૭

## સમિતિ

૨૩૯ સમિતિ કોને કહેવાય છે ? ૨૪૮

## સાધ્વાચાર

૨૪૦ શ્રાવક માંદો હોય તો મુનિ જોવા જાય કે નહિ ? ૨૪૯
૨૪૧ અપવાદે મુનિને પુણ્યાનુબંધી પુણ્ય ઉપાદેય ખરું ? ૨૪૯
૨૪૨ સાધુને શ્રાવકની ગરજ નહિ ? ભગવાને પણ શ્રાવકો સ્થાપ્યા ને ? ૨૫૩
૨૪૩ બધા સાધુ થાય તો રોટલા કોણ આપે ? ૨૫૩

| | | |
|---|---|---|
| ૨૪૪ | શ્રાવકો રોટલા આપે એ ઉપકાર નહિ ? | ૨૫૫ |
| ૨૪૫ | સાધુઓથી તીર્થયાત્રા નિમિત્તે જ વિહાર કરી શકાય ? | ૨૫૭ |
| ૨૪૬ | વિકટ પ્રદેશમાં રહેલાં તીર્થોનાં દર્શન સાધુઓને શી રીતિએ કરાવી શકાય ? | ૨૫૮ |
| ૨૪૭ | સાધુને માટે રાગદ્વેષ હોવા અગર કષાય હોવા એ કલંકરૂપ નથી? | ૨૫૯ |
| ૨૪૮ | આજે સાધુઓમાં કષાય હોય જ નહિ, રાગદ્વેષ હોય જ નહિ, એવો પ્રચાર કેમ થઈ રહ્યો છે ? | ૨૬૦ |
| | ***સામાન્ય તત્ત્વજ્ઞાન*** | |
| ૨૪૯ | જિનશાસનમાં અપવાદને સ્થાન હોય ? | ૨૬૧ |
| ૨૫૦ | અપવાદનો અર્થ ? | ૨૬૧ |
| ૨૫૧ | સંસારમાં રહીને પણ તત્ત્વજ્ઞાની થઈ શકાય કે નહિ ? | ૨૬૨ |
| ૨૫૨ | મંતવ્યની પુષ્ટિ માટે તો એમને ઓઠા તરીકે રાખ્યા છે. ? | ૨૬૫ |
| ૨૫૩ | શું સ્વર્ગલોકમાં પણ મૂર્ખા હોય છે ? | ૨૬૬ |
| ૨૫૪ | સાહેબ ! દેવ તો વિબુધ કહેવાય છે ને ? | ૨૬૬ |
| ૨૫૫ | અનુશિષ્ટિ કોને કહેવાય ? | ૨૬૭ |
| ૨૫૬ | અનુશિષ્ટિમાં કેમ કહેવાય અને ઉપાલમ્ભમાં કેમ કહેવાય ? | ૨૬૮ |
| ૨૫૭ | ત્યારે ઉપગ્રહ એટલે શું ? | ૨૬૯ |
| ૨૫૮ | અપશુકન અસર કરે ? | ૨૭૦ |
| ૨૫૯ | એ વખતે ન જાય ને સારા શુકને જાય તો ભાવિ ફરી જાય ? | ૨૭૦ |

૨૬૦ અસંતોષી અને લોભી એમાં ફરક ખરો ? ૨૭૦

૨૬૧ છોકરાં જન્મે ત્યારે રોતાં કેમ હશે ? અને બધાં છોકરાં જન્મતાં રોતાં જ હશે ? ૨૭૧

૨૬૨ એકાંતિક સુખ એટલે ? ૨૭૨

૨૬૩ અને આત્યંતિક સુખ કોને કહેવાય ? ૨૭૨

૨૬૪ સ્યાદ્વાદ એટલે શું ? ૨૭૩

૨૬૫ ત્યારે આજે ઘણાઓ સ્યાદ્વાદને અનિશ્ચિત વાદ તરીકે ઓળખાવે છે, એ શું સર્વથા અસત્ય છે ? ૨૭૩


## સારણા


૨૬૬ જે ગચ્છમાં સારણા આદિ ન હોય તે સુગચ્છ નથી પણ કુગચ્છ છે. (એમ સાંભળ્યું છે તો શું સુગચ્છમાં સારણાદિ હોય ?) ૨૭૪

૨૬૭ પરીક્ષા કરીને લીધા હોય તો ? ૨૭૪


## સિદ્ધાન્ત


૨૬૮ સિદ્ધાન્તની વ્યાખ્યા કેટલા પ્રકારે થાય ? ૨૭૭


## સૂત્ર


૨૬૯ વિધિસૂત્ર નિષેધમાં અને નિષેધસૂત્ર વિધિમાં લઈ જવાય ? ૨૭૯


## સંઘ


૨૭૦ પચીસમો તીર્થંકર એટલે કે સંઘ, ચોવીસ તીર્થંકરની આજ્ઞા માને કે નહિ? (ચતુર્વિધ સંઘને પચ્ચીશમો તીર્થંકર કહેવાય ને?) ૨૮૦

૨૭૧ સંઘ બહાર કોણ કોને કરી શકે ? ૨૮૦

**સ્ત્રી**

૨૭૨ પુરુષ એકથી અધિક સ્ત્રી કરે અને સ્ત્રીને બીજો પતિ નહિ આ શું ? ૨૮૩

૨૭૩ શાસ્ત્રકારે પુરુષનો પક્ષપાત કર્યો છે ને ? ૨૮૩

**ક્ષપકશ્રેણિ**

૨૭૪ જે અંતર્મુહૂર્તમાં આત્મા રાગદ્વેષથી સર્વથા રહિત બને, તે જ અંતર્મુહૂર્તમાં તે કેવલજ્ઞાન પામે ? ૨૮૬ ૨૮૬

૨૭૫ ક્ષપકશ્રેણિ એટલે ? ૨૮૭

૨૭૬ આપે પહેલાં તો એમ કહ્યું કે આખી ક્ષપકશ્રેણિનો જ કાળ અંતર્મુહૂર્ત છે, તે કેમ ? ૨૮૭

૨૭૭ નાનામાં નાનું અંતર્મુહૂર્ત કેવડું ? ૨૮૭

૨૭૮ એક મોટા અંતર્મુહૂર્તમાં અસંખ્યાતાં લઘુ અંતર્મુહૂર્તો કેમ થાય? ૨૮૭

૨૭૯ મોટામાં મોટા અંતર્મુહૂર્તને અડતાલીસ મિનિટનું ન કહેવાય ? ૨૮૭

૨૮૦ ક્ષપકશ્રેણિવાળાને શું બને છે ? ૨૮૮

# ※ નિર્જરા ※

**૧૪૦. સભા : અકામનિર્જરાથી મુક્તિ ન થાય ?**

**પૂજ્યશ્રી** : અકામનિર્જરાથી મુક્તિ ન જ થાય અને કોઈ સમય એવો નથી કે બંધ અને નિર્જરા કોઈ પણ આત્માને ચાલુ ન જ હોય. એટલે જો એવી નિર્જરાથી મુક્તિ થતી હોય તો તો જોઈએ પણ શું ? અભવિનું ઘોર ચારિત્ર અને તેની તમામ ક્રિયાઓ કષ્ટરૂપ જ છે તથા એનું બધું ય જ્ઞાન અજ્ઞાનરૂપ જ છે. આથી પણ સ્પષ્ટ છે કે જ્ઞાન, ચારિત્ર તથા તપ વિગેરે સમ્યક્ત્વ હોય તો જ ફળે છે. કોઈ પણ વખત એવો સમય ન હતો, કે જ્યારે દર્શન વિના જ્ઞાન ચારિત્ર તથા તપ દીપ્તિમાન હતાં. સમ્યક્ત્વસહિત હોય તો જ એ ત્રણે મજેનાં. કોઈ કહે કે-દર્શનની મહત્તા ઓછી કરી જ્ઞાનની મહત્તા વધારવામાં વાંધો શો ? એને કહેવું કે-શ્રી જૈનશાસનમાં દર્શન વિના સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર તથા સમ્યક્તપની હયાતિ જ માની નથી. ત્યાં બીજી વાત જ શી ?

(જૈ.પ્ર. વ.૨/અં.૨૫)



# ❊ નિહ્નવ ❊

**૧૪૧. સભા : ગોષ્ઠામાહિલમાં પહેલા સમ્યક્ત્વ ખરું ?**

**પૂજ્યશ્રી** : પૂર્વે હતું, પણ પછીથી ગયું અને ઘોર મિથ્યાત્વ ઉદયમાં આવ્યું અને એના યોગે દુરાગ્રહી બની, ઉન્માર્ગ પ્રકાશવા માંડ્યો : તે જ માટે સંઘ બહાર કરવામાં આવ્યા. આ જ રીતિએ દરેક નિહ્નવો પ્રથમ તો સમ્યગ્દષ્ટિ ખરા જ. પાછળથી જ તે બીચારા મિથ્યાત્ત્વના ઉદયે નિહ્નવ બનેલા. નિહ્નવ બન્યા પણ જેઓ સુધરી ગયા અને પુનઃ સમ્યક્ત્વ પામી ગયા, તેઓ તો પાછા શાસનમાં સ્થાન પામી જ ગયા : પણ જેઓ ગાઢ મિથ્યાત્ત્વના ઉદયે 'મારું તે જ સાચું'-પછી ભલે સાચું હોય કે ખોટું હોય આવું માનતા થઈ ગયા તેઓએ જ પ્રભુશાસનમાંથી પોતાનું સ્થાન ગુમાવ્યું અને તે પછી તેઓએ ગમે તેવો ત્યાગ અને સંયમ સેવ્યો, છતાં તેની કિંમત અંકાણી નહિ : કારણ કે સમ્યક્ત્વ પ્રતિ બેદરકાર બનવાથી કોઈ પણ ક્રિયા સફળ થતી નથી, એવી આ શાસનની મજબૂત માન્યતા છે અને છે પણ તેમ જ ! એ જ માટે કહેવું પડે છે કે-કર્મશત્રુ ઉપર જય મેળવવાની જેની ઈચ્છા હોય, તેણે સમ્યક્ત્વ મેળવવા પ્રયત્ન કરવો જોઈએ અને તે પછી તેમાં દૃઢ થવું જોઈએ. આગમનાં અમુક વચનને ઉત્થાપે તે નિહ્નવ કહેવાતા. પણ જેઓ આજે ઘણી વસ્તુને ઉત્થાપે છે, અરે એટલું જ નહિ પણ સીધાનું જ ઊંધું કરે છે, તેઓને માટે શું કહેવું તે માટે શબ્દ જ નથી જડતો. નીચ અને કુલાંગારમાં જેટલો ભેદ તેટલો આ બેમાં ભેદ પાડી શકાય એમ લાગે છે. ખરે જ, આજે આ શાસનમાં ઘણા જ કુલાંગારો પાક્યા છે, કે

જેઓની દશા જ વિલક્ષણ છે. જેઓને જૈનશાસનની જરૂર હોય તે સિવાયની કોઈ પણ વસ્તુ જ માનવી નથી અને એ જ કારણે તેઓ તરફથી પોતાના કલ્પિત પક્ષના સમર્થન ખાતર વર્ત્તમાનમાં વિચરતા આચાર્ય આદિ મુનિવરોને ખોટા કહેવામાં આવે છે અને એથી પણ આગળ વધી પૂર્વાચાર્યોને પણ સ્વાર્થી અને પ્રપંચી કહેવામાં આવે છે. તે કુલાંગારો તો ત્યાં સુધી કહે છે કે-એ બધા અહમિંદ્રોએ પોતાના સ્વાર્થ ખાતર આગમમાં પણ ગોટાળા કર્યા છે અને એ બધા પ્રપંચી જ હતા. આ રીતે આજના કુલાંગારો પોતાના પાપમાર્ગને પોષવા માટે પ્રભુમાર્ગને, પ્રભુમાર્ગના પ્રચારકોને અને પ્રભુમાર્ગના અનુયાયીઓને યથેચ્છ રીતિએ ભાંડી રહ્યા છે. આજથી વર્ષો પૂર્વે પણ એક પંડિત નામધારી તરફથી કહેવાયું હતું કે-'ભગવાન મહાવીર પછી બસેં વરસ પછીના બધા આચાર્યો અજ્ઞાનના સરદાર, મૂર્ખા અને જુટ્ઠા હતા.' આજે પણ એ જ રીતે વેષધારીઓ કે જેઓ શાસનમાં કુલાંગાર તરીકે કામ કરે છે તેઓની અને તેમના સાગરીતોની પ્રેરણાથી એવા આશયનું કહેવામાં આવે છે કે-'ભગવાન જમ્બૂસ્વામીની પછીના, એટલે-ભગવાન શ્રી મહાવીરદેવથી ચોસઠ વર્ષ પછીના બધા આચાર્યો સ્વાર્થી અને પ્રપંચી થયા છે તથા ગીતાર્થ એટલા બધા જ સ્વાર્થી અને અહમિંદ્રો થયા છે.' આ બધાનું કારણ એક જ છે કે આમ કહ્યા વિના પોતાથી પ્રભુના શાસનમાં કોઈ પણ રીતિએ જીવી શકાય તેમ નથી. વિચારો કે આવા આત્માઓની મનોદશા કેવી અને કેટલી ભયંકર હોવી જોઈએ ! (જૈ. પ્ર. વ.૨/અં.૨૩)

# ※ પચ્ચક્ખાણ ※

**૧૪૨. સભા : "મુનિ કોઈને દેશવિરતિનું પચ્ચક્ખાણ આપે, તો બાકીની અવિરતિના એ ભાગીદાર ખરા કે નહિ ?"**

**પૂજ્યશ્રી** : નહિ જ, કારણ કે-મુનિવરે તો પ્રથમ છ કાયના જીવોની રક્ષા બતાવી હતી, પણ લેનારે ના પાડી અને કહ્યું કે-'હું તો આટલું જ બંધ કરી શકું છું, પણ બાકીનું નથી કરી શકતો'-એટલે જેટલું એણે બંધ કર્યું એમાં જ મુનિની અનુમોદના : ખુલું રાખ્યું એમાં કાંઈ નહિ. જૈનશાસન કહે છે કે દુનિયાના આત્મા જે નિયમ કરે અને તેથી જે પાપ અટકે, ત્યાં જ અમારી અનુમોદના : પાપ ખુલ્લું રાખે ત્યાં લેશમાત્ર સંબંધ નહિ. આથી કોઈ મુનિને આવીને કહે કે- "હમણાં બે લાખ કમાઈ લાવું છું : એમાંથી દોઢ લાખ ધર્મમાં વાપરીશ અને પચાસ હજાર ઘરમાં રાખીશ." તો પણ મુનિ તો લક્ષ્મીની અસારતા જ સમજાવે. કોને ખબર કે-બે લાખ લાવતાં ચાર લાખની ખોટ ગઈ તો ! અને કદાચ મળી ગયા અને તે વખતે તે ગાંડો થાય તો ? લક્ષ્મી એવી ભયંકર છે કે-આવ્યા પછી ધર્મભાવના ક્યાં જાય છે એનો પત્તો જ લાગતો નથી ધર્મના નામે લક્ષ્મી કમાનાર, ધર્મને નામે ભણવા જનારા, પૂર્વકાળમાં પણ અને આજ પણ જોવા લાયક ન રહ્યા એ શાથી ? અર્થકામની આસક્તિ સાથે હતી માટે ! એનાથી બચનારા કેટલા ? અલ્પ, અને તે પણ લક્ષ્મીની મૂર્છાના ત્યાગના જ યોગે પણ લક્ષ્મીના યોગે તો નહિ જ. એટલે લક્ષ્મી કોઈ પણ રીતિએ ઉપાદેય નથી જ. પણ હેય જ છે. લક્ષ્મી આવ્યા પછી મૂર્ચ્છા ઊતરવી મુશ્કેલ. આવ્યા પછી દાન દેવાય

જ એમ ક્યાં બને છે ? મૂર્ચ્છા ઊતરે તો બને ને ! ખોટ જાય એ પાલવે, પણ મૂર્ચ્છા ઊતરવી મુશ્કેલ. જો ધર્મ માટે લક્ષ્મી મેળવવી ઉપાદેય હોય, તો નિયાણું કરવામાં પણ વાંધો રહેતો નથી. પણ નિયાણાનો તો નિષેધ છે ને !

**ધર્મ માટે લક્ષ્મીની જરૂર છે ?**

**પૂર્વભૂમિકા :** અજ્ઞાની માટે મુક્તિમાર્ગ ઉઘાડો છે જ નહિ. અજ્ઞાનીને જ્ઞાનીનો સંગ મળે તો એને મુક્તિ મળે અને કુસંગ મળે તો બીચારા ડૂબી જાય. આથી જ ગુરુ માટે ફરજ મૂકી કે-"મહાવ્રતધારી અને ધીર બનો ! લોકની વાહવાહમાં ન તણાઓ ! સારા માને એવી માન્યતામાં ન ખૂંચો ! લોકનું સારું થાય તે કહો ! ભલે, થોડા પામે એની દરકાર નહિ, પણ જે કહો તે હિતકર જ કહો ! નવાણું ટકા ખરાબ પરિણામ અને એક ટકો સારું પરિણામ દેખાવમાત્રથી દેખાતું હોય તે ખાતર શાસ્ત્રને આઘું મૂકીને કંઈ પણ ન કહો ! ભિક્ષાથી જ આજીવિકા ચલાવો ! કાયમ સામાયિકમાં જ રહો ! સામાયિક એટલે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનો જેમાં લાભ થાય તે : એમાં જ રહો ! એના સિવાય કાંઈ ન બોલો ! ધર્મનો જ ઉપદેશ દો !" જો ધર્મપ્રભાવના માટે લક્ષ્મીની જરૂર મનાય, તો રાજામહારાજ પણ કહેત કે-ધર્મ માટે રાજ્યની જરૂર છે અને રાજ્ય કદી જ છોડત નહિ : ચક્રવર્તી ચક્રવર્તિપણું છોડત નહિ. માટે શાસ્ત્ર કહે છે કે 'ઉન્માર્ગની દેશના ન થાય એની કાળજી રાખો !' સાધુ પાસે અર્થકામની દેશનાની આશા તો અજ્ઞાની સિવાય કોઈ પણ ન રાખે.

**૧૪૩. સભા : જો ધર્મપ્રભાવના માટે પૈસા પેદા કરવા એ ધર્મ હોય, તો સાધુ બનશે માટે છોકરાં પેદા કરવાં એ ધર્મ ખરો ?**

**પૂજ્યશ્રી** : લ્યો, આ ભાઈએ બરાબર જવાબ આપ્યો. એકદમ આગળ ગયા. વાત સમજવા જેવી છે. પરંપરામાં ઊતર્યા તો પાપનો છેડો નહિ આવે. વારુ, દાનમાં પૈસો જોઈએ. પૈસા માટે આરંભ-સમારંભ બધું થાય એ ધર્મ કે અધર્મ ? સંયમીની પુષ્ટિ માટે અનાજ જોઈએ તો ખેતી એ ધર્મ ? વસ્ત્રપાત્ર બધું જોઈએ, તો તેનાં તેનાં કારણો એ પણ ધર્મ ? પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, અબ્રહ્મ (મૈથુન), અને પરિગ્રહ- આ પાંચેના ત્યાગમાં ધર્મ કહ્યો. દુનિયાના દરેક શુદ્ધ દર્શનકાર એ કબૂલ રાખે છે. એમાં પહેલાંનાં ચાર પાપ-હિંસા, જૂઠ, ચોરી અને મૈથુન એ ચારે પાપને લાવનાર પરિગ્રહ છે : એ ચારે પાપને વધારનાર-પોષનાર પરિગ્રહ છે. પરિગ્રહની વ્યુત્પત્તિ એ જ કે-ચારે બાજુથી આત્માને ઘેરે, તે ભયંકર ગ્રહ : એ પરિગ્રહ કોઈ રાખે એની વાત જુદી, પણ 'એના ત્યાગમાં જ ધર્મ છે'-એ વાતને જરા પણ પોલી કરવા માગો તો શું થાય? મુનિ કઈ રીતે કહે કે ધર્મને માટે પરિગ્રહની જરૂર છે ? ગૃહસ્થે કરેલા ધર્મકાર્યને સાધુ વખાણે પણ એની લક્ષ્મીને રંગરાગને સાધુ ન વખાણે. એણે લક્ષ્મીનો સદુપયોગ કર્યો એમ કહે, પણ લક્ષ્મી હતી માટે કર્યું એમ મુનિ ન કહે. લક્ષ્મી હતી માટે જ થાય એમ નહિ, પણ લક્ષ્મીની મૂર્ચ્છા છૂટે તો જ થાય. નિમિત્ત લક્ષ્મી નહિ, પણ મૂર્ચ્છાનો ત્યાગ છે !

**૧૪૪. સભા : લક્ષ્મી ન હોય તો મૂર્ચ્છાનો ત્યાગ થઈ શકે ?**

**પૂજ્યશ્રી** : હા, લાલસાનો ત્યાગ, આશાનો ત્યાગ થાય. કોટ્યાધિપતિ દાન ન કરી શકે અને બે પાંચ લાખવાળો કરે, -એનું શું કારણ ? મૂર્ચ્છાના ત્યાગના યોગે. કોટ્યાધિપતિ મૂર્ચ્છામાં પડેલો છે માટે નથી કરી શકતો. જો લક્ષ્મીના યોગે ધર્મ થતો હોય તો બધે જ થવો જોઈએ. કલ્પતરુ દાતારને કહ્યો, પણ કેવલ લક્ષ્મીવાનને ન કહ્યો. લક્ષ્મીવાન દાતાર પણ હોય, કૃપણ પણ હોય અને લૂંટારો પણ હોય. દાતાર થોડા અને કૃપણ વધારે : રાજામહારાજા શેઠશાહુકારોએ લક્ષ્મીથી ધર્મની પ્રભાવના કરી તે ત્યાગીના તથા ત્યાગના યોગે કરી. એટલે એ લક્ષ્મીનો પ્રતાપ છે જ નહિ. (જૈ. પ્ર. વ.૨/અં.૩)



# ❀ પરિષહ ❀

**પંદરમો અલાભ-પરીષહ**

**પૂર્વભૂમિકા** : ક્ષુધા પરિષહ આદિ પરિષહોની માફક યાચના-પરિષહ પણ સહન કરવા યોગ્ય છે, એમ માનનારા પરમર્ષિઓ પ્રસંગ પ્રાપ્ત થયે આજ્ઞા મુજબની રીતિએ જરૂરી વસ્તુ માટે યાચના કરવાને પણ પ્રવર્તમાન થાય, એ સ્વાભાવિક જ છે. યાચના માટે પ્રવર્તમાન થવા છતાં પણ, લાભાંતરાયનો જો ઉદય હોય, તો દાતાર પાસેથી હયાત વસ્તુની પ્રાપ્તિ પણ, જેવી શુદ્ધ રીતિએ થવી જોઈએ તેવી શુદ્ધ રીતિએ થતી નથી. આવે સમયે મનોવૃત્તિને હિતની સાધનામાં મસ્ત રાખવી અને સહેજ પણ ઉદ્વિગ્ન નહિ બનવું, એ 'અલાભપરિષહ'નું સહન છે. જેઓ સાધુપણું પામવા છતાં પણ 'અલાભપરિષહ'ને સહન નથી કરતાં યથેચ્છ રીતિએ વર્તે છે અને અનંતજ્ઞાનીઓની આજ્ઞા મુજબ ઐચ્છિક રીતિએ નહિ સહેવામાં આનંદ માને છે, તેઓ તિર્યંચ આદિ ગતિઓમાં અનિચ્છાએ પણ સહેવાની દુર્દશામાં મુકાયા વિના રહેતા નથી. વિવેકીઓ પ્રભુશાસનના સાધુપણાને પામીને એવી દુર્ગતિઓને ખરીદ કરવા જેવી પ્રવૃત્તિઓને આચરવા તત્પર બને, એ શું પસંદ કરવા યોગ્ય છે ?

**૧૪૫. સભા : ભિક્ષા મળ્યા પછી અનુતાપ શો ?**

**પૂજ્યશ્રી** : મળ્યા પછી પણ અનુતાપ હોઈ શકે છે, પણ તે ન મળે અથવા તો અલ્પ કે અનિષ્ટ મળે એથી જે અનુતાપ હોય છે, એના કરતાં ભિન્ન જાતિનો હોય છે.

**૧૪૬. સભા : એ કઈ જાતિનો ?**

**પૂજ્યશ્રી** : એ એવી જાતિનો અનુતાપ છે કે-જો જરૂરી ભિક્ષા નિર્દોષપણે મળી જાય, તો એવું થવાનો સંભવ છે કે-'હું કેવો લબ્ધિવાળો છું, કે જેથી મને જરૂરી ભિક્ષા મળી જાય છે' આવી જાતિનો હર્ષ, એ પણ મુનિને માટે પ્રભુશાસનમાં અનુતાપ મનાય છે.

**૧૪૭. સભા : હર્ષ પણ અનુતાપ ?**

**પૂજ્યશ્રી** : કર્મબંધમાં સાધનભૂત થનારો હર્ષ પણ અનુતાપ જ કહેવાય. જે હર્ષના પરિણામે અશુભકર્મનો બંધ થાય, એ હર્ષ પણ પરિણામે આત્માને અશાંતિ આપી તપાવનારો હોવાથી અનુતાપ રૂપે કહેવાય, તે સહજ છે. 'હર્ષ' પણ છ આંતરશત્રુઓમાં સ્થાન પામ્યો છે. અન્યો જે છ પ્રકારના આંતર શત્રુઓ ગણાવે છે, એમાં હર્ષને પણ ગણાવે છે. વાત એ છે કે-વર્તમાનનો હર્ષ પણ પરિણામે શું ? એવા હર્ષનું પરિણામ અનુતાપમાં જ આવે ને ? મુનિઓ માટે એવો હર્ષ પણ ત્યાજ્ય છે.

**૧૪૮. સભા : કેવી સુંદર વસ્તુ ? અનુકૂળ ભિક્ષા મળવા છતાં પણ આત્મ-કલ્યાણના અર્થી મુનિવરોએ સાવધ રહેવું જ પડે ?**

**પૂજ્યશ્રી** : જરૂર એમ જ છે. ઉપકારીઓ ફરમાવે છે તેવી કલ્યાણકર સાવધગિરિ રાખ્યા વિના આત્મહિત સાધ્ય જ નથી.

**અલ્પ તે અનિષ્ટ મળે તોય :**

આથી સ્પષ્ટ છે કે-લાભાંતરાયનો ઉદય ન હોય અને નિર્દોષ ભિક્ષા


આવશ્યક પ્રમાણમાં મળી જાય તો પણ હર્ષરૂપ અનુતાપને પામવાનું નથી અને લાભાંતરાયના ઉદયથી ન મળે તો પણ-'અહો, હું ઘણો જ અધન્ય છું કે જેથી મને યાચના કરવા છતાં પણ ભિક્ષા મળતી નથી' - એ જાતિનો અનુતાપ કરવાનો નથી. વળી આવશ્યક પ્રમાણ કરતાં અલ્પ મળે તો પણ સાધુ એવો વિચાર કરીને અનુતાપ ન પામે કે-'ખેદની વાત છે કે-મારા જેવાને જરૂર પૂરતી ભિક્ષા મળતી નથી. ખરેખર, એ મારી અધન્યતા છે.' ધારો કે -ભિક્ષા તો મળી પણ તે અનિષ્ટ ભિક્ષા મળી, તો પણ સાધુએ એવો અનુતાપ કરવાનો હોય જ નહિ કે-'અરે રે ! હું અધન્ય છું કે-મને ઈષ્ટ એવી ભિક્ષા પણ મળતી નથી.' આવી રીતિએ કોઈ પણ સ્થિતિ પ્રાપ્ત થયે સાધુઓએ અનુતાપ કરવાનો હોય નહિ. 'અલાભપરિષહ'ને સહન કરવામાં સુભટ બનેલા મહર્ષિઓ ન મળે તો પણ, અલ્પ મળે તો પણ અગર અનિષ્ટ મળે તો પણ, દરેક અવસ્થામાં સમભાવે રહી સંયમની સાધનામાં જ સજ્જ રહેનારા હોય છે.

**મહર્ષિ શ્રી ઢંઢણ અણગાર :**

લાભાંતરાયના ઉદયથી ન મળે તો-'આજે નહિ તો કાલે, કાલે નહિ તો પરમ દિવસે, પરમ દિવસે નહિ તો એથી પણ આગળ મળશે.'-આ જાતિના વિચારોથી અદીનપણે અલાભને સહી, આરાધનામાં એવા ઉજમાળ બનવું, કે જેથી લાભાંતરાય પણ ત્રુટે, ઘાતી આદિ કર્મો પણ ત્રુટે અને પરિણામે શુદ્ધ સંયમની આરાધના યાવત્ સિદ્ધિપદની પ્રાપ્તિ પણ સુસાધ્ય બને. શ્રી ઢંઢણ ઋષિ જેવા મહાપુરુષે એ

અલાભપરિષહના સહનમાં ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થઈ, કેવળ પામી, સિદ્ધિપદની સાધના પણ કરી. અનંત ઉપકારી પરમર્ષિઓ શ્રી ઢંઢણકુમારે કરેલા 'અલાભપરિષહ'ના એ ઉત્કટ સહનનો નિર્દેશ કરીને, કલ્યાણકામી મુનિઓને ઉપદેશ ફરમાવે છે કે - '**एवं अहियासियव्वो अलाभपरिसहो, जहा ढंढणेण अणगारेण।।**'

મહર્ષિ શ્રી ઢંઢણ અણગારે અલાભ-પરીષહને સહેવામાં કમાલ કરી છે. શ્રી ઢંઢણ અણગારનો એ પ્રસંગ ખાસ જાણવા જેવો છે. મુનિવરોને માટે તો એ મહર્ષિએ કરેલ સહન આદર્શરૂપ છે. આપણે તો આખો ય વિષય વચલા પ્રસંગપૂરતો હોઈ, દૃષ્ટાંતોમાં ઊતરતા નથી : અન્યથા, દરેક પરિષહને અંગે ભિન્ન ભિન્ન દૃષ્ટાંતો ઉપકારીઓએ ફરમાવ્યાં છે. અહીં તો વાત એ જ છે કે-શ્રી ઢંઢણ અણગારે જેવી રીતિએ 'અલાભપરિષહ' ને સહન કર્યો, તેવી રીતિએ કલ્યાણના કામી એવા મુનિઓએ 'અલાભપરિષહ'ને સહેવા માટે પણ પ્રયત્નશીલ બનવું જોઈએ. (જૈ. પ્ર. વ.૧૧/અં.૨૨+૨૩)



# ※ પાપ ※

**૧૪૯. સભા : જાણીને પાપ કરે એને વધારે પાપ કે અજાણને ?**

**પૂજ્યશ્રી** : જે ઝેરને જાણીને ખાય તેને બચવાનો રસ્તો છે, પણ મૂર્ખો ઝેર ખાય તેને બચવાની બારી નથી. જ્ઞાનીને વધારે પાપ કહ્યું તે તેવા જ્ઞાની માટે, કે જે જ્ઞાની ઈરાદાપૂર્વક નફ્ફટ બનીને અને સત્યની અવગણના કરીને પાપ કરે. કેમ કે તેવાની વૃત્તિ બહુ જ મલિન અને બહુ જ ક્રૂર થાય ત્યારે જ બને. બાકી અજ્ઞાની તો મરી જ રહ્યો છે, કેમ કે એ તો પાપને પાપ સમજે જ નહિ, એટલે આંખો મીંચીને જ કરે. જાણકાર તો આબરૂ જવાના કારણે ઝેર પીએ, પછી તાર આવે કે આબરૂ રહે એમ છે તો ડૉક્ટરને બોલાવી ઝેર કઢાવે અને બચે, પણ મૂર્ખો ખાય તો એ તો કાંક થાય છે એમ કહી કહીને જ આખરે મરી જાય. તેવી જ રીતિએ મરી જ જવું છે એવો નિર્ણય કરીને જાણનાર પણ ઝેર ખાય, એને પણ બચવાનો ઉપાય નથી. જાણીને પણ લાચારીથી ન ચાલ્યે પાપ કરવા છતાં સમ્યગ્દૃષ્ટિને અલ્પ બંધ, એનું કારણ એ જ છે કે એ જાણકાર છે અને પાપથી ડરનાર પણ છે. સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ એક જ ચીજ એક જ સાથે ખાય પણ સમ્યક્ત્વના યોગે નિર્જરા કરે અને બીજો મિથ્યાત્ત્વના યોગે કર્મબંધ કરે, કારણ કે એક જ્યારે પુદ્ગલને ભાડું આપવાનું છે એમ સમજે છે, ત્યારે બીજો આનંદપૂર્વક જમે છે. આથી જ અનંત ઉપકારી ટીકાકાર મહર્ષિ ફરમાવે છે કે સમ્યક્ત્વ પામીને વિવેકી આત્માએ એક ક્ષણ પણ પ્રમાદ ન કરવો જોઈએ. (જૈ. પ્ર.વ.૩/અં.૨૨)

**પૂર્વભૂમિકા** : નરકના આયુષ્યના આશ્રવનું પહેલું કારણ 'પંચેન્દ્રિયપ્રાણિવધ' છે અને બીજું કારણ 'મહાઆરંભ' છે. મહાઆરંભ આજે તો તમને મોટું સ્થાન અપાવનાર છે ને ? જ્યાં એમ લાગે કે આના યોગે જ દુનિયામાં મોટું સ્થાન મળે તેમ છે અથવા મારી નામના મહાઆરંભને લીધે છે, એટલે મહાઆરંભ ખરાબ લાગે કે સારો લાગે ? એનાથી મળતી નામના ગમે, તો એ ખરાબ ન લાગે પણ સારો લાગે. 'મારે આટલી પેઢી છે અને મારે પેઢીઓ છે માટે લોક મને પૂછે છે; બાકી પેઢીઓ ન હોય તો પૂછે કોણ?' – એમ થાય એટલે એ ગમે છે એમ નક્કી થાય. આ એકદમ છૂટે ? આજે તમે ભલે મહાઆરંભને મૂકી દઈ શકો નહિ, પરંતુ મહાઆરંભ નરકે લઈ જનાર છે એ વાત હૈયે રહેવી જોઈએ. મહાઆરંભ નરકે લઈ જઈ શકે તેમ છે, એ વાતનો ખ્યાલ આવે, તો 'ક્યારે હું આને ઓછા કરી નાખું ?' એવી એવી ઈચ્છાઓ જાગે. મહાઆરંભ તજવા જેવો છે એમ લાગે અને 'મહાઆરંભમાં હું પડ્યો છું તે ઠીક નથી' એમ લાગે, તો ઘણાં માનસિક પાપથી બચી શકાય. જે આરંભમાં ઘણા જીવોની હત્યા થતી હોય, તેવા આરંભને મહાઆરંભ કહેવાય છે. પંદર કર્માદાન વગેરે મહારંભમાં ગણાય. જેમાં ઘણાં કઠોર કર્મો કરવાં પડતાં હોય, જેમાં ઘણા જીવોને ત્રાસ ઊપજતો હોય, જેમાં ત્રસ જીવોની ભારે હિંસા થતી હોય, એ વગેરે ધંધાઓ મહારંભમાં ગણાય. કારખાનાં વિગેરે મહારંભમાં ગણાય. મહારંભ નહિ કરવા છતાં પણ મહારંભમાં હિસ્સો હોય, એવા આજે તો ઘણા છે ને ? શેર હોલ્ડરો એ મહારંભના હિસ્સેદારો છે. જે કારખાનાનો શેર હોય, તે

કારખાનાની કમાણીમાં રાજી થાય અને એ કારખાનું ખોવે (ખોટ કરે) તેમાં નારાજ થાય. કારખાનું વધારે કમાણી ક્યારે કરી શકે? વધારે વખત ચાલે તો ને ? જેમ જેમ ઉત્પાદન વધે, તેમ તેમ આ રાજી થાય અને તેમ તેમ એ મહારંભના પાપથી બંધાય.

**૧૫૦. સભા : શેર તો વ્યાજ ઉપજાવવાને માટે રાખીએ છીએ; તેમાં કારખાનાનું પાપ કેમ લાગે ?**

**પૂજ્યશ્રી** : કારખાનું સારું ચાલે છે, એવા સમાચારથી રાજી થાવ કે નહિ ? કારખાનું ખોટ ન કરે એવી ઈચ્છા થાય ખરી કે નહિ ? કારખાનું બંધ થઈ જાય નહિ, એવું મનમાં ખરું ને ? ત્યારે વ્યાજ માટે મનને કેવા ભયંકર પાપમાં યોજી દીધું છે ?

**સભા : એમ તો દેરાસરના પૈસાનું વ્યાજ ઉપજાવવાને માટે પણ શેરો લેવાય છે.**

**પૂજ્યશ્રી** : એવી રીતિએ દેરાસરનો વહીવટ કરવાનું કહ્યું કોણે ? દેરાસરનો અને દેવદ્રવ્યનો વહીવટ કેમ કરવો, એ માટે શાસ્ત્રમાં તો ઘણું કહ્યું છે, પણ ન સાંભળે ત્યાં કરવું શું ? એક તો વ્યાજ વધારે ઉપજાવવાનો ખોટો મોહ વધ્યો અને સાથે સાથે મારા વહીવટમાં દેરાસરની મૂડી આટલી વધી એમ કહેવાય તેનો મોહ વધ્યો. એટલે બીજું જોયું નહિ અને મૂડી વધારવાનું જ લક્ષ્ય રાખ્યું. દેરાસરમાં શું કરવું જોઈએ અથવા બીજાં દેરાસરોને કેવા પ્રકારે સંભાળવાં જોઈએ, એનો વિચાર કેટલાએ કર્યો ? જો દેવદ્રવ્યનો બરાબર ઉપયોગ કરવામાં આવે, તો આજે કેટલેક ઠેકાણે

દેરાસરોમાં મૂડી દેખાય છે તે મૂડી દેખાય શાની ? પણ દેરાસરોનો વહીવટ મોટે ભાગે સ્વચ્છંદપણે જ થવા લાગ્યો છે.

શ્રી જિનમંદિર આદિ ધર્મસ્થાનોમાં કાયમી આરંભ નહિ કરવો જોઈએ-એમ વારંવાર કહેવાય છે, પણ એ તરફ લક્ષ્ય અપાતું નથી અને વીજળીના દીવા રાખવાની પ્રવૃત્તિ વધતી જ જાય છે. એ સ્થિતિ આવવા માંડી છે કે-સગવડ ન હોય તો જ વીજળીના દીવા ન હોય. આ તો પ્રાસંગિક વાત થઈ. આપણે તો સાંસારિક મહારંભનો વિચાર કરી રહ્યા છીએ. મહારંભો ખૂબ જ વધી રહ્યા છે, એમ તો આજે કોઈને ય કબૂલ કરવું પડે તેમ છે. એમ શાથી બને છે ? મહારંભનો ડર ગયો માટે ને?

ગૃહસ્થને આરંભાદિ કરવા પડે, પણ એમાં એની હેય બુદ્ધિ જીવતી હોય, તો મહારંભ તરફ મન વળે નહિ ને ? કદાચ મહારંભ કરવો પડે, તો ય હૈયે એનું કેટલું દુઃખ હોય ? મહારંભ, એ પણ નરકના આયુષ્યના આશ્રવનું એક કારણ છે, એમ જાણીને આજે તમે મહારંભને મૂકી દેશો ? મહારંભ નહિ કરનારાઓના પણ મહારંભમાં ભાગ તો છે ને ? હવે તમે બધા શેરો કાઢી નાખવાના ને ? મહારંભનો કોઈ શેર ખરીદવાના નહિ ને ? ઘરમાં કે મંદિરમાં વીજળીની બત્તી આવી, એટલે અહીંની બત્તી માટે કારખાનું ચાલુ રહેવું જોઈએ, એમ થાય ને ? બટન દાબ્યું ને બત્તી થઈ નહિ, તો મનમાં શી અસર થાય ? 'કારખાનું કેમ બંધ થયું ?, શું બગડી ગયું?, ઝટ ચાલુ થાય તો સારું !' -એમ થાય ને ? જ્યાં બત્તી ચાલુ થાય, એટલે 'ઠીક થયું' એમ થાય ને ? ત્યારે એ કારખાનાનું પાપ તમને પણ લાગે કે નહિ ?

એ તો કહો કે -તમે આટલા બધા આઝાદીના પ્રેમી, ને આટલી બધી ગુલામી ક્યાંથી ખરીદી લીધી ? દીવામાં પરાધીન ! પવનમાં પરાધીન ! પાણીમાં ય પરાધીન ! આજે ઠામ ઠામ ચકલીઓ થઈ ગઈ, પણ જે દિ' પાણી ખૂટશે તે દિ' મારી નાખશે ને ? કોઈ વાર વીજળીના કારખાના ઉપર તવાઈ આવે, તો વગર મોતે મરવાનો વખત આવે ને ? કૂવા હોત તો આટલી પંચાત હોત ? પહેલાં કૂવા પૂરવાની બેવકૂફી કરી અને હવે ઉઘાડવા માંડ્યા છે. કૂવા, નદી વગેરેનું પાણી વપરાતું ત્યારે પાણીનો આરંભ આજના આરંભ કરતાં સોમા ભાગે પણ નહિ હોય ને? આજે તો નળ નીચે માથું અને ઉપર નળ ખુલ્લો ! પા શેર પાણીની જગ્યાએ પાંચ શેર પાણી વપરાય ને ? એ પાણીના નિકાલ માટેનું પાપ પણ કેટલુ ? કૂવા વગેરેમાંથી પાણી લાવવાનું હોત, તો બાઈઓ પણ ઓછું પાણી વાપરવાનું કહેત, કેમ કે-મજૂરી કરવી પડે અને માથે લાવવું પડે !

ઘરમાં તો મહારંભનો કાયમી સંબંધ જોડી દીધો, પણ શ્રી જિનમંદિરાદિમાં ય એ પાપ ઘાલી દીધું. વીજળીના દીવા પણ આવ્યા અને નળ પણ આવ્યા ને ? દેરાસરમાં વીજળીના ગોળા પણ કેવા રાખવા માંડ્યા છે ? બરાબર ભગવાનની સામે જ રાખે અને તે પણ ભારે પ્રકાશના રાખે. પ્રકાશ એટલો બધો હોય છે કે-મૂર્તિનું લાવણ્ય અને આંગીની મનોહરતા મારી જાય. તમારી સામે કોઈએ એટલા દીવા ધર્યા હોય, તો તમે ભાગી જ જાવ. પહેલાં દીપક રહેતા તે હાલતા-ચાલતા અને પ્રકાશ સૌમ્ય એટલે મૂર્તિનું લાવણ્ય ખીલી ઊઠતું એ

આંગીના ચળકાટનાં સ્થાનો બદલાયા કરે, એટલે બધું ઝગમગ થયા કરે. વીજળીના દીવાઓમાં આંખો ઠરવી મુશ્કેલ બને, ગરમી પણ વધે અને પછી ભાવવૃદ્ધિમાં ઊણપ આવે, તેમાં નવાઈ પણ શી છે ? *ઉપરાંત જોખમ ઘણું અને મહારંભ સાથે હંમેશનું જોડાણ !*

સભા : **આ બાબતમાં ઉપયોગ અપાય તો ફેર પડે.**

**પૂજ્યશ્રી** : ઉપયોગ નથી અપાયો અગર નથી અપાતો એવું નથી, પણ કેટલાક વહીવટદારોને જાણી-જોઈને આ કરવું છે. આ અંગે એક વાર હિલચાલ ઊપડી હતી. કેટલાક જૈનો એવા નીકળેલા કે-દેરાસરમાં જઈને તાર કાપી આવે. હથિયાર સાથે લઈને જાય અને વીજળીનો સંબંધ તોડી નાખે. બે-ત્રણ વાર એવું થયું, એટલે એમના માટે ચોકીઓ મુકાઈ. તે વખતે આચાર્યોના અભિપ્રાયો પણ મંગાવાયેલા અને બધાએ વીજળીના દીવાઓ શ્રી જિનમંદિરાદિમાં નહિ જોઈએ એવા અભિપ્રાયો આપેલા. એ અભિપ્રાયો પ્રગટ પણ થઈ ગયા છે. એટલે આ સંબંધમાં પ્રયત્નો નથી થયા એમ નહિ, પણ આ તો વધતું જ ચાલ્યું.

**૧૫૧. સભા : પણ વીજળીના દીવામાં ખર્ચ ઓછો આવે ને ? ઘી ૧૩૫ રૂપિયે મણ થઈ ગયું !**

**પૂજ્યશ્રી** : ન થાય એવું કરીને ખર્ચ ઘટાડવાનું કહ્યું કોણે ? પહેલાં દેરાસરમાં જ્યારે ઘીના દીપકોની રોશની થતી, ત્યારે સાક્ષાત્ દેવલોકના જેવું દેરાસર લાગતું. પંચરંગી ઝુમ્મર, હાંડીઓ વગેરેમાંથી ઘીના દીપકોની મીઠી, ઠંડી રોશની પ્રગટતી અને વાતાવરણ આહ્લાદમય બની જતું. જે દર્શન કરવા જાય, તેને બેસી જવાનું મન થતું. આજે દર્શન કર્યાં કે

ઝટ નીકળ્યા, એવું મોટે ભાગે થઈ ગયું છે. ૧૩૦-૩૫ રૂપિયે મણ ઘી થયું, તેમા ઘરમાં જેટલું ઘટાડ્યું હોય તેટલું અહીં ઘટાડ્યું હોત તો વાત જુદી હતી; પણ ૧૩૦-૩૫ રૂપિયે મણ ઘી થયું એટલે ઘર માટે ઘી લાવવું હોય તો બહુ ચોકસાઈથી લાવે છે અને દેરાસર માટે 'ગમે તેવું પણ ઘી છે ને ?' એમ કરીને ઉઠાવી લાવે છે. હમણાં હમણાં તો ધર્મસ્થાનોને અંગેની ભાવના જ કોઈ વિચિત્ર થતી જાય છે. (જૈ. પ્ર. વ.૨૨/અં.૫)

પાપનો પસ્તાવો કરનારને,
પાપી તરીકે જ જોઈએ
તો એમાં ભારે પાપ બંધાય છે.

પાપ કરવું પડે તેનો પસ્તાવો રાખવો
પણ પાપનો બચાવ તો ક્યારેય ન કરવો.

સુખ લેવાની ઈચ્છા એ પાપ છે,
સુખ નહિં દેવાની ઈચ્છા એ પણ પાપ છે.



# ❀ પુનર્લગ્ન ❀

**૧૫૨. સભા : જૈનશાસ્ત્રોમાં પુનર્લગ્ન છે ?**

**પૂજ્યશ્રી** : બાપનો વારસો દીકરો ભોગવે કે નહિ ? એ શાસ્ત્રે પંચાત કરી છે ક્યાંય? શાસ્ત્ર તો ભોગવવાનો જ ઈન્કાર કરે છે. શાસ્ત્રે તો ભોગની, પાપની વાતો કરી જ નથી. એમાંથી બચાવવાની જ વાતો કરી છે. જૈનશાસ્ત્રે લક્ષ્મી ભોગવવાનું વિધાન કર્યું નથી અને પરણવાનું યે વિધાન નથી કર્યું. પછી મને પૂછે કે **જૈનશાસ્ત્રમાં પુનર્લગ્નનું વિધાન છે કે નહિ? હું તો કહું છું કે લગ્નનું જ વિધાન નથી, ત્યાં પુનર્લગ્ન લાવવું ક્યાંથી ?** જિનેશ્વરના શાસ્ત્રમાં પુનર્લગ્નનું વિધાન છે કે નહિ એમ ડાહ્યા ડાહ્યા ગણાતા કહે છે. મને દુઃખ થાય છે કે પૈસો, લગ્ન, પુનર્લગ્ન આ બધું જૈનશાસ્ત્રમાંથી શોધનારા આવ્યાં ક્યાંથી ? એ તે જૈન દુનિયામાં જન્મ્યા છે કે બહાર ? જિનેશ્વરના વચનમાં પુનર્લગ્નના વિધાનની શોધ કરે છે ? ગણો અઢાર પાપસ્થાનક નામો આવડે છે ? ચોથું પાપસ્થાનક કયું ? મૈથુન પાપ કે પુણ્ય ? મૂલં નાસ્તિ કુતો શાખા? જિનેશ્વર દેવ અને નિર્ગ્રંથ ગુરના વચનમાંથી કેવી શોધ થાય છે ! સૂત્રના કહેનાર ભગવાન મહાવીર, ગૂંથનાર ગણધર ભગવાન, ખીલવનાર સમર્થ આચાર્યો ત્યાગીઓ જેમણે ઘરબાર સ્ત્રી બધું મૂકી દીધું. એમના કહેલામાં પુનર્લગ્ન, વ્યભિચરણ, હોય ? અને ત્યાં તેવું શોધે એ કેવા ? જો તમારાથી ન રહેવાય, તમે વિષયના ગુલામ હો તો તમારું સૂઝતું તમે જાણો. પણ આને-આગમને આગળ ન ધરો. **બદમાશી ઉપર શહેનશાહીનો સિક્કો ન મારો. વિષયવાસનામાં**

**આગમની છાપ ન મારો.** કમજોર છો. વિષયમાં ફસાયા છો માટે તમને તેવાં ચેડાં સૂઝે છે. મહાવીર ભગવાને પાપનો ત્યાગ જ કહ્યો છે. એમણે તમને થોડી પણ છૂટ આપી છે એવું ન બોલતાં. આ જમાનો ભયંકર છે કે ભલભલા ઝપાટામાં આવી જાય છે. એ ઝપાટામાં આવી ન જવાય તેની ઘણી જ કાળજી રાખવાની છે. તમને અનુસરતું નહિ બોલાય. અહીં તમે આવો એથી કાંઈ નામના નથી. આમાંથી (આગમમાંથી) કંઈ લઈ જાઓ તો જ લાભ. હું શું આપું ? ઓઘો. શક્તિ વગર, તાકાત વગરના કહે શું ? ખરો, તારક, લેવા યોગ્ય, પૂજવા યોગ્ય પણ અશક્ત છીએ, કમજોર છીએ, કંઈક બીજું આપો. તો પછી સમ્યક્ત્વ મૂળ બારવ્રત -બાર નહિ તો અગિયાર, દસ, નવ, આઠ, સાત, છ, પાંચ, ચાર, ત્રણ, બે, એક. એમ નહિ તો એકલું સમ્યક્ત્વ, અને એય નહિ તો માર્ગાનુસારીપણાના ગુણો. તેમાંયે સંસારને તો ખોટો માનવો પડશે. અસાર માનવો પડશે. એ વિના તો નહીં જ ચાલે. (જૈ. પ્ર. વ.૧/અં.૪)



# ❀ પુણ્ય ❀

**૧૫૩. સભા : પુણ્ય પણ આશ્રવ છે ?**

**પૂજ્યશ્રી** : જરૂર, માટે પુણ્યાનુબંધી પુણ્ય લેવું. ભોગની અભિલાષા વિના ધર્મ કરે, તેને પુણ્યાનુબંધી પુણ્ય બંધાય. એવો ધર્મ મુક્તિ આપે, મુક્તિ ન આપી શકે ત્યાં સુધી મુક્તિ આપે એવાં સાધનો આપે. મોટર ઘરે લઈ જાય, પણ ક્યાં સુધી ? ઘરમાં તો ઊતરીને જવું પડે ને ! પણ પહોંચાડનાર કોણ કહેવાય ? મોટર જ. તેમ ભોગની અભિલાષા વિના, મુક્તિની અભિલાષાએ ધર્મ કર્યો હોય અને તે અધૂરો હોય તો એકદમ મુક્તિ ન મળે, તો પણ મુક્તિ ન મળે ત્યાં સુધી મુક્તિનાં સાધનો તો પૂરાં પાડે જ. સાધ્ય મળે કે પુણ્ય ચાલ્યું જાય. વળાવું ત્યાં સુધી આવે ? સ્થાન ન હોય ત્યાં સુધી જ. સ્થાન દેખાય કે તરત વળાવુ તો કહે કે-હું જાઉં છું. એને જવાનું કહેવું પણ ન પડે : પણ લૂંટારો હોય, તો તો સાથે જ આવે, ઘરમાં પેસે,અને અવસર મલ્યે તિજોરીના માલ ઉપર લૂંટ પણ ચલાવે. માટે લૂંટારો સાથી ન લેવો, પણ વળાવુને સાથી તરીકે લેવો. **પાપ એ લૂંટારો છે, અને ભોગની જ આશાથી કરાતો ધર્મ, એ પણ લૂંટારા જેવો જ છે. પુણ્યાનુબંધી પુણ્ય-મુક્તિની અભિલાષાથી થતો ધર્મ, તે વળાવુ જેવો છે.** સાધન વિના સાધ્યની સિદ્ધિ ન હોય ! જે સાધન, સાધ્યની સન્મુખ લઈ જાય, તે માટે મુક્તિએ પહોંચાડનાર એ છે, એમ કહેવામાં વાંધો નથી. પુણ્યાનુબંધી પુણ્યને મુક્તિએ લઈ જનાર કહેવામાં વાંધો નથી. મુક્તિની અભિલાષાએ કરાતા ધર્મને મુક્તિએ લઈ જનાર કહેવામાં કશો જ વાંધો નથી. (જૈ. પ્ર. વ.૧/અં.૩૯)

## ※ પૂર્વ ※

**૧૫૪. સભા : નવપૂર્વીને પણ અજ્ઞાની શાથી કહેવાય છે ?**

**પૂજ્યશ્રી** : જ્યાં સુધી મુક્તિની લગન લાગે નહિ, ત્યાં સુધી જ્ઞાન ગમે તેટલું હોય તો પણ એ જ્ઞાન એ વસ્તુતઃ જ્ઞાન નથી. એ જ્ઞાન પણ વાસ્તવિક રીતે અજ્ઞાન કોટિનું છે. જ્ઞાન જ્ઞાનરૂપે આવે અને મોક્ષ વારંવાર યાદ આવે નહિ એ બને નહિ. (૧૦૮/૮૪)



# ❀ પૈસા ❀

**૧૫૫. સભા : સાધુને નમીએ તો પૈસા મળે જ, એવી માન્યતા છે.**

**પૂજ્યશ્રી** : અમે કહીએ કે ન કહીએ. છતાં એ માન્યતા તમે માની બેઠા, પણ પૈસા મળવાની દૃષ્ટિથી કરેલો નમસ્કાર ડૂબાડનારો છે, એમ શાસ્ત્ર કહે છે એ પણ માનો ! 'ધર્મ ; અર્થના અર્થીને અર્થ, કામના અર્થીને કામ, અને સ્વર્ગના અર્થીને સ્વર્ગ તથા મોક્ષના અર્થીને મોક્ષ પણ આપે છે.' આ પ્રમાણે કહેનાર શાસ્ત્રે એ પણ કહ્યું કે-અર્થ અને કામ માટે ધર્મ કરે તો ડૂબે !' માટે એ પણ માનો.

**૧૫૬. સભા : લક્ષ્મીવાળા પણ મુક્તિ ક્યાં નથી ગયા ?**

**પૂજ્યશ્રી** : જરૂર ગયા છે, પણ ક્યારે ? જ્યારે મૂર્છા છોડી ત્યારે જ.

**સભા : ઘણા એમ કહે છે કે-ભરત મહારાજાની માફક ભોગવી લીધા પછી જોશું**

**પૂજ્યશ્રી** : શ્રી ભરત મહારાજાએ તો પછી પણ લાખો વરસ વિચરી ઉપકાર કર્યો છે. તમારે પછી કરવું હોય તો તમે જાણો, પણ ભોગવતી વખતે શ્રી ભરત મહારાજાની જેવી ભાવના હતી, તેવી ભાવના તો રાખશો ને !

**સભા : એવી ભાવના ધરાવવામાં રસ નથી આવતો.**

**પૂજ્યશ્રી** : એ જ મોટો વિરોધ છે. એ વિરોધ જ આત્માનું અહિત કરનાર છે. આત્માનાં હિતકારી શાસ્ત્રો તો, દુનિયાદારીની ક્રિયાઓમાં રસ રાખવાની ના કહે છે જ, પણ શરીરનું હિતકારી વૈદકશાસ્ત્ર પણ કહે છે કે-રસ એ રોગનું કારણ છે.'

**૧૫૭. સભા : અતિરેક ન કરીએ અને પરિમિત રહીએ તો ?**

**પૂજ્યશ્રી** : પ્રમાણોપેત ક્યારે લેવાય ? આસક્તિ ઘટે તો કે એમ ને એમ ? શારીરિક વાતમાં પણ રસ લેતી વખતે, સ્વાદિષ્ટ ચીજ ખાતી વખતે-તન્મય બનાય છે, તે વખતે શરીરની રક્ષા પણ ભૂલી જવાય છે, શરીરની આબાદી યાદ રહી શકતી નથી, એ વાત તો અનુભવસિદ્ધ છે, ને ? એમાં લીન થાય એટલે ચાર દિવસ પથારીએ પડે, પછી આઠ દિવસ સાજો રહે, પાછો રસમાં લીન થાય તો પાછો બીમાર થાય, માટે શરીરસ્વાસ્થ્યના પ્રેમીએ પણ રસની આસક્તિનો ત્યાગ કરવો જ જોઇએ. શરીર તો ક્ષણભંગુર છે, પાંચ પચાસ વરસે પણ જવાનું છે, એક ગયું તો બીજુ મળવાનું છે, એમ કોઇ માને પણ આત્મા માટે શું ? ત્યાં ભૂલ્યા તો શું થાય ?

શ્રી ભરત મહારાજા જેવી ત્યાગની ભાવના કોને આવે ? શ્રી ભરતમહારાજાની પૂર્વની આરાધનાની વાત તો બાજુ ઉપર રાખો, પણ આ લોકની જ વાત જુઓ ને ! યુદ્ધપ્રસંગે જ્યારે શ્રી બાહુબલીજીએ સંયમ અંગીકાર કર્યું, ત્યારે શ્રી ભરતમહારાજાએ પગમાં પડીને કહ્યું કે-''તે બાપનો દીકરો તું ખરો : હું ક્યારે ? તારા જેવો થાઉં ત્યારે ! આ રાજ્ય ભવતરુનું બીજ છે, એવું જે ન માને તે અધમ છે અને હું એમાંય અધમમાંય અધમ છું : કારણ કે-જાણતાં છતાં પણ મૂકતો નથી.''

**૧૫૮. સભા : જાણે બોલે અને કરે નહિ ?**

**પૂજ્યશ્રી** : આસક્તિનો રંગ એવો છે કે-આત્માને છટકવા દેતો નથી. તે છતાં પણ

સમ્યગ્દષ્ટિનું હૃદય તો ડંખ્યા જ કરે. સમ્યગ્દષ્ટિનું સ્વરૂપ જ આ. જો છોડી શકે, તો તો સમ્યક્ચારિત્રી કહેવાય-પણ નથી બનતું માટે તો સમ્યગ્દષ્ટિ કહેવાય છે. એ ચક્રવર્તી થયા છતાં પણ, સાધર્મીઓને પોતાને રોજ ચેતવવાનું કહ્યું હતું. સંયોગો જ એવા રાખ્યા હતા કે-ઉત્તમ નિમિત્ત મળી જાય  કે આત્મા તરી જાય. વૈરાગ્ય થવા માટે આંગળી ઉપરથી મુદ્રા ખસે, એ કંઇ મોટું કારણ હતું ? નહિ જ. વીંટી ખસે, એમાંથી એકદમ અન્યત્વાદિ ભાવનાઓ જાગે એનું કારણ શુ? એ જ કે-શુભ સંયોગોનું આલંબન અને શુભ ભાવનાઓનું સેવન. એક આદમીની સહાયથી જે બે લાખ કમાય, તે જો એમ કહે કે-પુણ્યથી કમાયો તો કૃતઘ્ન થઇ જાય. પુણ્યથી કમાયો એ ઠીક, એ વાત સાચી, પણ 'આ ભાઇની કૃપાથી કમાયો' એમ કહેવામાં કૃતજ્ઞતા છે. મુનિપણું અમુક ભાઈના નિમિત્તથી પામ્યા હોઇએ, તો જ્યારે જ્યારે જોઇએ ત્યારે કહીએ કે-' તારક આ.' પણ તેમ કહેતાં પાછી હદ તો ન જ ભૂલાવી જોઇએ. હદ ભૂલાય નહિ અને ઉપકાર યાદ પણ રહેવો જોઇએ. ઉપકારીનું વિસ્મરણ એ આત્મહિતનું વિસ્મરણ છે. ભવસ્થિતિ પાકી એ વાત ખરી, પણ નિમિત્ત કોણ ? જો એકાંતે ભવસ્થિતિ માનીએ, તો તો શ્રી તીર્થંકર મળ્યા અમારામાં યોગ્યતા હતી તો પામ્યા, એમાં તીર્થંકરદેવનો શો ઉપકાર ?'' પણ એમ ન કહેવાય. નિમિત્ત પણ બળવંત છે.

ભગવાનની હયાતિમાં એવા પણ આત્માઓ હતા, કે જેને માટે ભગવાને શ્રી શ્રેણિકને કહ્યું કે-કપિલા દાન દે અને કાલસૌકરિક કસાઇ વધ બંધ કરે તો તારી નરક તૂટે. ભગવાનમાં પણ એ તાકાત નહોતી કે-

કપિલામાં દાનબુદ્ધિ પેદા કરે કે કાલસૌકરિક કસાઇના હૃદયમાંથી હિંસાનો ભાવ દૂર કરે. શ્રી શ્રેણિક રાજા જ્યારે કસાઇને હિંસા બંધ કરવાનું સમજાવીને કહે છે, ત્યારે કસાઇ કહે છે કે-'' આ ક્રિયા તો ધર્મ છે. જે લોકોને આ વસ્તુનો ખપ છે, તેના ઉપકાર માટે કરું છું'' શ્રી શ્રેણિક મહારાજાને પણ લાગ્યું કે- ભગવાન કહે છે તે ખરું છે. ખરેખર, પાપાત્માઓ સીધા ઊતરી શકે એવા નથી હોતા. સુયુક્તિવાળા કરતાં કુયુક્તિવાળા વધારે છે.

**સેવા કરતાં આજ્ઞા પહેલી.**

શાસ્ત્રે પાંચ કારણે કાર્ય કહ્યું, પણ સમ્યગ્દૃષ્ટિ આત્મા મોક્ષની સાધના માટે ઉદ્યમને પ્રધાન રાખે. આંધળાને વાગે તો પાપનો ઉદય કહેવાય, પણ દેખતાને વાગે તો પાપનો ઉદય ન કહેવાતાં, સામો એમ જ કહે કે-'જોવું હતું ને !' જોઇને ચાલ્યો હોય, ચક્કર આવે અને પડી જાય તથા વાગે તો પાપોદય કહેવાય. આથી તમારે સમજવું જોઇએ કે- અનાદિથી લાગેલી આસક્તિઓનો ત્યાગ કરવા, પ્રબળ પ્રયત્ન કરવાની જરૂર છે. જેઓ એમ કહેતા હોય કે-હાલમાં અમે તૈયાર નથી, છેવટે જોઇ લઇશું'-તેઓનું તે જાણે.

**સભા** : **છેવટે ક્યારે**

**પૂજ્યશ્રી** : એમની દૃષ્ટિએ છેવટ લાગે ત્યારે. બધા એ તો સમજે છે કે-આયુષ્યનો ભરોસો નથી. કોઇ અમરપટ્ટો લઇ આવ્યા જ નથી. પ્રશ્નકાર પોતે પણ પોતાને અમરપટ્ટો લઇ આવેલા માનતા નથી. દરેક માને કે- અનિચ્છાએ પણ મરી જવું પડે છે અને મરી જવું પડશે. મરણ નાનાને કે મોટાને જોતું નથી, રોગી કે નિરોગીને પણ જોતું નથી, વગર નોટીસે-

વગર વોરંટે ચાલ્યા જવું પડે છે. આ લોકની કોર્ટ તો એટલીય સારી કે-સમન્સ આવે, વકીલ કરાય, બચાવ કરવા દે, પણ અહીં કર્મસત્તા પાસે તો વકીલ-બકીલ કોઇ નહિ, કેસના પોઇંટ જ નહિ, આર્ગ્યુમેન્ટ જ નહિ. ન ફસ્યા હો ત્યાં સુધી બારી. ફસ્યા એ ફસ્યા. ફસેલાને છૂટવાની બારી મુનિ રૂપી વકીલ બતાવે, પણ 'ફાવે તેમ કરીએ અને મુનિની સહીથી છુટાય'-એ કાયદો નથી. કલિકાલસર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ કહ્યું કે-**'હે વીતરાગ ! તારી સેવા કરતાં આજ્ઞા પહેલી. તારી આજ્ઞાના પાલન વિના તારી સેવા મુક્તિ આપવાની નથી.'** ચાંલ્લો એ શું છે ? પ્રભુની આજ્ઞા મસ્તકે ધરીએ છીએ એ દર્શાવવાનું ચિહ્ન ! **જે હાથે ચાંલ્લા થાય, તે હાથે એ ભગવાનની આજ્ઞાની ઠેકડી કરનારા સાથે શેકહેન્ડ ન કરાય.** પ્રભુ આજ્ઞાની ઠેકડી કરનારા મોટા માણસ ગણાતા હોય, તો પણ એમ જ કહી દેવાનું કે-'આપ મોટા, સાહેબ, શ્રીમાન, પણ અમારા તો તમને દૂરથી નમસ્કાર. અમારે તો આગમ એ જ આધાર. જ્યાં આગમની આજ્ઞા હોય, ત્યાં જ અમારો આત્મા ઢળે : ન હોય ત્યાંથી તો ઊભગે. અમે તો ઈચ્છીએ છીએ કે-ભવે ભવે તમારો સંસર્ગ ન મળે.

(જૈ. પ્ર. વ.૧/અં.૪૭)

**૧૫૯. સભા : સંસારમાં પૈસાનું તેજ કેમ દેખાય છે ?**

**પૂજ્યશ્રી** : પૈસાનું તેજ તો મોહના, મિથ્યાત્ત્વના અંધાપાવાળાઓને દેખાય છે. જે ખરેખર દેખતા છે તેમને થાય છે કે આ બધા પૈસાવાળા મરીમરીને

બિચારા જશે ક્યાં ? જેની ભગવાને ના પાડી તેવા મોટા મોટા પાપના ધંધા કરે તેવાની જેને દયા ન આવે તેના હાથમાં આ ઓઘો પણ શોભે નહિ ! **પૈસાવાળાને જોઈ રાજી થાય તે ભગવાનનો સાધુ પણ નથી.** આજના પૈસાવાળાની આબરૂ કેવી છે ? 'અનીતિખોર છે, લોકોનું લોહી પીનારા છે.' એવી જ આબરૂ છે ને ?

તમે પણ બે ચોપડા રાખો છો ને ? તમારી પાસે કેટલા પૈસા છે તે બોલી શકો ખરા ? કેમ ન બોલી શકો ? તમે જે કમાયા તે કહેવામાં હરકત શું છે ? આમ છતાં કેમ કહેતા નથી ?

**સભા : આજે તો ધર્મમાંય બધે બે નંબરના પૈસા વપરાય છે.**

**પૂજ્યશ્રી** : આ અમારી ય ફજેતી છે ને ? ભગવાને ના પાડી છે કે, અન્યાયનો પૈસો ધર્મના કામમાં વપરાય નહિ. મજેથી વાપરનારાઓએ તો આબરૂ બગાડી છે.

**સભા : આજે તો બોલી બોલાય તેમાંય ચાળીસ અને સાઈઠ ટકા જેવું હોય છે.**


**પૂજ્યશ્રી** : આ તમે કોને પૂછીને નક્કી કર્યું ? તમારે માથે કોઈ ગુરુ છે કે નહિ ? આજે મોટે ભાગે તમારો પૈસો ખોટો છે. ખોટો પૈસો મેળવી, નામના માટે વાપરનારની ગતિ કઈ થાય ? બોલી પણ કેમ બોલો છો ? પૈસાનો સદુપયોગ કરવા કે નામના કરવા ? નામના કરવા જ બોલી બોલે તે કઈ ગતિમાં જાય ? ભગવાને ના પાડી છે કે નામનાદિ માટે દાન થાય નહિ. લક્ષ્મીના મોહથી છૂટવા માટે દાન કરવાનું છે.

**૧૬૦. સભા : લક્ષ્મી તે દેવી છે કે ડાકણ ?**

**પૂજ્યશ્રી** : ડાકણ. લક્ષ્મીને દેવી માનીને તેની પાછળ ફરી ફરીને તમે સત્યાનાશ કાઢ્યું છે. જેની પાસે લક્ષ્મી હોય તે દેવ અને જેની પાસે લક્ષ્મી ન હોય તે ભિખારી, આવી તમારી માન્યતા છે. તો પુણીયા શ્રાવકને કેવો માનશો? જે નિયમ કરે કે હવે મારે મૂડી વધારવાની નથી, તો તેને શ્રાવક કહેશો કે શું કહેશો ?

**૧૬૧. સભા : પુણીયાનો તો એક જ દાખલો છે ને ?**

**પૂજ્યશ્રી** : તેવા દાખલા થોડા હોય, છતાં પણ ભગવાનના સમયમાંય જેટલા જૈનો હતા તે બધા લક્ષ્મીને ડાકણ માનતા હતા પણ સારી માનતા ન હતા. સંસારમાં રહેવું પડતું તેનું દુઃખ અનુભવતા હતા. (૧૦૮/૨૦)



*લક્ષ્મી જેના પર પ્રસન્ન હોય એ ધારે તો*
***લક્ષ્મી** દ્વારા સૌને પ્રસન્ન બનાવી શકે.*

# ❀ પ્રકીર્ણક ❀

**૧૬૨. સભા : કેટલાં પૂર્વ લખાયાં ?**

**પૂજ્યશ્રી** : પૂર્વનું જ્ઞાન લખાય જ નહિ. લખી શકાય નહિ. જે લખાયું છે તે તો બહુ જ થોડું. તેટલું પણ મજબૂત રીતે હૃદયમાં ઊતરી જાય, તો દુનિયામાં આત્મા કદી મૂંઝાય નહિ. ભલે પારકું ભલું ન કરી શકે, પણ પોતાનું તો ભલું કરશે જ. પોતાના ભલામાં પારકું ભલું થઇ જ જાય છે. શ્રી જૈનશાસનનું ભલું એવું છે કે-એ માર્ગે પોતાનું ભલું કરવા નીકળે, તે વગર મહેનતે અનંતા આત્માઓને અભયદાન આપે છે અનંતા આત્માના શ્રાપનું કારણ પોતે બનતો નથી. શ્રાવક બને તે પણ ચાલે ત્યાં સુધી ઘાસ ઉપર પગ ન મૂકે, પાણીમાં પગ ન મૂકે, રસ્તામાં જેમ આવે તેમ સોટી કે છત્રી હલાવે નહિ. સારો શ્રાવક ઓછામાં ઓછું સાંજે ચોવિહાર તથા સવારે નવકારશીનું પચ્ચક્ખાણ કરે. કંદમૂળ તો ખાય જ નહિ, ભક્ષ્ય વનસ્પતિ પણ પરિમિત-અમુક અમુક જ, તેમાં પણ પાશેર, અરધો શેર કે કેટલી તેનું પ્રમાણ. આટલા માટે તો શ્રાવક ચૌદ નિયમ ધારે. ખાવાપીવા સિવાયના ટાઈમમાં મુઠસીનું પચ્ચક્ખાણ રાખે. જમીને ઊઠ્યો કે એ પચ્ચક્ખાણ હોય જ.

**૧૬૩. સભા : મુટ્ઠીસહીયં હોય ને વધુ વખત ખાય તો દોષ લાગે ?**

**પૂજ્યશ્રી** : ખાવું એ જ દોષ. અઢારે પાપસ્થાનકની પ્રવૃત્તિ દોષમય છે. અસંયમ એ જ દોષ. સંયમમાં દોષ નહિ. જેટલો અસંયમ એટલો દોષ.

**૧૬૪. સભા : હોટેલોમાં જે ચીજો થાય છે, તે ક્યાં અમારે માટે થાય છે ?**

**પૂજ્યશ્રી** : આ પ્રશ્ન જ અયોગ્ય છે, કારણ કે હોટલો હોટલોમાં જનારા છે માટે જ ચાલે છે. જેમ રેલ બેસનારા માટે છે, તેમ હોટેલો હોટેલોમાં જનારા માટે છે. માટે રેલમાં બેસનારાઓને રેલનો દોષ લાગે, તેમ હોટલોમાં જનારાઓને તેનો પણ દોષ લાગે જ. જેમ ગરમ પાણી પીનારો જ્યાં ત્યાં પાણી પીવા મોઢું નહિ મારે, કારણ કે તેના માટે એક ગરમ પાણી જ નિયત થઈ જાય છે અને ટાઢું પાણી પીનારો ભલે ઘરે જ પીતો હોય, પણ તૃષા લાગી હોય તો નળે પણ પી લે. ન પીએ એવા પણ છે, પણ આપણો મુદ્દો એ છે કે–'પ્રસંગ આવ્યે પી લે'–એ પણ બને ને ! પી લેવાનું ખુલ્લાપણું એ દોષ : એ જ અવિરતિનો દોષ. ભલે એ અમુક કામ ન કરે, પણ પ્રસંગ નથી માટે ! પ્રસંગ પડે તો કરી પણ લે : માટે એ અવિરતિનો ઓઘ દોષ છે : નિયમ એ તેના પર અંકુશ છે. રેલ ચાલે કોના માટે ? બેસે એના માટે, એનો ઉપયોગ કરનારા માટે. સાધુ ઉપયોગ કરતા જ નથી માટે બાતલ. તેવી જ રીતિએ હોટલો તેમાં જનારાઓ માટે છે, તેથી જતા હોય અગર 'નહિ જવાના' નિયમ વિનાના હોય, તે સઘળાઓને એ દોષ લાગે. જેઓ 'નહિ જવાના' નિયમ કરી જીવનને નિયમબદ્ધ બનાવી લે છે, તેઓ જ તે અવિરતિના ઓઘ દોષથી મુક્ત થાય છે.

**૧૬૫. સભા : કોઈ સાધુ ઉપકાર માટે રેલમાં બેસે તો શી હરકત ?**

**પૂજ્યશ્રી** : ઉપકારના નામે પણ શ્રી જૈનશાસનમાં શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાથી વિરુદ્ધ જતી એક પણ પ્રવૃત્તિ કરવાની છૂટ નથી. જો આત્મા શાસ્ત્રમર્યાદાથી એકવાર પણ ખસે, તો પરિણામે તેનું સર્વસ્વ ચાલ્યું જાય છે.

**૧૬૬. સભા : ઉપાશ્રય થાય છે તે ?**

**પૂજ્યશ્રી** : ઉપાશ્રય શ્રાવકોને ધર્મક્રિયા કરવા માટે થાય છે. શાસ્ત્રની વિધિ કે મર્યાદાથી તમે અને અમે જેટલા ખસીએ, તેટલા દોષના ભાગીદાર. શિથિલતાનો દોષ સેવાતો હોય તે નિભાવવો નહિ, પણ સુધારો કરવો પણ એટલા માટે સન્માર્ગ ન કહેવો એમ નહિ. બેયની ભૂલનો સ્વીકાર કરી ભૂલ કેમ સુધરે, એ કાર્યવાહી કરવાની ફરજ છે. માટે તો કહું છું કે -વાત જચે નહિ ત્યાં સુધી ખોટી હાજી કહેવી નહિ. તમારી ખોટી હાજીથી તો સાધુઓ પણ કોઈ વાર ડૂબી જાય. (જૈ. પ્ર. વ.૧/અં.૪૫)

**દીક્ષાના અર્થીને સહાય કરવી, એ શાસ્ત્રસંમત છે.**

**પૂર્વભૂમિકા** : આજના અધમાત્માઓએ 'છોકરાઓ વેચાણ લેવાય છે.'- આવો આરોપ કેવળ ધર્મી પક્ષની નાલેશી કરવા માટે ઉપજાવી કાઢેલો છે. આગળ વધીને 'ગીરમીટીયા' કહે છે. પુણ્યાત્માઓને એવી ઉપમા આપી, એવી ઉપમા આપનારાઓ, પોતાની જાતને માટે એના કરતાં પણ ભયંકર ઉપમા ખરીદે છે. માટે યોગ્ય આત્માને અયોગ્ય ઉપમાની નવાજેશ કરી, અયોગ્ય ઉપમા ખરીદનાર આત્માઓની દયા ખાવી. તકરાર ખાતર માનો કે વેચાણ લેવાય છે, પણ વૈરાગ્ય વેચાણ ક્યાંથી આવ્યો ? પૂર્વના મુનિઓ જેવી તાકાત નથી એ વાત ખરી, એ તકલીફ નથી તે ઠીક, પણ પગે ચાલવું, લોચ કરવો, જે મળે તેથી ચલાવવું, એ બધું છે કે નહિ ? અમુક મકાનમાં બંધાયેલાની જેમ રહેવું અને અમુક ક્રિયા કરવી જ, આ બધું વેચાણ આવે ? જો એમ કોઈને બાંધી રખાતા હોય, તો બે આદમીને ચાર દિવસ તો ઘરમાં બાંધી રાખો ! ગવર્મેન્ટ

કાયદો જાણો છો ? એક આદમી બહાર જઈ એમ બોલે કે –'મને અમુક ટાઈમ અમુકે પૂરી રાખ્યો હતો'– તો પોલીસ પેલો જેનું નામ આપે તેને, એક વાર તો લઈ જાય અને 'પૂરી રાખ્યો હતો',–એમ સાબિત થાય તો કેવી સજા થાય ? સાધુઓ બાંધીને શી રીતે રાખે ? ઉપાશ્રયમાં કોઈ આવતા નહિ હોય, એમ ? વ્યાખ્યાન વખતે તો ઘણા આવે. પેલા બાંધેલા બૂમ મારે, તો બીજા ન જાણે કેમ ? અરે કોઈ બૂમ મારે છે કે નહિ, એ જાણવા તો તૈયાર થઈને કૈંક આવે છે પણ એમ બાંધ્યા રખાય ખરા ? નહિ જ. માટે એવા યથેચ્છભાષીઓને કહો કે–'બળજોરીથી, ઈચ્છા વિના, દબાણથી બાંધી રખાતા હોય, તો બે જણને તો રાખી જુઓ. ચાર દિવસ તો રાખી જુઓ !' બાકી યોગ્ય આત્માઓને સહાય કરવી, એ તો પરમધર્મ છે. શ્રીકૃષ્ણ મહારાજાએ તો દોંડી પિટાવી હતી કે –સંયમના અર્થીએ ભગવાન શ્રી નેમનાથસ્વામી પાસે ખુશીથી જવું. પાછળની જરૂરિયાત પૂરી પાડવા હું તૈયાર છું. આ રીતે શ્રી કૃષ્ણમહારાજાએ અનેક આત્માઓને સંયમ માર્ગે જવાની સહાય આપી હતી. એ રીતે કોઈ સહાય કરે, તો તે શાસ્ત્રસંમત છે, એમાં શાસનની સેવા છે : એનું નામ વેચાણ નથી.

અયોગ્ય (અપૂજ્ય)પણ પૂજ્ય થાય છે, એટલે કે–છોકરો દીક્ષા લે તો માબાપને પૂજ્ય બને ને ! શાસ્ત્રની વિધિ છે કે–આજે નોકરી કરતા હોય, તે કાલે મુનિ થાય તો શેઠ જઈને પૂછે કે–'સ્વામી ! શાતા છેજી ?' આ અનાદિની વિધિ છે. વ્યવહારમાં પણ એમ છે કે–સેવક જો સ્વામી થાય, તો શેઠને આનંદ જ થાય. જે શેઠનો નોકર ગાદિપતિ

થાય, તે શેઠની આબરુ વધે કે ઘટે ? **નોકરને શેઠ બનાવવા ઈચ્છે તે શેઠ : પણ નોકરને નોકર જ રાખવા ઈચ્છે એ વાસ્તવિક રીતે શેઠ નથી.** ચાર જાતના પુત્ર છે, એ તો જાણો છો ને ? અતિજાત, સુજાત, નીચ અને કુલાંગાર ! શ્રી પાર્શ્વનાથ સ્વામીના પિતાએ દીક્ષા કોની પાસે લીધી ? પાર્શ્વનાથસ્વામી પાસે લીધી છે. 'આ તો મારો દીકરો, એની પાસે દીક્ષા લેવાય ? હું અહીં બેસું ને આ દીકરો ઊંચે બેસે ? ગમે તેવો મોટો, પણ મારો તો દીકરો ને !' આ વિચાર એમને ન આવ્યો.

**સભા** : **વ્યવહારમાં પણ એવું છે કે-દીકરો ઓફીસર હોય તો બાપને ચિટ્ઠી લઈ જવું પડે.**

**પૂજ્યશ્રી** : આ તો ભોળા છે. એ તો પાંચસેંની થેલી લાવે છે. સ્વાર્થ સધાતા હોય, ત્યાં તે બધું સારું લાગે. ગઈ કાલે કંગાલ હોય. છાણાં વીણતો હોય, પણ એને રાજ્ય મળે અને એના બાપને ખબર મળે કે -'દીકરો રાજા થયો' તો એ બાપ 'આ છાણાં વીણનારને રાજા ક્યાં બનાવ્યો ?' એવી ફરિયાદ કરવા ન જાય. એ બાપ તો એ વખતે કહે કે -'છોકરો પુણ્યવાન કે રાજા થયો.' શુભોદયથી કાલના રંક આજે રાજા બને : કાલના હિંસક આજે અહિંસક બને : કાલના વ્યભિચારી આજે સદાચારી બને. કાલના દુષ્ટ આજે પૂજ્ય બને. કાલના ભિખારી આજે શેઠ બને. સાઠ વરસના નોકરિયાતને એકવીસ વરસના અમલદાર પાસે પાઘડી ઉતારવી પડે, સાહેબ કહેવા પડે, કારણ કે પેલાનું કપાળ તપે છે. તો પછી પુણ્યયોગે ઉત્તમ સામગ્રી પામેલો આત્મા, વૈરાગ્ય પામી પૂજ્ય બની જાય, તેમાં આશ્ચર્ય શું થાય છે ? પરભવ, પુણ્યપાપ, અને

પુણ્યપાપના યોગે પરિવર્તનને માનનારને આ મૂંઝવણ કેમ થાય છે ? તે સમજાતું નથી.

**" धर्मे नो माया "**

અનાર્ય દેશનો પાટવી આર્યદેશમાં આવ્યો. એનો જન્મ અનાર્ય દેશમાં હતો. એનો આચાર તથા રીતભાત બધું અનાર્ય હતું. માત્ર એણે શ્રી અભયકુમાર સાથે મિત્રાચારી યાચી. અભયકુમારને કહેવરાવ્યું કે- 'હું તમારી મિત્રાચારી ઈચ્છું છું.' શ્રી અભયકુમાર વિચારે છે કે-'મારી મિત્રાચારી ચાહે તે આવો રહે ? જો એ એવો રહે તો મને કલંક.' શ્રી જિનમૂર્તિના દર્શને એ અનાર્યને ફેરવી આર્ય બનાવ્યો. એ જિનમૂર્તિ કંઈ બોલી નથી. કંઈ એ મૂર્તિએ સમજાવ્યું નથી. પુણ્યવાનને બધું થાય. જે જિનમૂર્તિ કેવળજ્ઞાન આપે, તે વૈરાગ્ય ન આપે ? વૈરાગ્ય આપ્યો. પ્રપંચ કરીને ત્યાંથી છૂટ્યો. એ પ્રપંચ જ નથી. કેવળ સ્વપરના હિત માટે જ, પ્રપંચને તોડવા માટે કરવો પડતો પ્રપંચ, એ પ્રપંચ નથી. કાંટો વાગ્યો હોય, એને કાઢવા માટે સોય ઘાલે, તે સોય મારી એમ કહેવાય ? વગર કાંટે ઘાલે તો સોય મારી કહેવાય. કાંટો કાઢવા તીણામાં તીણું શસ્ત્ર પણ ઘલાય. સોયથી કાંટો ન નીકળે, તો હજામને બોલાવાય : એ નેરણીથી ચામડીને કાપે. એથીય ન નિકળે તો તાવેતા પર ગોળને ગરમ કરે, એટલે કે તાવેતો તપાવી, એના પર ગોળ મૂકી ગરમ કરી, એ લાલચોળ તાવેતા ઉપર રહેલા ફદફદતા ગોળથી ડામ દે. કાંટાવાળા ભાગ પર ગોળ દાબે. જેને કાંટો વાગ્યો હોય એ પગ ધરે. એ જાણે છે કે પગમાં કાંટો રહ્યો તો પગ સડી જશે. એ સોય ઘાલનારને, નેરણીથી

ચામડી કાપનારને, કે ડામ દેનારને અપકારી કહેવાય કે ઉપકારી ? સોય ઘાલનારને સોય ઘાલનાર કહેવાય કે કાંટો કાઢનાર ? સોય ઘાલી અને સોય મારી, એ બે વચ્ચે રહેલો ભેદ સમજો. પ્રપંચ તોડવા માટેનો એ કહેવાતો પ્રપંચ સારો : એ પ્રપંચ નથી પણ ધર્મ છે. સોય ઘાલવી, નેરણીથી ચામડી કાપવી, કે તાવેતાથી ડામ દેવો એ ક્રિયા ધ્રુજાવનારી છે, ભય લાગે એવી છે, પણ છે કાંટો કાઢવા માટેની ! સોય ઘાલનાર, કાંટો ન નીકળે તો સોય પગ મજબૂત ઝાલીને ઉંડી પણ ઘાલે, તેથી તેની ભાવના ખરાબ કહેવાય ? એ દુઃખી કરવા માગે છે-એમ કહેવાય ? દુનિયામાં અર્થના અનર્થો કરનાર ઘણા છે, પણ વિચારો અને સમજો ! સોય ઘાલનારમાં દુર્ભાવના છે ? ભૂંડું કરવાની ભાવના છે ? ગૂંચ એવી વળી છે કે-અવળી ગૂંચ નાખ્યા વિના નીકળે એમ નથી, તો એમ કરવું પડે ને ! વળ પડ્યો હોય તો અવળો ઉકેલવો જ પડે. ફસેલા આદમી છૂટવાના પ્રપંચ કરે ને ! છૂટવા માટે કરાતો ઉત્પાત, એ ધમાધમ નથી. અમથો છોકરો કૂદે તો ઉધમાત કહેવાય, શ્રી આર્દ્રકુમાર અમુક કળાથી આવ્યા. છેતરીને આવ્યા. એ ગુનો નહિ. સારું કરવા માટેની છેતરપીંડી એ છેતરપીંડી નથી. અરે, પ્રપંચ શું, અતિપ્રપંચ પણ કરવો પડે, પણ ભાવ સમજો ! બહાર જઈને કહેશે કે મહારાજ તો પ્રપંચ અને અતિપ્રપંચ કરવાનું કહે છે.

** વિચાર એક, વચન એક, પ્રવૃતિ એક એનું નામ - '**નીતિ**'*

**૧૬૭. સભા : પ્રપંચ વિના બીજો રસ્તો નહિ ?**

**પૂજ્યશ્રી** : બેય સીધા હોય તો બીજો રસ્તો પણ છે, પણ સામા પ્રપંચી હોય તો ? સમજો ને કે-કાંટો સીધો હોય તો તરત આંગળીથી કાઢી નખાય, પણ વાંકો હોય તો સોય ઘાલવી પડે ને ! એ વળી બરાબર ઘૂસ્યો ને ન નીકળે તો હજામ પણ લાવવો પડે, નરેણીથી ચામડી પણ કાપવી પડે અને તાવેતાના ડામ પણ દેવા પડે ! તેમ કેવળ સ્વપરના આત્મહિત ખાતર જ પ્રપંચીઓના પ્રપંચને તોડવા ખાતર કરવામાં આવતો પ્રપંચ, એ પ્રપંચ નથી. કાંટો કાઢવા માટે ઘાલેલી સોય ઘાલી કહેવાય પ્રપંચ પણ મારી ન કહેવાય. કાંટો વાગ્યો હોય એની આંખમાંથી પાણી આવે તો પણ સોય ઘાલે, પણ ભાવના કાંટો કાઢવાની છે ! એને દુઃખી કરવાની નથી. સોયને કહેવાય તો સોય જ, એ નામ ન ગમતું હો તો કહો કે-લોઢાની અણીવાળી નાની સળી ! જે હોય તે કહેવાય પ્રપંચ કહેવાય તો પ્રપંચ જ. શબ્દ હોય તે બોલાય. આથી ભગવાન **શ્રી હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજને પણ લખવું પડ્યું કે-

**'' धर्मे नो माया ''**

શરીર માટે માનવું અને આત્મા માટે નહિ એનું કારણ ? પ્રપંચમાં ફસેલા આત્માઓ એમાંથી છૂટવા માટે પ્રપંચ કરે, એ તો એ પ્રપંચ વિના ચાલતું નથી માટે કરણીય કોટિમાં આવે છે. તાડ-તર્જન એ પાપ છે, પણ સુધારવા માટે કરવું પડતું તાડન એ પાપ નથી. શિષ્યોની પ્રમાદથી રક્ષા કરવા માટે, આચાર્યો પણ શિષ્યોને તાડના-તર્જના કરે.

**સભા : ડૉક્ટર 'ક્લોરોફોર્મ' આપી ઓપરેશન કરે, તેમાં દરદી મરે તો ડૉક્ટર ખૂની નથી ગણાતો.**

**પૂજ્યશ્રી** : અરે ભાઈ ! શરીરની રક્ષા માટે તો બધા ન્યાય કબૂલે છે, પણ આત્મરક્ષામાં જ વાંધો છે. જો અહીં એ ન્યાય કબૂલે, તો આજે વિગ્રહ શમે. નાનાં બચ્ચાંની ઈચ્છા નહિ છતાં બળિયા (શીતળા) કઢાય છે ને ! એ માટે તો અમલદારો બહાર નીકળે છે. માતા 'ના' પાડે તો યે ન ચાલે. માતા પાસેથી પડાવીને બળીઆ કાઢે ને ! બાળક રુએ તો યે કાઢે. બાળકની ઈચ્છા છે? આવી જહાંગીરી ! પણ શરીરના સારા માટે માની ને ! ભલે પરિણામ ગમે તે આવે, પણ મોટે ભાગે માન્યતા તો સારાની ને ! (જૈ. પ્ર. વ. ૨/અં. ૬)

**૧૬૮. સભા : આચારાંગના પ્રથમ અધ્યયનનું 'શસ્ત્રપરિજ્ઞા' એવું નામ શાથી ?**

**પૂજ્યશ્રી** : પૃથ્વીકાય એ અપ્કાયનું શસ્ત્ર, અપ્કાય એ અગ્નિકાયનું શસ્ત્ર, અગ્નિકાય એ અપ્કાયનું શસ્ત્ર,-એમ પરસ્પર તે તે જીવો શસ્ત્રરૂપ છે. **શસ્ત્રનું પરિજ્ઞાન છે જેમાં તે શસ્ત્રપરિજ્ઞા અધ્યયન.** શસ્ત્ર એટલે પેલાં હથિયારો નહિ. હિંસાથી બચવું તે અહિંસા. અને માટે જ પૃથ્વીકાયાદિમાં જીવોની સાબિતી કરી તે જીવો પરસ્પર શસ્ત્રરૂપ થાય છે તે બતાવીને છકાયના વધથી દૂર રહેવું એમ કહ્યું.

(જૈ. પ્ર.વ.૨/ અં.૨૬)

** કષાય અવળા વિચાર સુઝાડે, વિવેક સવળા વિચાર સુઝાડે.*

**૧૬૯. સભા : બળ તો કસરતથી મળે કે બ્રહ્મચર્યથી ?**

**પૂજ્યશ્રી** : બ્રહ્મચર્ય વિના કેવલ કસરતથી ન મળે. આથી ત્યાં પણ બ્રહ્મચર્યની યોજના છે, તો આત્માના કલ્યાણ માટે કેમ નહિ ? છોકરાને સ્કૂલમાં શું કરવા મૂકો છો ? એને મરજી થાય, એ પોતાની મેળે કહે, ત્યારે જ સ્કૂલમાં મૂકવો એ નિયમ કરી શકો છો ? બાલકને સ્કૂલમાં જવાના સંસ્કાર નાખવા જ નહિ, એની રમત-ગમતની ઈચ્છાની આડે આવવું જ નહિ, એ કબૂલ છે ? એ આત્માને મરજી મુજબ વર્તવા દો ને ! તિજોરીમાંથી પૈસા ફેંકે તો ફેંકવા દો ને ! એ અજ્ઞાનને જ્ઞાની બનાવવાનો તમને હક શો ?

**૧૭૦. સભા : સોળ વર્ષની અંદર બાળક હિતાહિત ન સમજે, માટે મા-બાપને તેમ કરવુ પડે છે.**

**પૂજ્યશ્રી** : ત્યારે સોળ વર્ષની અંદરના બાળકને મા-બાપ હિતાહિત જોઈ સન્માર્ગમાં જોડે એ કબૂલ છે ને ? એમ કરવામાં ગુનો તો નથી ને ?

**સભા** : **એ તો જુદું થયું.**

**પૂજ્યશ્રી** : એ જુદું શાથી લાગે છે ? એ જુદું લાગે ત્યાં જ વાંધો છે. આજે કહેવાય છે કે 'ઈચ્છાને દબાવાય નહિ.' એમ કહેનારને પૂછો કે 'નાના બાળકને જે તે ખાવાપીવાની, કજિયા કરવાની, સાપને પકડવાની, અંગારામાં હાથ ઘાલવાની, મોંમાં ધૂળ-માટી-કોલસા ઘાલવા વિગેરની ઈચ્છા થાય છે, તો શું એ બધું બાળકને માતા કરવા દે ખરી ? અને કરવા દે તો એ માતા ખરી ?' તેમણે પણ કહેવું જ પડશે કે 'નહિ જ.' અરે ઉપરથી

એવું કહેવું પડશે કે અરે માતા તો એવી ચોકીદાર બને કે બાળક માટી મોંમાં ઘાલે તો મોંમાં આંગળા ઘાલીને પણ માટી કાઢે. વારુ, અઢાર વર્ષના છોકરાને ઈચ્છા મુજબ વર્તવા દેવા, એ તો કબૂલ છે ને ? વ્યવહારની વાતમાં પણ કબૂલ છો ?

સભા : **અરે સાહેબ, વંઠી જાય, સોળથી પચ્ચીશ વર્ષની વય તો ગદ્ધાપચીશી કહેવાય.**

પૂજ્યશ્રી : ત્યારે ત્યાં પણ તમે અંકુશ માન્યો. વારુ, પચીસ વર્ષ પછી ? પછી પણ અંકુશ તો ચાલુ જ છે અને ચાલુ હશે તો જ વ્યવહારમાં નભાશે. લેવું દેવું, ખાતાવહી, ચોપડા, ખાવું-ખવરાવવું, આ બધા અંકુશથી તો ઘર અને પેઢીઓ નભે છે. સ્વતંત્રતાની વાતો કરનારા ઘરમાં અને બજારમાં સ્વતંત્ર રીતે વર્તતા હોય તો તો ખબર પડે. જો ત્યાં એમ વર્તે તો તો ચોથે દિવસે કોઈ પેઢી પર પગ મૂકવા ન દે. સોદામાં ખોટ આવે તો -'મેં તો નફો ધારીને કામ કર્યું હતું, માટે ખોટ નહિ આપું' એમ કહેવાશે ? નહિ જ, કારણ કે ત્યાં તો કાયદો જ છે કે સોદો કર્યો એટલે નફો હોય તો નફો લઈ જાઓ અને ખોટ હોય તો ખોટ આપી જાઓ ! એ અંકુશ, એ મર્યાદા ! અરે ઘરમાં પણ બધાના માટે કરેલી રસોઈ ખાવી પડે છે. પચીસ માણસના કુટુંબમાં જો દરેકની વૃત્તિ જુદી જુદી હોય તો નભે જ નહિ. મોટા ઘરના ખર્ચ એ મર્યાદાથી જ નભે છે. જ્યાંથી મર્યાદા ખસી અને સ્વતંત્રતા, કહો ને સ્વચ્છંદતા આવી, ત્યાં ભિખારીવૃત્તિ આવે અને પાયમાલી પણ ચાલી જ આવે. વ્યવહારમાં પણ આ સ્થિતિ, તો પછી શ્રી જિનેશ્વરદેવના શાસનની મર્યાદા માટે તો પૂછવું જ શું ? પુસ્તક વાંચનારે અને સાંભળનારે મર્યાદાને વળગીને જ રહેવું જોઈએ.

સમ્યગ્દષ્ટિ તથા દેશવિરતિધર અને સર્વવિરતિધર આત્મા જો મર્યાદાને ન વળગી રહે, તો પ્રભુના શાસનમાં ચિરસમય ટકી શકતો જ નથી. ચિંતામણિ રત્ન પણ કોને ફળે ? અઠ્ઠમનો તપ કરી તેની આરાધના કરે, એનું સ્વરૂપ ઓળખે, યોગ્ય રીતે એનું સેવન, શુશ્રૂષા કરે એને ! અનાજ પણ કાચું ફાકો તો પુષ્ટિ આપે ? કેટલી કાર્યવાહી થયા બાદ એ પાચક તથા પોષક બને છે ? ઘઉંના ખોબા જ મોંમા નાખો તો ? એ તો પોષકને બદલે નાશક જ થાય. તેવી જ રીતે ધર્મકથાનુ-યોગાદિ ત્રણ અનુયોગોના સેવનમાં મર્યાદા સચવાય તો જ મુક્તિ મળે. ત્રણે અનુયોગોનો રસ ગળામાં ઉતારવો પડશે અને એના રસથી જીવન રસમય બનાવવું પડશે અને તેમ થશે તો ચોથો ચરણકરણાનુયોગ આત્મા સાથે એકાકાર થઈ જશે. અને એની આરાધના માટે મર્યાદા એ જ મોટો કિલ્લો. મર્યાદાની આધીનતાથી જ કેવળજ્ઞાન અને મુક્તિએ પણ જવાય. આથી સિદ્ધ છે કે ચરણની રુચિ જ ન હોય, તો ત્રણે યોગ લાભ નહિ પણ હાનિ કરે છે. શ્રી શ્રેણિક મહારાજાનું દૃષ્ટાંત લેનારાઓએ વિચારવું જોઈએ કે ‘શ્રી શ્રેણિક મહારાજા વિરતિ અંગીકાર કરતા નહોતા કે કરી શકતા નહોતા ?’ કહેવું જ પડશે કે ‘કરી શકતા નહોતા.’ કરવી જ નથી એવું તેઓ કદી બોલ્યા છે ? વિરતિ પ્રત્યે સદ્ભાવ પૂરો કે અધૂરો ? અરિહંતપદની આરાધના કેવી ? એવી કે ભગવાન શ્રી મહાવીરદેવના સમાચાર સાંભળી રોમરાજી વિકસ્વર થતી, સમાચાર દેનારને પ્રીતિદાન અપાતાં ! સમાચાર માટે તો ચોમેર દૂત રાખ્યા હતા ! સમાચાર મળે કે સમાચાર આપનારને દાનથી સંતુષ્ટ કરી, સિંહાસન અને પાદુકાનો ત્યાગ કરી. પાંચ સાત ડગલાં જઈ,

વંદન કરી, પછી સિંહાસન ઉપર બેસતા. કેટલી ભક્તિ ? શાથી ? મર્યાદાના ગુણને લઈને જ ! મર્યાદા વગર **સમ્યગ્દષ્ટિપણું, દેશવિરતિપણું કે સર્વવિરતિપણું ટકે શી રીતે ?** શ્રાવકને પેઢી પર બેસવાનું પણ ન છૂટકે છે. ન છૂટકે પેઢી પર બેસવાનું હોય, એ શ્રાવક પેઢી પર બેસીને અસત્ય, અનીતિ, પ્રપંચ સેવે ખરો ? જ્ઞાનીએ તમારી બધી વસ્તુ ઉપર મર્યાદા મૂકી છે. ભોજન વસ્ત્ર, બધા ઉપર મર્યાદા છે. માટે જ આજના સ્વચ્છંદવાદીઓને આ શાસન ખટકે છે. છૂટ આપવાની વાત અહીં નહિ. મર્યાદામાં શ્રાવક આવે તો ધર્મ દીપે. **મર્યાદા જાય એટલે લોભનો થોભ ન રહે અને તૃષ્ણાનો તાગ ન રહે !** પછી તે આત્માને આ ગમે ક્યાંથી ? આ ગમાડવા માટે તો સઘળી સંસારની વાસનાઓ કાપવી પડશે અને એ કપાવવા માટે સાધુઓએ પ્રયત્ન કરવો પડશે ખરો કે નહિ ? એવા પ્રયત્ન કરવા માટે ચાનક લાગે, એવું કહેવું પડશે ખરું કે નહિ ? એવી બળતરા થાય એવું કહેવું જોઈએ ખરું કે નહિ, કે જેથી એવી ભાવના થાય.

(જૈ. પ્ર. વ.૨/અં.૧૨)

**૧૭૧. સભા : કાયદાનું બંધન છે. ?**

**પૂજ્યશ્રી** : તો પણ મોટે ભાગે માન્યતા સારાની માટે ! નહિ તો વિરોધ કરત. બાળકની આંખ દુખવા આવે, ત્યારે ચીમડ ભરો તે કઈ ઈચ્છાથી ? શરીરને જાળવવા માટે બધી છૂટ ! કાયદાને પણ શરીર માટે સારો માન્યો છે, માટે માન આપે : નહિ તો તો કાયદો ફેરવવા પણ કોશિશ કરત. ખૂનને ખોટું તો ખૂની પણ માને : એ સમજે કે 'ન માનું તો કાલે

મારું પણ કોઈ ખૂન કરી જાય.' શરીર માટે બધું માને. આત્માના ભલા માટે માનવામાં જ બધો વાંધો છે. માતા દવા કેવી રીતે પાય ? સીધી રીતે ન પીએ તો પરાણે પણ પાય. જેમ દવા બળાત્કારથી પવાય, તેમ યોગ્યતા મુજબ ધર્મ પણ આપી શકાય છે. (જૈ. પ્ર. વ.૨/અં.૬)

**૧૭૨. સભા : જેઓ 'આગમમાં રસ નથી આવતો' એમ કહે છે તેઓનું શું ?**

**પૂજ્યશ્રી** : આ આગમ ભારેકર્મીઓને જ રસમય ન લાગે. ભવાભિનંદીનું લક્ષણ જ એ છે કે-એને મરતાં ય આ આગમ રસમય ન લાગે. રોગીને મિષ્ટાન્ન કડવું જ લાગે, એમાં મિષ્ટાન્નનો દોષ શો ? રાસભજાતિનો ગુણ કે-એને સાકર પ્રાણહર જ નીવડે. ઊંટને દ્રાક્ષ ગમે જ નહિ : એ તો લીંબડે જ મોં મારે. એને લીંબડો કડવો ન લાગે. મનુષ્યમાં પણ જેને ધાતુવિપર્યયનો રોગ થાય, તેને કડવું મીઠું લાગે. કાલસૌકરિક કસાઈને ચંદનના લેપ બાળતા હતા અને વિષ્ટાના લેપ સુગંધ તથા ઠંડક આપતા હતા. એને ગુલાબની શય્યા ખૂંચતી હતી. અને બાવળની શય્યા ગમતી હતી. મિષ્ટાન્ન એને કડવાં લાગતાં હતા અને લીંબડા તથા એળિયા એને મીઠા લાગતા હતા. (જૈ. પ્ર. વ.૨/અં.૧૯)

**પૂર્વભૂમિકા** : વસ્તુ શુદ્ધ હોય અને એની ક્રિયા ચાલુ હોય તો શુભ ભાવ આજ નહિ હોય તો અમુક સમય પછી પણ આવશે. દ્રવ્યધૂનન પર તો ભાવધૂનનનો મોટો આધાર રહેલો છે. દ્રવ્યધૂનન ન કરે તે તો ઊલટો સંસારમાં રૂલે. સૂત્રકાર મહર્ષિને કહેવું પડ્યું કે-દેવ મનુષ્ય અને તિર્યંચના ઉપસર્ગ સહી આત્માને કર્મથી વિખૂટો પાડે એ ભાવધૂનન ! આ ઉપસર્ગો સહેવાનો

વખત ક્યારે આવે ? કોને આવે ? ઘરબારીને આવે ? જે એમાં જ રાચે છે એને વળી ઉપસર્ગ શા ? સડકે ઊભેલાને કાદવની ભીતિ હોય, પણ કાદવમાં પડેલાને હોય ? બાહ્ય સામગ્રી તજી યોગ્ય સ્થાને આત્માને લઈ જવા માટે મથનારને અનુકૂળ તથા પ્રતિકૂળ ઉપસર્ગ આવે, પરન્તુ બાહ્ય સામગ્રીમાં જ રાચીમાચી રહેલા આત્માને ઉપસર્ગ આવે જ ક્યાંથી ? દુર્ભાગ્યને યોગે બાહ્યનાં પણ ફાંફા પડે એની ના નહિ !

**૧૭૩. સભા : ભાવધૂનન સમજ્યા વિના દ્રવ્યધૂનન ફાયદો કરે કે નહિ ?**

**પૂજ્યશ્રી** : ફાયદો કરે પણ જે ફાયદો થવો જોઈએ તે ન થાય, એટલે વસ્તુતઃ એ ફાયદો ન કહેવાય પણ એમ બને કે –પરિણામે એ ફાયદાને પણ ખેંચીને લાવે ! નિશાળે જતો વિદ્યાર્થી સમજીને જ જાય છે એમ નથી, પણ લાભ થાય છે ને ! વગર સમજે પણ કરેલી સારી ક્રિયા કાંઈક લાભ તો દે જ કારણ કે વગર ઈચ્છાએ થાય તો પણ હાનિ તો નથી જ અને લાભ સર્વ રીતિએ સંભવિત છે.

**સભા : વીરા સાળવીને ફાયદો ન થયો ને !**

**પૂજ્યશ્રી** : ન થયો એમ તો નહિ જ હાં જે ફાયદો થવો જોઈએ તે નહિ ! બાકી જેટલો સમય એ શુભ ક્રિયામાં રોકાયો, તેટલો સમય બીજી ક્રિયાથી બચ્યો, એ દેખીતો લાભ છે ને ? મતલબ મુખ્ય લાભ પાસે ગૌણ લાભની ગણના નથી. વળી વીરો સાળવી તો 'સાધુ' કે 'ગુણવાન' જાણીને પણ મુનિને નહોતો નમ્યો. પરંતુ તેના સ્વામી કૃષ્ણ મહારાજા નમે માટે નમવું જોઈએ, ન નમે તો કદાચ સ્વામીને ખોટું લાગે,એમ

ધારીને એ નમ્યો. શ્રી કૃષ્ણ મહારાજાને નમ્યા વિના ખાવું નહિ, એવો તો એને નિયમ છે. એ શ્રી કૃષ્ણ મહારાજાનો ભક્ત હતો માટે નમ્યો હતો.

શુદ્ધ દ્રવ્યનો એ ગુણ છે કે તે ભાવનાને ખેંચી લાવે છે. આડતિયાની સાથે આવેલા ગાડાવાળાને ખવરાવો ને ! શું માનીને ? ન ખવરાવીએ તો આવેલા આડતિયાને ખોટું લાગે એમ માનીને કે બીજા કારણથી તોય એના ખોરાકમાં ફેરફાર હોય. વાસ્તવિક રીતે વિચારવામાં આવશે તો જણાશે કે આ ક્રિયા, ક્રિયાના રૂપમાં જ ન ગણાય. છતાં એ પણ સમજવા જેવી બાબત છે કે-વીરા સાળવીએ એટલી પણ ક્રિયા ભલે શ્રી કૃષ્ણ મહારાજાના દાક્ષિણ્યના યોગે કરી, તથાપિ જો તેને ભવાંતરમાં જાતિસ્મરણ થાય અને એ આ જુએ તો કદાચ લાભ પણ આપે કે નહિ? ખોટી ક્રિયા કરતાં સારી ક્રિયા, જો દાક્ષિણ્યતાથી, શરમથી કે દબાણથી પણ આ આત્માથી થતી હોય તો તે ગેરવ્યાજબી નથી. દ્રવ્યક્રિયા ચાલુ હોય તો ભાવ આવવાને અવકાશ છે. ભાવના કાંઈ રોજ ને રોજ આવે છે ? એ તો ક્વચિત્ ક્વચિત્ આવે. તેલ મરચાવાળાને ત્યાં ઘડી ઘડી ગ્રાહક આવે તોય બારે મહિને રોટલા પરાણે મળે અને ઝવેરીને ત્યાં કોક દિ' ઘરાક આવે તો ય આવક એવી થાય કે ગાડીઘોડા દોડાવે. શાસ્ત્રકાર કહે છે કે શુભ ક્રિયાનો ખૂબ અભ્યાસ કરો. છેવટે કાંઈ નહિ તો જિંદગીમાં એકવાર પણ પરિણામ આવે, તો પણ ઘણું કામ થઈ જાય, માટે ફરી ફરી કહું છું કે ભાવ નથી આવતો એમ ધારીને શુભ અગર શુદ્ધ દ્રવ્યોનું આલંબન છોડો નહિ.

એનો ત્યાગ થવાથી તો પરિણામે હૈયામાં અધમ વાસનાનો વાસ થાય છે અને એ આલંબનને જીરવી રાખવાની ય તાકાત ચાલી જાય છે, માટે સારાં આલંબન ન છોડો ! (જૈ. પ્ર. વ.૨/અં.૩૨)

**૧૭૪. સભા : સંતતિને કુલદીપક બનાવવી છે !**

**પૂજ્યશ્રી** : કલિકાલસર્વજ્ઞ ભગવાન **શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજા કહે છે કે ''પંચમકાળ એ ફણીધર છે, પણ જેના માથા પર શ્રી જિનમૂર્તિ અને શ્રી જિનાગમરૂપ મણિ છે.'' એ મણિનો ઉપયોગ કરતાં આવડે, એ મણિની સેવા ને પૂજા કરતાં આવડે, તો એને ફણીધરરૂપ આ પંચમ કાલ પણ કાંઈ ન કરી શકે. ખરેખર, તેવા આત્માને વિષધર તે ય વિષહર બને, પણ આજ તો મણિનો નાશ કરી નાખવાની વાતો ચાલે છે. પણ મૂર્ખાઓને એટલું ય ભાન નથી કે વિષનો નાશ કરાય કે મણિનો ? ફણીધરનું ઝેર મરાય કે ઝેર મારનાર મણિને મરાય ? અહીં ફણીધરનું એટલે સાપ એમ ઊંધું ન લેતા ! આ પંચમ કાલરૂપ ફણીધરની વાત છે. કલિકાલસર્વજ્ઞ ભગવાન **શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજા તો કહે છે કે ''મારે તો પાંચમો આરો પણ ચોથા જેવો છે.'' પણ શાથી ? શ્રી જિનમૂર્તિ અને શ્રી જિનાગમરૂપ મણિ હાથમાં છે તેથી ! મણિ હાથમાં હોય ને ઉપયોગ કરતાં આવડે તો પછી ચિંતા પણ શી ? **શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજા તો કહે છે કે-''બુદ્ધિમાન વક્તા અને શ્રદ્ધાળું શ્રોતા મળે તો, હે પ્રભુ ! તારું શાસન આજે પણ એકછત્રીય થાય !'' કહેનારા ગમે તેમ હાંક્યે રાખે અને સાંભળનાર સદ્-અસદ્‌ના

વિવેક વિના ઝૂક્યે જાય, તો પરિણામે બેય મરે નહિ તો બીજું થાય પણ શું ? ધર્મના કહેનારે ધર્મશાસ્ત્ર મુજબ જ જોઈને કહેવું જોઈએ અને સાંભળનારે પણ શ્રી જિનાજ્ઞા મુજબ જ કહેવાય છે કે નહિ, એનો વિવેક કરવા જેટલા વિચક્ષણ બનવું જોઈએ, કાળજી રાખવી જોઈએ. પાપના ઉદયે ભલભલાની મતિ ફરી જાય છે, એટલે સાંભળનારે સ્વપર કલ્યાણ સાધવા માટે વિચક્ષણ થવું જોઈએ. કહેનારે શ્રી જિનાગમને આધીન રહેવું જોઈએ અને સાંભળનારે શ્રી જિનાગમને અનુસરતું જ સાંભળવું જોઈએ. કુંભારને ત્યાંથી ત્રણ પૈસાનો કે ત્રણ આનાનો ઘડો લાવો છો તે પણ ટકોરા મારીને, અને એટલેથી ખાત્રી ન થાય તો માંહી પાણી નાખીને હલાવી પણ જુઓ છો, તો આટલી આવડત અહીં પણ જોઈએ, નહિ તો ભીખ માગશો ! **તમે અમારા વેચાણ નથી કે અમે તમારા વેચાણ નથી : સાધુની સાધુતા સાથે તમે વેચાણ છો અને શ્રાવકની શ્રાવકતા પૂરતો જ તમારી સાથે અમારો સંબંધ ! બાકી કાંઈ તમારી ગૃહસ્થાઈ સાથે અમે વેચાણ નથી.** તમારે પણ વ્યક્તિ સાથે સંબંધ નથી, પણ વ્યક્તિમાં રહેલી સાધુતા સાથે સંબંધ છે. અમારી સાધુતાની તમને ગરજ છે અને તમારું પણ કલ્યાણ થાઓ એ જ અભિલાષાથી અમારે તમારો આ સંબંધ ! બાકી તમારી ગૃહસ્થાઈની અમને પરવા નથી. અમે ગૃહસ્થાઈ માગીએ તેમાં કલ્યાણ કે તમે સાધુતા માગો તેમાં ? બેયનું જેમાં કલ્યાણ તે કામ કરવા યોગ્ય ! બેયનો જેમાં અધઃપાત તે કામ કરવા યોગ્ય નહિ. કાળ બગડ્યો એમ તો બધાએ કહ્યું, પણ કરવું શું ? ડાહ્યો બાપ એમ કદી ન કહે કે-'છોકરો હઠીલો છે

માટે એ કહે તેમ કરવું, ભલે મરજી મુજબ વર્તે.' છોકરાને ગૃહદીપક કે કુલદીપક બનાવવો હોય તો એની મરજી મુજબ જ ન ચાલવા દેતા ! દીપક એટલે પ્રકાશનાર પણ બાળનાર નહિ ! કુલદીપક એટલે કુળને પ્રકાશનાર, પણ કુળને બાળનાર નહિ ! માટે બાળકમાં સુસંસ્કાર રેડો ! અમુક ધર્મક્રિયા તો કરવી જ જોઈએ એવી આજ્ઞા પણ કરો ! ધર્મની આજ્ઞાઓ બનતી રીતે પળાવો ! જૈનનું સંતાન પૂજા વિના કેમ જ રહે ? 'હશે, બાળક છે. હશે, બાળક છે.' એમ કર્યું તો જિંદગી સુધી રોવું પડશે. પછી તો કહેશો કે 'એવો પાક્યો કે...' પણ પછી તો ડાહ્યા માણસો કહેશે જ કે 'પાક્યો નહિ પણ પકવ્યો.' અંકુશ હોય તો એ જ બાળક 'બાપાજી-બાપાજી' કરે, મોંમાંથી બોલે તે જાણે મોતી ખરે, વડીલને હાથ જોડે અને આત્મહિતસ્વી વડીલની દરેક આજ્ઞા શિરસાવંદ્ય જ ગણે. બચ્ચાંઓને મોજમજામાં જોડવાં, હોટલમાં, નાટકચેટક કે સિનેમામાં જતાં કરવાં, એ ઈરાદાપૂર્વક એના આત્મહિતનું ખૂન કરવા બરાબર છે. આજના માબાપ તો એવે સ્થળે સાથે લઈને જાય અને વળી રસપૂર્વક વર્ણન કરીને બતાવે. સારું તો યાદ ન રહે, પણ ભાંડચેષ્ટા યાદ રાખે. સામાન્ય રીતે ફારસ અને વિલાસી અભિનય બધાને યાદ રહે અને એ સ્થાનો આખરે જિંદગીની પાયમાલી કરે ! ત્યાં મોટે ભાગે વિષય, વિલાસ ને શૃંગારને ઉત્તેજન હોય. નખરાં, ચાળાં, ચટકા જોવા તો સામાન્યતઃ સૌ જાય. જોનારની મોટે ભાગે ભાવના જ ત્યાં ! કેટલાંક ભવાભિનંદી માબાપને તો એ ભય કે 'જો આમાં ન જોડીએ એને સારા સ્થાનમાં જોડીએ અને રખે સાધુ બની જાય તો !'

**સભા : નાટકમાં પણ સારા વિચાર હોય.**

**પૂજ્યશ્રી** : એનો ઈન્કાર નથી, પણ એ કેટલા પ્રમાણમાં ? અને એ સારા વિચારોને લેનાર કેટલા પ્રમાણમાં ? નાટકમાં સારો વિચાર લેવા જવું, એ પથ્થરના ઢગલામાંથી હીરો લેવા જવા જેવું છે. કદાચ કોઈ પથ્થરના ઢગલામાં બે-ચાર હીરા હોય પણ, પણ એમાંથી હીરો લેવાનું કામ કોઈ સામાન્યનું નહિ પણ ઝવેરીનું ! અને એવા ઝવેરી પણ કેટલા ? ઝવેરી સિવાય બીજો તો હાથ મારે તે પાણો જ લે, અને મજૂરી પણ માથે પડે તથા લોક પણ બેવકૂફ કહે ! જો હીરાના ઢગલામાં જ હાથ મારે, તો તો નાનો કે મોટો પણ હીરો તો હાથ આવે અને કોઈ મશ્કરી પણ ન કરે. હવે જ્યાં ઘણે ખરે ભાગે શૃંગાર, મોજમજા, રંગરાગ વિગેરે હોય, ત્યાંથી ગુણ લે ? અને જે જાય પણ આવા જ ઈરાદે તે ગુણ લે ? ગુણને માટે ખાસ જનાર તે હજી ગુણ લે એ સંભવિત, પરન્તુ એ પણ ભયમાં તો ખરો. અને જેને ગુણ જ જોઈતા હોય, એને વળી એવા ભયસ્થાનમાં દુર્ગુણથી ભરેલા સ્થાનમાં શા માટે જવું પડે ? શું બધા જનારા એ માટે જાય છે ?'ચાલો, ગમ્મત આવશે, અરધી રાત સુધી ચાહ-પાણી પિવાશે, લહેજત આવશે, સરખે-સરખા જોવા જવામાં લહેર પડશે.' આવી ભાવનાથી તો સામાન્ય રીતે નાટક સિનેમા વિગેરે જોવા જવાય છે. આવાં કુમાર્ગે દોરનારાં સ્થાનોમાં જતાં રોકવા માટે સંતાનને બાપાજી 'ના' કહે, તો દીકરો બે દિ' રુએ પણ, પણ પછી જિંદગીભરનું રોવું મટી જાય ને ? પણ ત્યાં બાપાજીને 'દયા' આવે તો ધર્મદૃષ્ટિએ કહી દેવાય કે એ બાપ 'દયાળુ' નહિ, પણ 'નિર્દય' છે. ધર્મદૃષ્ટિએ

કહેવાય હોં ! બાકી તમારી દૃષ્ટિ તમે જાણો. હું તો ઈચ્છું છું કે તમને બહુ દયાળુ કહેવાનો અવસર આવે, પણ તમે ધર્મહીન બનીને ખોટી દયા ખાઈ સંતતિને ઉન્માર્ગે દોરો, ત્યા દયાળુ શી રીતે કહું ? અને સંતતિના આત્મહિતનો નાશ કરવો, એ તો દેખીતી જ નિર્દયતા છે, તમે નથી જાણતા કે ત્યાં જાય તો દુર્ગુણ આવે ? દુર્ગુણના છાંટા ઊડે ? બાળકને મન તો થાય, કોઈ વાર બાળક તો સર્પને પણ રમકડું માની પકડવા જાય, બળતા અંગારામાં પણ હાથ ઘાલવા જાય, પણ મા-બાપ તો રોકે ને ? મોંમાં માટી કે કોલસો ઘાલે, તો મા આંગળાં ઘાલી કાઢે છે ને ? ઓકાવીને પણ કાઢે : રડાવીને, અરે મારીને પણ કાઢે ! શરીરમાં ઝેર પેઠું હોય તો ડૉક્ટર પાસે શું કહો ? ખૂબ વોમિટ કરાવો, ભલે નસો ખેંચાતી, પણ ઝેરનો અંશ પણ ન રહે તેમ કરો ! જન્મથી, બાલ્ય કાળથી જો બાળકને સુસંસ્કારી બનાવશો, તો બહાર નીકળશે એટલે કે-સાધુ બનશે તો તો દિવાકર રૂપ બનશે અને ઘરમાં રહેશે તો ય દીવા જેવા કુલપ્રકાશક બનશે. દિવાકર બનનાર જગતને પ્રકાશશે અને દીવો બનનાર કુલને પ્રકાશશે.પણ નાટકીયા, ચેટકીયા, સિનેમાના કીડા અને મોજમજામાં જ પડી રહેનારા બનાવ્યાં તો એ કેવા બનવાના ? જગતને ભાંડે અને ઘરને ય વગોવે તેવા ! દેવ-ગુરુ-ધર્મની ઠેકડી કરે અને માબાપની આબરૂ બોળે એવા !! કારણ કે એ સિવાય એને બીજી બુદ્ધિ પણ કઈ જાગે ? અપવાદ હોય. અયોગ્ય સંસર્ગમાંથી કોઈ પુણ્ય યોગે બચી જાય અને સારો પણ પાકે તેની 'ના' નહિ પણ તેથી તે સંસર્ગ સારો ગણાય જ નહિ ! આ જ કારણે આજનો પ્રાયઃ કોઈ પણ દેશનેતા

હાલની કેળવણીને વખાણવા તૈયાર નથી. પણ એવાઓને તો જગતના ચોગાનમાં શું બોલાય છે તે પણ ક્યાં જોવું છે ? જેની પૂંઠે ચાલ્યા તેની સામે પણ થતાં તેઓને વાર ક્યાં છે ? દેશનેતાઓ પણ પોકાર કરીને કહે છે કે હાલની કેળવણી તથા હાલની ઘણી કાર્યવાહી ભયંકર છેઃ છતાં જે કોઈ સારા થયા તે પોતાના આત્માની યોગ્યતાએ થયા. દુનિયાની દૃષ્ટિએ તથા આર્યભૂમિની દૃષ્ટિએ જે ભયંકર હોય તે ધર્મદૃષ્ટિએ ભયંકર હોય તેમાં નવાઈ પણ શી હોય ? દેશનેતાઓએ તો અનુભવથી, થપ્પડ ખાઈને કહ્યું અને જ્ઞાનીઓએ તો પહેલેથી જ કહ્યું છે. (જૈ. પ્ર. વ.૨/અં.૩૫)

**૧૭૫. સભા : અતિપરિણત દોષ કોને કહેવાય ?**

**પૂજ્યશ્રી** : શાસ્ત્રકારે જે ક્રિયાની આજ્ઞા કરી તેમાં મનઃકલ્પિત દોષનું આરોપણ કરી વિચારવું તે અતિપરિણત દોષ. જ્ઞાનીને અમુક ક્રિયા મુનિ કે શ્રાવક માટે કરવાની કહી, એ ક્રિયા કરતી વખતે સ્વમતિકલ્પનાથી દોષની સંભાવના કરવી, તેનું નામ અતિ પરિણત દોષ. (જૈ. પ્ર. વ.૩/અં.૬)

**૧૭૬. સભા : યુરોપ વગેરે દેશોમાં તો ઘણું સુખ દેખાય છે, તેનું કારણ શું ?**

**પૂજ્યશ્રી** : કારણ તમારી દૃષ્ટિ ઊંધી છે. તમે દૂરથી ડુંગરા રળિયામણા જોઈ રહ્યા છો. ત્યાં સુખ છે ? આર્યપ્રજા આટલી નીચી હદે પહોંચવા છતાં પણ જે શાન્તિ અનુભવી રહી છે, તે ત્યાં નથી. ઊંડા ઊતરો તો માલૂમ પડે. આજે પરણનારને ત્યાં એ ખાતરી નહિ કે અમારો સંસાર ચોવીસ કલાક

નભશે જ. અહીં ? ધણી ગરીબ થઈ જાય, ખાવાની મુશ્કેલી પડે, પહેરવા પૂરાં કપડાં ન હોય, ધણી પથારીમાં સબડતો હોય, છતાં કુલટા સિવાય કોઈ સ્ત્રી ધણીથી બેવફા બને નહિ. આજે તમને જે દુઃખ છે, તેમાં ઘણું-ખરું તો તમે તમારું ભૂલ્યા અને નકલી બન્યા એનું છે. એ પ્રજા પાસેથી શીખવા જોગું ન શીખ્યા અને તમારા ઘરમાં હોળી સળગાવે તેની નકલ કરવા માંડી ! સાચા જૈન બની જાવ તો આપોઆપ સમજાઈ જાય તેમ છે. જૈન તો શું પણ આર્ય દેશના સર્વસામાન્ય સંસ્કારોમાં પણ એ પરિબળ છે કે આજની કારમી અશાંતિને અને ક્ષુદ્રવૃત્તિથી ઉત્પન્ન થયેલાં દુઃખને ટાળે, પણ ખરી વાત એ છે કે આજનો માનવી શાંતિભૂખ્યો નથી રહ્યો, ભટકતો બની ગયો છે. (જૈ. પ્ર. વ.૯/અં.૧૩)

**૧૭૭. સભા :** અલ્પારંભ અને અલ્પપરિગ્રહમાં આવે કેટલું ? પુણિયા શ્રાવક જેવું જોઈએ ?

**પૂજ્યશ્રી :** પોતાના અને પોતાના આશ્રિત કુટુંબના નિર્વાહ અંગેની જોગવાઈથી અધિક પરિગ્રહ રાખો નહિ અને એથી અધિક પરિગ્રહની ઈચ્છા પણ કરો નહિ તેમ જ જીવનનિર્વાહ અંગે જે કાંઈ વ્યાપારાદિ કરવા પડે તે ય જેમાં મહારંભ એટલે ઘણી મોટી જીવહિંસા થતી હોય તેવા ન કરો તેમ જ ખાનપાન આદિ અંગે પણ ઈન્દ્રિયો ઉપર કાબૂ કેળવીને જેમ બને તેમ ઓછા આરંભ કરો, તો ખુશીથી તમે અલ્પારંભી અને અલ્પપરિગ્રહી બની શકો. પુણિયો શ્રાવક તો અલ્પારંભ અને અલ્પરિગ્રહીનું બહુ ઊંચુ

ઉદાહરણ છે, પણ અલ્પારંભ અને અલ્પપરિગ્રહની ઈચ્છાવાળાએ એ ઉદાહરણને આંખ સામે જરૂર રાખવું જોઈએ. જરૂર કરતાં ય ઓછું મળે ત્યારે પણ એ ઉદાહરણ લક્ષ્યમાં હોય તો ઊંધું-છતું કરવાનું મન થવાને બદલે ઓછાથી પણ નિભાવી લેવાનું મન થાય. પોતાની તેવી સ્થિતિમાં પણ પુણિયો શ્રાવક કેટલી બધી શાન્તિથી રહ્યો ? એનું સામાયિક કેટલું બધું સમભાવવાળું ? એટલો સમભાવ સામાયિકમાં પણ રાત-દિવસ ઉપાધિથી બળતા માણસને આવે શી રીતિએ ? (જૈ. પ્ર. વ.૨૨/અં.૩૮)


**૧૭૮. સભા : જૈનશાસ્ત્રોમાં હિંસાની વ્યાખ્યા શું કહી છે ?**

**પૂજ્યશ્રી** : "**प्रमत्तयोगात्प्राणव्यपरोपणं हिंसा**" "પ્રમાદના યોગથી પ્રાણનો ઘાત થાય તેનું નામ હિંસા." પ્રમાદ પાંચ છેઃ મદ્ય,વિષય, કષાય, વિકથા અને નિદ્રા. વિષય અને કષાય, એ પણ પ્રમાદ છે. એ રૂપ જે પ્રમાદ, તેની આધીનતાથી કોઈ પ્રાણીનો ઘાત થાય, એનું નામ હિંસા. મારવો, વાણીનો પ્રહાર કરવો, હૃદયને દુઃખ કરવું, એ બધું હિંસામાં આવી જશે. (જૈ. પ્ર. વ.૩/અં.૩૦)

**૧૭૯. સભા : વિરતિ લેનારની યોગ્યતા જોવી જોઈએ ને !**

**પૂજ્યશ્રી** : વિરતિ લેનારની યોગ્યતા જોવાની લાયકાત કોની ? કીચ્ચડમાં પડી રહેલા, બૈરીનું મોઢું જોયા કરનારા, બચ્ચું જોઈને ગાંડાઘેલા બનનારા માણસો વિરતિ લેનારની પરીક્ષા કરશે ? પરીક્ષક ક્યારે થવાય ? પ્રથમ વિદ્યાર્થી બનો, પછી શિક્ષક બનો. તે પછી પરીક્ષક બનાશે. જજ ની

જગ્યા એકદમ ન મળે. કાયદાનો અભ્યાસ કર્યા પછી કેટલોક વખત વકીલાતનો અભ્યાસ કર્યા બાદ એ જગ્યા મળે. વકીલાત કેમ થાય, વકીલો કાયદાનો ઉપયોગ કેમ કરે, તે જાણવું જોઈએ ! સમ્યક્ત્વનું ઠેકાણું નહિ, વિરતિ ઉપર પ્રેમ નહિ, મારું ઘર-મારી સ્ત્રી-મારાં છોકરાં કહેનારા વિરતિ લેનારા પુણ્યાત્માની પરીક્ષા કરશે ? એવું બોલો, કે જે સાંભળી બહારના પણ બે ઘડી વિચાર રે ! પરીક્ષા કોણ કોની કરે ?(?)



*ગરીબ સંતોષી હોય તો એ જે સુખનો અનુભવ કરી શકે છે.*
*તેવા સુખનો અનુભવ, અસંતોષી શ્રીમંત પણ નથી કરી શકતો. (?)*

# ❀ પ્રતિક્રમણ ❀

**૧૮૦. સભા : વાર્ષિક પ્રતિક્રમણમાં કાયોત્સર્ગનું પરિમાણ કેટલું છે ?**

**પૂજ્યશ્રી** : પાપ કરવાની મના કરતા આ શાસનમાં પાપ થઈ જાય અગર કરવું પડે, તેનાં પ્રાયશ્ચિત્ત પણ છે અને પ્રતિક્રમણ પણ છે. આ શાસનમાં પ્રતિક્રમણ 'દેવસી, રાત્રિક, પાક્ષિક, ચાતુર્માસિક અને વાર્ષિક એટલે સાંવત્સરિક' આ પાંચ છે. જેમ પાક્ષિક પ્રતિક્રમણમાં **ત્રણસો** શ્વાસોશ્વાસનો કાયોત્સર્ગ છે અને ચાતુર્માસિકમાં **પાંચસો** શ્વાસોશ્વાસનો કાયોત્સર્ગ છે તેમ સાંવત્સરિક પ્રતિક્રમણમાં **એક હજાર ને આઠ** શ્વાસોશ્વાસનો કાયોત્સર્ગ છે. કારણ કે પાક્ષિક પ્રતિક્રમણમાં બાર લોગસ્સનો કાયોત્સર્ગ છે, ત્યારે ચાતુર્માસિક પ્રતિક્રમણમાં વીસ લોગસ્સનો અને સાંવત્સરિક પ્રતિક્રમણમાં ચાલીસ લોગસ્સ અને એક નવકારનો કાયોત્સર્ગ છે. શાસ્ત્રમાં જેટલાં પદ, તેટલા શ્વાસોશ્વાસ કહ્યા છે અને કાયોત્સર્ગમાં લોગસ્સ 'ચંદેસુ નિમ્મલયરા' સુધી ગણવાનો હોવાથી, એક લોગસ્સના પચીસ શ્વાસોશ્વાસ જ થાય. કારણ કે લોગસ્સનાં પદ સત્તાવીસ છે, પણ બે પદો નીકળી જવાથી પચીસ જ રહે છે. એ હિસાબે ચાલીસ લોગસ્સના એક હજાર શ્વાસોશ્વાસ અને ઉપરના એક નવકારના આઠ શ્વાસોશ્વાસ, એ રીતે વાર્ષિક પ્રતિક્રમણના ચાલીસ લોગસ્સ અને એક નવકારના કાઉસ્સગ્ગમાં ૧૦૦૮ શ્વાસોશ્વાસ થાય છે.

મુક્તિપ્રાપક કાયોત્સર્ગનું પણ પ્રાસંગિક ફળ વર્ણવતાં ઉપકારી મહા-પુરુષ ફરમાવે છે કે-

" लक्खदुगसहस्सपणचत-चउसया अट्ठ चेव पलियाइं ।
किंचूणा चउभागा, सुराउबंधो इगुस्सासे ।।१।।"

'એક શ્વાસોશ્વાસની અંદર બે લાખ પિસ્તાલીસ હજાર ચાર સો ને આઠ (૨,૪૫,૪૦૮) પલ્યોપમ અખંડ અને તેના ઉપર એક પલ્યોપમના નવ ભાગ કરીએ, તેમાંના કંઈક ઊણા એવા ચાર ભાગ જેટલા દેવતાના આયુષ્યનો બંધ શુદ્ધ કાયોત્સર્ગ કરનાર આત્માને થાય છે.'

આ જ રીતે આખા નવકાર મંત્રના આઠ શ્વાસોશ્વાસની અંદર ઓગણીસ લાખ ત્રેસઠ હજાર ને બસો સડસઠ (૧૯,૬૩,૨૬૭) પલ્યોપમ જેટલું દેવનું આયુષ્ય બાંધે છે અને એક લોગસ્સના પચ્ચીશ શ્વાસોશ્વાસની અંદર એકસઠ લાખ, પાત્રીસ હજાર બસો ને દસ (૬૧,૩૫,૨૧૦) પલ્યોપમનું દેવાયુષ્ય બાંધે છે, અર્થાત્ એટલા પલ્યોપમનું જ્યાં આયુષ્ય હોય, તે તે દેવગતિમાં તે આત્મા ઉત્પન્ન થાય છે.

આવા ઉત્તમ ફળને આપનારા અને પરિણામે મુક્તિપદે પહોંચાડનારા કાયોત્સર્ગોમાં જેમ તેમ હલાય નહિ, બડબડાટ થાય નહિ, મચ્છર આદિ શરીર ઉપર બેસે તો તેના ઉપર પ્રહાર કે દુર્ભાવ આદિ થાય નહિ, કિંતુ સ્થિરતાપૂર્વક શાંતિથી કાયોત્સર્ગના ધ્યાનમાં જ રહેવાય. (જૈ. પ્ર. વ.૨/અં.૧૩+૧૪)

*પાપથી પાછો વળે, એ જ સાચું* **પ્રતિક્રમણ.**

# ※ ભૂગોળ ※

**પૂર્વભૂમિકા** : શ્રીસંઘની મેરુના રૂપકથી સ્તવના કરવામાં આવી છે. શ્રી મેરુ, એ આખા લોકમાં શોભારૂપ છે, મર્યાદા કરનાર છે અને શાશ્વત છે : તેમ જ શ્રી સંઘ એ પણ લોકમાં શોભારૂપ છે, મર્યાદા કરનાર છે અને શાશ્વત છે. એટલે એની સામેની તમામ કાર્યવાહી, નિરુપાયે રદ જ થવાની છે. મેરૂ પર્વત એક લાખ યોજનનો છે, સુવર્ણમય છે, સૌથી ઊંચો છે અને દેખાવડો છે : એવો રમણીય છે કે-દેવોને પણ ત્યાં રમવા આવવાનું મન થાય છે. શ્રી જિનેશ્વરદેવોના જન્માભિષેક મહોત્સવો પણ ત્યાં થાય છે. આ બધી યોગ્યતા છે, તો શોભારૂપ છે ને ! તે કોરા પાષાણમય જ હોત, તો તે શોભારૂપ ગણાત ?

**૧૮૧. સભા : મેરુ જો લોકની મધ્યમાં અને સુવર્ણમય છે, તો દેખાતો કેમ નથી ?**

**પૂજ્યશ્રી** : હીનશક્તિ કે શક્તિ વગરના ન જોઇ શકે, માટે વસ્તુ નથી એમ કહેવાય? બધી ચીજો જ્ઞાનહીન જોઇ ન શકે. જોવી હોય તો જ્ઞાન મેળવો-શક્તિ કેળવો ! ચક્ષુ તો પોતાના વિષયને જુવે ને ! તે પણ પરિમિત ! ભીંતની પૂંઠે શું છે, તે તો જોઇ શકાતું નથી અને મેરુ જોવો છે ?

**૧૮૨. સભા : ભીંત પાછળની વસ્તુ તો વચ્ચે ભીંત આવી માટે ન દેખાય !**

**પૂજ્યશ્રી** : અરે, મેદાનમાં જુઓ ને ! કેટલેક લાંબે જોઇ શકો છો ?

*ભૂગોળના જ્ઞાન દ્વારા સંસારની ભ્રમણતાનું પણ ભાન થાય છે.*

**૧૮૩. સભા : મેરુ પર્વત કેટલા યોજન દૂર છે ?**

**પૂજ્યશ્રી** : ઘણા યોજન. આ જંબુદ્વીપ એક લાખ યોજન પ્રમાણનો છે. તે પણ પ્રમાણાંગુલથી. ઉત્સેધાંગુલથી પ્રમાણાંગુલ ચારસો ગણો મોટો છે અને શ્રી મેરુ પર્વત તેની મધ્યમાં છે.

**૧૮૪. સભા : એ લોકોને સોનું જોઇએ છે, માટે ત્યાં જાય તો?**

**પૂજ્યશ્રી** : અહીં છે તે ભાગવા માંડે છે, તો વળી ત્યાંની વાત ક્યાં ? શ્રી સિદ્ધગિરિ ઉપર, શ્રી જિનેશ્વરદેવની રત્નની મૂર્તિ હતી, તે પણ કાળની વિષમતા જોઇને ગુફામાં પધરાવી દીધી, એનું વર્ણન કરતાં પૂજામાં પંડિત વીરવિજયજી મહારાજા કહે છે કે

**''સાતમોદ્ધારમેં ચક્રી, સગર સુર ચિંતવી;**
**દુઃષમકાલ વિચાર, ગુફામેં જા ઠવી.**
**-હાં હાં રે ગુફા''**

અત્યારે આપણે જ આ ભરતક્ષેત્રમાં વસીએ છીએ, તે ભરતક્ષેત્ર પાંચસે છવ્વીસ યોજન ને છ કળાનું છે. એની વચ્ચે વૈતાઢ્ય છે, ઉત્તરમાં ત્રણ ખંડ છે. ચક્રવર્તીના વખતમાં છયે ખંડ ખુલ્લા હોય છે, ચક્રવર્તીની ગેરહાજરીમાં વૈતાઢ્યની ગુફા બંધ થવાથી, ત્રણ જ ખંડ ખુલ્લા રહે છે. આ બાજુના આ બાજુ અને તે બાજુના તે બાજુ. ગમે તેટલી રમત કરો, તે આ ત્રણ ખંડમાં જ ! અત્યારે બધી દુનિયા ખૂંદી વાળો, પણ એ એક જ દિશામાં. માટે તેઓ ત્યાં જઇ શકે એવી શંકા જ ન રાખતા. અલ્પજ્ઞાની થોડું જુએ, માટે તે જે વસ્તુ ન જોઇ શકે, તે વસ્તુ ન હોય

એમ બને ? અમેરિકા નહોતો શોધાયો, ત્યારે શોધકો પૃથ્વી આટલી જ માનતા હતા અને હાથ લાગી ગયો ત્યારે કહ્યું કે-હજી એક મોટો દેશ છે. શોધકો દુરાગ્રહી નથી હોતા, એ તો કહે છે કે-અમને આ મળ્યું, હજી વધુ મળે તો ના નથી. દુરાગ્રહી તો આ લોકો છે. ચર્મચક્ષુવાળા પૂરું જોઇ જ ન શકે. આંખની જોવાની તાકાત કેટલી ? તેજ હોય, અંધારૂં ન હોય, આડે ભીંત વિગેરે ન હોય, તો પણ અમુક છેટે સુધી જ જોઇ શકે. આયુષ્ય પણ અલ્પ, ગણી શકાય એવું આયુષ્ય પણ ઘણું છે. એના હિસાબે પણ આજનું આયુષ્ય પ્રમાણમાં કંઇ જ નથી. હવે આ સંયોગમાં જુએ કેટલું ? આ સંયોગમાં જેટલું પોતે જોયું તેટલું જ હોય અને બીજું ન હોય,-એમ કહેવું એ મૂર્ખાઇ છે : માટે જ્ઞાનીએ કહેલી વસ્તુનો સ્વીકાર કરી, અનંતજ્ઞાનીની આજ્ઞા મુજબ જ્ઞેય વસ્તુને જાણી, તેમાંની હેય વસ્તુનો ત્યાગ કરી અને ઉપાદેય વસ્તુને અંગીકાર કરી, આ સંસારથી મુક્તિ સાધવી એ જ ઇષ્ટ છે.

બાકી આંખ વિગેરેની શક્તિની તરતમતા તો અનુભવસિદ્ધ છે. ચઢતી-ઊતરતી શક્તિ તો નજરે દેખાય છે. દુનિયામાં અલ્પ શક્તિવાળા પણ હોય, અધિક શક્તિવાળા પણ હોય, અને સંપૂર્ણ શક્તિવાળા પણ હોય. 'આ ક્ષેત્રમાં સંપૂર્ણ શક્તિવાળા થઇ ગયેલા છે'- અમે આપણે માનીએ છીએ, તેઓ એમ ન માનતા હોય અને થવાના છે એમ માનતા હોય, તો યે તેઓએ મૌન રહેવું ઘટે અને બોલવું-લખવું હોય તો પણ મર્યાદિત અને શંકિત રહેવું જોઇએ. બાકી આપણે તો કહી શકીએ છીએ કે-'અનંતજ્ઞાનીઓ થઇ ગયા. અમને એમના ઉપર સંપૂર્ણ વિશ્વાસ છે,

માટે અમે તો દરેક વસ્તુ નિશ્ચયાત્મક રીતે એમનાં વચનો દ્વારા કહી શકીએ છીએ માટે કહીએ છીએ, પણ તમારે તો મૌન જ રહેવું ઘટે, કારણ કે-અધૂરાઓને અને અધૂરાઓના અનુયાયીઓને, નિશ્ચિત કે આખું કહેવાનો હક્ક નથી.' એવાઓને તો બેય રીતે મૂંગા થવું પડે તેમ છે. જો 'પૂર્વે થઇ ગયેલા છે' એમ માને, તો એમના કહ્યા મુજબ કહેવું જોઇએ. અને 'ભવિષ્યમાં થવાના છે' એમ માને, તો પણ ચૂપ રહેવું જોઇએ.


**૧૮૫. સભા : એ લોકો જ્ઞાની હવે થવાના માને છે ?**

**પૂજ્યશ્રી** : હા ! કેમ કે ઉત્ક્રાંતિ હવે થાય છે, એમ કેટલાક માને છે. ઉત્ક્રાંતિ એટલે વધારો, સુધારો કે વિપ્લવ, તે એમનો દાદો જાણે ! બસ, ક્રાંતિ શબ્દ પકડ્યો છે. 'ક્રાંતિ જાતની કે પારકી ? ક્રાંતિ કરવી છે, એટલે કરવું છે શું?' આ પ્રશ્નના વાસ્તવિક ઉત્તરો તેઓ પાસે નથી. ક્રાંતિ શબ્દ પણ એમનો પોતાનો નથી, પણ કોષમાંથી લાવ્યા છે.

**૧૮૬. સભા : એ લોકો તો કહે છે કે-મહાવીર ભગવાને પણ ક્રાંતિ કરી હતી.**

**પૂજ્યશ્રી** : એવાઓ કહે છે એવી ક્રાન્તિ કરવાની વાતમાં શ્રીમાન મહાવીરદેવનું નામ જોડનારા મૂર્ખા છે, કારણ કે-આ શાસન તો સ્પષ્ટે સ્પષ્ટ કહે છે કે-જે વસ્તુ ભૂતકાલમાં થઇ ગયેલા અનંતા તીર્થંકરદેવોએ કહી છે, તે જ વસ્તુ ભગવાન શ્રી મહાવીરદેવે કહી છે અને તે જ વસ્તુ ભવિષ્યમાં થનારા અનંતા તીર્થંકરદેવો પણ કહેશે : કારણ કે-અનંત જ્ઞાનીઓના કથનમાં ફેરફાર હોય જ નહિ. વારૂ, ક્રાંતિ એટલે વસ્તુ અને વસ્તુના સ્વામીમાં

ફેરફાર, એમ કહેતા હોય તો ફેરફાર તો ચાલુ જ છે. આયુષ્ય ઘટ્યાં, શરીર ઘટ્યાં, બળ ઘટ્યું, લક્ષ્મી ઘટી, પૃથ્વીના રસકસ ઘટયા, સામગ્રી ઘટી, રોગો વધ્યા, શ્રીમંતાઇ ઘટી અને દારિદ્ર આવ્યું, ક્ષમા ગઇ અને ક્રોધ આવ્યો, શાન્તિ ગઇ અને અશાન્તિ આવી, - આમ બધાય ફેરફાર તો ચાલુ જ છે. 'પહેલા ગાદી ઉપર ટેકાથી બેસતા, હવે ખુરશીટેબલ ઉપર પગ નીચે રાખીને બેસવું પડે છે. પુણ્ય ગયું, પાપ વધ્યું.'-આવા આવા ફેરફાર તો રોજ ચાલુ છે. ફેરફાર કરવાનું કહેનારાને પૂછો કે-'કરવા શું માગો? નવું શું કરવા માગો છો ?' (જૈ. પ્ર. વ.૨/અં.૮)



# ❀ મરણ ❀

**૧૮૭. સભા : મરણ વખતે આટલી પીડા કહી છે, તો એ પીડાથી છોડવા એને વહેલો મરાય ?**

**પૂજ્યશ્રી** : એવા પ્રસંગે તો શાસ્ત્રે અડવાની પણ મના કરી છે. ચામડી બહુ બળે ત્યારે અડાય નહિ : દવા પણ ન ચોપડાય. માથું સાધારણ દુઃખે ત્યારે બામ વિગેરે દવા ચોપડાય, પણ બહુ જ દુઃખે ત્યારે અડાય પણ નહિ. તેવી જ રીતિએ મરણ વખતની સ્થિતિ ભયંકર હોય છે, એટલે છેલ્લી ઘડીએ તો એને અડવામાં પણ દોષ છે. એ વખતે કોઈ પણ રીતે એ આત્માને શુભ ધ્યાનમાં જોડાય તે માટે પ્રભુની મૂર્તિ વગેરે બતાવાય, નવકાર મંત્ર સંભળાવાય. જો એમાં આત્મા તન્મય થાય તો ઉપકાર થઈ શકે છે : એ સિવાય ઉપકાર થઈ શકે તેમ નથી.

મરણ સમયે રોવા-કૂટવાનું ન કરાય, પણ એ આત્માને ઉત્તમ ભાવનામાં જોડાય. શ્રીમંતને માટે તો એ વખતે ભયંકર દશા છે, કેમ કે-વીલ અને સીલની મોટી પંચાત હોય છે. શ્રી જૈનશાસન દુનિયાથી જુદું છે : એના સાધુ પણ દુનિયાથી જુદા છે. એટલે સંસારરસિક આત્માઓની દૃષ્ટિએ દુનિયાને એ ઊલટા દેખાય છે. સંસારરસિક જ્યારે દુનિયાને સારી માને ત્યારે જૈન છોડવા યોગ્ય માને. 'મળેલું કેમ ન ભોગવવું ?'-એ ઈતરની ભાવના, ત્યારે 'મળેલું કેમ ન મૂકવું ?'-એ જૈનની ભાવના !

સાચો આરાધક-સાધક મરણને મહોત્સવ રૂપ માનતો હોય.

**૧૮૮. સભા : છેલ્લે નવકારથી વેદના ઓછી થાય ?**

**પૂજ્યશ્રી** : ગમે તેવું માથું દુઃખતું હોય, પણ લાખ મળ્યાના સમાચારથી (વેદના) બંધ થાય છે ને ! તો અનંતજ્ઞાનીના વચનથી વેદના કેમ ઓછી ન થાય ? આયુષ્ય બંધાયું હોય તો કદી બીજી ગતિ થાય, પણ પેલા સારા સંસ્કારો ફળ આપે જ. અધમ કુલમાં સારા સંસ્કારવાળા દેખાય છે તે આ રીતે. આયુષ્ય બંધાયેલું એટલે આવ્યા એ ગતિમાં ખરા, પણ આગળ-પાછળ સારા સંસ્કાર મળેલા તે અહીં પણ દેખાય છે. આ ચીજ પીડાતાને શાંતિ જરૂર આપે. દુનિયાની ચીજ શાંતિ ન આપી શકે. અબજોપતિ પણ મરતી વખતે મૂંઝાય, કારણ કે આ ભોગવશે કોણ ? પણ પ્રભુશાસનને પામેલો ન મૂંઝાય, કારણ કે આ શાસનમાં તો ઘરબાર, કુટુંબપરિવાર, રાજઋદ્ધિસિદ્ધિ વિગેરે તમામને પર માનેલ છે. શરીરને પણ પર માનેલ છે. જે શરીરને પર માને તે પ્રવૃત્તિ કઈ કરે ? એના વિચારો, ભાવના વિગેરે કેવું હોય ? તાવમાં કદાચ બૂમ પડી જાય, પણ એ મૂંઝાય નહિ. (જૈ. પ્ર. વ.૨/અં.૩૫)

**પૂર્વભૂમિકા : 'સુખ આવ્યે જીવિતની વાંછા થવી અને દુઃખ આવ્યે મરણની વાંછા થવી' -એ પાપરૂપ શાથી છે ?**

એવી ખરાબ હાલત વખતે દુર્ધ્યાનથી બચવું અને શુભ ધ્યાનમાં લીન બનવું, એ સામાન્ય વાત નથી : પણ સુન્દર ભવિતવ્યતાવાળા પુણ્યાત્માઓ એવા પણ અવસરે પોતાનું મરણ સુધારી લેવા દ્વારા પોતાના પરલોકને સુધારી લે, તે સ્વાભાવિક છે. શુભ મરણ એ શુભ ગતિનું સૂચક છે. તમને ખ્યાલ તો હશે જ કે શ્રી જયવીયરાય નામના પ્રાર્થનાસૂત્રમાં ભવનિર્વેદ આદિની માગણી આવે છે. તેમાં 'સમાધિમરણ' ની પણ યાચના કરાય છે.

**૧૮૯. સભા : અતિચારમાં આવે છે કે 'સુખ આવ્યે જીવિત વાંછ્યું, દુઃખ આવ્યે મરણ વાંછ્યુ.' તો શું મરણની માગણી થઈ શકે ?**

**પૂજ્યશ્રી** : દુન્યવી સુખસામગ્રીની અનુકૂળતાના સમયે જીવનની ઈચ્છા કરવી એ જેમ પાપરૂપ છે, તેમ દુન્યવી સુખસામગ્રીની પ્રતિકૂળતાના સમયે મરણની ઈચ્છા કરવી એ પણ પાપરૂપ છે.

**સભા : એ કેમ ?**

**પૂજ્યશ્રી** : દુન્યવી સુખની ઈચ્છા એ જ પાપની જડ છે. દુન્યવી સુખસામગ્રીની અનુકૂળતા મળતાં જ –'હું હવે વધારે જીવું તો સારું !' – એવી ઈચ્છા થાય, એનો અર્થ જ એ છે કે તે આત્માને દુન્યવી સુખોની સામગ્રીના ભોગોપભોગો બહુ ગમે છે. એને એમાં રસ છે. એ પ્રકારની રસિકતા વસ્તુત : પાપની રસિકતા સૂચવે છે : કારણ કે તેવા ભોગોપભોગો એ પાપનું કારણ છે. વિચારી જુઓ કે દુન્યવી સુખની લાલસા એ અશુભ ધ્યાન છે કે શુભ ધ્યાન ?

**સભા : અશુભ ધ્યાન.**

**પૂજ્યશ્રી** : અશુભ ધ્યાનથી પાપ બંધાય કે પુણ્ય બંધાય કે પછી કર્મોની નિર્જરા થાય ? શું થાય ?


**સભા : પાપ બંધાય.**

**પૂજ્યશ્રી** : તો તો પછી સુખ આવ્યે જીવિતની વાંછા કરવી એ અતિચાર ગણાય, તેમાં શંકાને કારણ નથી રહેતું.

એ જ રીતિએ દુઃખ આવ્યે મરણ ઈચ્છવું એ પણ પાપનું કારણ છે.

આ દુનિયામાં દુઃખ કોઈને ય ગમતું નથી અને સુખ સૌને ગમે છે એ સ્પષ્ટ છે. પરન્તુ જે સુખ, દુઃખને પેદા કરનારું હોય તેવા સુખમાં વિવેકી આત્માઓ રાચતા નથી. એટલું જ નહિ પણ સુખના સાધક દુઃખને વિવેકી આત્માઓ વધાવી લે છે. ચક્રવર્તીઓ છ ખંડની સાહ્યબી તજી કઠોર સંયમનું પાલન કરે, એ શાનો પ્રતાપ ? દુઃખ વેઠીને શાશ્વત સુખ સંપાદન કરવાની વૃત્તિનો એ પ્રતાપ છે. છ ખંડની સાહ્યબીનું સુખ ભોગવતાં રહેતાં પરિણામે નરકનાં ભયંકર દુઃખો વેઠવાનો વખત આવે અને એ સુખમાં નહિ લેપાતાં તેને તજી સંયમની સાધનામાં જો રત બનાય તો પરિણામે મોક્ષસુખની પ્રાપ્તિ થાય, એમ જ્ઞાનીઓ ફરમાવે છે. જ્ઞાનીઓના એ કથનને હૃદયસ્થ બનાવીને સંયમ-સાધનામાં લીન બનનારા તરી ગયા અને કેઈ ચક્રવર્તીઓ દુન્યવી સુખમાં લીન બનવાના કારણે નરકે ચાલ્યા ગયા. આથી દુન્યવી સુખમાં મૂંઝાવું ન જોઈએ તેમ જ સુખના કારણભૂત બનતા દુઃખને સાનન્દ સહી લેવા તત્પર બનવું જોઈએ. દુઃખ આવ્યે મરણની ઈચ્છા, એ તો અજ્ઞાનતા છે. પાપના ઉદયે દુઃખની પ્રાપ્તિ થાય છે. મરવાની ઈચ્છા કરવા માત્રથી દુઃખ ભાગી જતું નથી. માણસ આત્મઘાત કરે એથી એ અશુભ કર્મોના પરિણામથી બચી જાય છે એવું નથી. જ્યારે આ સ્થિતિ છે, તો જે ભવમાં સુંદરમાં સુંદર પ્રકારે વિવેકમય જીવન જીવી અનંત સંસારમાં રઝળતા આત્માનો ઉદ્ધાર સાધી શકાય તેમ છે, તેવા આ ભવને પામી દુઃખ આવ્યે મરણ વાંછવું, એમાં કયું ડહાપણ છે ? વસ્તુતઃ તેવી ઈચ્છાનું મૂળ અવિવેકી દશા છે અને અવિવેકી દશા એ પાપનું કારણ

છે. દુઃખ આવે ત્યારે તેને પોતાનો પાપોદય માનવો જોઈએ. પોતાના પાપોદયને સમજીને આવેલા ભયંકરમાં ભયંકર કોટિના પણ દુઃખને સમભાવે સહી લેવા તત્પર બનવું જોઈએ. આવેલા દુઃખને સમભાવે સહેનારો આત્મા બીજા પણ અનેક અશુભ કર્મોની નિર્જરા કરનારો બને છે, જ્યારે આવેલા દુઃખથી ડરીને મરવાના વિચારો કરવા વગેરેરૂપ દુર્ધ્યાનમાં પડનારો આત્મા બીજા તેથી પણ કદાય વધારે દુઃખને પેદા કરનારાં અનેક અશુભ કર્મોને ઉપાર્જનારો છે. (જૈ. પ્ર. વ.૧૦/અં.૭)



*આજે માણસને મરણનો ભય છે,*
*પણ મર્યા પછી ક્યાં જઈશું એનો ભય નથી.*

# ❀ મનુષ્યજન્મ ❀

**૧૯૦. સભા : માનવ-જન્મ જ મહાન કેમ ?**

**પૂજ્યશ્રી** : નરક ગતિમાં દુઃખ સિવાય કશું નથી. દેવ-ગતિ એવી છે કે ત્યાં ભૌતિક સુખનો સાગર છલકાય છે. પશુ જન્મ કેવો છે અને એમાં શું છે ? એ તો તમે પ્રત્યક્ષ જોઈ શકો છો. આ બધો વિચાર કરશો પછી જ માનવ-જન્મની મહત્તા આંકી શકશો. (૧૦૮/૧૫)

**૧૯૧. સભા : આત્માની સાથે કર્મ લાગેલાં છે તેથી જ જીવને જન્મવું પડે છે.**

**પૂજ્યશ્રી** : એટલે મરતી વખતે પણ આત્માને કર્મ લાગેલાં રહ્યાં હોય તો જ જીવને જન્મવું પડે ને ? અને મરતી વખતે પણ તે જ જીવને કર્મ વળગેલાં રહે ને કે જે જીવનાં ઘાતી કર્મનો ક્ષય થવા પામ્યો હોય નહિ ? જે જીવનાં ઘાતી કર્મનો ક્ષય થવા પામે, તે જીવ તો મરણની સાથે કર્મથી રહિત જ બની જાય; પણ ઘાતી કર્મ ગયાં ન હોય તો જીવ મરે તો પણ કર્મ એને વળગેલાં જ રહે. ત્યારે કર્મમાં ભારે કર્મ કયાં ? કર્મ કેટલાં ? આઠ પ્રકારનાં કર્મ. તેમાં ચાર ઘાતી અને ચાર અઘાતી. તેમાં ઘાતી કર્મ એ પાપકર્મ જ, કેમ કે-એ ચારેય કર્મોની પ્રકૃતિઓમાંની કોઇ પણ પ્રકૃતિ પુણ્યપ્રકૃતિઓમાં આવતી નથી. આ ચાર ઘાતીમાં પણ પ્રધાન ઘાતીકર્મ મોહનીય. એના યોગ વિના જીવને જન્મવું પડે નહિ. એટલે આ જન્મ એ આમ તો દુઃખનું જ નિમિત્ત છે. શરીર બન્યું કે દુઃખ શરૂ થયું.

*દશ દ્રષ્ટાન્તે* **મનુષ્યજન્મ** *દુર્લભ કહ્યો છે.*

**૧૯૨. સભા : આ રીતિએ આ જન્મ દુઃખનું નિમિત્ત હોવા છતાં પણ, જ્ઞાનીઓએ મનુષ્યજન્મને વખાણ્યો કેમ ?**

**પૂજ્યશ્રી** : એ માટે કે-મનુષ્યજન્મને પામેલો જીવ જો ડાહ્યો થઇ જાય, શાણો ને સારો થઇ જાય, તો દુઃખના નિમિત્તભૂત એવો પણ આ મનુષ્યજન્મ, એને માટે સુલબ્ધ કોટિનો થઇ જાય છે. એણે આ જન્મ સારો મેળવ્યો અને સારી રીતિએ મેળવ્યો એમ કહી શકાય. ભગવાન શ્રી જિનેશ્વરદેવો આદિને માટે કહેવાય છે ને કે એ જે દેશમાં જન્મ્યાં ; એ દેશ ધન્ય; એ જે ગામમાં જન્મ્યાં, એ ગામ ધન્ય; એ જે માતાની કુક્ષિએથી જન્મ્યાં, એ માતા ધન્ય; અને એ જે પિતાને ત્યાં જન્મ્યાં, તે પિતા ધન્ય ! આવું આપણે શાથી બોલીએ છીએ ? આવું આપણે શું જોઇને બોલીએ છીએ ? આપણે એ પુણ્યપુરુષોનાં કામ જોઇએ છીએ અને એ કામોનું પરિણામ જોઇએ છીએ, માટે એવું કહીએ છીએ ને ? એ જ રીતિએ દુઃખના નિમિત્તભૂત એવા પણ જન્મને સારો કહેવાય ? સુલબ્ધ કહેવાય ? હા. એટલા માટે જ શ્રી **તત્ત્વાર્થ સૂત્રકાર** ભગવાને પહેલી આર્યા દ્વારા ફરમાવ્યું છે કે-

**“ सम्यग्दर्शनशुद्धं यो, ज्ञानं विरतिमेव चाप्नोति ।**
**दुःखनिमित्तमपीदं, तेन सुलब्धं भवति जन्म”** ।।१।।

કહે છે કે-જે જીવ આ મનુષ્યજન્મને પામીને સમ્યગ્દર્શન વડે શુદ્ધ એવા જ્ઞાનને અને વિરતિને એટલે ચારિત્રને મેળવે છે, તે જીવનો આ દુઃખના નિમિત્ત એવો પણ આ જન્મ, એને માટે સુખનો સર્જક બને છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એક સાથે માનવજન્મમાં જ મેળવી શકાય છે :

ત્યારે મોક્ષનો ઉપાય જાણવો, એટલું જ બસ નથી ને ? મોક્ષના ઉપાયને મોક્ષના ઉપાય તરીકે માનવો, એટલું પણ બસ નથી ને? મોક્ષનો ઉપાય પામવો પણ જોઇએ ને ? માત્ર જાણ્યે ચાલે નહિ; માત્ર જાણ્યે અને માન્યે પણ ચાલે નહિ; મોક્ષના ઉપાયને તો જાણવો પણ જોઇએ, માનવો પણ જોઇએ અને પામવો પણ જોઇએ. તમે ક્યાં સુધી આવ્યા છો ? મોક્ષના ઉપાયને તમે જાણતા પણ થયા છો, એને માનતા પણ થયા છો અને હવે તમે એને પામવાની પેરવીમાં છો, એમ કહું ? મોક્ષના ઉપાયને પામવાને માટે ત્રણેય જોઇએ કે એકથી ચાલે ? મોક્ષના ઉપાયને પામવાને માટે સમ્યગ્દર્શનને સૌથી પહેલું પામવું જોઇએ; સમ્યગ્દર્શનને પામીને ભગવાને કહેલા તત્ત્વભૂત પદાર્થોના પરમાર્થનું જ્ઞાન મેળવવાનો પુરૂષાર્થ પણ કરવો જ જોઇએ ને ? એટલે સમ્યગ્દર્શનને પામીને સમ્યગ્જ્ઞાનનો વિકાસ સાધવાનો પ્રયત્ન કરવો જોઇએ અને સાથે સમ્યક્ચારિત્રને પણ પામવું જોઇએ. આ ત્રણ જીવનમાં આવે એટલે જીવનમાં મોક્ષમાર્ગ આવ્યો એવું નક્કી થઇ જાય. જે જીવમાં સમ્યક્ચારિત્ર આવે, તેનામાં સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન હોય જ. એ જીવમાં જો સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન ન હોય, તો સમજવું કે-એનું ચારિત્ર એ સમ્યક્ચારિત્ર નથી. એ જ રીતિએ, જે જીવમાં સમ્યગ્જ્ઞાન હોય, તે જીવમાં સમ્યગ્દર્શન જરૂર હોય. જો એ જીવમાં સમ્યગ્દર્શન ન હોય, તો માનવું કે-એનું જ્ઞાન એ સમ્યગ્જ્ઞાન નથી.

*અજન્મા બનવાની સાધના માત્ર એક*
***મનુષ્યજન્મમાં** જ થઈ શકે છે.*

**૧૯૩. સભા : સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનમાં સમ્યગ્દર્શનની પહેલાં સમ્યગ્જ્ઞાન ને કેમ મૂક્યું નહિ ?**

**પૂજ્યશ્રી** : સમ્યગ્દર્શન વિના જ્ઞાન સમ્યગ્જ્ઞાન બનતું નથી. ગમે તેટલું અને ગમે તેવું જ્ઞાન પણ, સમ્યગ્દર્શન વિના અજ્ઞાન અગર મિથ્યા જ્ઞાન રૂપ હોય છે; જ્યારે સમ્યગ્દર્શન પ્રગટે એટલે જેટલું જ્ઞાન હોય તે બધું સમ્યગ્જ્ઞાન બન્યા વિના રહેતું નથી. માટે નિયમ કે જ્યાં સમ્યગ્જ્ઞાન હોય, ત્યાં સમ્યગ્દર્શન નિયમા હોય અને જ્યાં સમ્યક્ચારિત્ર હોય, ત્યાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન નિયમા હોય. સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન જ્યાં જ્યાં હોય, ત્યાં ત્યાં સમ્યક્ ચારિત્ર નિયમા હોય એવો નિયમ નહિ; એટલે સમ્યગ્દર્શનને પામેલો આત્મા સમ્યગ્જ્ઞાનની વૃદ્ધિનો પ્રયત્ન કરે અને તે પણ શા માટે કરે ? ચારિત્રને પામવાને માટે ! સર્વવિરતિરૂપ ચારિત્રને પામવાને માટે ! દેશવિરતિ કરે તોય તે સર્વવિરતિને પામવાના હેતુથી જ કરે. આ ત્રણેયને જો એકી સાથે મેળવી શકાય તો તે આ માનવજન્મમાં જ મેળવી શકાય. માટે જ્ઞાનીઓએ કહ્યું છે કે-માનવજન્મ જેવો બીજો કોઇ ઉત્તમ જન્મ નથી. ભલે ને આ જન્મ એવો સુલબ્ધ બની જાય, કે જેવો સુલબ્ધ જન્મ દેવતાનો પણ બને નહિ. દેવભવમાં ગર્ભાવાસનું દુઃખ નથી સુખ ઘણું છે, તે છતાં પણ !

**સમ્યક્ચારિત્રની ઇચ્છા ન હોય એ ન બને !**

હવે તમે સમજી ગયા કે-દુઃખના નિમિત્ત એવા પણ આપણા આ માનવજન્મને આપણે ધારીએ તો બીજા બધાય જીવોના જન્મ કરતાં સારો બનાવી શકીએ તેમ છીએ ?

**૧૯૪. સભા : સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન આવ્યું હોય, પણ સમ્યક્ ચારિત્ર ન આવ્યું હોય તો પછી થાય શું ?**

**પૂજ્યશ્રી** : હમણાં આટલું તો નક્કી કરો ! પછી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન હોય છતાં સમ્યક્ચારિત્ર ન હોય તો શું થાય, એ પણ જોઇશું. પણ જ્યાં સમ્યગ્જ્ઞાન હોવા છતાં પણ સમ્યક્ચારિત્ર ન પામી શકાય એવું તો બને જ છે. ભવ જ એવો હોય, તો સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનને પામેલો પણ કરે શું ? વળી ભવ માનવનો હોય, પણ કર્મનું જોર એવું હોય કે-સમ્યક્ચારિત્રને ન પામી શકાય એવું ય બને; સર્વવિરતિ ય ન પામી શકાય અને કદાચ દેશવિરતિ ય ન પામી શકાય, એવું પણ બને. પણ સમ્યક્ચારિત્ર પામવાની ઇચ્છા જ ન હોય, એવું તો બને નહિ ને ? એટલે એના પ્રત્યે એટલો આરાધકભાવ તો હોય ને ? એ ક્યારે બને ? જ્યારે એ વાત જચી જાય કે-તેણે જ પોતાના માનવજન્મને સુલબ્ધ કર્યો ગણાય, કે જેણે સમ્યગ્દર્શન વડે શુદ્ધ એવું જ્ઞાન અને એવું ચારિત્ર મેળવ્યું !

**પૂર્વભૂમિકા** : આપણને આ જન્મ પહેલાં કદી પણ માનવજન્મ મળ્યો નહિ હોય એવું નથી. કદાચ અનંતી વાર પણ આ પહેલાં આપણને મનુષ્યજન્મ મળ્યો હશે. પણ એમાંનો કોઇ જન્મ સુલબ્ધ બન્યો હોય તો જ્ઞાની જાણે, બાકી તો આપણા બધા મનુષ્યજન્મ પણ જાનવરના જન્મ કરતાંય ભૂંડા નીવડેલા. એ જન્મના પ્રતાપે આપણે આપણા અનેક જન્મ-મરણ વધારી દીધેલાં. આવા જન્મને પામીને પણ આપણે આપણા અનન્તા જન્મ-મરણ વધારી દીધાં હોય તો ય નવાઇ નહિ.

એટલે માનવજન્મ તરીકે આ જન્મની કિંમત કેટલા પૂરતી ? સમ્યગ્દર્શન વડે શુદ્ધ જ્ઞાન અને તે સાથે સર્વવિરતિરૂપ ચારિત્ર આ જન્મમાં જ પામી શકાય છે. એ પૂરતી ! એ દૃષ્ટિએ જ દેવભવની કિંમત પણ અંકાણી નથી. જે ભવમાં વિરતી પામી શકાય નહિ, તે ભવની વળી કિંમત શી ? નારકીના જન્મની કિંમત તો તમે ય આંકતા નથી ને ? કર્મ ખપાવવાનાં જેટલાં સાધન અહીં એટલે મનુષ્યભવમાં મળે, તેટલાં સાધન ત્યાં મળી શકતાં જ નથી. ત્યાંની સ્થિતિ જ એવી દુઃખમય, સંક્લેશમય હોય છે કે-હિતનું શ્રવણ પણ ત્યાં સાંપડે નહિ, ત્યાં વળી હિતના ઉપદેશનું આચરણ તો એ જીવોને હોય જ ક્યાંથી ? ત્યારે તિર્યંચનો જન્મેય તમને પસંદ ખરો ? તિર્યંચમાં ગમે તેટલું સુખ મળતું હોય તો ય એ જન્મ પસંદ નહિ ને ?

**૧૯૫. સભા : તિર્યંચને સુખ શાનું ?**

**પૂજ્યશ્રી** : અરે, એવા પણ તિર્યંચ જીવો છે કે-એમને સૂવાનું, બેસવાનું ને રહેવાનું જેવું ઠેકાણું છે, તેવું ઠેકાણું ઘણા ઘણા માનવોને પણ નથી; એમને જેવું ખાવાનું ને પીવાનું મળે છે, તેવું ખાવાનું ને પીવાનું મેળવવાને માટે ઘણા માણસો તરફડે છે તો ય એ માનવોને એવું ખાવાનું ને પીવાનું મળતું નથી; અને એ જીવોનું જેટલું અને જેવું જતન થાય છે, તેવું અને તેટલું જતન પણ ઘણા માણસોનું થતું નથી. તમે એવા તિર્યંચો જોયા નથી, કે જે તિર્યંચો ઘણા ઘણા માનવોની કરતાં પણ અધિક સાહ્યબી ભોગવે છે? સાહેબની મોટરમાં ફરે છે અને સાહેબના ખોળામાં રમે છે.

**સભા** : **એવા તો જૂજ.**

**પૂજ્યશ્રી** : જૂજ પણ ખરા ને ? ખરા જ. પણ એવાને જોઇને ય તમને એવા થવાનું મન થાય ખરું ? કોઇ કોઇ એવા તિર્યંચ જીવો હોય છે કે-દુનિયામાં મોટા મોટા ગણાતા માણસોને પણ એમને જોવાનું મન થાય; એમને વખાણવાનું મન થાય; એમને જોયા પછી એ પ્રાણીઓને દિવસો સુધી માણસ ભૂલી શકે નહિ અને સ્વપ્નમાં પણ કદાચ એની યાદ આવી જાય. આમ છતાં પણ, એવા થવાનું મન કોઇ પણ માનવને થાય નહિ ને ? કોઇ કોઇ વરઘોડામાં શણગારેલા હાથી કઢાય છે ત્યારે લોકો એને જોવા માટે દોડાદોડ કરી મૂકે છે. પાછળથી આગળ દોડીને ને આગળથી પાછળ દોડીને વારંવાર એને જુએ છે. એ ગમે તેવો જોવો ગમે તેવો હોય, પણ કોઇને ય એવા થવાનું મન થાય નહિ ને ? કોઇને ય એવો વિચાર આવે ખરો કે-'હું આવો હાથી બનું તો સારુ ?' નહિ ને ? એટલે નારકજન્મ જેમ પસંદ નથી, તેમ તિર્યંચજન્મ પણ પસંદ નથી, એ તો ખરું જ ને ? વિષયસુખની દૃષ્ટિએ કદાચ દેવજન્મ પસંદ પડી જાય, પણ તેની ય સમજુ જીવને મન કશી જ કિંમત હોતી નથી, કારણ કે ત્યાં મોક્ષમાર્ગરૂપ રત્નત્રયી પામી શકાતી નથી. સમજુ જીવને તો જન્મ તરીકે એક માનવજન્મ જ સારો લાગે અને તેમાં પણ ખાસ તો જે માનવ આ રત્નત્રયીને પામે તેનો જ !

આ ત્રણે ય પામી શકાય એક માનવજન્મમાં જ અને ત્રણે ય સાથે હોય તો જ એ મોક્ષમાર્ગ કહેવાય. સમ્યગ્દર્શન એકલું અગર તો સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એ બે મળીને પણ મોક્ષમાર્ગ બને નહી. સમ્યક્ચારિત્ર એના ભેગું મળે ત્યારે જ એ મોક્ષમાર્ગ બને. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન વિના સમ્યક્ચારિત્ર સંભવતું જ નથી, એ અપેક્ષાએ

હજુ કદાચ સમ્યક્ચારિત્રને મોક્ષમાર્ગ કહેવાય. આ ત્રણનો યોગ મનુષ્યજન્મમાં જ થઇ શકે છે, માટે મનુષ્યજન્મ સારો ! મનુષ્યજન્મ સિવાય ક્યાંય જીવથી સર્વવિરતિને સ્વીકારવાનું બની શકે નહિ. દ્રવ્યથી ન આવી હોય તોપણ કેવળ ભાવથીય સર્વવિરતિ આવે તો તે મનુષ્યજન્મમાં જ આવે. હવે પૂછું કે નરકનો જન્મ તો તમને પસંદ ન હોય, તિર્યંચનો જન્મ પણ તમને પસંદ ન હોય, પણ દેવજન્મ પણ તમને પસંદ પડી જાય એવો ખરો ?

**૧૯૬. સભા : મોક્ષમાર્ગની પ્રાપ્તિની દૃષ્ટિએ સરખામણી કરે તો દેવજન્મ પણ પસંદ આવે નહિ.**

**પૂજ્યશ્રી** : આવી સમજવાળા અને આવી દ્રઢ માન્યતાવાળા તમો બનો, એ જ જોવું છે. માટે જન્મ તો માનવનો જ સારો, કે જે જન્મમાં આ ત્રણને પામી શકાય. આમ આ જન્મ ભલે દુઃખનું નિમિત્ત હોય ; આ જન્મમાં આવતાંની સાથે જ જીવે શરીર બનાવ્યું એટલે શારીરિક અને માનસિક પીડા શરૂ થઇ જાય છે ; અને આ જન્મને પામીને જો જીવતાં ન આવડે તો અનેક જન્મ-જન્માંતરના દુઃખનું બીજ નાંખનાર બની જાય છે; છતાં પણ જ્યારે ને ત્યારે મોક્ષમાર્ગ પામ્યા સિવાય છૂટકો થવાનો નથી અને મોક્ષમાર્ગ આ માનવજન્મને પામ્યા વિના પમાવાનો નથી, માટે જ આ માનવજન્મ સારો છે. આટલું જો તમે બરાબર સમજી જાવ અને તમારા દિલમાં જો આ વાત બરાબર વસી જાય, તો માનવજન્મને પામેલા તમે માનવજન્મ જેના યોગે કિંમતી ગણાય છે તે ચીજને પામવાનો પ્રયત્ન કર્યા વિના રહો ખરા ?

આ વાત તમે બધા તો સમજી ગયા ને ? હવે આ વાત તમારે ઘરે ગયા વિના નહિ જ રહેવાની ને ? ઘરમાં બધાંને આ વાતની હવે તો ખબર પડી જવાની ને ? બધાંને સમજ નહિ પડે તોય ઉપર-ઉપરથી એમ બોલતાં તો થઇ જવાનાં ને કે-આ જન્મ સફળ ક્યારે ? ભગવાને કહેલા મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય ત્યારે ! અને મોક્ષમાર્ગની પ્રાપ્તિ થઇ એમ ક્યારે કહેવાય ? સમ્યગ્દર્શનથી શુદ્ધ એવું સમ્યગ્જ્ઞાન આવવા સાથે સર્વવિરતિરૂપ સમ્યક્ચારિત્ર આવે ત્યારે ! શાસ્ત્રે કહ્યું છે કે-આમ તો આ જન્મ દુઃખનું જ નિમિત્ત છે, પણ જો આ જન્મમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રને પામી જવાય, તો આપણે માટે આ મનુષ્યજન્મ સુલબ્ધ બની જાય ! આપણે આ મનુષ્યજન્મને જે પામ્યા, તે સાર્થક થઇ જાય ! બધા જન્મોમાં એકમાત્ર આ જન્મને જ ભગવાને મોક્ષમાર્ગની પ્રાપ્તિને યોગ્ય ગણ્યો છે અને આ જન્મમાં મોક્ષમાર્ગ પામી શકાય તો જ આ જન્મ સુલબ્ધ બની શકે છે એમ ભગવાને કહ્યું છે. આટલી વાત જો સમજમાં આવી જાય અને દિલમાં વસી જાય, તો આત્મા એવા આપણો નિસ્તાર થઇ જતાં વાર લાગે નહિ. પછી તો સહેલાઇથી મોક્ષમાર્ગ પામી શકાય અને એથી એવી સ્થિતિ આપણે થોડા જ કાળમાં પામી શકીએ, કે જે સ્થિતિમાં જીવવાનું સદાનું અને સુખ પણ સદાનું, છતાં અપેક્ષા એક પણ ચીજની નહિ ! આમે ય જીવ જીવે છે તો સદા જ, પણ જન્મ-મરણ કરતા કરતા જીવે છે. સ્થાયી સ્થિતિમાં જીવી શકતો નથી. મોક્ષ મળે એટલે જીવ સ્થાયી સુખમય સ્થિતિમાં સદાને માટે જીવનારો બની જાય. (જૈ. પ્ર. વ.૩૬/અં.૩૬)

# ❋ મોક્ષ ❋

**૧૯૭. સભા : મોક્ષમાં ગયેલા આત્માઓ એક થઈ જાય છે કે જુદા જુદા રહે છે ?**

**પૂજ્યશ્રી** : દીપકની જ્યોતિ અબજોની સંખ્યામાં મળી જાય તો પણ એક જ દેખાય છે, છતાં છે જુદી જુદી. એ જ રીતિએ મોક્ષમાં ગયેલા બધા આત્માઓનું સ્વરૂપ એક છે, છતાં તેઓ છે પૃથક્ પૃથક્ ! સ્વરૂપથી એક છે, પણ વ્યક્તિથી એક નથી. જ્યોતિમાં જ્યોતિ મળી જાય, ત્યારે ક્યા દીપકની કઈ જ્યોતિ એ પૃથક્પણે જાણી શકાતું નથી, પરંતુ જ્ઞાનબળે તે પૃથક્ પૃથક્ દીપકની જ્યોતિ હોવાનું જાણી શકાય છે. આત્મા માટે પણ એ જ સમજવાનું છે. અનંતા શુદ્ધ આત્માઓ એક સ્થાને સાથે રહી શકે છે. એ બધા સ્વરૂપે એકરૂપ ભાસે છે અને વ્યક્તિશ : પૃથક્ પૃથક્ ભાસે છે.

**૧૯૮. સભા : (સિદ્ધ) આત્માના ગુણોમાં ફેરફાર થાય કે નહિ ?**

**પૂજ્યશ્રી** : ફેરફાર પ્રતિ સમય થાય છે, કારણ કે-વર્તમાનકાળની વસ્તુ ભૂતરૂપ થાય છે, ભવિષ્યની વર્તમાનરૂપ થાય છે, પણ તે છતાં વસ્તુ વસ્તુરૂપે તો કાયમ જ રહે છે. સિદ્ધ આત્માના જ્ઞાનાદિ ગુણોમાં પણ વસ્તુઓના પરિવર્તનથી ફેરફાર થયા કરે છે, પણ સિદ્ધના આત્માઓ ગુણરહિત કદી થતા નથી. (જૈ. પ્ર. વ.૯/અં.૩૭)

**૧૯૯. સભા : શું ગૃહસ્થાશ્રમમાં રહેલાને મુક્તિ ન જ મળે ?**

**પૂજ્યશ્રી** : જ્યાં કર્મનો ક્ષય થાય ત્યાં મુક્તિ મળે. કસાઈવાડે કર્મનો ક્ષય થાય, તો ત્યાં પણ મુકિત મળે. દવા લીધા વિના દર્દ મટે કે નહિ ? નિશાળે ગયા

વિના ભણાય કે નહિ ? પણ તે કવચિત્. **મુક્તિમાં જવાની યોગ્યતા મેળવે, તો ગૃહસ્થની પણ મુક્તિ થાય અને સાધુની પણ મુક્તિ થાય. પરંતુ મુક્તિમાં જવાની યોગ્યતા ખીલવવાનું વધારે સારું, અનુકૂળ સાધન સાધુધર્મ છે.** ક્રિકેટખાનાને ભણવાનું સાધન ન કહેવાય. બાકી અહીં પણ જે યોગ્ય રીતે ન વર્તે તે ડૂબે જ ! અહીંથી જલદી તરાય એ સાચું, પરંતુ અહી આવીને જે યથાયોગ્ય રીતે મુક્તિમાર્ગની આરાધના નહિ કરતાં ઉન્માર્ગે ચડી જાય એ ડૂબે, એ પણ ચોક્કસ જ !

**૨૦૦. સભા : બધા સાધુ થઈ જાય તો થાય શું ? બધા પોષાય શી રીતે ?**

**પૂજ્યશ્રી** : આજના કેટલાક અજ્ઞાનીઓએ ઉઠાવેલો આ પણ એક બુટ્ટો (તરંગ) જ છે. આવો વિચાર કરીને જ વર્તવાનું નક્કી કરવામાં આવે, તો કાલ સવારે નીતિનો ઉપદેશ દેવાનું પણ બંધ કરી દેવું પડે. પોલીસ સરકારને એવી અરજી કરે કે 'આ લોકો નીતિનો ઉપદેશ દઈને, અમારા પેટ ઉપર પાટુ મારે છે કારણ કે જો અનીતિ કરનારા ન હોય તો અમારી જરૂર ન રહે અને તેથી અમારી આજીવિકા શી રીતે નભે ?' જો પોલીસ આવી અરજી કરે, તો સરકાર તરફથી શું કહેવાય ? એ જ કહેવાય ને કે 'અનીતિખોરો જીવે છે માટે તમારો ખપ છે એ વાત સાચી, પરંતુ તમને જીવાડવા માટે અનીતિને જીવાડાય નહિ!'

આખી દુનિયા સાધુ બની જાય, એ કલ્પના જ નકામી છે. એ વસ્તુ અશક્ય છે. આજ તો અહીં આવવા માડે ત્યારથી કલંકની પરંપરા ઓઢાડવાનું અધમ કાર્ય, અમુકો તરફથી શરૂ થઈ જાય છે.(૧૦૮/૭૨)

**૨૦૧. સભા : કેટલાક કહે છે કે અહીંથી કોઈ પણ આત્મા મુક્તિએ જઈ શકતો નથી, માટે મુક્તિની ઈચ્છાથી ધર્મ કરવો નકામો છે' તેનું શું ?**

**પૂજ્યશ્રી** : એ પ્રમાણે કહેનારાઓ અજ્ઞાન છે, કારણ કે દરેક કાળમાં દરેક ધર્મ કરનારને તે જ ભવમાં મુક્તિ મળી શકે એવું છે જ નહિ. આ જ કારણે જ્ઞાનીપુરુષો ફરમાવે છે કે **'કોઈ પણ જાતની આ લોકની કે પરલોકની પૌદ્‌ગલિક લાલસાઓ રાખ્યા વિના જે આત્માઓ કેવળ મુક્તિના જ ઈરાદાથી પોતાની શક્તિના પ્રમાણમાં મોક્ષમાર્ગની આરાધના ચાલુ રાખે છે, તે જ આત્માઓ મુક્તિમાં જઈ શકે છે.'** માટે હરેક કાળમાં હરેક મુમુક્ષુ આત્માએ મળેલી સાધનસામગ્રીના પ્રમાણે મુક્તિના જ ઈરાદાથી મોક્ષમાર્ગની આરાધના અવિરતપણે ચાલુ રાખવી જોઈએ. એ આરાધનાના યોગે મુક્તિ નહિ મળે, ત્યાં સુધી સંસારમાં પણ સમાધિ જ રહેશે અને પરિણામે અનંત સુખમય મુક્તિપદની પ્રાપ્તિ પણ થશેજ. (જૈ. પ્ર. વ.૨/અં.૧૨)

*આ કાળમાં મુક્તિ નથી, પરંતુ **મુક્તિ** નિકટ બને*
*તેવી આરાધના તો છે જ.*
*તેમ પરમતારક પરમાત્મા સાક્ષાત્ નથી મળ્યા*
*પણ **મુક્તિને** ખેંચી લાવે એવું તારક શાસન તો*
*અવશ્યમેવ પ્રાપ્ત થયું છે.*

## ✲ વક્તા ✲

**૨૦૨. સભા : પહેલાં ઓઘો કે પહેલાં ચરવળો ?**

**પૂજ્યશ્રી** : આજે કહે છે કે પહેલાં ચરવળો ને પછી આ ઓઘો. જ્ઞાની કહે કે પહેલો આ ઓઘો એ ન લેવાય તો ચરવળો. રોટલી ન ખવાય તેના માટે ભાત-ભાત ન ખવાય તેને માટે કાંજી-કાંજી ન પચે તેને માટે દૂધ-ભેંસનું દૂધ ન પચે તો ગાયનું અને એય ન પચે તો બકરીનું. આ તો કહે છે કે પહેલાં બકરીનું દુધ પાઓ એટલે જીવતા સુધી ઊંચા આવીએ જ નહિ. શરૂઆત બકરીથી એ તો માંદા માટે. નથી પચતું એને માટે. પહેલી વસ્તુ કઈ ? (જૈ. પ્ર. વ.૧/અં.૩)



# ❀ વ્રત-નિયમ-તપ ❀

જ્ઞાનીઓએ જે વિધાનો સાધુઓને માટે કર્યાં, તે જ વિધાનો ગૃહસ્થોને માટે નહિ કરવાનું કારણ ?

**૨૦૩. સભા : સાધુઓને માટે મહાવ્રતો અને ગૃહસ્થને માટે અણુવ્રતો એમ જ કહ્યું છે ને?**

**પૂજ્યશ્રી** : એ તો એ સૂચવે છે કે સાધુધર્મ કે ગૃહસ્થધર્મ બન્નેની દિશા, બન્નેનો માર્ગ એક છે : પણ સાધુઓ માટે 'મહા' અને ગૃહસ્થોને માટે 'અણુ' એમ કેમ? કારણ એ જ કે વધારે લાભ તો મહાવ્રતો આદિના પાલનથી જ છે, પણ મહાવ્રતોનું પાલન કરવાને જે અશક્ત હોય તે અણુવ્રતો દ્વારા પણ વ્રતમાર્ગે ધીમી ય ગતિ કરી શકે ! ગૃહસ્થધર્મ તેને જ માટે છે કે જે સંયમધર્મના પાલનને માટે અશક્ત હોય ! 'સંયમધર્મ ક્યારે પામું' એ ભાવના ગૃહસ્થધર્મના પાલકમાં હોવી જ જોઈએ : 'સંયમધર્મને સ્વીકારી તેના પાલનમાં રક્ત બનેલા મહાત્માઓ મારે માટે પૂજ્ય જ છે, તેમના ધર્મ પાસે મારો ધર્મ તો મેરુ પાસે સરસવ જેવો છે, હું પામર છું કે સંયમધર્મને સ્વીકારી શકતો નથી' આ વગેરે ભાવનાઓ ગૃહસ્થધર્મનું પાલન કરનારાઓમાં પણ હોવી જ જોઈએ. આ પ્રકારની ભાવનાઓનો જેનામાં સર્વથા અભાવ હોય, તે બાહ્ય દષ્ટિએ દેશવિરતિધર્મનાં પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત એમ કદાચ બારે ય વ્રતોને પાળતો હોય, તે છતાં પણ વસ્તુતઃ ધર્મને પામેલો જ નથી. અને આ પ્રકારની ભાવનાઓથી જે વિપરીત ભાવનાઓને જ ધરનારો હોય, તે બાહ્યદષ્ટિએ બારવ્રતધારી હોય તોય ઘોર વિરાધક જ છે.

**પૂર્વભૂમિકા** : વિધાનો બે પ્રકારનાં છે. નિષેધવિધાન અને વિહિતવિધાન. સાધુઓની એક પણ ક્ષણ એવી રાખેલી નથી, કે જે ક્ષણમાં સાધુને માટે નિષેધવિધાન કે વિહિતવિધાનનો અભાવ હોય. નિષેધવિધાન એટલે અમુક તજવું, અમુક તજવું, એ વગેરેવાળું નિષેધાત્મક વિધાન. વિહિતવિધાન એટલે અમુક આચરવું, અમુક આચરવું, એ વગેરેવાળું વિહિતાત્મક વિધાન. સાધુજીવન એટલે નિષેધવિધાન અને વિહિતવિધાનથી ઓતપ્રોત જીવન એકાંતે આજ્ઞામય કોઈનું જીવન હોય, તો તે સાધુઓનું જ જીવન છે. ખાવા-પીવા-પહેરવા-ઓઢવા-સૂવા-ઊઠવા વગેરે બધાના સંબંધમાં સાધુઓને માટે બન્ને ય પ્રકારનાં વિધાનો દ્વારા જ્ઞાનીઓએ સાધુઓના જીવનને એકાન્તે આજ્ઞાથી નિયંત્રિત બનાવી દીધું છે. ગૃહસ્થોને માટે એમ નથી. ગૃહસ્થોને માટે અમુક પ્રકારનાં નિષેધ વિધાનો અને અમુક પ્રકારનાં વિહિત વિધાનો જરૂર ફરમાવાયેલાં છે, પરંતુ એમાં ગૃહસ્થાવાસમાં રહેલા આત્માઓથી થતી બધી જ ક્રિયાઓનો સમાવેશ થઈ જતો નથી. એવી કેટલીય ક્રિયાઓ છે, કે જે એકાન્તે આચરણીય ગણાય. તે છતાં તે ક્રિયાઓ કરવી જ જોઈએ એવી ગૃહસ્થોને આજ્ઞા નહિ. એ જ રીતિએ એવી કેટલીય ક્રિયાઓ છે, કે જે તજવા યોગ્ય જ છે : છતાં તે તજવી જ જોઈએ એવી ગૃહસ્થોને આજ્ઞા નહિ. ગૃહસ્થોની ઘણી ક્રિયાઓ એવી છે કે જે નિષેધવિધાન અને વિહિતવિધાન બન્નેયમાંથી બાતલ રાખવામાં આવેલી છે. ક્રિયા પોતાના સ્વરૂપે તજવા જેવી હોવા છતાં પણ તે તજવી જ એવી અગર તો ક્રિયા પોતાના સ્વરૂપે આચરવા જેવી

હોવા છતાં પણ તે આચરવી જ એવી, ગૃહસ્થોને માટે ગૃહસ્થધર્મને આશ્રયીને આજ્ઞા નહિ, એનું કારણ ? કારણ એ જ કે ગૃહસ્થાવાસમાં રહેલાને માટે તે તે ક્રિયાઓનો પરિત્યાગ અને તે તે ક્રિયાઓની આચરણા શક્ય ન હોય, છતાં આજ્ઞા કરે તો પરિણામ વિરાધનામાં આવવા સિવાય બીજું આવે જ શાનું ? અને એવું પરિણામ આવવા દ્વારાએ જીવોનું અકલ્યાણ થાય એ સ્વાભાવિક હોવાથી, અનંત ઉપકારી મહાત્માઓ તેવી આજ્ઞા ફરમાવે જ નહિ. ગૃહસ્થાવાસમાં રહેલાને માટે પરણવાના નિષેધરૂપ આજ્ઞા ખરી કે નહિ ?

**સભા : એમ તો નહિ જ.**

**પૂજ્યશ્રી** : તો પછી ગૃહસ્થાવાસમાં રહેનારાએ પરણવું જ જોઈએ એવી વિધાનરૂપ આજ્ઞા ખરી કે નહિ ?

**સભા : એવી ય આજ્ઞા તો ન કહેવાય.**

**પૂજ્યશ્રી** : બરાબર છે. પરણવાનો નિષેધે ય નહિ અને પરણવું એવી આજ્ઞા પણ નહિ ! એ ક્રિયા ગૃહસ્થોને માટે ગૃહસ્થધર્મની અપેક્ષાએ ન નિષિદ્ધ કે ન વિહિત !

**૨૦૪. સભા : તો પછી સમાન શીલ-કુલ-વય-સંસ્કાર વગેરે વાતો કઈ અપેક્ષાએ કહી શકાય ?**

**પૂજ્યશ્રી** : એ વાતો લગ્નક્રિયાની અનુમતિરૂપ નથી. તમે જો પરણો તો પણ પરણવાની લાલસામાં અધમકુલ આદિમાં ન પડતા, એ વગેરેનું સૂચન છે. એમાં કુલાદિની અધમતા વગેરેના ત્યાગની આજ્ઞા છે એમ કહી શકાય,

પણ કુલવાન આદિ ગુણોવાળીને કે ગુણોવાળાને પરણવાની જ આજ્ઞા છે એમ તો નથી જ. તમારે માટે ખાવાનું કરતા હો તો સાધુભક્તિ, સાધર્મિકવત્સલતા અને દીનાનુકમ્પા આદિ ન ચૂકતા, એના જેવું પરણવા સંબંધી કુલાદિને અંગે છે. કેટલીક વાતો વિધેયરૂપ હોય છે અને કેટલીક વાતો અનુવાદરૂપ હોય છે. જેને એનો વિવેક કરતાં આવડતો ન હોય, તેને ઉન્માર્ગે ચઢી જતાં વાર ન લાગે : માટે એવાઓએ તો, ધાર્મિક પુસ્તકોના અનુવાદો સ્વયં વાંચી લેવાની વધતી જતી બદીથી, જરૂર બચતા જ રહેવું એ હિતાવહ છે. પરણવાની ક્રિયાની જેમ રાંધવા વગેરેની ક્રિયાઓ સંબંધી સમજવાનું છે. ગૃહસ્થોને માટે એ ક્રિયાઓનુ વિધાને ય નહિ અને એ ક્રિયાઓનો નિષેધ પણ નહિ ! (જૈ. પ્ર. વ.૯/અં.૧૯)

**૨૦૫. સભા : સમ્યક્ તપ એટલે શું ?**

**પૂજ્યશ્રી** : સમ્યક્ તપ એટલે સમ્યક્ચારિત્રને ઉજાળનાર. શ્રી નવપદમાં એ નવમે પદે પૂજ્ય છે. સમ્યક્ચારિત્ર શું છે કર્મને કાપવાનું હથિયાર. સમ્યક્તપ એ હથિયારને તીક્ષ્ણ રાખે. બુઠ્ઠું ન બનવા દે. તપ વિનાનો ચારિત્રી કેવો લાગે ? બારે પ્રકારનો તપ કાઢી નાખો, બાજુએ મૂકો અને પછી જુઓ તો ચારિત્રી કેવો લાગે ? ચારિત્રને બતાવનાર, દીપાવનાર અને સાર્થક કરનાર એક તપ છે. (જૈ. પ્ર. વ.૭/અં.૧)

*ખાવાના શોખીન હોય, તેમની રોગની ફરિયાદ જીવનભર ચાલુ રહે.*

# ❀ શાસ્ત્ર ❀

**૨૦૬. સભા : મેરુ વિગેરેને પણ આજના શ્રદ્ધારહિત આત્માઓ કલ્પિત માને છે !**

**પૂજ્યશ્રી** : જે માણસો બધાને જ કલ્પના માને તેને ન પહોંચાય. જે દુનિયાના સ્વરૂપને માને, તેને જ સમજાવાય. એક શબ્દના નામવાળા પદાર્થો સત્ય જ હોય. એક નામના પદાર્થો જગતમાં હયાતિ ભોગવતા જ હોય. એ શબ્દોની જોડીથી બનેલો પદાર્થ કદી ખોટો પણ હોય. એ પદાર્થ હોય પણ, અગર ન પણ હોય : પણ એક શબ્દથી કહેવાતા પદાર્થો તો છે જ, સાચા જ છે. એ શાશ્વત નિયમ છે કે એક શબ્દથી કહેવાતા પદાર્થો તો દુનિયામાં હોય જ. 'આકાશ-કુસુમ' એ બે શબ્દથી બનેલો પદાર્થ છે અને નથી એ વાત પણ સાચી છે, કારણ કે આકાશકુસુમ જેવી કોઈ વસ્તુ જ નથી, પણ એ ભેગા થયેલ શબ્દોથી કહેવાતી બન્ને વસ્તુ મોજુદ છે, કારણ કે 'આકાશ' પણ છે અને 'કુસુમ' પણ છે. જેટલી ચીજો એક શબ્દથી કહેવાતી છે, તે બધી જ સાચી છે : અર્થાત્ અસ્તિત્વ ધરાવતી છે. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ, એ નવે તત્ત્વો છે ને ! એમાં ફેરફાર નથી. દુનિયામાં વસ્તુ ન હોય એનું નામ જ ન હોય. ન હોય એનું નામ બને ક્યાંથી ? એમને કહો કે જે વસ્તુ ન હોય એનું નામ તો લાવો ? શાસ્ત્રકારોએ કહેલા પદાર્થોની સાબિતી આ શબ્દો જ કરે છે : પ્રમાણની વાત તો પછી. ! 'નામ, સ્થાપના દ્રવ્ય ને ભાવ' એ તો નિક્ષેપા છે, પણ એ છે કોના ? વસ્તુના છે. 'કીલાચંદ' એ નામ તેઓએ ન સાભળ્યું હોય, માટે જગતમાં હોય જ નહિ એમ ? આ તો એવા છે કે 'જે એમણે ન સાંભળ્યું, ન વાંચ્યું કે ન જોયું તે હોય જ નહિ' એમ કહે છે. એવા હઠીલાઓને કહેવાય પણ શું ?

**૨૦૭. સભા : શાસ્ત્ર ભગવાને લખ્યાં ?**

**પૂજ્યશ્રી** : ભગવાન તો કંઈ જ લખતા નથી. જેને મોઢે યાદ હોય, એને ચોપડીનું કામ શું ? ભગવાનની પછી પણ શક્તિસંપન્ન તો કંઈ લખતા જ નથી, શક્તિ ઘટી ત્યારે જ લખાવ્યું, 'લખેલું ખોટું છે એમ સાબિત કરો, પછી એને ખોટું કહો' એમ એમને કહો ! મુનિમ પચાસ ઠેકાણે લેવડદેવડ કરી આવે ને એ બધી ટપકાવે પછી શેઠને બતાવે. શેઠ પૂછે છે કે આની ખાત્રી શી ? તો મુનિમ કહે કે 'ખોટું લાગે તો તપાસ કરો.' યાદ ન રહે એ લખે, માટે ખોટું કહેવાય ? પચાસ જણની સાથે લેવડદેવડ કરનાર એક મુનિમ મોઢે રાખીને કહી દે એ સાચો અને બીજો ટપકાવીને કહે એ ખોટો, એમ ? લખેલું ખોટું સાબિત કરવું જોઈએ, પછી એને ખોટું કહેવાય. જેમ આપણે એમની વાતો ખોટી પૂરવાર કરીએ છીએ, તેમ એ લોકો આ વાતો ખોટી પૂરવાર કરે ને ! જે વાત ખોટી પૂરવાર આપણે નહિ કરી શકીએ, તેને આપણે અડીશું પણ નહિ ! જેટલી વસ્તુ શાસ્ત્રમાં વર્ણવી છે, તે એમણે ન જોઈ કે ન સાંભળી માટે 'નથી' એમ કહેવાનો તેમને બિલકુલ હક્ક નથી. (જૈ. પ્ર. વ.૧/અં.૪૮)

**૨૦૮. સભા : પઉમચરિયં શું છે ?**

**પૂજ્યશ્રી** : એ પણ ભગવાન શ્રી મુનિસુવ્રતસ્વામીજીના તીર્થમાં થયેલા આઠમા બળદેવ શ્રી રામચંદ્રજીનું, આઠમા વાસુદેવ શ્રી લક્ષ્મણજીનું અને આઠમા પ્રતિવાસુદેવ શ્રી રાવણનું, પ્રાકૃતભાષામાં રચાયેલું ચરિત્ર છે. શ્રી ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્રના સાતમાં પર્વમાં આવતા ચરિત્ર કરતાં શ્રી પઉમચરિયં નામનું પ્રાકૃત પદ્યાત્મક ચરિત્ર વધારે વિસ્તારવાળું છે. નવ હજાર શ્લોક પ્રમાણવાળું છે.

**૨૦૯. સભા : પઉમચરિયં ના કર્તા કોણ ?**

**પૂજ્યશ્રી** : શ્રી પઉમચરિયંના કર્તા નાગિલવંશમાં થયેલા શ્રી રાહુસૂરિમહારાજના શિષ્ય શ્રી વિજયસૂરિ મહારાજના અન્તેવાસી શ્રી વિમલસૂરિ મહારાજ છે, કે જે સૂરિમહારાજ, ચરમ તીર્થપતિ ભગવાન શ્રી મહાવીરદેવના નિર્વાણ પછી પંદરસો ત્રીસ વર્ષે થયા, એમ મનાય છે.

(જૈ. પ્ર. વ.૯/ અં.૧૪+૧૫)

**૨૧૦. સભા : પરંપરાનો વ્યવહાર પણ શાસ્ત્રને અનુસરનારો જ હોવો જોઈએ ?**

**પૂજ્યશ્રી** : પરંપરાનો વ્યવહાર બતાવનાર તો શાસ્ત્ર જ છે ને ? શાસ્ત્રમાં પરંપરાના વ્યવહારનું એટલે કે જીતવ્યવહારનું પણ પ્રતિપાદન કરાએલું છે. એ જીતવ્યવહાર કોને કહેવાય, એ વાત બરાબર સમજી લેવી જોઈએ. શાસ્ત્રનાં વચનોને બાધા પહોંચે નહિ, એવી રીતે ગીતાર્થ મહાત્માઓએ અશઠપણે જે આચરણા કરી હોય અને અન્ય ગીતાર્થ મહાત્માઓએ તેનો વિરોધ ન કર્યો હોય પણ ગીતાર્થ મહાત્માઓએ ઉત્તરોત્તર જે આચરણાનો સ્વીકાર કર્યો હોય, એવી આચરણા એ શાસ્ત્રમાન્ય પરંપરા છે. **જે આચરણા શાસ્ત્રનાં વચનોને બાધા પહોંચાડનારી હોય, તેવી આચરણા ગમે તેટલાએ અને ગમે તેટલી પેઢીઓ પર્યંત આચરી હોય, તો પણ તેને જીતવ્યવહાર અગર શાસ્ત્રમાન્ય પરંપરા કહી શકાય નહિ. જો આ વસ્તુ લક્ષ્યમાં રાખવામાં આવે નહિ, તો તો કોઈપણ કાળે કોઈના પણ દ્વારા ક્રિયોદ્ધાર શક્ય બને નહિ.**

(૧૦૮/૫૭)

**શાસ્ત્ર** *એ સાધુની આંખ છે.*

# ❀ સમકિત ❀

**૨૧૧. સભા : સમ્યગ્દર્શન એટલે શું ?**

**પૂજ્યશ્રી** : સમ્યગ્દર્શન એટલે વસ્તુને વસ્તુસ્વરૂપે માનવી તે. સાચીને સાચી અને ખોટીને ખોટી. સંસાર ખોટો, દેવ વીતરાગ, ગુરુ નિર્ગ્રન્થ, ધર્મ જિનપ્રણીત, આશ્રવ હેય, સંવર ઉપાદેય, એવી રીતિએ અનંતજ્ઞાનીઓએ ફરમાવ્યા મુજબ દુનિયાભરની વસ્તુઓને વસ્તુગતે માનવી, તે સમ્યગ્દર્શન, શ્રી નવપદમાં છટ્ઠા પદે પૂજ્ય છે. (જૈ. પ્ર. વ.૭/અં.૧)

**૨૧૨. સભા : જેટલા આત્માઓ દુર્ગતિમાં ગયા તે બધા જ વિવેક વિનાના હોવાથી ગયા ?**

**પૂજ્યશ્રી** : વાત બરાબર સમજ્યા નહિ. દુર્ગતિમાં જે આત્માઓ ગયા, જાય છે અને જશે, તે તે આત્માઓએ તે તે દુર્ગતિમાં જવાનું જે આયુષ્ય ઉપાર્જ્યું, ઉપાર્જે છે અને ઉપાર્જશે, તે તે આયુષ્યના બંધ સમયે તે તે આત્માઓ નિયમા વિવેકશૂન્ય હતા, છે અને હશે. દુર્ગતિમાં જવાનું આયુષ્ય ઉપાર્જ્યું, એનો બંધ પડી ગયો અને પછી વિવેક પ્રગટ્યો, એ વાત જુદી છે. પણ આયુષ્યકર્મનો બંધ પડ્યો ન હોય એ દશામાં વિવેક પ્રગટી જાય અને જીવનના અંત સુધી બરાબર ટક્યો જ રહે, તો તે આત્મા દુર્ગતિમાં જાય જ નહિ, એમ જ્ઞાનીઓ સ્પષ્ટ ફરમાવે છે.

**૨૧૩. સભા : શ્રી તીર્થંકરદેવોના આત્માઓ નરકે ગયા તે વિવેકશૂન્ય દશામાં ?**

**પૂજ્યશ્રી** : જે સમયે નરકે ગયા તે સમયે વિવેકશૂન્ય હતા એમ નહિ, પણ જ્યારે તે

આત્માઓએ નરકે જવાનુ આયુષ્યકર્મ બાંધ્યું તે સમયે તો તે આત્માઓ નિયમા વિવેકશૂન્ય જ હતા. અન્યથા તે આત્માઓ દુર્ગતિએ જાત જ નહિ. શ્રી શ્રેણિકમહારાજા અને શ્રી કૃષ્ણમહારાજા ક્ષાયિકસમ્યક્ત્વવાળા એટલે ક્ષાયિક વિવેકવાળા હોવા છતાં નરકે ગયા, ત્યાં જ્ઞાનીઓ સ્પષ્ટ જણાવે છે કે-**'વિવેકશૂન્ય દશામાં, વિવેક પ્રગટતાં પૂર્વે જ શ્રી શ્રેણિક મહારાજ અને શ્રી કૃષ્ણમહારાજ નરકે ખેંચી જનારા આયુષ્યકર્મને બાંધી ચૂક્યા હતા.' જો વિવેક પ્રગટતાં પૂર્વે નરકે જવાના આયુષ્યકર્મને બાંધ્યું ન હોત, તો કદી પણ ક્ષય નહિ પામવાના એવા વિવેકને પામેલા એ પુણ્યાત્માઓ નરકે જાત જ નહિ !**

**૨૧૪. સભા : ક્ષાયિકસમ્યક્ત્વને પામેલા આત્માઓને વધુમાં વધુ એક જ વાર નરકે જવું પડે એમ જ ને ?**

**પૂજ્યશ્રી** : ક્ષાયિકસમ્યક્ત્વને પામેલા પુણ્યાત્માઓ, સમ્યક્ત્વપ્રાપ્તિ પૂર્વે નરકનું આયુષ્યકર્મ બાંધી ચૂક્યા હોય તો જ તે પછીના પ્રથમ ભવમાં નરકે જાય.બાકી ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્તિ પછી કદી પણ નરકે ન જાય.

**૨૧૫. સભા : ક્ષાયિકસમ્યક્ત્વ પામ્યા પછીથી આત્મા મોક્ષે ક્યારે જાય ?**

**પૂજ્યશ્રી** : ક્ષાયિકસમ્યક્ત્વ પામતાં પહેલા જો આયુષ્યકર્મનો બંધ ન પડી ગયો હોય, તો તે આત્મા તે જ ભવમાં મુક્તિ પામ્યા વિના રહે નહિ. ક્ષાયિકસમ્યક્ત્વ ક્ષપકશ્રેણિ માંડ્યા વિના પમાતું નથી. હવે ક્ષપકશ્રેણિ

માંડ્યા પછી, આત્માએ તે પૂર્વે આયુષ્યકર્મનો બંધ કરી લીધો હોય, તો તે આત્મા દર્શનસપ્તકનો ક્ષય કરીને અટકી જાય છે. અને એથી જ તે ક્ષપકશ્રેણિને ખંડ ક્ષપકશ્રેણિ કહેવાય છે. કદાચિત્ એમ પણ બને છે કે આત્મા ક્ષપકશ્રેણિ માંડ્યા પછીથી અનંતાનુબંધી ચારનો ક્ષય કરીને વિરામ પામી જાય છે અને મિથ્યાત્ત્વનો તેણે ક્ષય નહિ કરેલો હોવાથી તેના ઉદયથી ફેર અનંતાનુબંધી ચતુષ્ક બાંધે એ શક્ય છે. પણ જેઓએ પૂર્વે આયુષ્યકર્મનો બંધ ન કરી લીધો હોય, તે આત્માઓ તો ક્ષપકશ્રેણિ માંડી, દર્શનસપ્તકનો ક્ષય કરવા દ્વારાએ ક્ષાયિકસમ્યગ્દર્શનને પામી, અંતર્મુહૂર્તમાં કેવલજ્ઞાન પણ ઉપાર્જે છે.

**૨૧૬. સભા : ક્ષપકશ્રેણિ મિથ્યાદષ્ટિ આત્મા માંડી શકે ને ?**

**પૂજ્યશ્રી** : મિથ્યાદષ્ટિ આત્મા ક્ષપકશ્રેણિ માંડી શકે જ નહિ : સમ્યગદષ્ટિ આત્મા જ ક્ષપકશ્રેણિ માંડી શકે : પછી તે અવિરત હોય, દેશવિરતિધર હોય, પ્રમત્ત ગુણસ્થાનકે વર્તતો હોય કે અપ્રમત્ત ગુણસ્થાનકે વર્તતો હોય ! એટલે મિથ્યાદષ્ટિ તો ક્ષપકશ્રેણિ માંડે નહિ જ.

**૨૧૭. સભા : આપે હમણાં જ કહ્યું કે ક્ષપકશ્રેણિ માંડ્યા વિના ક્ષાયિક સમ્યક્દર્શનની પ્રાપ્તિ થાય જ નહિ.**

**પૂજ્યશ્રી** : તે બરાબર છે અને મિથ્યાદષ્ટિ આત્મા ક્ષપકશ્રેણિ માંડી ન જ શકે, એ પણ બરાબર છે : કારણ કે સમ્યક્ત્વ એકલું ક્ષાયિક જ હોતું નથી. માત્ર ક્ષાયિક પ્રકારનું જ સમ્યગ્દર્શન હોય તો તો મિથ્યાદષ્ટિ આત્મા

ક્ષપકશ્રેણિ માંડે જ એમ કબૂલ કરવું પડે અથવા તો કોઈ મોક્ષે જવાનું નથી કે કોઈ મોક્ષે ગયું નથી અગર તો કોઈ મોક્ષે જતું નથી એમ માનવું પડે. પછી મોક્ષમાર્ગ, એનો ઉપદેશ, એની આરાધના વગેરે રહ્યું ક્યાં ? સમ્યક્ત્વ ને જો એકલા ક્ષાયિક પ્રકારનું માનવામાં આવે, તો તો તેમ માનનારાની સ્થિતિ વિષમ થવા પામે : કારણ કે આપણે જાણીએ છીએ કે આ ક્ષેત્રમાંથી હાલ કોઈ પણ આત્મા મુક્તિએ જઈ શકતો નથી : એટલે અત્યારે આ ક્ષેત્રમાં વર્તી રહેલા જીવોને તેણે કેવા માનવા પડે ?

**સભા** : **મિથ્યાદષ્ટિ**

**પૂજ્યશ્રી** : એમ જ માનવું પડે.

**૨૧૮. સભા : પૂર્વે આયુષ્યકર્મને બાંધી ચૂકેલા અને તે પછી સમ્યક્ત્વ પામેલા એવા ન મનાય ?**

**પૂજ્યશ્રી** : એવા ન મનાય, કારણ કે-જ્ઞાનીઓ ફરમાવે છે કે આ કાળમાં આ ક્ષેત્રના જીવો ક્ષપકશ્રેણિ માંડી શકતા નથી અને ક્ષપકશ્રેણિ માંડ્યા વિના ક્ષાયિકસમ્યક્ત્વ પમાય જ નહિ. એટલે ક્ષાયિકસમ્યક્ત્વને લઈને આવેલા સિવાયના આ કાળમાં આ ક્ષેત્રમાં વર્તતા જીવોને આપણે મિથ્યાદષ્ટિ જ માનવા પડે. એથી વર્તમાનમાં ચતુર્વિધ શ્રી સંઘની હયાતી નથી એમે ય માનવું પડે, કારણ કે સમ્યક્ત્વ વિના ન તો સાચું સાધુપણું હોય અને ન તો સાચું શ્રાવકપણું હોય ! આમ સાધુ-સાધ્વી કે શ્રાવક-શ્રાવિકા નથી એમ મનાય, તો શાસનનો વિચ્છેદ પણ માનવો પડે. શાસનનો વિચ્છેદ માનવાના યોગે મોક્ષમાર્ગની આરાધના કરવાની વાત પણ ઊડી જાય. આ બધી આપત્તિ શાથી ઊભી થાય ?

**૨૧૯. સભા : સમ્યક્ત્વ એકલા ક્ષાયિક પ્રકારનું જ છે એમ માનવામાં આવે તો !**

**પૂજ્યશ્રી** : બરાબર છે. સમ્યક્ત્વ એકલા ક્ષાયિક પ્રકારનું જ છે એમ માનવામાં આવે તો જ આ બધી આપત્તિ ઊભી થાય, પણ આ શાસનમાં ક્ષાયિકસમ્યગ્દર્શનની જેમ ઔપશમિક સમ્યગ્દર્શન અને ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન એ વગેરે પ્રકારો પણ માનવામાં આવેલા છે. આપણે વાત તો એ ચાલતી હતી કે ક્ષપકશ્રેણિ માંડ્યા વિના ક્ષાયિકસમ્યગ્દર્શન કોઈ પણ આત્મા પામે જ નહિ અને મિથ્યાદષ્ટિ આત્મા ક્ષપકશ્રેણિ માંડી શકે જ નહિ.

**૨૨૦. સભા : એટલે કે ક્ષાયિકસમ્યગ્દર્શન તે જ આત્મા પામી શકે, કે જેનામાં ઔપશમિક સમ્યગ્દર્શન હોય અથવા તો ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન હોય, પણ ઔપશમિક અગર ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન જેનામાં ન વર્તતું હોય, તે તો ક્ષાયિકસમ્યગ્દર્શન પામી શકે જ નહિ, એમ ને ?**

**પૂજ્યશ્રી** : અનુમાન દોરવામાં આટલી બધી ઉતાવળ નહિ કરવી જોઈએ.

**૨૨૧. સભા : આપે કહ્યું ને કે ક્ષાયિક સમ્યગ્દર્શન મિથ્યાદષ્ટિ પામી શકે નહિ ?**

**પૂજ્યશ્રી** : તે બરાબર છે, પણ તમે હમણાં જ જે અનુમાન દોર્યું તેમાં થોડી ભૂલ છે, માટે જ કહ્યું કે –'અનુમાન દોરવામાં આટલી બધી ઉતાવળ નહિ કરવી જોઈએ.'

**સભા** : **આપ ફરમાવો.**

**પૂજ્યશ્રી** : ક્ષાયિકસમ્યગ્દર્શન તે જ આત્મા પામી શકે છે, કે જે આત્મા ક્ષાયોપશમિકસમ્યક્ત્વને ધરનારો હોય. ક્ષાયોપશમિકસમ્યક્ત્વની ગેરહાજરીમાં કોઈ પણ આત્મા સૌથી પહેલીવાર ક્ષપકશ્રેણિ માંડી શકતો નથી.

**૨૨૨. સભા : સૌથી પહેલી વાર એમ કેમ ?**

**પૂજ્યશ્રી** : કારણ કે-ક્ષપકશ્રેણિ માંડી ક્ષાયિકસમ્યગ્દર્શન પામી પૂર્વે આયુષ્યકર્મ બાંધ્યું હોવાના કારણે, અટકી પડેલા આત્માઓ જ્યારે કેવલજ્ઞાન પામે છે, ત્યારે તે પૂર્વે તે આત્માઓને ફેર ક્ષપકશ્રેણિ માંડવી જ પડે છે. જોકે એ વાત ચોક્કસ છે કે ફેર મંડાતી ક્ષપકશ્રેણિનો ક્રમ પહેલાંની અધૂરી હોય ત્યાંથી જ આગળ વધે છે. એ ક્ષપકશ્રેણિ ક્ષાયિક સમ્યક્ત્વની હાજરીમાં મંડાતી હોવાથી, 'ક્ષયોપશમિકસમ્યક્ત્વની ગેરહાજરીમાં કોઈ પણ આત્મા પહેલી વાર ક્ષપકશ્રેણિ માંડી શકતો નથી' એમ કહેવાયું છે.

**૨૨૩. સભા : આત્મા ક્ષપકશ્રેણિ વધુમાં વધુ કેટલી વાર માંડતો હશે ?**

**પૂજ્યશ્રી** : બહુ જ સીધી વાત છે. કોઈ પણ આત્મા મોક્ષે જતાં પહેલાં અનંતા કાળ સુધી આ સંસારમાં રહેલો જ હોય છે : એ અનંતા કાળમાં આત્મા વધુમાં વધુ વખત ક્ષપકશ્રેણિ માંડે તો માત્ર બે જ વાર માંડે. પહેલીવાર માંડી ત્યારે જ દર્શનસપ્તકનો ક્ષય થયો ત્યાંથી જ બીજીવાર આગળ જાય છે. મોટે ભાગે તો આત્માઓ એક જ વાર ક્ષપકશ્રેણિ માંડે છે,

પણ આપણે વિચારી ગયા તેમ ક્ષપકશ્રેણિ માંડતાં પૂર્વે આયુષ્યકર્મનો બંધ પડી ગયો હોય તો આત્મા ક્ષપકશ્રેણિ માંડે તોય દર્શનસપ્તક ખપાવીને અટકી જાય અને એથી કેવલજ્ઞાન પામવાને માટે એ આત્માને ફરીથી ક્ષપકશ્રેણિ માંડવી જ પડે અને બાકી રહેલી પ્રકૃતિઓનો ક્ષય કરવો જ પડે તેમ જ બીજા પણ આવરણોને દૂર કરવાં જ પડે. એટલે એક આત્મા વધુમાં વધુ વાર ક્ષપકશ્રેણિ માંડે તો બે વાર જ માંડે, બે થી ત્રીજીવાર નહિ જ, અને તે પણ એક ભવમાં તો મંડાય તો એક જ વાર ક્ષપકશ્રેણિ મંડાય, એમ અપેક્ષાથી કહી શકાય. મોટા ભાગે તો બને એવું કે જીવો જે ભવમાં મોક્ષે જવાના હોય તે ભવમાં જ ક્ષપકશ્રેણિ માંડે. અહીં એક વાત એ યાદ રાખી લેવાની કે પહેલાં કહી ગયા તેમ, ક્ષપકશ્રેણિ માંડીને અનંતાનુબધી ચતુષ્કનો ક્ષય કરીને અટકી ગયેલા અને એથી મિથ્યાત્વના યોગે ફેર અનંતાનુબંધી ચતુષ્કના ચક્કરમાં સપડાઈ જવાની શક્યતાવાળા આત્માઓની તે ક્ષપકશ્રેણિને આપણે ગણનામાં લીધી નથી. અન્યથા, નિશ્ચયપૂર્વક ક્ષપકશ્રેણિ એક આત્મા અનંતાકાળમાં કેટલી વાર માંડે તે કહી શકાય નહિ.

**૨૨૪. સભા : ક્ષપકશ્રેણિ માંડેલો જીવ દર્શનસપ્તકનો ક્ષય કરીને જો અટકી જાય, તો તેના અટકી જવાનું કારણ એક જ ને ?**

**પૂજ્યશ્રી** : હા, અને તે એ જ કે ક્ષપકશ્રેણિ માંડતા પૂર્વે આયુષ્યનો બંધ પડી ગયો હોય ! આયુષ્યકર્મનો બંધ ન પડી ગયો હોય તો તો ક્ષપકશ્રેણિ માંડી દર્શનસપ્તકનો ક્ષય કરી ચૂકેલા આત્માઓ, અંતર્મુહૂર્તમાં નિયમા કેવલજ્ઞાન પામી જાય.

**૨૨૫. સભા : ક્ષપકશ્રેણિ માંડી અગિયારમાં ગુણસ્થાનકે જઈને કેટલાક આત્માઓ પાછા પણ પડે ને ?**

**પૂજ્યશ્રી** : જે આત્માઓ ક્ષપકશ્રેણિ માંડે તે આત્માઓ અગિયારમાં ગુણસ્થાનકે જાય જ નહિ અને બીજા જ આત્માઓ અગિયારમા ગુણસ્થાનકે જાય છે, તે આત્માઓ પાછા પડ્યા વિના રહેતા જ નથી. અગિયારમું ગુણસ્થાનક એવું નિયત છે કે અગિયારમાં ગુણસ્થાનકે જે જે આત્માઓ જાય, તે તે આત્માઓ એટલે સુધી પહોંચીને નિયમા પાછા પડે જ. પણ જે જે આત્માઓ ક્ષપકશ્રેણિ માંડે, તે તે આત્માઓ અગિયારમા ગુણસ્થાનકે જાય જ નહિ. ક્ષપકશ્રેણિ માંડનારા આત્માઓ સાતમે, આઠમે, નવમે અને દશમે જઈ દશામાના અંતે રાગદ્વેષથી સર્વથા રહિત થઈ જાય છે, ત્યાંથી અગિયારમે નહિ જતાં સીધા બારમે જ જાય છે અને બારમાના અંતે બાકી રહેલ ત્રણે ઘાતીકર્મોને પણ સર્વથા ખપાવે છે અને એમ ચારે ઘાતિકર્મો સર્વથા ખપે ત્યારે જ કેવલજ્ઞાન થાય.

**૨૨૬. સભા : કેવલજ્ઞાની તેરમા ગુણસ્થાનકે જ હોય ?**

**પૂજ્યશ્રી** : મોક્ષ પામતાં પહેલાં પાંચ હ્રસ્વાક્ષરો જેટલો સમય કેવલજ્ઞાની આત્મા ચૌદમા ગુણસ્થાનકે અયોગી દશામાં રહે છે. તે પહેલાં અને ચાર ઘાતીકર્મોનો સર્વથા ક્ષય કર્યા પછીથી આત્મા વચ્ચે જેટલો કાળ આ દુનિયામાં રહે તેટલો કાળ તેરમા ગુણસ્થાનકે જ રહે.

**૨૨૭. સભા : તો પછી અગિયારમા ગુણસ્થાનકે કયા આત્માઓ આવે અને પડે ?**

**પૂજ્યશ્રી** : શ્રેણિ બે પ્રકારની છે. ક્ષપકશ્રેણિ અને ઉપશમશ્રેણિ. ઉપશમ શ્રેણિવાળો આત્મા દશમાથી અગિયારમે ગુણસ્થાનકે જાય છે અને એ ગુણસ્થાનક એવું છે કે જે ત્યાં ગયો તે પાછો ગબડ્યા વિના રહે જ નહિ. કારણ કે આત્મામાં અમુક પ્રકારનો એવો કર્મમળ રહી જાય છે, કે જેને લીધે, ઉપશમશ્રેણિમાં વધતો વધતો આત્મા અગિયારમે પહોંચે એટલે આગળ વધી ન શકે પણ પાછો જ પડે.

**૨૨૮. સભા : આપે તો ફરમાવ્યું ને કે દશમા ગુણસ્થાનકે આત્મા રાગદ્વેષથી સર્વથા રહિત થઈ જાય છે ? જ્યારે દશમાં ગુણસ્થાનકે આત્મા સર્વથા રાગદ્વેષરહિત થઈ જાય છે, તો પછી દશમાં ગુણસ્થાનકેથી આગળ વધી અગિયારમાં ગુણસ્થાનકે જઈ પાછા કેમ પડાય ? એક વાર રાગદ્વેષનો સર્વથા અભાવ થઈ જાય અને પછી પાછા રાગદ્વેષથી ભરેલા બની જવાય એમ બને ખરું ?**

**પૂજ્યશ્રી** : મૂંઝાઓ મા. જે કહેવાય છે તે રીતસર સમજવા પ્રયત્ન કરો. એક વાર રાગદ્વેષનો સર્વથા અભાવ થઈ જાય, એટલે અનન્તાકાળે પણ એ આત્મા રાગદ્વેષથી લેપાય જ નહિ. એ નિર્મળતા આવી તે આવી. પછી તે અનંતાકાળે પણ જાય જ નહિ ! દશમાં ગુણસ્થાનકે જે આત્માઓ રાગદ્વેષથી સર્વથા રહિત થઈ જાય, તે આત્માઓ અગિયારમાં ગુણસ્થાનકે નહિ જતાં દશમાંથી સીધા બારમે જ ગુણસ્થાનકે જાય અને ક્ષપકશ્રેણિ માંડેલા આત્માઓ જ દશમાં ગુણસ્થાનકે રાગદ્વેષથી સર્વથા રહિત બને છે, એ વાત કહી હતી ને ?

**સભા** : **હાજી**

**પૂજ્યશ્રી** : એ બરાબર યાદ હોત તો મૂંઝવણ ન થાત અને ક્ષપકશ્રેણિની વાત ઉપશમશ્રેણિની વાત સાથે તમે જોડી તે જોડત નહિ ને ?

**૨૨૯. સભા : બરાબર છે, ત્યારે ઉપશમશ્રેણિવાળા આત્માઓ દશમાના અંતે રાગદ્વેષથી સર્વથા રહિત નથી બનતા, એમ જ ને ?**

**પૂજ્યશ્રી** : છે તો એમ જ, પણ એમાંય સમજવા જેવું છે : એ નહિ સમજો તો ફેર ભૂલાવામાં પડતાં વાર નહિ લાગે. ઉપશમશ્રેણિ માંડીને દશમા ગુણસ્થાનકે પહોંચેલા આત્માઓને રાગ કે દ્વેષ ઉદયમાં હોતા નથી. પણ સત્તામાં જરૂર હોય છે. રાગદ્વેષનો સર્વથા અભાવ નહિ, પણ રાગદ્વેષના ઉદયનો સર્વથા અભાવ ઉપશમશ્રેણિમાં દશમાએ પહોંચેલાને જરૂર હોય છે. ક્ષપકશ્રેણિ માંડેલા આત્માઓ દશમાના અંતે સર્વથા રાગદ્વેષ રહિત બની જાય છે, જ્યારે ઉપશમશ્રેણિ માંડેલા આત્માઓ દશમાના અંતે રાગદ્વેષના ઉદયથી સર્વથા રહિત બની જાય છે. ફેર એ જ કે ક્ષપકશ્રેણિવાળાને દશમાને અંતે રાગદ્વેષ સત્તાગત પણ હોતા નથી, જ્યારે ઉપશમશ્રેણિવાળાને દશમાને અંતે રાગદ્વેષ ઉદયગત સર્વથા ન હોય પણ સત્તાગત નિયમા હોય. અને દશમાના અંતે પણ રાગદ્વેષ સત્તાગત રહી જાય છે, એથી જ ઉપશમશ્રેણિ માંડનારા આત્માઓ તે વખતે બારમા ગુણસ્થાનકે જઈ શકતા નથી અને અગિયારમા ગુણસ્થાનકે જઈને પાછા પડે છે.

**૨૩૦. સભા : ક્ષપકશ્રેણિ માંડે નહિ તો કેવળજ્ઞાન મળે જ નહિ એમ ને ?**

**પૂજ્યશ્રી** : હા, ક્ષપકશ્રેણિ માંડી દશમાના અંતે રાગદ્વેષથી સર્વથા રહિતપણું પામ્યા વિના અને પછી પણ બાકીનાં ત્રણ ઘાતી કર્મો છેલ્લે છેલ્લે ક્ષીણ કર્યા વિના કેવલજ્ઞાન પ્રગટ કરી શકાતું નથી : એટલે કે ક્ષપકશ્રેણિ માંડ્યા વિના કોઈ કેવલજ્ઞાન પ્રગટાવી શકતું જ નથી.

**૨૩૧. સભા : અને મિથ્યાદષ્ટિ ક્ષપકશ્રેણિ માંડી શકે નહિ એટલે તે પહેલાં સમ્યગ્દર્શન પામવું જ જોઈએ ને ?**

**પૂજ્યશ્રી** : જરૂર. માંડે તો સમ્યગ્દષ્ટિ આત્મા જ ક્ષપકશ્રેણિ માંડે. મિથ્યાદષ્ટિ આત્મા સમ્યક્ત્વ પામ્યા વિના ક્ષપકશ્રેણિ માંડી શકતો જ નથી.

**૨૩૨. સભા : ક્ષપકશ્રેણિ માંડનારો આત્મા ક્ષપકશ્રેણિ માંડતી વખતે ઔપશમિક અગર ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં વર્તતો જ હોય ?**

**પૂજ્યશ્રી** : ફેર ભૂલ્યા, આ પ્રશ્ન ફેર રૂપાન્તરે આવ્યો. આત્મા જે સમયે ક્ષપકશ્રેણિ માંડવાની શરૂઆત કરે છે, તે વખતે તે ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં જ વર્તતો હોય છે અને ખંડ ક્ષપકશ્રેણિવાળો જ્યારે ફરી માંડે ત્યારે ક્ષાયિક સમ્યક્ત્વમાં જ વર્તતો હોય છે પણ ઔપશમિક સમ્યક્ત્વમાં વર્તતો આત્મા તે જ દશામાં ક્ષપકશ્રેણિ માંડી શકે જ નહિ. સમ્યગ્દષ્ટિ આત્મા જ માંડે તો ક્ષપકશ્રેણિ માંડી શકે છે, એમ કહેવાય ત્યારે સમજી જ લેવાનું કે ક્ષાયોપશમિકસમ્યક્ત્વવાળાની જ વાત કહેવાય છે. બધી વસ્તુઓ અપેક્ષાએ કહેવાય. એ અપેક્ષાની ઉપેક્ષા કરનારા સીધામાંથી ઊંધું પકડે એ બનવા જોગ છે.

**૨૩૩. સભા : ત્યારે ક્ષાયિક સમ્યક્ત્વ પણ તે જ પામે કે જે પહેલાં ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામ્યો હોય ?**

**પૂજ્યશ્રી** : ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામ્યો હોય એટલું જ નહિ, પણ ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં જે વર્તી રહ્યો હોય, તે જ ક્ષપકશ્રેણિ માંડે અને દર્શનસપ્તકના ક્ષય સુધી પહોંચે તો ક્ષાયિક સમ્યક્ત્વ પામી શકે.

**૨૩૪. સભા : એ વિષયમાં સૈદ્ધાંતિક અને કાર્મગ્રંથિક વચ્ચે મતભેદ છે ને ?**

**પૂજ્યશ્રી** : સૈદ્ધાંતિક અને કાર્મગ્રંથિક બન્નેય માન્યતાઓ આ વિષયમાં એક જ છે : અર્થાત્ 'ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં જે આત્મા ન વર્તતો હોય તે ક્ષપકશ્રેણિ માંડી શકે જ નહિ અને ક્ષપકશ્રેણિ માંડી શકે નહિ એટલે ક્ષાયિક સમ્યગ્દર્શનાદિ પામી શકે જ નહિ' આ વિષયમાં સૈદ્ધાંતિક અને કાર્મગ્રંથિક બન્નેય મન્તવ્યો એકસરખાં જ છે.

**૨૩૫. સભા : સમ્યક્ત્વની ઉત્પત્તિ સંબંધમાં મતભેદ નથી ?**

**પૂજ્યશ્રી** : છે. કાર્મગ્રંથિક માન્યતા એવી છે કે અનાદિ મિથ્યાદષ્ટિ આત્મા જે સમ્યક્ત્વ પામે છે તે ઔપશમિક જ હોય છે. ઔપશમિક સમ્યક્ત્વ વધુમાં વધુ ટકે તો એક અંતર્મુહૂર્ત ટકે, એટલે ઔપશમિક સમ્યક્ત્વને પામેલા આત્માઓ, ત્રણ પુંજ કરવા દ્વારાએ તે સમ્યક્ત્વનો કાળ પૂર્ણ કર્યા પછી ત્રણ વિભાગમાં વહેંચાઈ જાય છે. કાં તો ક્ષાયોપશમિક - સમ્યક્ત્વ પામે છે, કાં તો ત્રીજા મિશ્ર ગુણસ્થાનકે જાય છે અને કાં તો સીધા જ પહેલા ગુણસ્થાનકે જાય છે. એવા પણ આત્માઓ હોય છે કે જે ત્રણ પુંજ કરતા નથી અને અનંતાનુબંધીનો ઉદય થઈ જવાના કારણે

ચોથેથી બીજે જઈને પહેલે જાય છે. સૈદ્ધાંતિક માન્યતા એવી છે કે અનાદિ મિથ્યાદષ્ટિ જીવ ઔપશમિક સમ્યક્ત્વ પામ્યા વિના જ ક્ષાયોપશમિકસમ્યક્ત્વ પામી શકે છે અને જે અનાદિ મિથ્યાદષ્ટિ જીવો ઔપશમિક સમ્યક્ત્વ પામે છે તે જીવો તે સમ્યક્ત્વમાંથી ક્ષાયોપશમિક સમ્યક્ત્વની દશામાં જઈ શકતા નથી. બાકી સૈદ્ધાંતિક અને કાર્મગ્રંથિક બન્નેય માન્યતાઓ, ક્ષાયિક સમ્યગ્દર્શન ક્ષાયોપશમિક-સમ્યગ્દર્શન પામ્યા વિના પમાય જ નહિ, અર્થાત્ ક્ષાયોપશમિક-સમ્યક્ત્વની હયાતીમાં જ ક્ષપકશ્રેણિ માંડી (ક્ષાયિક) સમ્યગ્દર્શન પમાય, આ વાત એકસરખી રીતિએ સ્વીકારે છે.

**૨૩૬. સભા : ક્ષાયોપશમિક સમ્યક્ત્વની હયાતીમાં જ ક્ષપકશ્રેણિ મંડાય, ક્ષપકશ્રેણિ માંડનાર જ ક્ષાયિક સમ્યક્ત્વ પામી શકે અને તે જ આગળ વધે તો કેવલજ્ઞાન ઉપાર્જી મોક્ષે જઈ શકે, તો પછી અન્યલિંગે પણ સિદ્ધ થાય, એમ જે કહ્યું છે તેનું શું ?**

**પૂજ્યશ્રી** : અન્યલિંગે પણ સિદ્ધ થાય એમ તો કહ્યું જ છે, પણ અન્ય માન્યતાએ પણ સિદ્ધ થાય, એમ તો કહ્યું નથી ને ?

**સભા** : **નાજી.**

**પૂજ્યશ્રી** : અન્ય માન્યતાએ પણ સિદ્ધ થાય એમ નથી કહ્યું પછી એમાં મૂંઝવણ કરવા જેવું શું છે ? અન્યલિંગમાં રહેલો પણ આત્મા ક્ષાયોપશમિક-સમ્યક્ત્વ પામી, ક્ષપકશ્રેણિ માંડી દશમાના અંતે રાગદ્વેષથી સર્વથા રહિત બને તો બારમાના અંતે કેવલજ્ઞાનની આડે આવતાં આવરણોને દૂર કરી, કેવલજ્ઞાન ઉપાર્જી મોક્ષે જાય એ બને અને તે જ અન્યલિંગે સિદ્ધ થાય એમ કહેવાય.

**૨૩૭. સભા : શ્રી તીર્થંકરદેવના આત્માઓમાં પણ અમુક આત્માઓ તીર્થંકરનામકર્મ નિકાચ્યા પછીથી પણ નરકે ગયા છે, તે કેમ ?**

**પૂજ્યશ્રી** : શ્રી તીર્થંકરદેવના આત્માઓએ પણ તીર્થંકર નામકર્મની નિકાચના કરતાં પૂર્વે તેવા આયુષ્યકર્મનો બંધ કરી લીધો હોય, એટલે તેમ પણ બને.

**૨૩૮. સભા : તેઓને આયુષ્યકર્મનો બંધ થયો ત્યારે તેમનામાં પણ સમ્યક્ત્વ નહિ જ ને?**

**પૂજ્યશ્રી** : નહિ જ, કારણ કે સમ્યક્ત્વની હયાતીમાં દુર્ગતિમાં ઘસડી જનારા આયુષ્યકર્મનો બંધ પડતો જ નથી.

**સભા : આ એકાંતે નિયમ ?**

**પૂજ્યશ્રી** : હા. સમ્યગ્દર્શનની હયાતીનો એ પ્રભાવ છે. સમ્યગ્દર્શનરૂપ વિવેકનો એ પ્રતાપ છે. (જૈ. પ્ર. વ.૯/અં.૧૪+૧૫)



*ધર્મ ન જ ગમે તે મિથ્યાત્વ, ધર્મ જ ગમે તે* **સમ્યકત્વ.**

*મીઠા વગરની રસોઈ અને સાકર વિનાની મીઠાઈ બેસ્વાદ રહે છે, તેમ* **સમ્યકત્વના** *સ્પર્શ વિનાની ધર્મક્રિયા સ્વાદ વિનાની બને છે.*

# ✻ સમિતિ ✻

**૨૩૯. સભા : સમિતિ કોને કહેવાય છે ?**

**પૂજ્યશ્રી** : પાંચ પ્રકારની ચેષ્ટાઓને આપવામાં આવેલી એ એક તાંત્રિકી સંજ્ઞા છે અથવા તો 'સમિતિ' નો અર્થ એવો પણ થાય છે કે 'સં' એટલે સમ્યક્ અને 'ઈતિ' એટલે ચેષ્ટા. અનંત ઉપકારી શ્રી અરિહંતપરમાત્માના પ્રવચનને અનુસારે પ્રશસ્ત એવી જે ચેષ્ટા, તે સમિતિ કહેવાય. આ પાંચ સમિતિઓ અહિંસાધર્મના પ્રાણ જેવી છે. આચારરૂપે શુદ્ધ અહિંસાનું ઉત્કટ કોટિનું પાલન કરવાને ઈચ્છનારા આત્માઓએ આ પાંચ સમિતિઓને ધરનારા બનવું, એ પણ પરમ આવશ્યક છે. આ સમિતિઓથી બેદરકાર મુનિ, એ શ્રી જૈનશાસનના નિયમાનુસાર સાચો યતિ નથી જ. (જૈ. પ્ર. વ.૧૧/અં.૨૧)



# ✲ સાધ્વાચાર ✲

**૨૪૦. સભા : શ્રાવક માંદો હોય તો મુનિ જોવા જાય કે નહિ ?**

**પૂજ્યશ્રી** : નહિ જ, અવિરતિધર શ્રાવકને શરીરના ક્ષેમકુશળ બાબત સાધુથી પૂછવા કે જોવા જવાય જ નહિ. પરન્તુ અંતિમ વખતે એ આત્માને દુર્ધ્યાનમાંથી સદ્ધ્યાનમાં સ્થાપવા, પાપનો પશ્ચાત્તાપ કરાવવા અને પંચપરમેષ્ઠીનાં સ્મરણાદિક વડે તે આત્માને દુર્ગતિમાંથી બચાવી સદ્ગતિએ સ્થાપવા શક્ય પ્રયત્નોરૂપ જે નિર્યામણા, તેને કરાવવા મુનિ ગૃહસ્થના બોલાવવાથી યોગ્ય જણાય તો જાય : એટલે કે-ગૃહસ્થના શરીરને જોવા કે હાથ પંપાળવા નહિ, પણ એના આત્માને શુદ્ધ કરવા જાય. દુનિયાનાં દુઃખ રોવા નહિ, પણ પરલોક સુધારવા જાય !

(જૈ. પ્ર. વ.૨/અં.૧૨)

**૨૪૧. સભા : અપવાદે મુનિને પુણ્યાનુબંધી પુણ્ય ઉપાદેય ખરું ?**

**પૂજ્યશ્રી** : મુનિ માટે કોઇ પણ પુણ્યની ક્રિયા જ નથી. મુનિની સઘળી જ ક્રિયાઓ નિર્જરાની જ છે. અસ્તુ. મુક્તિના કામીમાત્રની ઇચ્છા નિર્જરાની જ હોય, છતાં પણ જો બંધ થાઓ તો પુણ્યાનુબંધી પુણ્યનો થાઓ, એમ ઇચ્છે. મુનિનું તથા ગૃહસ્થનું સ્થાન જુદું છે. મુક્તિ ન મળે ત્યાં સુધી સાધન તો જોઇશે, પણ પાપ કે પાપાનુબંધી પુણ્યનો બંધ આવતો હોય તો તે ન આવે અને પુણ્યાનુબંધી પુણ્ય આવે એ મજેનું છે. ધર્મક્રિયા માત્ર મુક્તિના ઇરાદે જ કરવી જોઇએ. અન્ય ઇરાદે કરે તો એ પુણ્યમાં પાપાનુબંધનો અંશ લાગતાં વાર ન લાગે. મુનિની તથા શ્રાવકની

મર્યાદા સમજાય નહિ, ત્યાં સુધી ચરણકરણાનુયોગનું પાલન કઠિન છે. તત્ત્વજ્ઞાનની વાતો વાણીથી છાંટવી સહેલી છે. વાતો બધી કરાય, પણ જો ચરણની ભાવના ન હોય તો એ બધું, માણસને લબાડ બનાવે. ચરણની રુચિ જવાથી માણસ શાસ્ત્રનો મનગમતો ઉપયોગ કરે છે. શાસ્ત્રનો મનગમતો ઉપયોગ કરનાર પ્રભુના શાસનમાં રહેવાને લાયક નથી. દ્રવ્યાનુયોગ જુએ અને બીજો યોગ આઘો મૂકે તે કેમ ચાલે ? બધા અનુયોગ ભેગા થાય તો ફળ થાય ને ! જે વસ્તુ જે રીતે જોવાવી જોઇએ, તે રીતે ન જોવાય ત્યાં સુધી લાયક થઇ શકાતું નથી. હજી તો અજ્ઞાનીઓ ગૃહસ્થધર્મ શું, એ સમજતા નથી. એટલે 'ઘર ચલાવવું, લગ્ન કરવાં'- એ બધાને ગૃહસ્થધર્મ માને છે. ભગવાને બે પ્રકારનો ધર્મ કહ્યો, એમાં આરંભ-સમારંભ, પરિગ્રહ, રંગરાગ નથી આવતા પણ આ તો ત્યાં જ વાંધા છે. આજ તો કહે છે કે-રાજા હોય એ રાજ કરે અને ગૃહસ્થ હોય તે ઘર ચલાવે, એવો રાજધર્મ તથા ગૃહસ્થધર્મ ભગવાને કહ્યો. આમ કહેનારને કોઇ પૂછતું ય નથી કે- એમ કહેવાની ભગવાનને જરૂર શી હતી ? ઉપદેશ ક્યાં હોય ? જે વસ્તુ ઉપદેશ વિના ન થતી હોય ત્યાં ! ભગવાન શ્રી મહાવીરસ્વામીજીની પહેલાં, એટલે કે-એ તારકે ઉપદેશ કર્યો તે પહેલાં આ બધું એટલે રાજ્ય અને ઘરબાર ચલાવવાં, પેઢી ચલાવવી એ બધું ચાલતું કે નહિ ? રાજ્ય ચલાવતાં કે ઘરબાર ચલાવતાં ચલાવતાં એના જ પ્રભાવે મુક્તિએ કોણ ગયું ? કોઇ જ નહિ ! તો શ્રી જિનેશ્વરદેવે માર્ગ મુક્તિનો સ્થાપ્યો કે સંસારનો ?

**સભા** : **એ તો ઋષભદેવની વાત કરે છે.**

**પૂજ્યશ્રી** : શ્રી ઋષભદેવસ્વામીએ શું કહ્યું એ કહો. ઋષભકુમારે કે ઋષભરાજાએ શું કહ્યું ? એની સાથે નિસબત નથી. પણ શ્રી ઋષભદેવજીએ શું કહ્યું? એની સાથે સંબંધ છે. વળી એમણે પણ સંસાર છોડતાં સર્વ સાવદ્યયોગનું પચ્ચક્ખાણ કેમ કર્યું ?

તમે જાણો. કેવળજ્ઞાન થયા બાદ શું કહ્યું એ તો કહો ! વારુ, તમારા કહેવા મુજબ જો રાજધર્મ સ્થાપ્યો એમ માનીએ, તો કહો કે રાજ્યનો તે તારકે ત્યાગ કેમ કર્યો ? અને તે પછી ભરતજીએ પણ શ્રી બાહુબળીજી સમક્ષ એમ કેમ કહ્યું કે 'જે રાજ્યને ભવતરુનું બીજ ન માને તે અધમ છે અને એ જાણવા છતાં હું નથી મૂકતો, માટે હું તો અધમમાંયે અધમ છું?' જો રાજ્ય એટલે કે રાજ્યને લગતી પ્રવૃત્તિઓ કરવામાં ધર્મ જ હતો, એ ભરતજીએ રાજ્યને ભવતરુનું બીજ કેમ કહ્યું ? અને એમ ન માને તેને અધમ કેમ કહ્યો ? તથા પોતાને અધમમાં અધમ કેમ જણાવ્યા? ભરતજી કોની આજ્ઞાથી આ બોલી શકે ? જો રાજ્યની જિત એ જ ધર્મ હોત. તો ઋષભદેવસ્વામીની આજ્ઞાના પાલનમાં જ આત્મશ્રેય માનનાર શ્રી ભરતમહારાજા રાજ્યને ભવતરુનું બીજ (કારણ) માનત ? શ્રી ભરતજી કોના પુત્ર ? શ્રી ઋષભદેવજીના ને ? વારું, ધર્મ કોને કહેવાય ? દુર્ગતિમાં પડતાં જંતુસમૂહને બચાવે અને સારી ગતિમાં સ્થાપન કરે તે જ ધર્મ ને ? તે રાજ્ય દુર્ગતિથી બચાવે કે દુર્ગતિમાં લઈ જાય ? કલ્પસૂત્રમાં આવતી હરિવંશની ઉત્પત્તિ સાંભળી ને ! રાજ્યાદિક એ કારણ શાનું ? નરકનું કે સ્વર્ગનું ? શ્રી બ્રહ્મદત્ત અને શ્રી સુભૂમચક્રવર્તીને કયા સુખની ખામી હતી, કે જેથી તેઓ નરકે

ગયા? બીજા રાજાને તો કદાચ માનો કે રાજ્ય ઓછું હતું,પણ આ તો છ ખંડના રાજા હતા, તો પછી કેમ નરકે ગયા ? દુનિયામાં ગાંડા પણ કહે છે કે જે બે કલાક ભગવાનનું નામ લીધું તે આપણું, બાકી બધું નકામું. આર્યક્ષેત્રમાં અધમકુળમાં અવતરેલા અને મજૂરી કરનારાઓ પણ કહે છે કે જે બે ઘડી રામનું નામ લીધું તે કામનું ! તો આજના સુધરેલા ગણાતા જૈનોને હજી તો એ શંકા છે કે રાજ્યાદિ ધર્મ કે આમાં કહ્યો છે તે ધર્મ ? પરન્તુ ખરુ જોતાં એ શંકા નથી, પણ ઈરાદાપૂર્વકની પાપ કાર્યવાહી છે !

**સભા : લોક પણ કહે છે કે-રાજ્યશ્રી તે નરકશ્રી.**

**પૂજ્યશ્રી** : એ તો લોક માને છે ને ! પણ કહેવાતો સુધરેલો જૈન લોક માને છે ? ખરેખર, આવા સુધારકો એ જૈનસમાજ માટે પણ શ્રાપસમા છે. કારણ કે શ્રી જિનેશ્વરદેવના નામે સંસારની વાત કરવી, એના જેવું દુનિયામાં શાસ્ત્રવિરુદ્ધ એટલે કે અસત્ય કથન એકે નથી. એ તો શાહુકારીના નામે ચોરીની સ્થાપના કરવા જેવું છે ! આથી જ વિવેકીઓ કહે છે અને માને છે કે દુનિયાને તથા ધર્મને મેળ તો નથી જ. 'કરેમિ ભંતે' માંથી એ તો નથી જ નીકળતું કે મુનિપણામાં દુનિયાદારી બાકી રાખી છે, કારણ કે પચ્ચક્ખાણ 'તિવિહં તિવિહેણં' છે અને એટલા માટે જ મુનિ પરમેષ્ઠિપદમાં સ્થિત છે. મુનિની કાર્યવાહી એક જ કે દુનિયાના પ્રાણીઓ ઉત્તમ પદે આવે એ જ મુનિના મનોરથ. આવા મનોરથોને સેવે અને પોતાના મુનિપણામાં રક્ત રહે, તો જ મુનિ મુનિપણાને સાચવી શકે, નહિ તો મુનિપણું ગુમાવી દે. (જૈ. પ્ર. વ.૨/અં.૨૧)

**૨૪૨. સભા : સાધુને શ્રાવકની ગરજ નહિ ? ભગવાને પણ શ્રાવકો સ્થાપ્યા ને ?**

**પૂજ્યશ્રી** : ભગવાને શ્રાવક કેમ સ્થાપ્યા એ કહો ! ભગવાને શ્રાવકો સ્થાપ્યા કે સ્થાપવા પડ્યા એ કહો !! ભગવાને બે પ્રકારનો ધર્મ કહ્યો એ વાત ખરી, પણ જેઓ સાધુ ન થઈ શક્યા એને માટે શ્રાવકધર્મ કહ્યો, અર્થાત્ એવાઓને માટે જ શ્રાવકધર્મ કહેવો પડ્યો છે. એટલે કે જો બધા સાધુ થવા તૈયાર હોત, થઈ શકતા હોત, તો શ્રાવકો સ્થાપવાની જરૂર નહોતી ! સાધુમાર્ગ ઊંચો છે. એમ કબૂલવા છતાં એની આરાધનામાં જેઓ અશક્ત છે, તેઓ માટે જ અનંતજ્ઞાની અને ઉપકાર ભાવનાથી ભરેલા ભગવાને શ્રાવકધર્મની સ્થાપના કરી છે. જેઓ સાધુધર્મ ન પામી શકે. એમને માટે એ ધર્મ પામી શકવાના સાધનરૂપ શ્રાવકધર્મ ભગવાને કહ્યો.

**૨૪૩. સભા : બધા સાધુ થાય તો રોટલા કોણ આપે ?**

**પૂજ્યશ્રી** : આ પ્રશ્ન જ ખોટો છે, કારણ કે આવી શંકા જ અસ્થાને છે. બધા સાધુ થાય તો હરકત પણ શી ? જે કાળે બધાને એ ભાવના થાય, તે કાળની હવા કેવી હશે ? પણ એ બનવાનું જ નથી. કોઈ કાળે એમ બન્યું યે નથી અને બનશે પણ નહિ. તો પછી એના વિચાર જ શા ? વારુ, શ્રાવક સાધુને વહોરાવે શા માટે એ કહો ! દાતા અને ગ્રાહક એ બેયની કિંમત અહીં ઊંચી છે. જો વિધિ વિચારવામાં આવે તો એમાંથી જ ઉત્તર મળી જાય અને સમાધાન પણ થાય તેમ છે. ભિક્ષા લેવા બોલાવવા માટે સાધુ પાસે આવો છો, ત્યારે શું કહો છો ? 'લાભ દો !' એમ કહો

છો. સાધુ આવે છે તો લેવા અને છતાં 'લાભ દો !' એ શબ્દો કેમ ? કાંઈ રહસ્ય સમજાય છે ?ભિક્ષુક કોણ અને દાતાર કોણ ? તમે દેવા તૈયાર થાઓ, ત્યારે તમારી મનોવૃત્તિ કઈ ? ચીજ જ્યારે વહોરાવો ત્યારે તમારા મનમાં શા ભાવ થાય ? ભાવનાપૂર્વક દેવાયા પછી મનોદશા કઈ ? જો આ બધાનો સમ્યક્ પ્રકારે વિચાર થાય તો એક પણ પ્રશ્નને સ્થાન રહેતું જ નથી સાધુ ભિક્ષાએ નીકળે ત્યારથી જ એ ભાવના હોય કે 'મળે તો સંયમપુષ્ટિ અને ન મળે તો તપોવૃદ્ધિ !' શરીર છે ત્યાં સુધી સાધુને પણ સાધનની જરૂર છે, પરન્તુ એની ભાવના એ કે મળે તો સંયમ પુષ્ટ થશે અને નહિ મળે તો તપ થશે. ભિક્ષા લેવા જતાં સાધુની દીનવૃત્તિ ન હોય. એ કોઈ પણ સ્થળે જઈને 'અન્નદાતા' આપો!' એમ ન જ કહે : 'ધર્મલાભ' જ કહે. સામાને ધર્મના લાભની ગરજ હોય તો તે વહોરાવે, નહિ તો કાંઈ નહિ ! સામો ધણી કહે કે 'અમારે આપવું નથી અને અમને ધર્મની પરવા નથી' તોય સાધુ 'ધર્મલાભ' જ કહીને પ્રસન્નચિત્તે પાછા ચાલી નીકળે, પણ બાવાની જેમ લેવાને માટે અડીંગા ન નાખે. આથી એ સિદ્ધ છે કે સાધુઓ બીજા ઉપર જીવતા નથી. પણ પોતાના સંયમબળે જીવે છે. 'ગૃહસ્થ ન આપે તો શું થાય?' આ ભાવના જે સાધુમાં આવે તે પરિણામે પોતાના સંયમને ભૂલે. જો એવી જ ઈચ્છા હતી તો ઘર મૂકવાનું પ્રયોજન શું ? દીન બની અસંયમીનું શરણ લેવાય તો સંયમ જાય, એમાં આશ્ચર્ય શું ? અસંયમીના શરણથી સંયમ શી રીતે રહે ? વિધિ તો એ છે કે ગૃહસ્થ જો સાધુને દેવામાં પોતાનો નિસ્તાર માનતો હોય તો દે.

**૨૪૪. સભા : શ્રાવકો રોટલા આપે એ ઉપકાર નહિ ?**

**પૂજ્યશ્રી** : નહિ જ, એમાં પૂછવાનું શું ? અને જો એમ જ માનો તો તો પછી પ્રભુની પૂજા કરો છો એ પણ ઉપકાર, કેમ? નોકર નોકરી કરે છે તે પણ શેઠ ઉપર ઉપકાર કરે છે એમ ને ? ભૈયાઓ-'શેઠિયાઓ ઉપર ઉપકાર કરીએ છીએ' એ જણાવે તો શેઠિયાઓ એ ભૈયાઓ વિના ચલાવી લે કે પગાર આપીને ઉપકારી માની લે ? આથી સાધનની સહાયતા છે એ વાત સાચી પણ 'સહાયતા સહાયતામાં અંતર છે.' એ વાતને બરાબર સમજો. બાકી શ્રી જિનપૂજન પ્રભુ પર ઉપકાર કરો માટે અને ગુરુભક્તિ ગુરુ ઉપર ઉપકાર કરવા ખાતર કરતા હો, તો પછી તમારી ખાતર શું ? દુનિયામાં પરસ્પરની સેવા પણ તમે સ્વાર્થથી કરો છો. કુટુંબાદિને અલંકારો અને વસ્ત્ર આપો છો તે ઉપકાર માટે ? છોકરો માંદો પડે ત્યારે ડૉકટરને લાવો છો એ સ્વાર્થ છે કે ઉપકાર ? એ તમારા અંતરાત્માને પૂછી જુઓ. ઘરની સ્ત્રી બરાબર નથી એમ માલૂમ પડે અને સ્વાર્થનો સંબંધ તૂટે, તે પછીનો વ્યવહાર કેવો રહે ? ત્યાં બધે સ્વાર્થ અને દેવ ગુરુ ઉપર ઉપકાર એમ ? છોકરો કહે કે -'હું ન હોત તો તમને બાપા કોણ કહેત ?' એવો આ ન્યાય છે. પણ એમ કહેનાર હૈયા વિનાના એ છોકરાને ખબર નથી કે બાપ ન હોત તો પોતે ક્યાંથી હોત ? છોકરા વિના બાપ, બાપ ન કહેવાત એ ઠીક છે. પણ છોકરો છે તો બાપથી જ ને ! છોકરો બાપને બાપ ન કહે, એમાં કાંઈ બાપની મહત્તા ઘટતી નથી, પણ પોતાના બાપને બાપ ન કહેનારો એ પોતે જ નાલાયક ઠરે છે. શ્રી જિનેશ્વરદેવ અને નિર્ગ્રંથ ગુરુ એ તારક છે અને આપણે તરવું છે, એટલે

તરવાના સાધન તરીકે જ દેવ અને ગુરુની ભક્તિ છે. તરવા માટે ધર્મ રૂપ નાવ જરૂર જોઈએ. એ નાવ દેવગુરુની ભક્તિને આધીન છે. જેમ જેમ ભક્તિ વધે, તેમ તેમ નાવની પ્રાપ્તિ થાય. જો તેમના ઉપર ઉપકાર માનતા હો તો દેવગુરુની ભક્તિ ન કરવી એ જ બહેતર છે. કારણ કે એમના ઉપકાર માટે જો આ બધું કરશો, તો તરવાના બદલે ઊલટા ડૂબશો. નાવને સીધી રખાય તો તરાય અને ઊંધી વળાય તો એ જ નાવ ડૂબાડે. નાવમાં બેસવું હોય તો કપ્તાન કહે તેમ બેસવું જ પડે. એના કહેવાથી વિરુદ્ધ ચાલી ડોકુ કાઢે તો ઘરે પણ ન આવે, બંદરે પણ ન પહોંચે, એટલું જ નહિ પણ મધ્યમાં જ અવસાન પામે. એ રીતે અહીં પણ જો દેવગુરુને માનો તો એ કહે તેમ કરો. ભાગ્યવાન ! એ વિના તો ઉલટી આશાતના કરીને દુર્લભબોધિ બની જશો. પ્રભુભક્તિ અને ગુરુભક્તિમાં પોતે ઉપકાર કરી રહેલ છે, એ ભાવના આવવાથી જ ભક્તિ ચાલી ગઈ છે. આજે કેટલાકો શ્રી જિનમૂર્તિને અંગલુંછણાં કરતાં ગળેથી પકડે છે અને મેલા કળશે નવરાવે છે. કેટલેક સ્થળે એવાં મેલાં અંગલુંછણાંથી પ્રભુનું અંગ લોવાય છે, કે જેનાથી તમે મોં પણ ન લુહો. આ શાથી ? એક શેઠિયો આવે તો સામે જાય, બૂટ પણ ન ખખડે એ રીતે ચાલે, ત્રણ ત્રણ સલામો ભરે, અને હાજી હાજી કરી આખો બંગલો બતાવે, તથા જાણે કે કંપ વા થયો હોય એવો વર્તાવ કરે. શેઠ જેમ જેમ ગુસ્સે થાય તેમ તેમ પેલો શાંતિ રાખે. ત્યાં આટલી બધી ભક્તિ કેમ ? બાર મહિને ત્યાંથી હજારની આવક છે એ માટે આ બધું થાય છે કે બીજું કાંઈ ? તો પછી ત્રણ લોકના નાથ, કે જે તમારા સર્વ

ભાવ જાણી રહ્યા છે અને જેમની ભક્તિ દ્વારા તમારે શાશ્વત, સંપૂર્ણ તેમ જ દુઃખના લેશ વિનાનું સુખ મેળવવું છે, તેમની પ્રત્યે આવો તોછડો વર્તાવ કેમ ? આ દશામાં તમે કહો છો કે ધર્મ ફળતો નથી, પણ હું કહું છું કે ધર્મ ફળે શી રીતે ? ધર્મ કરે તો ફળે ને ! બીજ શેકીને વાવવામાં આવે, એનું પરિણામ શું આવે ? શેકેલાં બીજ વાવવાથી સડી જાય, જમીન બગડે અને પાસે જો ગામ હોય તો ત્યાં મરકી પણ ફેલાય. સ્વચ્છંદી આત્માઓ તરફથી આજની ધર્મક્રિયાઓ પણ થતી હોય તો એવી રીતે શેકીને કરાય છે.　　　　(જૈ. પ્ર. વ.૨/અં.૩૨)

**૨૪૫. સભા : સાધુઓથી તીર્થયાત્રા નિમિત્તે જ વિહાર કરી શકાય ?**

**પૂજ્યશ્રી** : તીર્થયાત્રાની ભાવના એ બહુ ઉત્તમ વસ્તુ છે, પણ સાધુઓને માટે સંયમયાત્રા એ જ ઉત્તમોત્તમ યાત્રા છે. સંયમને સાટે સંયમના ભોગે સાધુઓને તીર્થયાત્રા કરવાની હોય નહિ. સાધુઓ સંયમનો નિર્વાહ કરતા વિચરે અને એ રીતિએ જે જે તીર્થોની યાત્રા થઈ શકે તે કરવાનું ચૂકે નહિ. સાધુઓને માટે તો, તે મહાવ્રતાદિનો સ્વીકાર કરે, એટલે એ વ્રતોનું નિરતિચાર પાલન જે રીતિએ થાય તે રીતિએ વર્તવું એ જ યોગ્ય છે. શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનું પાલન કરવામાં રક્ત રહેવું, એ જ એ તારકની પરમ ભક્તિ છે.

*જેની નજર પરલોક સુધી પહોંચે તેના જ* **આચારોનું** *અનુસરણ કરાય.*

**૨૪૬. સભા : વિકટ પ્રદેશમાં રહેલાં તીર્થોનાં દર્શન સાધુઓને શી રીતિએ કરાવી શકાય ?**

**પૂજ્યશ્રી** : પૂર્વકાળમાં ભયંકર અટવીઓને પણ સાધુઓએ ઉલ્લંઘી છે, તે કંઈ રીતિએ ઉલ્લંઘી હશે ? એ માટે સાધુઓ કોઈ ઉત્તમ સાર્થનો યોગ સાધી લેતા અને સાર્થવાહને મળી તેની સાથે સાથે વિહાર કરી, પોતાના સંયમને જરા પણ દૂષિત થવા દીધા વિના તે મુનિમહાત્માઓ ભયંકર અટવીને પણ ઉલ્લંઘી જતા.

ભગવાન શ્રી મહાવીરદેવના શ્રી નયસારના ભવનો ખ્યાલ કરો. ગ્રામચિંતક શ્રી નયસાર, રાજાની આજ્ઞાથી રાજાને જોઈતાં ઉત્તમ કાષ્ઠોને માટે જ્યારે મહાભયંકર અટવીમાં ગયા છે, ત્યારે ત્યાં શ્રી નયસારને સાર્થથી ભ્રષ્ટ થયેલા સાધુઓ મળ્યા છે. એ અટવી એવી હતી કે એકાકી શસ્ત્રધારી પણ તેમાં પર્યટન કરે નહિ ! આ મુનિવરો પહેલાં તો સાર્થની સાથે જ નીકળ્યા હતા, પણ માર્ગમાં ગામ આવ્યું, ગામમાં સાધુઓ ભિક્ષા માટે ગયા, સાધુઓ પાછા ફરે તે પહેલાં સાર્થ ઊપડી ગયો, ભિક્ષાને નહિ પામેલા સાધુઓ પાછા સાર્થની શોધમાં ચાલી નીકળ્યા અને માર્ગના અજાણ એવા તે સાધુઓ ભૂખ્યા તરસ્યા, થાકેલા પાકેલા મધ્યાહ્ન સમયે શ્રી નયસારના જોવામાં આવ્યા. અર્થાત્ સાધુઓ પહેલાં તેવા સમયે સાર્થનો યોગ સાધી લેતા અને સંયમનો નિર્વાહ કરતા થકા વિકટ પ્રદેશને પણ ઉલ્લંઘી જતા.

વળી શ્રી ઋષભદેવભગવાનના જીવના શ્રી ધના સાર્થવાહના ભવ તરફ પણ જુઓ. આચાર્ય મહારાજ ધના સાર્થવાહને મળ્યા છે અને ધના સાર્થવાહના સાર્થ સાથે આચાર્ય મહારાજ આદિએ વિકટ પ્રદેશને વટાવ્યો છે. કેટલીક વાર આવા પ્રસંગોએ સાર્થવાહોને પણ અનુપમ

લાભ થઈ જતો. મુનિવરોના ઉત્તમ આચાર-વિચારોની સુંદર છાયા તે આત્માઓ ઉપર પડતી અને એથી તેમાંના સુયોગ્ય આત્માઓ ધર્મને પામી જતા. આવી રીતિએ સાર્થનો યોગ મળી જાય તો સાધુઓ નિર્દોષપણે અન્નપાનાદિ મેળવી શકે, સંયમની આરાધનામાં તત્પર રહી શકે અને સંયમને ઘવાવા દીધા વિના જ વિકટ પ્રદેશનેય ઉલ્લંઘી જઈ શકે. (જૈ. પ્ર. વ.૮/અં.૪૨)

**૨૪૭. સભા : સાધુને માટે રાગદ્વેષ હોવા અગર કષાય હોવા એ કલંકરૂપ નથી ?**

**પૂજ્યશ્રી** : છઠ્ઠા ગુણસ્થાનકે રહેલા આચાર્યમહારાજ, ઉપાધ્યાયમહારાજ કે સાધુમહાત્મામાં રાગદ્વેષનો સર્વથા અભાવ હોય એ બનતું જ નથી. પ્રશસ્ત રાગદ્વેષ હોવા, છઠ્ઠા ગુણસ્થાનકે રહેલા આચાર્યમહારાજના આચાર્યપણાને માટે કલંકરૂપ નથી જ અને તે જ રીતિએ ઉપાધ્યાય મહારાજના ઉપાધ્યાયપણાને માટે કે સાધુ મહારાજના સાધુપણાને માટે કલંકરૂપ નથી. પ્રશસ્ત રાગદ્વેષ હોવાના કારણે આચાર્યપણું, ઉપાધ્યાયપણું કે સાધુપણું દૂષિત થતું જ નથી, 'જેનામાં રાગદ્વેષ હોય તે સાધુ સાધુ નથી, ઉપાધ્યાય ઉપાધ્યાય નથી અને આચાર્ય આચાર્ય નથી', આવું માનનારા અને બોલનારા મિથ્યાવાદીઓ જ છે. 'સાધુઓ અપ્રશસ્ત રાગદ્વેષ ન આવી જાય તે માટે કાળજીવાળા હોવા જોઈએ' એમ કહેવું તે બરાબર છે, પણ 'સાધુઓ રાગદ્વેષ રહિત જ હોવા જોઈએ', એમ કહેવું તે ખોટું જ છે. સાધુ મોક્ષના અર્થી હોય અને સંસારના દ્વેષી હોય. એટલું જ નહિ પણ મોક્ષની પ્રાપ્તિને માટે અને સંસારના વિચ્છેદને માટે જ્ઞાનીઓની આજ્ઞા મુજબ સંવર અને નિર્જરાનાં કારણોને સેવવામાં ઉદ્યમશીલ હોય.

**૨૪૮. સભા : આજે સાધુઓમાં કષાય હોય જ નહિ, રાગદ્વેષ હોય જ નહિ, એવો પ્રચાર કેમ થઈ રહ્યો છે ?**

**પૂજ્યશ્રી** : કારણ કે તેઓને સાધુઓની હયાતી ખટકે છે. સાધુઓને લોક માનતા અટકી જાય તો જ પોતાની ધારણા ફળે, એમ કેટલાકોને લાગ્યું છે અને એથી જ સાધુઓ પ્રત્યેની ભક્તિ લોકહૃદયમાંથી કાઢવાને માટે જ મુખ્યત્વે આ જાતિનો પ્રચાર પણ થઈ રહ્યો છે. કેટલાકો આવું અજ્ઞાનતાથી પણ બોલે છે. ઘણા અજ્ઞાનીઓ એમ બોલતા પણ સંભળાય છે કે 'સાધુઓએ સંસાર છોડ્યો, માબાપ છોડ્યાં, પૈસા *છોડ્યા, બૈરી-છોકરાનો ત્યાગ કર્યો અને એકલો ધર્મ કરવાને નીકળ્યા,* તે છતાં એમને રાગદ્વેષ શા ? એમને ક્રોધ શાનો ? માન શાનું ? માયા શાની ? લોભ શાનો ?' આવું બોલનારાઓ બીચારા અજ્ઞાનપણે પણ બોલે છે. સાધુઓએ જે છોડ્યું છે તેનો સાધુઓમાં રાગ ન હોવો જોઈએ એ બરાબર છે, સાધુઓ પૌદ્‌ગલિક લોભને વશ બનીને ક્રોધ, માન, માયા કે દ્વેષ ન કરે એ બરાબર છે, પણ સાધુઓમાં પ્રશસ્ત કષાયો તો હોય જ ! મોક્ષની સાધનામાં પ્રશસ્ત રાગદ્વેષ વીરતા અને ધીરતા લાવે છે. સાધુઓ સંસારના અર્થી નથી પણ મોક્ષના અર્થી તો છે ને ? મોક્ષના અર્થી છે જ, માટે મોક્ષની સાધના કરવામાં સહાયક બનનારા પ્રશસ્ત રાગદ્વેષ સાધુઓમાં હોય જ. રાગદ્વેષ મૂળમાંથી જશે ત્યારે પ્રશસ્ત રાગદ્વેષ પણ નહિ જ હોય. (જૈ. પ્ર. વ.૯/અં.૧૫)

** સંસારના કોઈ પણ કામમાં જે કામ ન લાગે તે ભગવાનનો સાચો* ***સાધુ.***
**દુઃખને સહન કરવા જેવું માને તે સમકિતી, દુઃખને સહન કરતા શીખે તે શ્રાવક, દુઃખને સહન કરવામાં મજા આવે તે* ***સાધુ.***

# ❋ સામાન્ય તત્ત્વજ્ઞાન ❋

**૨૪૯. સભા : (જિનશાસનમાં) અપવાદને સ્થાન હોય ?**

**પૂજ્યશ્રી** : અપવાદ મૂળની રક્ષા માટે કે મૂળના નાશ માટે ? પૂલ પર ટ્રેન ધીમી ચાલે તે નભે, બે ડબ્બા ઓછાવત્તા કરે તે નભે, પણ પૂલ પરથી ખસી જાય તો નભે ? સેકન્ડક્લાસના ડબ્બા વધારે કે થર્ડ ક્લાસના વધારે એવી બધી ઘાલમેલ કરે, પણ પાટા ઉપરથી ઊતરે એ બને ? પાટા પર રહીને થતા અપવાદ ચાલે. પણ પાટા પરથી ટ્રેન ખસી પછી શું થાય ?

**૨૫૦. સભા : અપવાદનો અર્થ ?**

**પૂજ્યશ્રી** : મૂળને પોષે તે અપવાદ. નિરવદ્ય ક્રિયાના રક્ષણ માટે બધા અપવાદ સેવાય, પણ સાવદ્ય ક્રિયાના રક્ષણ માટે એક પણ અપવાદ ન સેવાય. શાસનરક્ષા માટે જ્ઞાનીએ દર્શાવેલ અપવાદ સેવાય, કેમ કે ધ્યેય એ કે નિરવદ્ય ક્રિયાની પુષ્ટિ છે. જે ક્રિયાથી નિરવદ્ય ક્રિયાને પુષ્ટિ મળે તે કરાય. નિરવદ્ય ક્રિયાને ખીલવવા અપવાદ સેવાય. નિરવદ્ય ક્રિયાનું રક્ષણ કરતાં અવિધિ થાય તો પણ એનું પ્રાયશ્ચિત્ત પ્રાયઃ મિચ્છામિ દુક્કડં. સાવદ્યની પુષ્ટિ કરે તે અપવાદ નહિ. અર્થકામના ઈરાદાથી કરાતી ધર્મક્રિયાથી થતા પાપને પાપમાં ગણ્યું. જ્યારે અર્થકામના ત્યાગ માટે થતી ધર્મક્રિયામાં સાવદ્યનો થોડો અંશ હોય તો પણ શાસ્ત્રે એને નિરવદ્ય કોટિમાં ગણ્યું છે. સાવદ્યપુષ્ટિ માટે થતી નિરવદ્ય ક્રિયા પણ સાવદ્યની કોટિમાં ગણાય. હજાર વિદ્યા સાધવા માટે રાવણનું ધ્યાન એ ક્રિયા તો નિરવદ્ય હતી, પણ હેતુ સાવદ્ય હોઈ એ પણ ક્રિયા સાવદ્ય

ગણી. બગલાના ધ્યાનની ઉપમા ક્યાં ? પ્રપંચી ક્રિયામાં બગલો નેત્રો મીંચીને ઊભો રહે. એ ક્રિયા તો સાચી, પણ બગધ્યાન ખોટું કેમ ? એનું ધ્યાન અને એની એ ક્રિયા એટલા માટે છે કે જે ધ્યાનથી માછલાં પંજામાં આવે. માટે જ એ બધું પાપમય એનો હેતુ પાપનો છે. શ્રી વિષ્ણુકુમાર નામના મુનિવરે જે કાર્યવાહી કરી તેમાં ઈરાદો પાપનો નહોતો. ત્યાગ માટે કદી રાગ સેવવો પડે તો તે સેવવાની છૂટ, પણ રાગને માટે ત્યાગ સેવવાની છૂટ નહિ. ત્યાગ માટે, ત્યાગની પ્રાપ્તિ માટે કદાચ રાગ કરવો પડે તો એ હજી નભે, એ જરૂરના પણ છે, પ્રશસ્ત તરીકે એને વખાણાય પણ છે, કારણ કે એ ત્યાગના હેતુભૂત છે.

(જૈ. પ્ર. વ.૩/અં.૧૧)

**૨૫૧. સભા : સંસારમાં રહીને પણ તત્ત્વજ્ઞાની થઈ શકાય કે નહિ ?**

**પૂજ્યશ્રી** : સંસારમાં રહેલો આત્મા તત્ત્વજ્ઞાની થઈ શકે છે, પણ સંસારમાં રહેવાની ઈચ્છાવાળો આત્મા તત્ત્વજ્ઞાની થઈ શકતો નથી. તત્ત્વજ્ઞાની થવાની ઈચ્છાવાળા આત્માએ કાં તો સંસારને તજેલો હોવો જોઈએ. આથી એ પણ સ્પષ્ટ છે કે સંસારને તજ્યા પછી પણ જે સંસારની પુષ્ટિ કરે છે, તે તો વળી મહાઅજ્ઞાની છે. (જૈ. પ્ર. વ.૩/અં.૩૫)

**પૂર્વભૂમિકા** : અભવિ મોક્ષને માનતો જ નથી હોતો. બીજા પાસે વાંચે બરાબર, કહે બરાબર, સમજાવે બરાબર, પણ એ આત્મદળ જ એવું છે કે એને હૈયામાં ન જચે. આજે એવા પણ પડ્યા છે કે અસત્યથી થતી હાનિ એ

વિષય પર લખવા કે બોલવા બેસે, તો એવું લખે અને એવું બોલે કે સત્યવાદીનાં લખાણ તથા વચનને પણ ઝાંખાં પાડે, પણ એની કાર્યવાહીમાં અસત્ય ચાલુ જ હોય ! એવું અસત્ય ચાલુ હોય કે ન પૂછો વાત ! કોઈ પૂછે કે આમ કેમ ? તો કહે છે કે એ તો પોલિસી છે, કારણ કે એમના જીવનમાં સત્યાંશ મળે જ નહિ. શ્રી જૈનશાસનમાં એવાની કીંમત એક ફૂટી કોડી જેટલી પણ નથી. અભવિ ગમે તેવો શુદ્ધ વક્તા હોય, પણ એ અભવિ છે એમ જાણ્યા પછી એનો સહવાસ નહિ કરવાની આજ્ઞા છે. ન જણાય ત્યાં સુધી એ લાભ આપે, પણ તે પછી ન આપે. પૌદ્‌ગલિક વસ્તુને સુખનું સાધન માનવું, એ જ મોટામાં મોટી ખામી છે, અને એને લઈને જ એના હાથમાં બીજી વસ્તુ આવતી નથી, સુખ તો સૌ ઈચ્છે છે, દુઃખ કોઈ નથી ઈચ્છતું પણ સુખ ઈચ્છનાર બધાને ધર્મના અર્થી ન માનતા. સુખની ભાવનાવાળા બધા જ ધર્મરસિક છે એવું પણ ન માનતા, કારણ કે પૌદ્‌ગલિક સુખની સાધના માટે ધર્મને પણ ઘણા સેવે છે. પૌદ્‌ગલિક સુખ માટે દુનિયાના કયા જીવો બીજાની આધીનતા, સેવા, ચાકરી વિગેરે નથી કરતા ? ઘણા કહે છે ને કે ચમત્કાર વિના ધર્મપ્રેમ ન થાય. એ ચમત્કાર શો ? એ જ કે લક્ષ્મી વિગેરે મળે, ધારેલું પૌદ્‌ગલિક સુખ મળે, ત્યાં સંસારરસિક જીવો અદ્ધર રહે. ઘમંડીમાં ઘમંડી હોય, કે જે દેવ ગુરુ આગળ પણ અક્કડ ઊભો રહે, તે પણ એના સાહેબ (ઉપરી) પાસે કેવી રીતે ઊભો રહે છે ? અહીં દેવ ગુરુ પાસે નમવામાં ઉઘ્ધંઠોને શરમ આવે અને કહે કે અમે આવા ભણેલા તે ત્યાં નમીએ ? પણ સાહેબ પાસે નમતાં એ અભિમાન ક્યાં ચાલ્યું જાય છે ? કહેવું જ પડશે કે ત્યાં ઈચ્છિત મળે છે ! એ જ

રીતનું ધર્મમાંથી પણ એમને ઈચ્છિત જોઈએ છે. દેવ ગુરુ પણ જો એમની મરજી મુજબ આપે તો હમણાં સલામ ભરે, કારણ કે સલામ ભરવામાં કાંઈ એમને નાનમ નથી લાગતી. શ્રી શાલિભદ્રજીને સલામ ભરવી નહોતી ગમતી, શ્રી શાલિભદ્રજીના જેવી ભાવનાવાળા તેઓ નથી. શ્રી શાલિભદ્રજીને તો નિરર્થક ‘સ્વામી’ શબ્દ ખટકતો હતો. એમણે વિચાર્યું કે ‘હું પણ મનુષ્ય અને શ્રેણિક પણ મનુષ્ય, છતાં એ સ્વામી અને હું સેવક ? હવે એવાની સેવા કરું કે જેની સેવાથી મારું સેવકપણું જાય.’ એ બુદ્ધિથી સ્વામી શબ્દ શ્રી શાલિભદ્રજીને ખટકતો હતો. આજના તો સ્વાર્થ સરતો હોય તો ગમે તેને સ્વામી નહિ પણ મહાસ્વામી પણ કહે. આ દેવ ગુરુ તો એવા છે કે આપે કાંઈ નહિ, ઊલટું છોડાવે અને માલિક કહેવરાવે. એમને માથું નમાવવું પડે અને ઉપરથી કહે કે તમારી તમે કહો તેવી ચિંતા અમે ન કરીએ. એટલા જ માટે આ દેવ ગુરુને નમવું એ એવાઓને પાલવતું નથી. એમનું ધારેલું પછી ભલે તે ગમે તેવું ભયંકર હોય એવું કાંક દેતા હોય તો ક્ષણમાં અનેક વાર પગે લાગે, પણ એમ નથી એટલે જ તેઓ એ માનતા નથી અને ઉપરથી એમ કહે છે કે ‘અમારા આધારે જીવે, અમારાથી એમનું ટટ્ટુ ચાલે અને એ પોતાને ગુરુ મનાવે એ અમને કેમ પાલવે ?’ આથી જ હું કહું છું કે એવાઓના તમે ચિકિત્સક બનો, એટલે કે બોલનારાના ભાવને પરખો, એવા ઉલ્લંઠોની રગ પરખો. જેટલા એમને નહિ ઓળખે તેટલા બધા જ એમના હાથનો માર ખાવાના છે. હું તો કહું છું કે એમના પડખે ઊભેલા સાધુઓની પણ પરિણામે આ લોકમાં પણ ભયંકર દુર્દશા જ છે, કારણ કે એવાઓ સાધુતાના પૂજારી નથી પણ

પોતાના મંતવ્યની પુષ્ટિના જ પૂજારી છે, એટલે જે સમયે પોતાનું મંતવ્ય જો એમનાથી પણ હણાશે, તો તે જ સમયે એમને પણ ઊંચકીને ક્યાંય ફેંકી દેશે.

**૨૫૨. સભા : મંતવ્યની પુષ્ટિ માટે તો એમને ઓઠા તરીકે રાખ્યા છે.**

**પૂજ્યશ્રી** : આથી જ કહ્યું છે કે દુર્જનના પડખે રહેવું એ પણ બહુ ભયંકર છે. વ્યવહારમાં પણ કહેવાય છે કે હોંશિયાર ચિકિત્સકના હાથે મરવું સારું, પણ ઊંટ વૈદ્યના હાથે જીવવું ખોટું. તેમ સારાના સહવાસના યોગે જાન જાય તેનું દુઃખ નથી, પણ દુષ્ટની સોબતથી માન મળે તેથી પણ ભયંકર દુઃખ છે, કારણ કે એથી ભયંકર નુકશાન છે. એ જ કારણે કહેવાય છે કે મૂર્ખાની સાથે મેળ રાખવાથી ધોળે દિવસે લિલામ થાય. **નીતિકાર** પણ કહે છે કે-

**न मूर्खजनसंसर्गः, सुरेन्द्रभवनेष्वपि ।**

'સુરેંદ્રના ભવનમાં પણ મૂર્ખજનનો સંસર્ગ સારો નહિ.' અર્થાત્

સારા માણસે જ્યાં મૂર્ખની સોબત મળતી હોય તેવું સુરેંદ્રભવન મળે, તો ય મૂર્ખાની સોબત ન કરવી, સુરેંદ્રભવનની પણ ત્યાં મૂર્ખનો સંગ કરવો પડતો હોય તો, ઈચ્છા કરવી જોઈએ નહિ. કારણ કે ત્યાં પણ એ ભયંકર છે.

*તત્ત્વનું ચિંતન કરવું તે પણ 'સ્વાધ્યાય' નામનો શ્રેષ્ઠ તપ છે.

**૨૫૩. સભા : શું સ્વર્ગલોકમાં પણ મૂર્ખા હોય છે ?**

**પૂજ્યશ્રી** : હા મૂર્ખાઓ તો આખીયે દુનિયામાં હોય, એટલે કે ત્રણેય લોકમાં હોય. મૂર્ખાઓની ખોટ કોઈ પણ જગ્યાએ નથી ! જ્યાં ત્યાં ડાહ્યાઓની જ ખોટ પડે છે !

**૨૫૪. સભા : સાહેબ ! દેવ તો વિબુધ કહેવાય છે ને ?**

**પૂજ્યશ્રી** : હા ! પણ બધાય ઓછા જ એવા હોય ? માણસ તો બધા કહેવાય છે પણ ભેદ છે ને ? તે રીતે દેવલોકોમાં પણ એવા છે કે વિના કારણ અનર્થ મચાવે. સંગમ પણ દેવતા જ હતો ને ? ખરેખર, વિચાર કરતાં એમ જ લાગે છે કે જાણે અત્યારના વિરોધીઓ સંગમના વારસામાંથી જ ન ઊતરેલા હોય ! જાણે સંગમનો વારસો જ એમને મળેલો હોય એમ લાગે છે ! અન્યથા ભગવાન શ્રી મહાવીરદેવના ગુણગાન શ્રી સુધર્મ ઈંદ્ર કરે અને અન્ય સઘળાય દેવતાઓ સાંભળે તેમાં સંગમને જેમ બળતરા થઈ, એવી રીતે આપણે ભગવાનના ઉત્સવો, અનુષ્ઠાનો વિગેરે કરીએ, તેમાં એ લોકોને બળતરા કેમ થાત ? અમે જેને બાપ માનીએ, પરમતારક માનીએ, તેને માટે અમે બધું કરીએ તેમાં એમને કેમ ન ખમાય ? એ લોકો પણ પોતે જેને માને છે, એના સરઘસ માટે કેટલું કરે છે ? અહીં એટલે પ્રભુની સેવા વિગેરેમાં થતા ખર્ચને વ્યર્થ કહેવરાવનારાઓ પોતે, પોતે માનેલા દેશના આગેવાનના સરઘસ માટે કેટલું કરે છે ? મહાસભા થાય ત્યારે શું ખર્ચ નથી થતો ? ઘણીયે સ્પેશિયલો દોડે છે. છતાંય ત્યાં ખર્ચ થાય તેમાં વાંધો નહિ ! પણ ત્યાં તો કહે છે કે જાગૃતિ થાય અમારો વોઈસ (અવાજ) બધે જ પહોંચે ! ગઈ સાલ મહાસભાના પ્રમુખને માન

કેટલું આપ્યું હતું ? ચોત્રીસ ઘોડાની બગીનું માન આપ્યું હતું અને એમને હિંદના તાજ વગરના રાજા કહ્યાં હતા. કહો કે શાથી ? તો એ લોકોએ માન્યું કે આ કાર્યવાહીમાં સ્વાર્થસિદ્ધિ સમાઈ છે એથી ! તેમ જો તમે જેને મોટા માનો તેને માટે આટલું કરો, તો અમે જેને અમારા તારક માનીએ તેને માટે જે કાંઈ કરીએ તેમાં તમને શા માટે લાગે છે ? ત્યાં તો સારા પરિણામની સિદ્ધિની શંકા છે, જ્યારે અહીં એટલે દેવગુરુની આરાધનામાં તો પરિણામસિદ્ધિ નિશ્ચિત છે, તો શંકિત પ્રવૃત્તિમાં એમને વાંધો નહિ અને આપણી નિશ્ચિત પ્રવૃત્તિમાં આપણે પ્રયત્નો કરીએ, ખર્ચ કરીએ તે જેમને વ્યર્થ અને ધૂમાડો દેખાય, તેઓ મૂર્ખા નથી તો બીજુ છે પણ શું ? એવાઓની સોબતથી મળતા માનને લાત મારો. એવાઓના સંસર્ગમાં રહીને જ જીવવાનું મળે તો મરી જવું એ સારું છે પણ જીવવું એ ભૂંડું છે, કેમ કે પાપ કરીને જીવવું એના કરતાં વગર પાપે મરવું એ શું ખોટું છે? (જૈ. પ્ર. વ.૩/અં.૪૬)

**૨૫૫. સભા : અનુશિષ્ટિ કોને કહેવાય ?**

**પૂજ્યશ્રી** : શિષ્યાદિને ગુરુએ પ્રાયશ્ચિત્ત આપ્યું હોય, તેઓના હૃદયમાં વિપરીત વિચારો આવવા એ કોઈ અસંભવિત વસ્તુ નથી. વિપરીત વિચારોની સંભાવના લાગતાં, ગુરુ પ્રાયશ્ચિત્તની મહત્તા વર્ણવીને સામા આત્માને વિપરીત વિચારોથી બચાવવાનો જે પ્રયત્ન કરે, તે અનુશિષ્ટિમાં ગણાય છે અને સામાના દોષને આગળ ધરીને જે હિતશિક્ષા દે, તે ઉપાલંભ કહેવાય છે.

**૨૫૬. સભા : અનુશિષ્ટિમાં કેમ કહેવાય અને ઉપાલમ્ભમાં કેવું કહેવાય ?**

**પૂજ્યશ્રી** : એવા ભાવનું કથન કરવું કે –

"આ જીવલોકમાં દંડ એ કોઈ દુર્લભ વસ્તુ નથી. સંસારમાં દંડ એ તો સુલભ છે, પણ અન્ય દંડોમાં અને આ દંડમાં ઘણો જ તફાવત છે. પ્રાયશ્ચિત્તરૂપ દંડ તો દુરંત એવા ભવદંડથી નિવારણ કરનારો છે, માટે તું એવી મતિને ધરતો નહિ કે આચાર્ય મહારાજાએ પ્રાયશ્ચિત્તના દાન દ્વારા મને દંડિત કર્યો છે, પણ એવી જ મતિને ધારણ કરજે કે આચાર્ય મહારાજાએ આ પ્રાયશ્ચિત્તનું દાન કરીને મારા ભવદંડને નિવાર્યો છે."

અથવા તો એવા ભાવનું કથન કરવું કે –

"પ્રાયશ્ચિત્ત, એ વસ્તુતઃ દંડ નથી, પણ એ એક એવું જલ છે, કે જે જલથી અનાચારના યોગે મલિન બનેલો આત્મા નિર્મળ બને છે. આમ હોઈને તને અપાયેલા પ્રાયશ્ચિતનો તારે દંડ તરીકે વિચાર કરવો એ પણ યોગ્ય નથી. તારે તો એ જ વિચાર કરવો એ યોગ્ય અને હિતાવહ છે કે મલિન બનેલા મારા આત્માને નિર્મળ બનાવનાર પ્રાયશ્ચિત્તરૂપ જલનું દાન કરીને, પરહિતમાં તત્પર એવા આચાર્યભગવાને મારા ઉપર પરમ ઉપકાર જ કર્યો છે."

આવા પ્રકારની પ્રાયશ્ચિત્તના ગુણને પ્રધાન બનાવીને જે હિતશિક્ષા દેવી, તેને અનુશિષ્ટિ કરી કહેવાય છે. ઉપાલંભમાં દોષવ્યંજક વચન ઉચ્ચારાય છે. જેમ કે–

"તું તારા પોતાના જ કર્મથી આ પ્રાયશ્ચિત્તને પાત્ર બનેલો છે. જો તેં તેવા પ્રકારનું આચરણ ન કર્યું હોત, તો તને કોઈ પ્રાયશ્ચિત્તનું દાન કરત નહિ. શુદ્ધ કર્મ કરનારને તો લોકમાં પણ કોઈ દંડ આપતું નથી, તો

પછી લોકોત્તર શાસનમાં તો શુદ્ધ કર્મ કરનારને દંડ હોય જ શાનો ? આ કારણે તારે તારા દોષને જ વિચારવો ઘટે, પણ કોઈના ઉપર વિપરીત વિચાર લાવવો એ યોગ્ય નથી.''

આ પ્રકારનું કથન અગર તો એવું કથન કે –

'તેં દોષ સેવ્યો છે એ જ્યારે નિશ્ચિત છે, ત્યારે તારે એનો દંડ પણ ભોગવ્યે જ છૂટકો છે. માન કે દોષને પ્રાપ્ત થયેલા તને કોઈ પણ પ્રકારે આચાર્ય ભગવાને મુક્ત કરી દીધો પ્રાયશ્ચિત્ત ન આપ્યું, પણ તેથી કાંઈ તારા દોષનું ફળ તને નથી મળવાનું એવું તો નથી જ. આ ભવમાં મુકાવા છતાં પણ પરભવમાં તો તું અહીં કરેલા પાપના વિપાકથી મુકાવાનો નથી જ. આ કારણે તને પ્રાપ્ત થયેલ પ્રાયશ્ચિત્તને તારે ગુણબુદ્ધિથી અવશ્ય કરવું એ જ યોગ્ય છે. એથી તારા દોષનું નિવારણ થશે.''

આવી આવી રીતિએ દોષને બતાવવાની પ્રધાનતાપૂર્વક જે હિતશિક્ષાનાં વચનો કહેવાય, એને ઉપાલમ્ભ આપ્યો કહેવાય છે.

**૨૫૭. સભા : ત્યારે ઉપગ્રહ એટલે શું ?**

**પૂજ્યશ્રી** : ઉપગ્રહ એટલે ઉપષ્ટમ્ભનું દાન. ઉપષ્ટમ્ભ એટલે સહાય. તેને કરનાર જે દાન, તે રૂપ ઉપગ્રહ બે પ્રકારે છે એક દ્રવ્યથી ઉપગ્રહ અને બીજો ભાવથી ઉપગ્રહ. અસમર્થ એવાને અશન અને પાન આદિ લાવી આપવા રૂપ ઉપગ્રહ, એ દ્રવ્યથી ઉપગ્રહ કહેવાય છે અને સૂત્ર તથા અર્થનું દાન કરવું તથા ગ્લાનને સમાધિ ઉત્પન્ન કરવી એ આદિ રૂપ ઉપષ્ટમ્ભ આપવા રૂપ ઉપગ્રહ કરવો, એ ભાવથી ઉપગ્રહ કહેવાય છે.

(જૈ. પ્ર. વ.૧૨/અં.૩)

**૨૫૮. સભા : અપશુકન અસર કરે ?**

**પૂજ્યશ્રી** : અપશુકન પોતે કાંઈ કરનાર નથી પણ ભાવિને સૂચવનાર છે. શુકન-અપશુકન ઉપરથી જાણકાર માણસ ભાવિ કેવા પ્રકારનું છે તેની કલ્પના કરી શકે.

**૨૫૯. સભા : એ વખતે ન જાય ને સારા શુકને જાય તો ભાવિ ફરી જાય ?**

**પૂજ્યશ્રી** : ભાવિ ફરતું નથી, પણ ભાવિ ખરાબ ન હોય તો એ વખતે જવાનું મુલતવી રાખવાનું મન થાય અથવા તો જવાનું મુલતવી રાખી શકાય. કેટલીક વાર એવું ય બને છે કે - અપશુકનથી ખરાબ ભાવિની સૂચના મળી જાય તો પણ સંયોગો જ એવા હોય કે જવાનું મુલતવી રાખી શકવાની ઈચ્છા છતાં પણ જવાનું મુલતવી રાખી શકાય નહિ. ભાવિ સારું હોય અને એ વિલંબે થવાનું હોય તો એ વખતે એવા જ સંયોગો આવી મળે કે માણસ રોકાઈ જાય અને પછી સારા શુકને જઈ શકે. એમાં ય કામ તો પુણ્યોદય અને પાપોદય જ કરે છે.

(જૈ. પ્ર. વ.૨૫/ અં.૧૪+૧૫)

**૨૬૦. સભા : અસંતોષી અને લોભી એમાં ફરક ખરો ?**

**પૂજ્યશ્રી** : અસંતોષી અને લોભી એ બેમાં ફેર હોઈ શકે છે. કેટલાક માણસો લોભી હોય છે, પણ એ એવા લોભી હોય છે કે અમુક એમને મળી જાય તો એ સંતોષનો અનુભવ કરે; જ્યારે કેટલાક માણસો એવા લોભી હોય છે કે એમને ગમે તેટલું મળે તો પણ સંતોષ ઉપજે નહિ;

એથી ઊલટું, જેમ જેમ એમને મળતું જાય તેમ તેમ એમનો લોભે ય વધતો જાય અને અસંતોષેય વધતો જાય તમે સાંભળ્યું હોય તો જાણતા હશો કે ભયંકર અજીર્ણનો એવો પણ એક રોગ થાય છે, કે જે રોગમાં ભૂખ સતાવ્યા જ કરતી હોય. જે જીવોને એ રોગ થાય છે, તે જીવોની હોજરી એવી થઈ ગઈ હોય છે કે ખાધેલું પચાવવાની એ હોજરીમાં તેવડ રહી હોય નહિ અને એ રોગને લીધે જ એ રોગીને એવી ખોટી ભૂખનો અનુભવ થયા કરે કે એ ગમે તેટલું ખાય તોય એની ભૂખ શમે નહિ. જ્યારે કેટલાકને ભૂખે ય સારી લાગતી હોય અને એમની હોજરીય સારી હોય, તે છતાં પણ પોતાની હોજરીને બરાબર સાચવી રાખવાને માટે એ ભૂખ લાગે ને સામગ્રી પોતાની પાસે ઘણી પણ હોય તોય સારું પણ ખાય નહિ અને ભૂખ જેટલું પણ ખાય નહિ. એમ લોભમાં અને અસંતોષમાં ફરક હોય છે. (જૈ. પ્ર. વ.૩૭/અં.૫)

**૨૬૧. સભા : છોકરાં જન્મે ત્યારે રોતાં કેમ હશે ? અને બધાં છોકરાં જન્મતાં રોતાં જ હશે ?**

**પૂજ્યશ્રી** : એક તો જીવને જન્મ વખતનું દુઃખ સામાન્ય રીતિએ ઘણું ભારે હોય છે અને જન્મનારમાંના મોટા ભાગમાં ખાસ સમજ હોતી નથી. ગર્ભાવસ્થામાં પણ સમજદાર હોય અને જન્મે ત્યારે ય સારા સમજદાર હોય, એવા જીવો થોડા હોય છે. જેમ ભગવાન શ્રી અરિહંત દેવોના આત્માઓ જ્યાંથી ચ્યવીને માતાની કુક્ષિમાં આવે, ત્યાંથી મતિ, શ્રુત અને અવધિ એ ત્રણે જ્ઞાને સાથે આવે છે અને એ ત્રણ જ્ઞાન પણ એ

આત્માઓમાં નિર્મળ કોટિનાં હોય છે. એ આત્માઓ જન્મે ત્યારે રુએ નહિ. કેટલાક બીજા પણ મહાપુણ્યવાનો જન્મતાં રુએ નહિ એ શક્ય છે. પૂર્વ ભવમાંથી સમ્યગ્દર્શનને સાથે લઈને આવેલા અને સમ્યગ્દર્શન ગુણ જેમનામાં જન્મતી વેળાએ પણ છે, એવા આત્માઓ ય રુએ નહિ તો એ શક્ય છે. કદાચ જન્મના અતિદુઃખને કારણે એ રડે તોય નહિ રડ્યા જેવું તો ગણાય. કેમ કે એ હૈયાથી રડે નહિ. જેમ કોઈક સમજુને પણ એકદમ પથ્થર વાગે ને એનાથી ચીસ પડી જાય એવું ! પણ જે સમજુ હોય તે પછી શું કહે ? કાંઈ નહિ એ તો; જરા વાગી ગયો એટલે ચીસ પડાઈ ગઈ ; બાકી તો એક અશુભ કર્મ ટળ્યું ! આની ચિંતા શી ? (જૈ. પ્ર. વ.૩૭/અં.૫)

**૨૬૨. સભા : એકાંતિક સુખ એટલે ?**

**પૂજ્યશ્રી** : જે સુખમાં દુઃખનો એક અંશ પણ ન હોય, તે સુખને એકાંતિક સુખ કહેવાય.

**૨૬૩. સભા : અને આત્યંતિક સુખ કોને કહેવાય ?**

**પૂજ્યશ્રી** : જે સુખ કોઈ પણ કાળે વિનાશને પામનારું ન હોય તે સુખને આત્યંતિક સુખ કહેવાય. (૧૦૮/૧૦૩)

** સુખ જ ગમે, દુઃખ ન જ ગમે એ મોટામાં મોટું પાપ છે. સંસારથી તરવા માટેનું આ જ* ***તત્ત્વજ્ઞાન*** *છે.*

**૨૬૪. સભા : સ્યાદ્‌વાદ એટલે શું ?**

**પૂજ્યશ્રી** : સ્યાદ્‌વાદ એટલે વસ્તુના દરેક ધર્મોના અસ્તિત્વને યથાસ્થિત રૂપે સ્વીકારનારો વાદ. વસ્તુના માત્ર એક જ ધર્મને સ્વીકારીને, તેના અનંતા ધર્મોનો અપલાપ કરવાનું પાપ, સ્યાદ્‌વાદ માનનારથી થતું નથી. વસ્તુના સઘળા ય ધર્મોના અસ્તિત્વને સ્વીકારીને, એના તે તે ધર્મનું તે તે રીતનું નિરૂપણ કરનાર જે વાદ, તેનું નામ સ્યાદ્‌વાદ છે.

**૨૬૫. સભા : ત્યારે આજે ઘણાઓ સ્યાદ્‌વાદને અનિશ્ચિત વાદ તરીકે ઓળખાવે છે, એ શું સર્વથા અસત્ય છે ?**

**પૂજ્યશ્રી** : જરૂર. સ્યાદ્‌વાદ જેવો નિશ્ચિત વાદ આ વિશ્વમાં એક પણ નથી. વસ્તુના યથાર્થ સ્વરૂપનો, વસ્તુના ધર્મોના વાસ્તવિક સ્વરૂપનો જે વાદ યથાર્થ નિશ્ચય કરાવે, તે જ વાદને નિશ્ચિત વાદ માનવો જોઈએ અને એવો વાદ તો એક માત્ર સ્યાદ્‌વાદ જ છે, એ નિઃશંક બીના છે. (૧૦૮/૩૭)



# ❋ સારણા ❋

**૨૬૬. સભા : જે ગચ્છમાં સારણા આદિ ન હોય તે સુગચ્છ નથી પણ કુગચ્છ છે. (એમ સાંભળ્યું છે તો શું સુગચ્છમાં સારણાદિ હોય ?)**

**પૂજ્યશ્રી** : સુગચ્છમાં સારણા પણ હોય, વારણા પણ હોય, ચોયણા પણ હોય અને પડિચોયણા પણ હોય. સમુદાયના માલિકોનું એ કર્ત્તવ્ય છે કે-તેમણે સમુદાયમાં આશ્રય પામેલા મુનિઓનું સંયમ સિદાય નહિ તેની કાળજી રાખવી. **સાધુઓ ન કરવા લાયક કરવા માંડે તો સમુદાયના માલિક ઝટ રોકે. જરૂર પડે તો ઠપકો પણ આપે. યોગ્ય પ્રકારની શિક્ષા પણ કરે.** ધિટ્ઠાઓને એ પાલવે નહિ. ધિટ્ઠા કાકસ્વભાવના સાધુઓના માલિક થવું એ પણ જોખમ. જેમ વર્તે તેમ વર્તવા દ્યો ત્યાં સુધી તો વાંધો નહિ, પણ જરાક હા-ના કરો એટલે વાંકું પડતાં વાર લાગે નહિ. એવા સાધુઓને ભવાઇ કરતાં પણ સંકોચ થાય નહિ. એ જુએ જ નહિ કે-'ભૂલ મેં કરી છે અને ગુરુએ મારા ભલાને માટે કહ્યું છે.' એવા પણ હોય છે કે-ઉપરથી કહે કે તમે કહેનાર કોણ ?

**૨૬૭. સભા : પરીક્ષા કરીને લીધા હોય તો ?**

**પૂજ્યશ્રી** : પરીક્ષા કરીને લીધા હોય એથી એમ થવાનો સંભવ ઓછો, છતાં પણ પરીક્ષા કરવામાં ભૂલ થવાનોય સંભવ તો છે ને ? પરીક્ષા કરીને જેઓ લે છે તેને તો જોખમ ઓછું ખેડવું પડે છે, છતાં પણ છેતરાઇ જવાનો સંભવ તો ખરો ને ? એ માટે ઉપકારી પરમર્ષિઓએ ફરમાવ્યું કે-કુશળ ચિતારાઓ જેમ ચિત્રપટ સપાટ હોવા છતાં ય તેમાં ઊંચા-નીચા ભાગ

દેખાડી શકે છે, તેમ કેટલાક એવા પણ દંભી આવે છે કે-હૈયાના જુદા અને જીભના જુદા ! મનમાં કાંઇ ને વચનમાં કાંઇ ! દેખાવ એક ને ધારણા બીજી ! માટે સાવચેત રહેવું. સાવધગીરી રાખવા છતાં પણ કોઇ તેવા આવી જાય તો નિરુપાય. વિનયરત્નને દીક્ષા આપનાર આચાર્યમહારાજા સામાન્ય કોટિના નહિ હતા. છતાં વિનયરત્ને ય એવો ઠગારો હતો કે ન તો આચાર્ય મહારાજ તેને પારખી શકયા કે ન તો મુનિવરો તેના ભેદને જાણી શકયા. ઉલટું, બીજા ઉત્તમ મુનિવરો કરતાં વિનયરત્ન આચાર્યમહારાજને વધુ વિશ્વાસપાત્ર લાગ્યો. એક માણસ બાર બાર વર્ષ સુધી સાથે રહે, છતાં પોતાનું સ્વરૂપ છુપાવી શકે અને દેખાવનું સ્વરૂપ એવું રાખે કે – સૌ તેને ઉત્તમ કોટીનો જ માને, એ ઓછી વાત છે ? છતાં એ સંભવિત છે. માટે પરિક્ષા કરવા છતાં ય ભૂલ ન જ થાય એમ નહિ. પરંતુ પરિક્ષાના વિધાન સામે જ ચેડાં કાઢનારાઓ તો આજ્ઞાના લોપક જ બને છે. વાત તો એ છે કે- કેટલાક સાધુઓ ધૃષ્ટ સ્વભાવના એવા હોય કે-એમને હિતસ્વી હિતશિક્ષા દે તે પણ એમનાથી ખમાય નહિ: બીજી તરફ સુગચ્છમાં સારણા ન હોય એ બને નહિ. **સારણાદિ ચારનો જે ગચ્છમાં અભાવ હોય, તે સુગચ્છ નથી પણ કુગચ્છ છે.** જે ગચ્છના માલિક સારણાદિ વિનાના માલિક એ માલિક નથી. જરૂર ન હોય અને કાંઇ ન કરે તે વાત જુદી છે, પણ જરૂર લાગે તો પાપભીરુ માલિક પોતાની ફરજ ચૂકે નહિ. આ રીતિએ ગચ્છના માલિક પોતાની ફરજ અદા કરે એટલે પેલા ધૃષ્ટસ્વભાવના કાગડા જેવા સાધુઓને તે પાલવે નહિ, વર્તે તેમ વર્તવા દ્યો ત્યાં સુધી તો

ભગત રહે, પણ સારણાદિ શરૂ થાય, એટલે પોતાના તારક ગુરુને માટે પણ સત્તર દાખલા ઊભા કરે. તમે કેવા છો એમ કહે. ખોટાં કલંક આપે. ખમાસમણાં દેનાર મારવા ન ઊઠે તો સારું. આટલી હદ સુધીના પ્રસંગ તો ક્વચિત જ બને અને માલિક જો ડાહ્યો હોય તો એવા પ્રસંગ ઉત્પન્ન થવા પામે તે પહેલાં જ પેલાને માટે ઘટતું કરી લે.

તમને કદાચ એમ થતું હશે કે-આવા કાગડા જેવા કુશિષ્યોને રાખે કોણ? પણ ભગવાન કહે છે કે-એવાઓને રાખનારા પણ મળી રહેશે. અન્ય ગચ્છના આચાર્યો વગેરે સાધુઓ, કે જે વંચના કરવામાં તત્પર હશે અને મૃગતૃષ્ણા જેવા હશે, તેમની સાથે પેલા ધૃષ્ટસ્વભાવના જડાશયી સાધુઓ ચાલી નીકળશે. એ આચાર્યો વગેરે પણ એવા સ્વભાવના હશે કે-**જેટલા ભળ્યા તેટલા સારા. એ તો કહે કે-'આપણે તો કદી પણ કોઈને ઉપાલંભ દેતા નથી. શ્રાવકો આપનાર છે અને માગી ખાવાને પાત્રાં છે, તો નાહક કચકચ કોણ કરે ? મારા સમુદાયમાં તો લહેર છે !'** પાછા વંચના કરનારા ય એવા કે-પેલા ધૃષ્ટસ્વભાવના મુનિઓ એનાથી અંજાઇ જાય. તેવા આચાર્યાદિ માટે વિશેષણ મૂક્યું કે-'**मृगतृष्णानिभैः**' દેખાવ જબરો પણ પૂઠે પડે તે બરબાદ થયા વિના રહે નહિ. એમને ચારિત્રની તો પંચાત નહિ. વાત જ એક કે-**આ દુનિયામાં સમુદાય કેમ વધે? એ માટે વંચના કરે, પણ સમુદાય મોટો હોય એથી કલ્યાણ થઇ જાય એમ માનતા નહિ. ઘણા શિષ્યોનો ગુરુ વહેલો તરે એ માન્યતા શ્રી જૈનશાસનની નથી જ.** (જૈ. પ્ર. વ.૮/અં.૩૮)

# ❊ સિદ્ધાન્ત ❊

**૨૬૮. સભા : સિદ્ધાન્તની વ્યાખ્યા કેટલા પ્રકારે થાય ?**

**પૂજ્યશ્રી** : સિદ્ધાન્તની વ્યાખ્યા છ પ્રકારે થાય છે :-

**'संहिता च पदं चैव, पदार्थः पदविग्रह : ।**

**चालना प्रत्यवस्थानं, व्याख्या तन्त्रस्य षड्विधा' ।।१।।**

'**તંત્રની વ્યાખ્યા** '૧-સંહિતા, ૨-પદ, ૩-પદાર્થ, ૪-પદવિગ્રહ, ૫-ચાલના અને ૬-પ્રત્યવસ્થાન' આ છ પ્રકારે થાય છે.'

૧-**સંહિતા** : એટલે શ્લોક અથવા સૂત્ર આદિનો અસ્ખલિતપણે શુદ્ધ ઉચ્ચાર કરવો.

૨-**પદ** : એટલે શ્લોક અથવા સૂત્રમાં જેટલાં પદો હોય તેને અલગ કરવા.

૩-**પદાર્થ** - એટલે અલગ કરેલ દરેક પદોનો અર્થ કરવો.

૪-**પદવિગ્રહ** : સામાસિક પદોને અલગ કરવાં.

૫-**ચાલના** : વસ્તુના સમર્થનમાં જેટલી શંકાઓ શક્ય હોય તેટલી દરેક શંકાઓ ઊભી કરવી **-અને-**

૬-**પ્રત્યવસ્થાન** - એટલે એ ઊભી કરેલી અગર થયેલી શંકાઓનું સમાધાન કરવું અને વસ્તુને સ્થિર બનાવવી તથા સિદ્ધ કરવી.

આ ઉપરથી સામાન્ય રીતિએ પણ સમજી શકશો કે વ્યાખ્યાનમાં અનેક કુમતવાદીઓનું ખંડન અને સુમતનું મંડન, એ અતિશય આવશ્યક છે. વ્યાખ્યાનમાં અનેક જાતિના વિરોધીઓના વિરોધોનું પ્રદર્શન કરી, તેનું ઉન્મૂલન એ અતિશય જરૂરી છે અને જે દેશમાં, જે કાળમાં, જે રીતિએ ધર્મની સ્થાપના કરવી શક્ય હોય, તે રીતિએ કરવી જરૂરની છે. આ કાળમાં

તથા આ દેશમાં ધર્મ સામે કેટલાં આક્રમણો છે અને અહીં ધર્મને જીવતો રાખવા કઈ રીતે પ્રયત્નો કરવા જોઈએ. એ રીતિએ દેશકાળ દરેકે દરેક ગીતાર્થ જુએ, પણ ધર્મને બંધ કરવા માટે કે ધર્મના નામે અધર્મનો પ્રચાર કરવા માટે તો દેશકાળને તે કદી જ ન જુએ. (જૈ. પ્ર. વ.૨/અં.૨૩)



ધર્મી ઝઘડો ન કરે પણ
**ધર્મ રક્ષા** માટે ઝઘડો આવી પડે
તો ધર્મી પીઠ ન બતાવે.

# ❀ સૂત્ર ❀

**૨૬૯. સભા : વિધિસૂત્ર નિષેધમાં અને નિષેધસૂત્ર વિધિમાં લઈ જવાય ?**

**પૂજ્યશ્રી** : નહિ. જો લઈ જાય તો બધું જ બગડી જાય. એ તો આજ્ઞાનો અપલાપ. એમ કરે તો તે નિહ્નવ કોટિમાં જાય. ચોપડામાં જમાના ઉધાર અને ઉધારનું જમા થાય ? આખો વિપર્યાસ થાય ! જમાનું ઉધાર અને ઉધારનું જમા કોણ કરે ? મૂર્ખો ય એવું ન કરે. વિધિસૂત્રને નિષેધમાં કે નિષેધસૂત્રને વિધિમાં લઈ જનાર જૈનશાસનનાં સાધુ-સાધ્વી-શ્રાવક કે શ્રાવિકા મનાય નહિ. (જૈ. પ્ર. વ.૩/અં.૬)



# ❊ સંઘ ❊

**૨૭૦. સભા : પચીસમો તીર્થંકર એટલે કે સંઘ, ચોવીસ તીર્થંકરની આજ્ઞા માને કે નહિ? (ચતુર્વિધ સંઘને પચ્ચીશમો તીર્થંકર કહેવાય ને ?)**

**પૂજ્યશ્રી** : ચોવીસ તીર્થંકરની આજ્ઞા ન માને તો એ (ચતુર્વિધ સંઘ) પચીસમો થાય ક્યાંથી ? ચોવીસની આજ્ઞા માને તો જ એ પચીસમો છે.

**૨૭૧. સભા : સંઘ બહાર કોણ કોને કરી શકે ?**

**પૂજ્યશ્રી** : પ્રભુની આજ્ઞામાં રહેતો સંઘ, આગમ પર શ્રદ્ધા ધરાવતો સંઘ, શ્રી તીર્થંકરદેવની આજ્ઞાને પ્રમાણભૂત માનતો સંઘ, **'तमेव सच्चं निःसंकं जं जिणेहिं पवेइयं '** -'શ્રી જિનેશ્વરદેવોએ જે કહ્યું તે જ સાચું અને શંકા વિનાનું !' -એવું માનનારો સંઘ, વર્તમાન ગીતાર્થોની નિશ્રાએ ચાલનારો સંઘ, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રને બાધ આવે તેવી એક પણ કાર્યવાહી ન કરનારો, એટલું જ નહિ પણ એને ખીલવવાની પ્રવૃત્તિ કરનારો સંઘ, આગમથી જરા પણ વિપરીત ન ચલાય તેની કાળજી રાખનારો સંઘ, આવા આવા અનેક ગુણોથી અલંકૃત બનેલો શ્રી સંઘ, જે શ્રી તીર્થંકરદેવની આજ્ઞાને અવગણે, જે ગીતાર્થોને ન માને અને નિંદે, જે આગમને ન માને તથા ઠેકડી કરે, જે શાસ્ત્રવિહિત પ્રવૃત્તિને ન માને, જે ઊલટી પ્રરૂપણા વિગેરે વિગેરે વિપરીત વર્તન કરે, તેને પ્રભુમાર્ગમાં ચાલતા સમુદાયની રક્ષા ખાતર, સંઘ બહાર મૂકે. એ સત્તા શ્રી સંઘ ભોગવતો આવ્યો છે, ભોગવે છે અને ભોગવશે જ.

શ્રી જિનેશ્વરદેવ, નિર્ગ્રંથ ગુરુઓ અને પ્રવચનમાર્ગથી વિરુદ્ધ પ્રવૃત્તિ કરનાર કદી સંઘ બની શકતો નથી. આજે પાપ બહુ ચાલી રહ્યાં છે, અનેકને એ પાપથી રોકો, ઉન્માર્ગે જતા અનેકને સન્માર્ગે વાળો, અનેક દુરાચારીને સદાચારી બનાવો, ગામેગામ ફેલાયેલી કુરૂઢિઓને કાઢો, મિથ્યાત્વને કાઢો, લાખો દોષો પડ્યા છે તેને કાઢવા પ્રયત્ન કરો, ભક્ષ્યાભક્ષ્યનો વિચાર ઊડી ગયો છે તે વિચાર સ્થાપો ! શ્રી સંઘોએ આ બધું કરવા જેવું છે. આજથી દશકા પહેલાં પર્વતિથિએ શ્રાવકને લીલોતરી ઘેર લઇ જતાં શરમ આવતી. કોઇ આગેવાન સામે મળે, જુએ અને કહે કે-'તમારે ઘેર આ ?' કે તરત જ પેલો ધ્રુજે. આ જાતિની મર્યાદા હતી તો આચારશુદ્ધિ રહેતી.

**સભા : કેટલાક તો કહે છે કે-અભક્ષ્યાદિના ઉપદેશથી જ જૈનોને બાયલા બનાવ્યા !**

**પૂજ્યશ્રી** : અરે ભાઇ ! અભક્ષ્ય ખાઇને કેટલા બળવાન બન્યા ? એ તો કહો ! તમને ખબર છે, જૈન કુળમાં જ્યારે અભક્ષ્યનો પ્રવેશ નહોતો, ત્યારે એક પણ રૂંવાડે ઉપાદેય બુદ્ધિએ અનાચારની છાયા નહોતી. આજે અનાચારોનો સુમાર નથી. એવા પાંચ ધર્મીને જોવા પાંચસોનું ટોળું તલસતું. એવા આજ્ઞાનુસારી, મર્યાદા પાળવાવાળામાંના આજે પણ કેટલાક છે, કે જેઓ બહારગામ જતા ત્યારે લોકો સન્માનતા. એવામાંથી પણ જેમણે મર્યાદા છોડી તેવાની આજે ફૂટી કોડીની પણ કિંમત નથી રહી. અભક્ષ્યભક્ષણ વધ્યું એથી જૈનત્વનાં નૂર ગયાં અને અનાચાર વધ્યા. શ્રી વસ્તુપાલ અને તેજપાલના જીવનમાં આવે છે.

એક રાજાએ 'ભાજીખાઉ' નું મેણું માર્યું ત્યારે વસ્તુપાલ તથા તેજપાલે એ જ કહ્યું છે કે-'ભાજીખાઉ બળવાન છે કે અભક્ષ્યભક્ષણ કરનાર બળવાન છે, તેની અવસરે ખબર પડશે.' અને યુદ્ધમાં એ ભાજીખાઉએ પેલા રાજાને હરાવેલ છે. ખરી વાત એ છે કે-જીભની લાલસા વિષયવાસના, રૂપરંગ જોવાની કુટેવો, વિષયવિકારના શબ્દો સાંભળવાનો સ્વભાવ, ન કરવા યોગ્ય ક્રિયા કરવાની હૃદયમાં ઉર્મી, એ બધાના પ્રતાપે ખાનાખરાબી થઇ રહી છે. અન્ય પણ કહે છે કે-'કંદોમાં તામસી ગુણ છે, અને કંદો વિકારવર્ધક છે.' આ તજવાનું કહેવામાં વાંધો શો ? અભક્ષ્યનું ભક્ષણ કરનારા બળવાન હોત, તો આવા મડદાલ દેખાત ? વાતવાતમાં કહે છે કે-'પૂર્વનાં શરીર ગયાં !' પણ શાથી ? આજે દિવસમાં ચાર પાંચ કે દશ વાર ઉકાળા જોઇએ, ચાહના કપ, એટલી પાનની પટ્ટી અને એટલી સીગારેટ. મહીં બળે અને બહાર બળે. આ તે ખોખું છે કે મહીં હીરામાણેક ભર્યાં છે ? આ બધી ચીજો શરીરને અસર કરી નિર્બળ બનાવે છે. શરીરમાં અયોગ્ય ચીજો નાખવાથી બળ વધે એવું ન માનતા. એ માન્યતા ખોટી છે. એ ખોટી લાલસાને આધીન થયેલાઓ આજે પૂર્વાચાર્યોથી માંડીને છેક ભગવાન સુધી પહોંચ્યા છે, ફાવે તેમ બોલે છે. પણ અભક્ષ્યભક્ષણ આદિ ઉન્માર્ગ ગમન કરનારા બોલે એમાં આશ્ચર્ય નહિ. ન બોલે તો આશ્ચર્ય ! જેના સંસર્ગ ખરાબ, વિચારો ખરાબ, આહાર ખરાબ, આચાર ખરાબ, એ સારું બોલે પણ કયાંથી ? (જૈ. પ્ર. વ.૨/અં.૨)

## ※ સ્ત્રી ※

**૨૭૨. સભા : પુરુષ એકથી અધિક સ્ત્રી કરે અને સ્ત્રીને બીજો પતિ નહિ આ શું ?**

**પૂજ્યશ્રી** : જ્ઞાનીએ સ્ત્રી એકથી અધિક પતિ કરે તેમાં ભયંકર હાનિ જોઇ છે. આટલામાં સમજો તો સારું, બાકી જૈનશાસ્ત્રમાં તો મુખ્યતયા વિધાન જ બ્રહ્મચર્યનું છે. પુરુષ માટે પણ એક કે એકથી અધિક પરણવી જોઇએ એમ કહ્યું નથી, અને કોઇ એક કે એકથી અધિક પરણે એ કરણીય છે એમ પણ કહ્યું નથી. કારણ કે- વિષયકષાયને તો અયોગ્ય જ કહેવામાં આવ્યા છે. વધુમાં સ્ત્રીને રત્નની જનેતા કહેવાય છે. રત્નો કાંઇ પુરુષના પેટથી નથી પાકતાં. સ્ત્રીની વિલક્ષણતા જ્ઞાનીએ જુદી જ જોઇ છે. આજના શ્રદ્ધાહીનોને એ વાત નહિ બેસે, કારણ કે-તેઓને તો યેનકેન પણ સમાન હક્કની વાતો કરવી છે, પણ તેવી સમાન હક્કની વાતો કરનારાઓ પણ, જેમ છતી સ્ત્રીએ પુરુષ ગમે ત્યાં ભટકે છે, તેમ છતા પુરુષે ગમે ત્યાં જવાની છૂટ પોતાની સ્ત્રીને આપે છે ખરા ? અને **સ્ત્રી પાસે મિસીસ ફલાણા એમ કહેવરાવનારા અને લખાવનારા પોતાને મિસ્ટર ફલાણી એમ કહે છે કે લખાવે છે ખરા** ? કારણ કે- એટલી તો તેની પરાધીનતા તેઓ પણ કબૂલ રાખે જ છે.

**૨૭૩. સભા : શાસ્ત્રકારે પુરુષનો પક્ષપાત કર્યો છે ને ?**

**પૂજ્યશ્રી** : શાસ્ત્રકારે તો માત્ર વસ્તુસ્થિતિ જ બતાવી છે. કોઇનો પણ પક્ષપાત કર્યો નથી.

**સભા : નારીને નરકની ખાણ કહી છે ને ?**

**પૂજ્યશ્રી** : પુરુષને ઉદ્દેશીને કહ્યું માટે, બાકી નારી માટે પુરુષ પણ વિષના વેલા જ છે. વારુ, સ્ત્રીના સમાનહક્કની વાતો કરનારા 'સ્ત્રી ભોગ્ય છે અને પુરુષ ભોગ્ય નથી પણ ભોક્તા છે, સ્ત્રી પાલ્ય છે અને પુરુષ પાલક છે એટલે કે રક્ષક છે'–એમ કેમ માને છે ? સ્ત્રીને કમાવાનું કામ સોંપી પોતે ઘેર બેસવાનું કેમ સ્વીકારતા નથી ? સ્ત્રી પોતાને ત્યાં આવે છે તેને બદલે પોતે એને ઘેર કેમ નથી જતા ? પુરુષ સાસરે જાય (એને ઘેર જાય) તો માનપાનથી ગાદીએ બેસે અને સ્ત્રી આવે ત્યારથી મજુરી કરે, એનું શું કારણ ? ચૂલે સ્ત્રી જ પેસે અને પુરુષ નહિ એનું કારણ ? આત્મા એક છતાં ભેદ કેમ ? બાકી જ્ઞાનીએ એ વિલક્ષણતા જોઇ છે, માટે જ પુરુષની પ્રધાનતા કહી છે. આપણે શાસ્ત્રકાર શ્રી જિનેશ્વરદેવને માન્યા છે. કોઇ રાગીને નથી માન્યા, પણ વીતરાગને માન્યા છે ! વીતરાગને આકાર હોય પણ સ્ત્રી કે પુરૂષ બેમાંથી એક પણ વેદ નહિ ! સ્ત્રી ઠીક કે પુરુષ ઠીક એમ કશું જ નથી, તે છતાંય પ્રધાનતા પુરુષની જ રહેવાની : બાકી જો સ્ત્રીની પ્રધાનતા થઇ તો ઉપાધિનો પાર પણ નહિ જ રહેવાનો. વારુ, લજ્જા અને મર્યાદા પુરુષમાં કે સ્ત્રીમાં ? સ્ત્રી જો પુરુષ જેવી અમર્યાદિત બને, તો ઘેરઘેર ભાંડાં ફુટે. નાટક જોવા પુરુષ એકલો જાય, પણ સ્ત્રી એકલી ન જાય : પુરુષ લઇ જાય તો જાય.

**સભા : હવે તો જાય છે.**

**પૂજ્યશ્રી** : જાય છે તોયે એના પતિને પૂછી જોજો કે તે હૃદયમાં બળે છે કે નહિ ? આ બધું સ્વાતંત્ર્યવાદીઓને પૂછો તો ખરા ! જેટલી સ્ત્રી એ રીતે સ્વચ્છંદી બની, તો પરિણામે કેઈ સ્ત્રીએ દુકાન માંડી ! પુરુષે માંડી ?

આ બધી વાતો ભયંકર છે, બોલાય નહિ. ઈશારામાં સમજો તો ઠીક, નહિ તો મૂર્ખમાં ખપશો. તમે તો અનુભવી છો ને ! અનુભવીઓને આવા પ્રશ્નો પૂછવા પડે છે એનું કારણ ? કારણ કે વિષયવાસના બહેકી ગઈ છે. સ્ત્રી સતીપણામાં છે તો પુરુષો સુખે જીવે છે. તમારી જેમ એ પણ જ્યાં-ત્યાં આંખ ફેરવતી થાય તો સુખેથી પાટલા ઉપર પુરુષ ખાઈ ન શકે ! એક પુરુષ હજાર સ્ત્રીને પાળી શકે છે,' એક મહારાજા હજારો રાણીને બરાબર સાચવી શકે છે, પણ એક સ્ત્રી બે પતિને ન સાચવી શકે. સ્ત્રીના અને પુરુષના સ્વભાવમાં જ ફેર છે. (જૈ. પ્ર. વ. ૨/અં. ૩૫)



# ❊ ક્ષપકશ્રેણિ ❊

**૨૭૪. સભા : જે અંતર્મુહૂર્તમાં આત્મા રાગદ્વેષથી સર્વથા રહિત બને, તે જ અંતર્મુહૂર્તમાં તે કેવલજ્ઞાન પામે ?**

**પૂજ્યશ્રી** : હા, એમ પણ કહી શકાય. કારણ કે-ક્ષપકશ્રેણિનો કાળ જ્ઞાનીઓએ અંતર્મુહૂર્તથી વધારે કહ્યો નથી.

**૨૭૫. સભા : ક્ષપકશ્રેણિ એટલે ?**

**પૂજ્યશ્રી** : સામાન્ય રીતિએ એમ કહી શકાય કે-ક્ષાયિકસમ્યક્ત્વ આદિ માટેનો આત્માનો શ્રેણિબદ્ધ ઉત્કટ પ્રયત્ન. ક્ષપકશ્રેણિમાં આત્મા જેમ જેમ ચઢતો જાય તેમ તેમ કર્મોને ક્ષીણ કરતો જાય. ક્ષપકશ્રેણિ બદ્ધાયુ મનુષ્ય માંડે તો ક્વચિત્ બનતા ચારના ક્ષયે અટકવાના બનાવ સિવાય, દર્શનસપ્તકનો ક્ષય કરીને અટકી જાય છે અને અબદ્ધાયુ મનુષ્ય ક્ષપકશ્રેણિ માંડીને દર્શનસપ્તકનો ક્ષય કર્યા પછીથી બાકીની પ્રકૃતિઓનો ક્ષય કરે છે. પ્રકૃતિઓનો ક્ષય કઇ કઇ રીતિએ કરે છે, તેનો ક્રમ પણ શાસ્ત્રોમાં વર્ણવાયેલો છે. ક્ષપકશ્રેણિ માંડીને સૂક્ષ્મસંપરાય બની મોહસાગરને તરનારો બનેલો ક્ષપક નિર્ગ્રંથ અંતર્મુહૂર્ત સુધી વિસામો લે છે અને તે પછી નિદ્રા-પ્રચલાનો અને પાંચ જ્ઞાનાવરણ, ચાર દર્શનાવરણ અને પાંચ અંતરાય એ ચૌદનો ક્ષય કરી કેવળજ્ઞાન પામે છે.

*ક્ષપકશ્રેણિ રૂપી અગ્નિમાં ત્રણ લોકના તમામ જીવોના તમામ કર્મોને ભસ્મીભૂત કરવાની ક્ષમતા છે.*

**૨૭૬. સભા : આપે પહેલાં તો એમ કહ્યું કે આખી ક્ષપકશ્રેણિનો જ કાળ અંતર્મુહૂર્ત છે, તે કેમ ?**

**પૂજ્યશ્રી** : પણ તે પહેલાં અંતર્મુહૂર્ત અનેક પ્રકારનાં છે એમ કહ્યું હતું તે ભૂલી ગયા? મોટામાં મોટું અંતર્મુહૂર્ત બે ઘડી જેટલા કાળથી કાંઇક ન્યૂન હોય છે. બાકી તો જ્ઞાનીઓ ફરમાવે છે કે-એક ક્ષપકશ્રેણિના કાળમાં લઘુ અંતર્મુહૂર્તો તો અસંખ્યાતાં થવા પામે છે.

**૨૭૭. સભા : નાનામાં નાનું અંતર્મુહૂર્ત કેવડું ?**

**પૂજ્યશ્રી** : નવ સમયનું કાળપ્રમાણ નાનામાં નાનું અંતર્મુહૂર્ત ગણાય છે અને એક સમય ન્યૂન અડતાલીસ મિનિટનો કાળ મોટામાં મોટું અંતર્મુહૂર્ત ગણાય છે.

**૨૭૮. સભા : એક મોટા અંતર્મુહૂર્તમાં અસંખ્યાતાં લઘુ અંતર્મુહૂર્તો કેમ થાય ?**

**પૂજ્યશ્રી** : નાનામાં નાના અંતર્મુહૂર્તકાળ અને મોટામાં મોટા અંતર્મુહૂર્તકાળ એ બે વચ્ચે અસંખ્યાતા સમય જેટલો કાળભેદ છે માટે !

**૨૭૯. સભા : મોટામાં મોટા અંતર્મુહૂર્તને અડતાલીસ મિનિટનું ન કહેવાય ?**

**પૂજ્યશ્રી** : શી રીતિએ કહેવાય ? અડતાલીસ મિનિટનો કાળ તો મુહૂર્ત કહેવાય અને તેમાં, અડતાલીસ મિનિટોમાં પણ ઓછો કાળ હોય તો જ અંતર્મુહૂર્ત કહેવાય. (જૈ. પ્ર. વ.૯/અં.૧૪+૧૫)

**૨૮૦. સભા : ક્ષપકશ્રેણિવાળાને શું બને છે ?**

**પૂજ્યશ્રી** : દશમા ગુણસ્થાનકને અંતે-એ જીવને કષાયનાં દળિયાં સત્તામાં પણ નથી રહેતાં. એથી એ જીવ દશમાને અંતે સત્તા અને ઉદય એ બન્ને ય પ્રકારોથી કષાયથી સર્વથા મુક્ત બનતાં સીધો જ બારમા ગુણસ્થાનકે પહોંચી જાય છે.

એટલે સામાન્ય રીતિએ તો એમ જ કહેવાય કે-જ્યાં સુધી કષાય સત્તામાં હોય, ત્યાં સુધી કષાય ઉદયમાં પણ હોય.આમ કષાયનો ઉદય ચાલુ રહ્યા કરે અને જીવે કષાયના ઉદયને આધીન બન્યા વિના મુક્તિમાર્ગની આરાધના ચાલુ રાખ્યા કરવી પડે. આવી રીતિએ આરાધના કરવાની છે માટે કષાય જોર કરી જાય નહિ અને ગમે તેવા નાના કે મોટા અવસરે પણ કષાયને આધીન બની જવાય નહિ, એની જીવે પૂરેપૂરી તકેદારી રાખવાની છે. ખ્યાલ રાખવો જોઇએ કે-જીવ જરાક ચૂકે એટલે કષાય તો ગળચી પકડીને પટકી દેવાને માટે તૈયાર જ બેઠેલા છે. (જૈ. પ્ર. વ.૨૬/અં.૪૨)



# પાર્શ્વાભ્યુદય પ્રકાશનની સાહિત્ય-યાત્રાના યાત્રી બની પોતાની શ્રુતભક્તિ પ્રદર્શિત કરનારા મહાનુભવોની શુભ નામાવલી

શ્રીમતી ગુણવંતીબેન ભવાનજી કેશવજી છેડા પરિવાર ભચાઉ (કચ્છ-ગાવડ) હાલ-મુંબઈ.
શ્રીમતી ઝવેરબેન ભગવાનજી રામજી છેડા પરિવાર ઘાઘોદર (કચ્છ-વાગડ) હાલ-મુંબઈ.

- શ્રી હેમેન્દ્રભાઈ માણેકલાલ સંઘવી - મુંબઈ
- શ્રી ભૂપેન્દ્રભાઈ શાંતિલાલ શાહ - નાસિક
- શ્રી ઉકચન્દજી જુગરાજજી સાલેચા - અમદાવાદ
- શ્રી જ્યોતીન્દ્રભાઈ જે શાહ - અમદાવાદ
- શ્રી દિપકભાઈ રમણિકલાલ શાહ - અમદાવાદ
- શ્રી કાંતિલાલ એન. શાહ - ચેન્નઈ
- શ્રી પ્રવિણચંદ્ર હિંમતલાલ વ્યાસ - અમદાવાદ
- શ્રી ધીરેન્દ્રભાઈ કાંતિલાલ પારેખ - મુંબઈ
- અ. સૌ. માનકુંવરબેન નરોત્તમદાસ મહેતા પરિવાર મોટી વાવડી, હાલ-મુંબઈ
- શ્રીમતી કલાવતીબેન સોમચંદ ત્રિભુવનદાસ દોશી પરિવાર હસ્તે અનિલભાઈ સંગમનેર
- શ્રી મહારાષ્ટ્ર ભુવન ચાતુર્માસ આરાધકો વિ.સં.૨૦૬૬, પાલીતાણા
- વિરતિ પરિવાર, અમદાવાદ
- અ.સૌ.ચંદ્રાવતી પુત્ર-દેવેન્દ્રના આત્મશ્રેયાર્થે શ્રી શાંતીલાલ ઉમેધ્ચંદ ચાવાલા, સુરત.
- શ્રી છબીલભાઈ અમુલકભાઈ શાહ, ઘોટીવાળા, હાલ-મુંબઈ
- સ્વ. કુસુમબેન ચીનુભાઈ પાનાચંદ, ડાભલાવાળા, હાલ-નાસીક




## કાર્મગ્રંથિક પ્રશ્નોત્તર (પંચસંગ્રહ પ્રથમ ખંડ)

વર્તમાનમાં નિરસ ગણાતા કર્મગ્રંથ સંબંધી વિષયને પ્રશ્નોત્તરીના માધ્યમે સરસ બનાવવાના પ્રયાસ રૂપે કર્મગ્રંથના અભ્યાસીઓ માટે અત્યંત ઉપકારી અને ઉપયોગી ગ્રંથ.

**મૂળ ગ્રંથકાર :** કર્મશાસ્ત્રમર્મજ્ઞ પ્રકાણ્ડવિદ્વાન શ્રી ચંદ્રમહત્તરાચાર્ય


**રચનાકાળ :** સંભવતઃ ૯મી-૧૦મી સદી




## દીપ પ્રશ્ન

પ્રશ્નોતર સમુચ્ચયના મૂળ નામ સાથે રચાયેલો, હીર પ્રશ્ન અને સેન પ્રશ્નની જેમ માર્ગદર્શક બને તેવો, અદ્યાવધિ અપ્રગટ ગ્રંથ. (હસ્તલિખિત પ્રતના આધારે લીપ્યન્તર-વર્તમાન ગુજરાતી ભાષામાં અવતરણ-ઉપલબ્ધ થયેલ શાસ્ત્રપાઠો સાથે)

**ગ્રંથકાર :** કવિકુલ પ્રદીપ પૂ. પં. શ્રી દીપવિજયજી ગણિવર




## પ્રાવચનિક પ્રશ્નોત્તર (તૃત્તીય પડાવ, ચર્તુથ પડાવ, પંચમ પડાવ)

જિનવાણી-સંઘ સ્વરૂપ દર્શન-આચારાંગના પ્રવચન દરમ્યાન સભામાંથી પૂછાયેલા પશ્નોના વ્યાખ્યાન વાચસ્પતિ પૂજ્યશ્રીએ આપેલા સચોટ જવાબોનું સુંદર સંકલન.

**પ્રવચનકાર :** વ્યાખ્યાન વાચસ્પતિ પૂજ્ય આચાર્ય ભગવંત
શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

---

# આગામી પ્રકાશનો

- શ્રી પંચસંગ્રહ દ્વિતીય ખંડમાંથી ચૂંટેલા પ્રશ્નોત્તરોનો સંગ્રહ.
- પૂ.આ.ભ.શ્રી લક્ષ્મીસૂરીશ્વરજી મહારાજા કૃત **પ્રશ્નોત્તર પ્રદીપ**.
- પૂ.મુ.શ્રી હંસવિજયજી કૃત **પ્રશ્નોત્તર પુષ્પમાલા**.
- **મતાંતર પ્રશ્નોત્તર**-આગમ-પ્રકરણ પ્રશ્નોત્તરાદિ ગ્રંથોમાં આવતા પ્રામાણિક મતાંતરોનો સંગ્રહ.
- ૧૧મી શતાબ્દિથી લઈ વિ.સં. ૨૦૬૫ સુધીના પૂ.આચાર્ય-સાધુ તથા સુશ્રાવકોના પ્રશ્નોત્તર ગ્રંથમાંથી ચૂંટેલા ૭-૮ હજાર પ્રશ્નોત્તરનું ૨૦૦થી અધિક વિષયોમાં અકારાદિ ક્રમે વર્ગીકરણ કરી પ્રકાશિત કરવાનું બૃહત્કાર્ય ચાલી રહ્યું છે.



પૃચ્છના
સ્વાધ્યાય
૮

પાર્શ્વાભ્યુદય પ્રકાશન
અમદાવાદ

978-93-83984-06-0

just imagine www.lippipress.com